


# આત્મવૈભવ

આ પુસ્તક સંબંધી ગુરુદેવશ્રીના હસ્તાક્ષર

૪૭ શક્તિ આત્માનો વૈભવ છે. એવા વૈભવશાળી ભગવાન આત્માનું અંતરમાં ધ્યાન કરવાથી સાદિ અનંત આનંદ રૂપી વૈભવ પ્રગટ થાય છે.

# સ્વાનુભૂતિ-પ્રકાશ

## [ સમ્યગ્દર્શન ભાગ ૭-૮ ]



# સમ્યગ્દર્શન : ભાગ ૭ – ૮

## (સ્વાનુભૂતિ – પ્રકાશ)

પૂ. શ્રી કાનજી સ્વામીનાં પ્રવચનો – ચર્ચાઓ,
તેમજ સ્વાનુભવ – યુક્તિ – આગમના
દોહનમાંથી સમ્યગ્દર્શન સંબંધી
ઉત્તમ લેખોનો સંગ્રહ

卐

લેખક : સંપાદક
બ્ર. હરિલાલ જૈન, સોનગઢ

| | | |
|---|---|---|
| વીર સં. ૨૫૧૩<br>અષાડ | પ્રથમ આવૃત્તિ<br>પ્રત સવા હજાર | ઈ.સ. 1987<br>JULY |
| વીર સં. ૨૫૪૪<br>અષાડ વદ ૭ | દ્વિતિય આવૃત્તિ<br>પ્રત એક હજાર | ઈ.સ. 2018<br>August |


## પ્રાપ્તિસ્થાન

(૧) બ્ર. તારાબેન – મેનાબેન
કહાન રશ્મિ
સોનગઢ – ૩૬૪૨૫૦
મો. ૯૯૭૮૦૦૭૮૮૧

(૨) શ્રી પ્રકાશભાઈ મહેતા
'નવકાર', ૧૭, પંચનાથ પ્લોટ
રાજકોટ
મો. ૯૪૨૮૦૩૬૬૬૭

(૩) **Shri Neilay Dedhia**
62, Herbert Terrace,
West Orange,
**New Jersey - 07052**
**USA**
**Mo : +91 9870105478**
(whatsapp only)
**001-551-221-7811**
site: samyakdarshan.org
email : neilaydedhia@gmail.com

(૪) કુ. પન્નાબેન મહેતા
એ–૩૦૨, ગુરુપ્રભાવ
સોનગઢ–૩૬૪૨૫૦
મો. ૯૯૬૯૧૯૪૨૮૮

(૫) શ્રી જિતેશભાઈ મહેતા
૮, ગોકુલધામ, રવાપર રોડ
મોરબી – ૩૬૩૬૪૧
મો. ૯૪૨૬૭૮૬૦૫૬

(૬) શ્રી મહેશભાઈ મહેતા
એફ–૧૫, કૃપાનગર,
ઈર્લા–પાર્લા, મુંબઈ–૪૦૦૦૫૬
મો. ૯૮૬૯૧૯૭૨૮૨

(૭) અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન
મહાવીર ચોક,
ખેરાગઢ–૪૯૧૮૮૧
મો. ૯૪૨૪૧૧૧૪૮૮

## આ પુસ્તકના લાભાર્થી

સમ્યગ્દર્શન પ્રત્યેની ભક્તિભાવનાપૂર્વક આ પુસ્તકના પ્રકાશનમાં શ્રી નિલયભાઈ દેઢિયાની શ્રુતભાવના બદલ ધન્યવાદ.... તેઓની સમ્યક્ત્વ ભાવના શીઘ્ર સફળ થાઓ એવી શુભેચ્છા સાથે.

આ પુસ્તક **site: samyakdarshan.org** ઉપર ઉપલબ્ધ છે.


પ્રકાશક
શ્રી કહાનસ્મૃતિ – પ્રકાશન
સંતસાન્નિધ્ય
સોનગઢ ૩૬૪૨૫૦

મુદ્રક
સ્મૃતિ ઑફસેટ
સોનગઢ (૩૬૪૨૫૦)
મો. ૯૮૨૪૯૪૪૪૦૧



# ૐ આશીર્વાદ

પૂ. શ્રી કહાનગુરુએ ૪૦ વર્ષ પહેલાં લેખિત 'આશીર્વાદ' આપ્યા હતા...સ્વહસ્તે લખેલા આશીર્વાદ જીવનમાં તેઓશ્રીએ બ્ર. હરિભાઈને જ આપેલા છે... અને પરમ પ્રસન્નતા સાથે તે સફળ થયા છે. – ધન્ય ગુરુઉપકાર.

સમ્યક્દર્શન શ્રેષ્ઠ છે ત્રણ જગતની માંય,
સર્વ પ્રકાર ઉદ્યમ વડે સેવો એ સુખદાય.
સમ્યક્ – રત્ન ઉપાસવા ધર્માત્માનો સંગ,
આરાધન કરતાં અહો! લાગે આતમ રંગ.
ચૈતન્ય – રત્ન જ સાર છે શ્રુતસમુદ્ર મોઝાર,
આનંદથી અનુભવ કરી શીઘ્ર લહો ભવપાર.

શ્રી ગુરુઓના પ્રસાદથી પ્રાપ્ત સમ્યક્ત્વના ભાવોને
આ પુસ્તકરૂપે ગૂંથીને સાધર્મી જનોના હાથમાં
પ્રસન્નતાપૂર્વક અર્પણ કરું છું.

(અષાડ વદ : ૭) – હરિ

# સમ્યગ્દર્શન – સ્વાનુભવ

## (વિષયસૂચિ)

મંગલવંદના..... ............................................................ ૧
આત્માને સાધવાનો સાચો ઉત્સાહ ક્યારે આવે?..... ...................... ૨
સમ્યક્ત્વપિપાસુ જીવને સંબોધન..... ....................................... ૩
ભગવાન ઋષભદેવની આત્મકથા તથા રંગીન ચિત્ર..... .................. ૪
એક સમ્યગ્દષ્ટિ સિંહની આત્મકથા તથા રંગીનચિત્ર..... ................. ૭
સમ્યગ્દષ્ટિ ગજરાજની આત્મકથા.......................................... ૧૧
બધા આત્મામાં પ્રભુતા છે (રાજકોટ જેલમાં પ્રવચન)... ............. ૧૬
સ્વાનુભવની ભાવના (સાધકનું સૌન્દર્ય)..... ............................. ૧૯
જિજ્ઞાસુને આમંત્રણ.....ચૈતન્યનગરી તરફ પાંચ પગલાં..... ..... ૨૧-૨૨
ગૃહસ્થને આત્મદર્શન (પ્રવચન : યોગસાર દોહા ૧૮)..... ............ ૨૯
શાર્દૂલબચ્ચાને જગાડવા સિદ્ધપણાના સિંહનાદ..... ............. ૩૪ – ૩૫
(સ્વાનુભવ – પ્રસાદ : સ્વભાવરસઘોલન.....૩૭ થી ૧૦૦)
(અનુભવપ્રકાશના આધારે સુંદર સંકલન.....)
ચિદાનંદ રાજાને ક્યાં ગોતવો? (ચિત્રસહિત.....) ....................... ૪૨
ચાંપાભાઈના દૃષ્ટાંતે જીવાભાઈની ઓળખાણ....(ચિત્રસહિત). ........ ૫૧
વીતરાગી સંતો બોલાવે છે.....(૧૦ બોલ)..... ........................... ૫૫
હે જીવ! તું મરણિયો થા..... ............................................. ૫૭
'હું મરી ગયો!' (ભ્રમણા.....).............................................. ૫૮
મોક્ષમહેલનો મહારાજા (ચિત્રસહિત)..... ................................ ૬૧
દેવ – શાસ્ત્ર – ગુરુપ્રત્યે ભક્તિભાવના..... ............................. ૬૫
બળવાન 'ઉપયોગ' આત્માને સાધે છે.....રાગ નહિ.... ................ ૬૮
ત્રણ પ્રકારના 'શુભ ઉપયોગ' તેમાં સાતિશયતા..... ..................... ૬૮
સ્વાનુભવ : તેનો કાળ : તેની ઓળખાણ..... ........................... ૭૩
'તને ચેતનવસ્તુ બતાવું છું'..... ............................................ ૭૬
અરિહંતદેવના દર્શન કરતાં..... ............................................ ૭૯
સ્વ – પરનાં વિભાગ વડે શુદ્ધાત્માની ઉપલબ્ધિ..... .................... ૮૨

સાધક....તેની જ્ઞાનચેતના.....કેવળજ્ઞાનને સાધે છે..... .................. ૮૬
સર્વજ્ઞનો સ્વીકાર ઇન્દ્રિયજ્ઞાનવડે થતો નથી..... .......................... ૮૮
હે જિજ્ઞાસુ! જેને તું શોધે છે તે તું જ છો..... .......................... ૮૯
(જિજ્ઞાસુ તથા માછલાનું દૃષ્ટાંત અને ચિત્ર)..... ......................... ૯૦
મારે નિજાનંદને ભેટવું છે (તે – રૂપ થવું છે)..... ...................... ૯૧
માર્ગમાં ઝડપથી ચાલી રહ્યા છીએ..... .................................... ૯૨
અભેદમાંથી ભેદ ઉપજ્યો છે, તે અભેદને સિદ્ધ કરે છે : ..... ....... ૯૩
શ્રી ગુરુ ચૈતન્યઅમૃત પીવડાવે છે.....પીઓ..... ......................... ૯૪
ભેદજ્ઞાન પ્રગટ કરવાના વિચાર..... ........................................ ૯૫
'જાગો.....ચૈતન્યપ્રભુ! ઝટ જાગો' (સચિત્ર)..... ......................... ૯૭
શાબાશી છે તે શિષ્યને.....જેણે સ્વાનુભૂતિ કરી..... ................... ૧૦૦
પરમાત્માના પંથે.....(આત્મહિત માટે મુમુક્ષુનો નિરધાર)..... ....... ૧૦૧
શ્રી મુનિભગવંતની સાથે (એક સુંદર નિબંધ)..... ..................... ૧૦૨
પક્ષાતિક્રાંત.....સમયસાર (તેના અનુભવની પ્રેરણા)..... ............. ૧૦૯
સ્વાનુભૂતિનો અપાર મહિમા..... ........................................ ૧૧૦
સાચો માર્ગ લે.....તો ફળ આવે (છ મહિનાની અંદર)..... .......... ૧૧૧
મુમુક્ષુને ઉપયોગી વિવિધ ચર્ચાઓ..... .................................. ૧૧૩
સ્વાનુભવની પરંપરા..... ................................................. ૧૨૦
મારી માતાએ મને શું આપ્યું?..... ...................................... ૧૨૪
સ્વાનુભૂતિ-પ્રકાશ (૪૭-પદ ભાવાર્થસહિત) ૧૨૫ – ૨૦૮
(આ કાવ્યમાં સ્વાનુભવદશાની પૂર્વ તૈયારી, જ્ઞાનીઓનો ઉપકાર, સ્વાનુભૂતિનો પ્રયત્ન, સ્વાનુભૂતિનું વેદન, ત્યારપછીની વિશેષતા, વગેરેનું આનંદકારી સ્વોપજ્ઞ વર્ણન છે.)
પરમાર્થરૂપ આત્મા ('અલિંગગ્રહણ'ના ૨૦ અર્થ)..... ................ ૨૦૯
હે ભવ્ય! તું આત્માની અનુભૂતિ કર..... ............................... ૨૧૪
'આત્મવસ્તુ – સ્તવન' (અલિંગગ્રહણ આત્માને જાણ)..... .......... ૨૧૬
આત્મહિત માટે સ્વાનુભવના આઠ પ્રયોગ; તથા સંબોધન..... ....... ૨૧૭

# નિવેદન

આત્માનું અપૂર્વ કલ્યાણકારી સમ્યગ્દર્શન.....તેનો અપાર મહિમા સમજાવીને, તે પ્રગટ કરવાનો ઉપાય બતાવતું, અને તેની પ્રેરણા આપતું 'સમ્યગ્દર્શન – શ્રેણી'નું આ સાતમું – આઠમું (સંયુક્ત) પુસ્તક સાધર્મીજનોના હાથમાં મૂકતાં આનંદ થાય છે. ભગવાન મહાવીર – નિર્વાણના ૨૫૦૦ માં વર્ષમાં સમ્યગ્દર્શનનું છઠ્ઠું પુસ્તક પ્રગટ થયું હતું, ત્યારપછી ૧૨ વર્ષ બાદ પ્રભુ ગૌતમસ્વામીના નિર્વાણના અઢી હજારમાં વર્ષમાં આ પુસ્તક પ્રગટ થાય છે....જે મહાવીર – ગૌતમની પરંપરાને સ્પષ્ટ કરીને, અનેક જિજ્ઞાસુ જીવોને સાચું માર્ગદર્શન આપશે, અને તેઓની સમ્યક્ત્વ – પિપાસાને તૃપ્ત કરવામાં સહાયરૂપ થશે.

વીરશાસનમાં આપણને પૂ. શ્રી કહાનગુરુ મળ્યા; તેઓશ્રીએ સમ્યક્ત્વનો અપાર મહિમા સમજાવીને હજારો – લાખો ભવ્યજીવોને તેની પ્રેરણા આપી. તેમના પ્રતાપે આ કાળે સમ્યક્ત્વનો માર્ગ ખુલ્લો થયો; અનેક જીવો સમ્યક્ત્વરૂપ થયા.....ને તે સમ્યક્ત્વની રીત આ પુસ્તકશ્રેણી દ્વારા પ્રગટ થાય છે. આ પુસ્તકના સંકલનમાં જિજ્ઞાસુતાના પોષક લેખો ઉપરાંત સ્વાનુભૂતિનું સીધું વર્ણન છે; સીધા આત્માની અનુભૂતિને ટચ થાય એવા લેખો નવીન શૈલિમાં આપ્યા છે.....જેનું ઘોલન તીવ્ર મુમુક્ષુઓને એકદમ અનુભૂતિના ઊંડાણમાં ઠેઠ ચૈતન્યપ્રભુની પાસે લઈ જશે.....ને જો ખરી તૈયારી હશે – તો તેને આત્મઅનુભૂતિ કરાવશે. સ્વાનુભૂતિ માટે અંદર કેવો પ્રયોગ ને કેવો પ્રયત્ન થાય છે તેનું માર્ગદર્શન વધુ સ્પષ્ટતાથી ને વધુ ઊંડાણથી આ પુસ્તકમાં આપેલ છે.

આમાં પૃ. ૨૨૧ થી સ્વાનુભવના પ્રયોગો આપેલા છે; તે બાબત મહત્ત્વની વાત ધ્યાનમાં રાખવી કે આ પ્રયોગના ઊંડા ભાવો જ્ઞાનીના સીધા સમાગમે સમજ્યા પછી જ તેની સફળતા થાય છે. બીજું, સ્વાનુભવના પ્રયોગ માટેનું માર્ગદર્શન અનેક શૈલીથી થઈ શકે છે, તેમાંની એક શૈલી અહીં આપી છે. ભલે વિવિધ શૈલી હોય પણ તે બધીયે આત્મસ્વભાવના ઊંડાણમાં લઈ જનારી હોય છે, ને ચૈતન્યનો પરમ રસ જગાડીને તેમાં જ સન્મુખતા કરાવે છે. આ પ્રયોગ કરનારને પૂર્વ તૈયારીમાં જ્ઞાનીનો સંગ, આત્માનો રંગ અને સ્પષ્ટ તત્ત્વનિર્ણય હોય છે.

આ પુસ્તકમાં આપેલ સ્વાનુભૂતિનું લખાણ છપાયા પહેલાં કોઈ કોઈ જિજ્ઞાસુ – સાધર્મીઓના વાંચવામાં આવ્યું : જેણે જેણે વાંચ્યુ તે ખૂબ પ્રસન્ન થયા, કોઈએ તેની નકલ ઊતારી લીધી, તો કેટલાયે તે છપાવવા આગ્રહ કર્યો; તેથી જિજ્ઞાસુઓના હિતનું કારણ સમજીને આ પુસ્તકમાં તે પ્રસિદ્ધ કર્યું છે. મારા જીવનમાં મેં ઘણું ઘણું ધર્મસાહિત્ય નિર્માણ કર્યું છે, તેમાંથી ૧૫૦ જેટલા પુસ્તકો છપાઈ ગયા છે, તેમાં આ સ્વાનુભૂતિપ્રકાશ પુસ્તક સૌથી શ્રેષ્ઠ છે.....જે સીધું સ્વાનુભવને સ્પર્શે છે. રંગબેરંગી અનેક ચિત્રોવડે આ પુસ્તકને વધુ સુંદર બનાવેલ છે.

અગાઉના છ ભાગ તો પૂ. શ્રી કહાનગુરુની ઉપસ્થિતિમાં પ્રગટ થયા હતા ને તેઓશ્રીના સુહસ્તે મુમુક્ષુઓને અપાયા હતા; તેમના વિયોગમાં પ્રસિદ્ધ થતા આ પુસ્તકમાં પાનેપાને ને શબ્દેશબ્દે તેઓશ્રીના સ્મરણો જાગી ઊઠે છે. ગુરુદેવ કેટલીયેવાર પ્રવચનમાં 'સમ્યગ્દર્શન' પુસ્તકનો ઉલ્લેખ કરીને પ્રમોદથી કહેતા : આજના મુનિ પણ આ પુસ્તક વાંચીને અહીં આકર્ષાયા હતા. અનેક વિદ્વાનો ને જિજ્ઞાસુઓ હોંશથી તેની સ્વાધ્યાય કરે છે. દશ પુસ્તકોની આ

શ્રેણીનું પહેલું પુસ્તક આજથી ૪૦ વર્ષ પહેલાં છપાયું હતું. – જેની અનેક આવૃત્તિ ગુજરાતી તેમજ હિંદીમાં પણ પ્રગટ થઈ ચૂકી છે. હવે આ શ્રેણીના અંતિમ બે પુસ્તક છાપવા બાકી છે, જેને માટે અવનવો સુંદર સંગ્રહ તૈયાર છે; પરંતુ મારું સ્વાસ્થ્ય તેમજ દેશ – કાળ અનુસાર તે ક્યારે છપાય.....તે કહી શકાતું નથી.

ગુરુદેવની મુખ્ય ભાવના હતી કે, અધ્યાત્મતત્ત્વજ્ઞાનના સંસ્કાર આપનારા આવા પુસ્તકો ખૂબ છપાય ને જિજ્ઞાસુ લોકોને એકદમ સસ્તી કિંમતે મળે. ગુરુદેવની આ ભાવના અનુસાર સરલ, સસ્તા અને સુંદર સાહિત્ય દ્વારા જૈનધર્મના તત્ત્વજ્ઞાનના સંસ્કાર સમાજમાં ઘરેઘરે ફેલાય, વૃદ્ધ – યુવાન કે બાળક સૌ કોઈ હોંશથી તે વાંચે, – તે હેતુ ધ્યાનમાં રાખીને, ગુરુદેવના વિરહમાં 'શ્રી કહાનસ્મૃતિ – પ્રકાશન' દ્વારા અમે સસ્તું – સારું ને સહેલું સાહિત્ય પ્રસિદ્ધ કરી રહ્યા છીએ – જેમાં આ લગભગ પચ્ચીસમું પુસ્તક આપના હાથમાં છે. આ સાહિત્ય ઓછી કિંમતે આપવામાં સહકાર આપીને ઘણાય જિજ્ઞાસુ ભાઈ – બહેનોએ તત્ત્વપ્રચારનો લાભ લીધો છે, તે સૌને ધન્યવાદ છે.

આત્મજ્ઞાની ધર્માત્માઓ દ્વારા સમ્યગ્દર્શન સદાય પ્રકાશમાન રહો અને મુમુક્ષુ જીવો તેની પ્રાપ્તિ વડે પોતાનું કલ્યાણ કરો.

સોનગઢ : અષાઢ સુદ ૬ — બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૧૩

(આ પુસ્તકના પૂંઠા ઉપર છાપેલ 'આત્મવૈભવ' સહિત ગુરુદેવનું સુંદર રંગીન ચિત્ર, 'આત્મવૈભવ' પુસ્તકમાં છાપવા માટે કરાવેલ; તેનો ઉપયોગ પહેલી જ વાર આ પુસ્તકમાં થયો છે.)



# લેખકનો પરિચય

બ્ર. હરિલાલ જૈન, જૈન સાહિત્યના ‘કલ્પવૃક્ષ’ સમાન હતા. તેઓશ્રી દ્વારા એકસો પચાસથી પણ અધિક પુસ્તકોની રચના થઈ છે. આ રચનાઓ ખૂબ જ સુંદર, સરળ, સચિત્ર અને લોકપ્રિય હોવાને કારણે તેમાંની ઘણી બધી રચનાઓ ગુજરાતી, હિન્દી તેમજ અન્ય ભાષાઓમાં પ્રગટ થઈ છે. જે નવી નવી આવૃત્તિઓ સાથે આપણા જ્ઞાનભંડારને સમૃદ્ધ કરે છે.

બ્ર. હરિભાઈ દેશના ઉત્તમકક્ષાના સિદ્ધહસ્ત લેખક હતા. તેઓ દરેક પ્રકારોના સાહિત્યમાં સિદ્ધહસ્ત સાહિત્યકાર હતા. જે તેમની વિભિન્ન રચનાઓથી ખૂબ જ સ્પષ્ટ જણાય છે. જેમ કે :

સમ્યગ્દર્શનાર્થીઓ માટે ‘સમ્યગ્દર્શન’, શ્રાવક માટે ‘શ્રાવકધર્મપ્રકાશ’, ચારિત્ર ધર્મોપાસના માટે ‘ભગવતી આરાધના’, અહિંસા પ્રેમીઓ માટે ‘અહિંસા પરમો ધર્મ’ (પાંચ ભાષાઓમાં અનેક આવૃત્તિઓ), નાટક પ્રેમીઓ માટે ‘અકલંક-નિકલંક’, બાળકો માટે ‘જૈન બાળપોથી’, ઉત્કૃષ્ટ ભક્તિ માટે ‘ભક્તામર સ્તોત્ર વિવેચન’, ઉપકાર–અંજલિરૂપ ‘અભિનંદન ગ્રંથ’, ઉત્તમ પ્રવચન સંકલન ‘અધ્યાત્મ સંદેશ’, સુંદર અનુવાદ ‘લઘુતત્ત્વ સ્ફોટ’, ઉત્તમ કથા-વાર્તા ‘દર્શનકથા’, ભાવવાહી આધ્યાત્મિક કાવ્યો, ‘સ્વાનુભૂતિ-પ્રકાશના ૪૭ પદો’ અને **All in One** ‘ચોવીસ તીર્થંકરોનું મહાપુરાણ’—આવું મહાન વીતરાગી સાહિત્ય રચીને બ્ર. હરિભાઈએ મોટી યુનિવર્સિટી જેવું જ્ઞાન-પ્રસારનું ઉત્તમ કાર્ય કરેલ છે.

આધ્યાત્મિક જગતમાં ખૂબ જ પ્રશંસા પામેલ માસિક ‘આત્મધર્મ’ ગુજરાતી-હિન્દીનું ૩૨ વર્ષ સુધી લેખન-સંપાદન કરી દેશ-વિદેશ, જૈન-જૈનેતર, બાળ-યુવાન અને પ્રૌઢવયના ભવ્યજીવોને આધ્યાત્મિકજ્ઞાન તરફ આકર્ષ્યા છે.

બ્ર. હરિભાઈએ શ્રી જિનસેન અને શ્રી ગુણભદ્ર આચાર્ય ભગવંતનું મહાપુરાણ (આદિપુરાણ–ઉત્તર પુરાણ) વગેરે ભિન્ન-ભિન્ન ૯૦ જેટલા પુરાણો તેમજ એકાસણાની તપસ્યા કરીને ષટ્ખંડાગમ, ધવલા-જયધવલા-મહાધવલા, ગોમ્મટસાર આદિ ૬૦ જેટલા વિવિધ શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરેલ. સ્વાનુભૂતિના લક્ષે, અંતરના ઊંડા મંથનપૂર્વક, સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરતાં કરતાં ૩૫મી વખતના સ્વાધ્યાય વખતે તેમને સ્વાનુભૂતિની પ્રાપ્તિ થઈ હતી. તેમના જીવનમાં તેમણે સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય ગુરુગમે ૧૦૦ વખત કર્યો હતો. કષાયપાહુડના પંદરમા ભાગનો સ્વાધ્યાય પોતાના જીવનના અંતિમ દિવસે સાજે ૪ વાગે પૂર્ણ કરેલ અને સોળમા ભાગનું પ્રકાશન નહીં થયેલ હોવાને કારણે તેઓ ઉત્સાહપૂર્વક કહેતા કે ‘‘અરે ! સ્વર્ગમાં જઈને ત્યાંથી ગણધર ભગવંત પાસે પહોંચી અંતર્મુહૂર્તમાં બારે અંગોનું શ્રવણ કરીશ.’’ આવું સુંદર જિનવાણીમય તેમનું જીવન હતું.

તીર્થયાત્રા તેમને ખૂબ જ પ્રિય હતી. ભારતવર્ષના તીર્થધામોની પૂજ્ય ગુરુદેવશ્રી સાથે ખૂબ જ ઉલ્લાસપૂર્વક યાત્રા કરી. એ તીર્થોનો મહિમા ‘મંગલ તીર્થયાત્રા’ ગ્રંથમાં સુંદર રીતે વર્ણવ્યો છે. એ બદલ બ્ર. હરિભાઈને સુવર્ણચંદ્રક અર્પણ થયેલ. તીર્થભૂમિ, કલ્યાણકભૂમિની સ્પર્શના, દર્શન, પૂજન માટેનાં તેમના ભક્તિભર્યા ઉત્સાહ પાસે પહાડોની દુર્ગમતા-ખતરનાક દ્રઢતા, ભૂખ, તરસ આદિ કષ્ટો વામણા બની જતા. તેમની સર્વાંગ સુંદર અને સુવિશુદ્ધ શાસ્ત્રોક્ત યાત્રા દેખી તેમના સાથી યાત્રીઓને તેમની સાથે વારંવાર યાત્રા કરવાના ભાવ થતા.

તેમની તીર્થભક્તિ જેવી જ ગુરુભક્તિ પણ ઉત્કૃષ્ટ હતી. પૂજ્ય ગુરુદેવશ્રીની તબિયત છેલ્લા વર્ષોમાં નાદુરસ્ત રહેવાથી બ્ર. હરિભાઈ ગુરુદેવશ્રી સમક્ષ દરરોજ બે કલાક સ્વાધ્યાય કરતા. હોસ્પિટલમાં જ્યારે ગુરુદેવશ્રીની તબિયત વિશેષ નાજુક બનતી ત્યારે ‘સમયસાર’ની ગાથાઓ ગુરુદેવશ્રીને સંભળાવી તેઓનું દર્દ ભૂલાવી દેતા તે જોઈ મુમુક્ષુઓ બ્ર. હરિભાઈને ધન્યવાદ આપતા. પૂજ્ય ગુરુદેવશ્રીના અંતિમ

શ્વાસ સુધી બ્ર. હરિભાઈનો હાથ ગુરુદેવશ્રીના હાથમાં જ હતો, આવી આદર્શ હતી તેમની ગુરુ વૈયાવચ્ચ.

આ કાળમાં જેની પ્રાપ્તિ સૌથી ઉત્કૃષ્ટ કહીએ તે સમાધિમરણ તેમના જીવનના ચરિત્રનું એક સુવર્ણપૃષ્ઠ બને તેવું ભવ્ય હતું. જે માત્ર શૂરવીર સાધકને જ પ્રાપ્ત થાય તેવું મૃત્યુ, મહા-મહોત્સવ બની ગયું.

## બાલ બ્રહ્મચારી હરિલાલ જૈન

જન્મ : વીર સંવત ૨૪૫૧, પોષ સુદ પૂનમ,
જેતપર (મોરબી)

પિતાજી : શ્રી અમૃતલાલ કાશીદાસ મહેતા
(નિત્ય અભ્યાસુ—શ્રીમદ્ સત્સંગ મોરબીના પ્રવચનકાર)

માતુશ્રી : અચરતમા

બ્રહ્મચર્ય વ્રત : વીર સંવત ૨૪૭૩, ફાગણ સુદ ૧

સ્વાનુભૂતિ દિન : વીર સંવત ૨૪૯૭, અષાઢ વદ ૭

સ્વર્ગવાસ- (સમાધિમરણ) : વીર સંવત ૨૫૧૪, માગશર વદ ૩
(તા. ૮-૧૨-૧૯૮૭)

---

### બ્ર. હરિલાલ જૈન દ્વારા રચિત

## વીતરાગી જૈન સાહિત્ય

(૧) જૈન બાળપોથી ભાગ-૧, ભાગ-૨
(૨) વીતરાગ વિજ્ઞાન (છહઢાળા પ્રવચન)
(૩) સમ્યગ્દર્શન ભાગ ૧—૮
(૪) આત્મભાવના
(૫) આત્મપ્રસિદ્ધિ
(૬) આત્મવૈભવ
(૭) જૈનધર્મકી કહાનિયાં ભાગ-૧ થી ૨૧ (હિન્દી)
(૮) બે સખી
(૯) હનુમાન ચરિત્ર
(૧૦) મહારાણી ચેલણા
(૧૧) ચોવીસ તીર્થંકર મહાપુરાણ
(૧૨) અકલંક—નિકલંક
(૧૩) દર્શન પ્રતિજ્ઞા
(૧૪) સમ્યક્ત્વ કથા
(૧૫) ભગવતી આરાધના

(૧૬) ભક્તામર સ્તોત્રના પ્રવચન (ગુજરાતી)
(૧૭) લઘુતત્ત્વસ્ફોટ (ગુજરાતી)
(૧૮) આત્મસંબોધન (યોગસારના પ્રવચન)
(૧૯) અષ્ટ પ્રવચન (તરણતારણ-સ્વામીના મમલપાહુડ વિ.ના) (હિન્દી)
(૨૦) સુવર્ણસંદેશ
(૨૧) આત્મધર્મ (લગભગ ૩૨ વર્ષ સુધીના)
(૨૨) અપૂર્વ અવસરના પ્રવચનો
(૨૩) આરાધના
(૨૪) અધ્યાત્મસંદેશ
(૨૫) પૂજ્ય ગુરુદેવશ્રીનું જીવનચરિત્ર
(૨૬) કોયડા (૧૦૦)
(૨૭) જ્ઞાનચક્ષુ
(૨૮) વૈરાગ્યવાણી
(૨૯) શ્રાવકની ધર્મસાધના
(૩૦) ભાવ પરિવર્તન કથા
(૩૧) ચેતન-કાયા સંવાદ
(૩૨) રત્નત્રય ભાવના (પાહુડ દોહા)
(૩૩) સાધક શતકમાળા
(૩૪) આત્મહિતની પ્રેરણા
(૩૫) પંચકલ્યાણક મહોત્સવ
(૩૬) વીતરાગવિજ્ઞાન પ્રશ્નોત્તર
(૩૭) અહિંસા પરમોધર્મ
(૩૮) દશ ધર્મના પ્રવચનો
(૩૯) પંચ પરમાગમોની પ્રસાદી
(૪૦) રત્નસંગ્રહ ભાગ-૧-૨
(૪૧) મંગલ તીર્થયાત્રા
(૪૨) અભિનંદન ગ્રંથ
(૪૩) કાનજીસ્વામીના વચનામૃત ભાગ-૧-૨
(૪૪) પંચકલ્યાણક પ્રવચન
(૪૫) પરમાત્મપ્રકાશ (ગુજરાતી)
(૪૬) વૈરાગ્ય ભાવના
(૪૭) શ્રાવકધર્મપ્રકાશ
(૪૮) મૂળમાં ભૂલ
(૪૯) પ્રવચનસાગરના મોતી
(૫૦) મુક્તિકા માર્ગ તથા અમૃત ઝરણા
(૫૧) બુધજનરચિત છઢાળા
(૫૨) હું એક જ્ઞાયકભાવ છું
(૫૩) ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા
(૫૪) મૃત્યુ મહોત્સવ (શૂરવીર સાધક)
(૫૫) વસ્તુવિજ્ઞાનસાર
(૫૬) એક હતો વાંદરો
(૫૭) એક હતું દેડકું
(૫૮) સચિત્ર જૈન લેખનમાળા
(૫૯) વૈરાગ્ય અનુપ્રેક્ષા
(૬૦) જ્ઞાનસ્વભાવ અને જ્ઞેયસ્વભાવ
(૬૧) નાઈરોબી પ્રતિષ્ઠા નિમિત્તે
૧—ધન્ય તે પ્રસંગ,
૨—વીતરાગ વિજ્ઞાન,
૩—તીર્થંકર પ્રભુના પંચકલ્યાણક
(૬૨) પરમાગમ મહોત્સવ પત્રિકા
(૬૪) બે રાજકુમારોનો વૈરાગ્ય
(૬૫) અખંડ આરાધના
(૬૬) ભગવાન પારસનાથ
(૬૭) શાસન પ્રભાવ—ગુરુદેવ (સંક્ષિપ્ત પરિચય)
(૬૮) ભવ્યામૃત શતક (ગુજરાતી અનુવાદ)
(૬૯) મંગલ પ્રાર્થના
(વીર નિર્વાણ મહોત્સવ, પુષ્પ ૩૧)
(૭૦) એક હતો હાથી



॥ णमो जिणाणं ॥

# સમ્યગ્દર્શન : ભાગ ૭ – ૮
# (સ્વાનુભૂતિ – પ્રકાશ)

## મંગલ – વંદના

### * સ્વાનુભૂતિ – પ્રકાશી વીર જિનને વંદન *

બધાયથી જુદો પોતાનો આત્મા અનંત આત્મવૈભવથી એકલો જ શોભે છે, તે જ સૌથી સુંદર છે. સર્વજ્ઞમહાવીર દેવે પાવાપુરીથી મોક્ષ પધારતા પહેલાં મુમુક્ષુઓને આવો સુંદર આત્મા બતાવીને એમ ધર્મોપદેશ આપ્યો કે આત્મા પોતે સુખસ્વભાવ છે. તે ઉપદેશ ઝીલીને અમારા જેવા ઘણાય જીવો અંતઃવૃત્તિથી સુખસ્વભાવરૂપે પરિણમ્યા.

અહો મહાવીર દેવ! આપનું શાસન આનંદકારી છે; આનંદમય આત્મતત્ત્વની પ્રાપ્તિ એ આપની ઉપાસનાનું સુફળ છે. આપને નમસ્કાર હો.

મહાવીરશાસન પામીને હે જીવો! તમે પણ
આવી સ્વાનુભૂતિનો પ્રકાશ કરો.

# આત્માને સાધવાનો સાચો ઉત્સાહ ક્યારે આવે?

હે આ ત્મ ચા હ ક સા ધ ર્મી,

શાસ્ત્રશ્રવણ, આત્મવિચાર, જિનગુણમહિમા — એવા સર્વ પ્રસંગોમાં શું તમને તમારામાં એકલા માત્ર રાગની જ ઉત્પત્તિ દેખાય છે? — કે તે વખતે રાગ ઉપરાંત બીજા કોઈ સારા ભાવની ઉત્પત્તિ તમને તમારામાં દેખાય છે? તે વખતે જ વિદ્યમાન જ્ઞાનાદિ (રાગ વગરના) ભાવોની ઉત્પત્તિ તમારામાં તમને દેખાય છે કે નહીં? તે જ્ઞાનની ઉત્પત્તિને દેખશો તો જ તમારા શાસ્ત્રશ્રવણ વગેરે બધાં કાર્યો સફળ થશે, ને તો જ તમને તેમાં સાચો ઉત્સાહ આવશે.

જો જ્ઞાનને નહિ દેખો તો, જ્ઞાન વગરના તે બધા તમને અચેતન જેવા નીરસ લાગશે, ને તમને ક્યાંય ખરો ઉત્સાહ નહિ આવે; અથવા તો તે રાગના રસમાં જ તમે રોકાઈ જશો.

માટે, દરેક કાર્ય વખતે એકલા રાગની ઉત્પત્તિને જ ન દેખો. જ્ઞાનાદિની ઉત્પત્તિને પણ દરેક વખતે સાથે ને સાથે દેખો! એ રીતે સમ્યક્પણે દેખતાં જરૂર તમને ભેદજ્ઞાન થશે.....જ્ઞાનની અનુભૂતિ થશે.....ને ચૈતન્યની શાંતિનો સ્વાદ આવશે.

સ્વાનુભવની આ રીત મને જ્ઞાનીએ આપી.

# સમ્યક્ત્વપિપાસુ જીવને સંબોધન

## શાંતિનગરીમાં વસવા ચાહતાં હે મુમુક્ષુ!

તારું જીવન કેવું હોવું જોઈએ? કેમકે અત્યારે તારું જે જીવન ચાલી રહ્યું છે તેમાં તને સંતોષ નથી. અરે, તું એક જૈન છો એટલે સર્વજ્ઞ જિનદેવનો, ગુરુઓનો અને જિનવાણીનો ઉપાસક છો; તેથી તારા જીવનમાં પણ તેમના જેવો વીતરાગી રસ આવવો જ જોઈએ. વીતરાગરસના સ્વાદ વગર તને ચેન ક્યાંથી પડે? હવે જાગૃત થઈને તારી જીવનદિશાને તું પલટાવી નાંખ.

અજ્ઞાનમય જીવન તો સાવ રસ વગરનું નીરસ છે, – ભલે દુનિયાની ગમે તેટલી વિભૂતિ મળે; ચૈતન્યનું જ્ઞાનમય જીવન તે જ સરસ – સુંદર છે, – ભલે તે માટે બહારમાં દુનિયાની ગમે તેવી પ્રતિકૂળતા સહન કરવી પડે.

દુનિયામાંથી તારી શાંતિ ક્યાં આવવાની છે? તારી શાંતિ તો તારા ચૈતન્યતત્ત્વમાં જ ભરેલી છે. – તો પછી શા માટે તારા પોતામાં જ એકલો – એકલો રહીને તારી શાંતિનો રસ નથી લેતો? અને જૈનધર્મના પ્રતાપે આવો શાંતસ્વભાવી આત્મા તને લક્ષગત પણ થયો છે. બસ, હવે તો તેના અનુભવના પ્રયોગમાં જ બધું જીવન લગાડી દેવાનું છે; અને એમ કરવાથી તને આ જીવનમાં જ આત્માનો સ્વાનુભવ થશે.

# ભગવાન ઋષભદેવની આત્મકથા

અત્યારે મોક્ષપુરીમાં બિરાજમાન ભગવાન ઋષભદેવ પોતાની સમ્યક્ત્વ – પ્રાપ્તિની કથા કહે છે : પૂર્વે દશમા ભવે મહાબલ વિદ્યાધરના ભવમાં સ્વયંબુદ્ધ – મંત્રીએ મને જૈનધર્મના સંસ્કાર આપ્યા; પણ વિષયોને વશ હું સમ્યગ્દર્શન ન પામ્યો. ત્યાંથી દેવલોકમાં જઈને પછી હું વજ્રજંઘરાજા થયો ને બે મુનિવરોને આહારદાન દઈ ભોગભૂમિમાં ઊપજ્યો. ત્યાં હું સમ્યગ્દર્શન પામ્યો; તેની મજાની વાત સાંભળો : –


એકવાર તે ભોગભૂમિમાં હું આત્મહિતના વિચારમાં હતો, ત્યાં મને જાતિસ્મરણ થયું. એવામાં આકાશમાર્ગે બે મુનિવરો આવ્યા ને મને આશીર્વાદ આપીને કહ્યું : હે આર્ય! હું પૂર્વના તારા સ્વયંબુદ્ધ – મંત્રીનો જીવ છું ને તને સમ્યક્ત્વ પમાડવા વિદેહથી આવ્યો છું; માટે તું હમણાં જ સમ્યક્ત્વનું ગ્રહણ કર.....અત્યારે જ તેની પ્રાપ્તિનો અવસર છે.

અહા, મુનિરાજના સંબોધનથી મને અપાર આનંદ થયો; મારો આત્મા જાગી ઊઠ્યો. ને મુનિરાજના કહેવા પ્રમાણે અંતર્મુખ થઈ, આત્માને લક્ષગત કરતાં મને અપૂર્વ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ. અહો, ધન્ય શ્રીગુરુનો ઉપકાર!

ત્યારપછી સમ્યગ્દર્શનના પ્રતાપે આત્માની આરાધના કરતાં કરતાં હું સર્વજ્ઞ થયો ને ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર થઈને અત્યારે મોક્ષપુરીમાં બિરાજું છું. મારી આ કથા સાંભળીને તમે પણ સમ્યગ્દર્શન પામજો ને વેલાવેલા મોક્ષપુરીમાં આવજો.


(જુઓ : સામેનું ચિત્ર)

# ‘તું હમણાં જ સમ્યક્ત્વને ગ્રહણ કર’



પૂર્વે સાતમા ભવે ભોગભૂમિમાં ભગવાન ઋષભદેવનો જીવ સમ્યક્ત્વ પામીને પરમ પ્રસન્ન થયો. તે પ્રસંગનું દૃશ્ય જોતાં મુમુક્ષુને સમ્યગ્દર્શનની સ્ફૂરણા થાય છે. સમ્યક્ત્વપ્રાપ્તિના અતિ રોમાંચકારી આ પ્રસંગનું વિસ્તારથી વર્ણન ગુજરાતી ‘મહાપુરાણ’માં વાંચો.

# સિં હ માં થી.....સ ર્વ જ્ઞ



આત્મજ્ઞાન પામીને સિંહમાંથી જે સર્વજ્ઞ થઈ ગયો, તે જીવ પોતાની આત્મકથા કહે છે :

એકવાર હું માંસભક્ષી સિંહ હતો; ત્યારે મહાભાગ્યે મને મુનિવરોનો સમાગમ મળ્યો. તેમના ક્ષણભરના સમાગમથી મારા ક્રૂરપરિણામ છૂટીને શાંતપરિણામ થયા.....અને તેમના ઉપદેશથી તત્કાળ આત્મજ્ઞાન પામીને હું પરમાત્મ – પંથનો પથિક બન્યો. મુનિવરોના સમાગમથી આત્મજ્ઞાન થવાની મારી એ સુંદર કથા હું કહું છું, જે તમનેય આત્મજ્ઞાનની પ્રેરણા આપશે.

# એક સિંહની આત્મકથા

અનાદિ અજ્ઞાનથી સંસારમાં રઝડતો – રઝડતો હું એકવાર ઋષભદેવનો પૌત્ર (મરીચિ) થયેલો. ભગવાને કહેલું કે હું ભવિષ્યમાં તીર્થંકર થઈશ. તે સાંભળીને મને હર્ષની સાથે અભિમાન થયું. અરેરે, ત્યારે મારા દાદાજીના ધર્મદરબારમાં પણ હું આત્મજ્ઞાન ન પામ્યો, ને અસંખ્યભવ સુધી નરક – નિગોદમાં ભટક્યો;

પછી એકવાર હું વિશ્વનંદી – રાજકુમાર થયો ત્યારે આત્મજ્ઞાન પામ્યો હતો, પણ અરેરે! પાછો વિષય – કષાયવશ હું તેને ભૂલી ગયો ને નરક – તિર્યંચમાં રખડ્યો.

એકવાર હું સિંહ થયો; હરણને મારીને માંસ ખાવાની તૈયારી કરતો હતો; ત્યાં એકાએક બે મુનિરાજ આકાશમાંથી ઊતર્યા, એમને જોતાં જ હું ચકિત થયો : શો અદ્‌ભુત એમનો દેદાર! કેવા નિર્ભય! ને મુદ્રામાં કેવી અપાર શાંતિ! અહા, કેવા વાત્સલ્યથી મારી સામે જોઈ રહ્યા છે!

– કોણ છે આ મહાપુરુષ! શા માટે અહીં પધાર્યા હશે! મારા કોઈ હિતસ્વી હોય એવા લાગે છે. મારું ચિત્ત એમનામાં એવું થંભી ગયું છે કે હું ભૂખ્યો હોવા છતાં, અને નજીકમાં મરેલ હરણ પડ્યું હોવા છતાં, તે ખાવાની વૃત્તિ જ સર્વથા છૂટી ગઈ છે. અરે, ક્યાં મારી હિંસક વૃત્તિ! ને ક્યાં આ મુનિવરોની પરમ શાંતિ!

એમનો સંગ મને બહુ જ ગમતો હતો. આશ્ચર્યદૃષ્ટિ – દ્વારા મેં પૂછ્‌યું – પ્રભો! આપ કેમ પધાર્યા છો? આપની નિકટતામાં મને કોઈ મહાન શાંતિ થાય છે.

ત્યારે શ્રી મુનિરાજે વાત્સલ્યથી મને સંબોધન કર્યું : — સાંભળ, હે ભવ્ય! અમે ભગવાન પાસેથી આવ્યા છીએ ને તને આત્મજ્ઞાન પમાડીને તારો ઉદ્ધાર કરવા આવ્યા છીએ.

‘અહા, કેવી આનંદની વાત! આવા મોટા મહાત્મા આકાશમાર્ગે મારો ઉદ્ધાર કરવા પધાર્યા.....ને તે પણ પરમેશ્વર પાસેથી! ધન્ય ભાગ્ય!’ તેઓ મને શું કહે છે તે સાંભળવા હું તલપાપડ બન્યો.

ત્યાં તો તેઓશ્રીના શ્રીમુખથી અમૃત વરસ્યું : સાંભળ! હવે પછીના દશમા ભવે તું મહાવીર — તીર્થંકર થઈશ ને વીતરાગી — અહિંસા ધર્મનો ઉપદેશ આપીને લાખો — કરોડો જીવોનું કલ્યાણ કરીશ.

અરે, આ હું શું સાંભળું છું! હું તીર્થંકર થઈશ! અરે, મને હવે આવા માંસાહારના પરિણામ શોભે નહિ; અરેરે, અત્યાર સુધી મેં શું કર્યું! એમ હું પશ્ચાત્તાપ કરતો હતો. મને પૂર્વભવોનું જાતિસ્મરણ પણ થયું.

ત્યાં શ્રી મુનિરાજે મને આશ્વાસનપૂર્વક કહ્યું : — હે વત્સ! ચિન્તા છોડ.....ભય છોડ. પૂર્વે તું ત્રણખંડનો સ્વામી વાસુદેવ થયો ને સાતમી નરકે પણ ગયો; પાછો સિંહ થયો, જીવોને મારી માંસભક્ષણ કર્યું.....પણ હવે એવા માંસભક્ષણાદિ પાપભાવોને તું સર્વથા છોડ. હવે ભગવાન થવાની તૈયારી કર. તારો આત્મા રાગ વગરનો, જ્ઞાનસ્વરૂપ છે ને તેમાં જ શાંતિ છે, તેને તું જાણ. અમે તને આત્મબોધ પમાડવા આવ્યા છીએ; માટે તું અત્યારે જ તારા આત્માને જાણ ને અનુભવ કર.

બસ, એ સાંભળ્યું ને હું તો અંદર આત્મવિચારમાં ઊંડો ઊંડો ઊતરી ગયો.....કેવો હશે આત્મા! રાગ વગરનો, હિંસા વગરનો,

શાંત – શાંત આત્મા કેવો મજાનો હશે? – એમ અંદર તેને જોવા લાગ્યો. શ્રી મુનિરાજનો સંગ મને મહાન ઉલ્લાસ જગાડતો હતો, ને તેમનું શાંતસ્વરૂપ મને મારા આત્મસ્વરૂપની પ્રતીતિ ઉપજાવતું હતું.


મુનિવરોનો ક્ષણભરનો સમાગમ પણ મારા પરિણામોમાં કોઈ મહાન આશ્ચર્યકારી પરિવર્તન કરી રહ્યો હતો. તે મુનિરાજ મને આત્મજ્ઞાન પમાડવા બહુ પ્રેમથી કહેતા હતા કે હે ભવ્ય! અંદરમાં દેખ.....આત્મા કેવો સુંદર છે! પોતામાં એકત્વ ને પરથી વિભક્તપણે તે કેવો શોભી રહ્યો છે? ને એનામાં ચૈતન્યસુખનો કેવો વૈભવ ભર્યો છે!!

મેં અંદર ઉપયોગ મૂકીને જોયું : અહા, અદ્‌ભુત.....આશ્ચર્યકારી! જેને દેખતાં મારા આનંદનો કોઈ પાર નથી. બસ, મારા આત્માને દેખતાં જ મારું અજ્ઞાન મટી ગયું.....આત્મા શાંતરસના સ્વાદથી એકદમ તૃપ્ત થયો; ક્રૂર કષાયપરિણામો આત્મામાંથી દૂર થઈ ગયા.....ને કષાય વગરનું શાંત પરમાત્મતત્ત્વ જાણીને હું પરમાત્મપદનો પથિક બન્યો.....બસ, પછી તો થોડા જ ભવમાં આત્મસાધના પૂરી કરી, મહાવીર – તીર્થંકર થઈને અત્યારે હું મોક્ષપુરીમાં વસી રહ્યો છું.

આ રીતે ક્ષણભરના મુનિવરોના સંગથી મને જે મહાન આત્મલાભ થયો તેની આ સુંદર મજાની કથા સાંભળીને હે મિત્રો! તમે પણ સત્સંગની અને આત્મજ્ઞાનની પ્રેરણા લેજો.

મહાવીર ભગવાનના જીવે દશ ભવોમાં કરેલી આરાધનાનું
અતિ સુંદર – સચિત્ર વર્ણન વાંચવા માટે
‘ચોવીસ તીર્થંકર ભગવંતોનું મહાપુરાણ’ વાંચો.

# પશુમાંથી.....પરમાત્મા




આ હાથી છે તે પારસનાથ ભગવાનનો જીવ છે. ક્રોધથી અંધ થઈને તે હાથી અનેક મનુષ્યોનો કચ્ચરઘાણ કાઢી નાંખતો હતો. એવામાં તેણે એક મુનિરાજને દેખ્યા. મુનિરાજના દર્શનથી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું, એટલું જ નહિ, તેમના ઉપદેશથી તેને સમ્યગ્દર્શન થયું.....ગાંડો હાથી, મુનિરાજના સંગે ધર્માત્મા થઈને પરમાત્મા બન્યો. તેની સુંદર કથા તેના જ મુખથી સાંભળો : –

# એક ગજરાજની આત્મકથા

આ હાથીના ભવમાં હું આત્મજ્ઞાન પામ્યો. આના પહેલાનાં ભવમાં હું અરવિંદરાજાનો મંત્રી હતો. સામા ચિત્રમાં જે મુનિરાજ દેખાય છે તે જ પોતે અરવિંદ રાજા હતા. મારું નામ હતું મરુભૂતિ. મારા મોટાભાઈ કમઠે મને મારી નાંખ્યો. હું મરીને હાથી થયો, ને કમઠ મરીને સર્પ થયો. અરવિંદ રાજા દીક્ષા લઈને મુનિ થયા.

હાથીના આ ભવમાં મને ક્યાંય ચેન પડતું ન હતું. હું બહુ ક્રોધી ને વિષયાસક્ત હતો; સમ્મેદશિખર પાસેના એક વનમાં રહેતો હતો. ભવિષ્યમાં જ્યાંથી હું મોક્ષ પામવાનો હતો એવા મહાન સિદ્ધિધામ પાસે રહેતો હોવા છતાં હજી હું સિદ્ધિના પંથને જાણતો ન હતો. હું મને તે વનનો રાજા માનતો હતો, તેથી ત્યાંથી પસાર થતા યાત્રિકોને હું ત્રાસ આપતો.

એક વખત સમ્મેદશિખરજીની યાત્રા કરવા જતા યાત્રાસંઘે તે વનમાં પડાવ નાંખ્યો; સાથે અરવિંદ – મુનિરાજ પણ હતા. સંઘનો કોલાહલ સાંભળી હું ગાંડો થયો ને પશુ કે માણસ જે કોઈ હડફેટમાં આવે તેનો કચ્ચરઘાણ કરવા લાગ્યો. ક્રોધપૂર્વક દોડતો દોડતો હું ઝાડ નીચે બેઠેલા મુનિરાજની સામે આવ્યો.

મુનિરાજે તો શાંત મીઠી નજરે મારા તરફ જોયું.....ને હાથ ઊંચો કરીને આદેશ આપ્યો કે 'રૂક જા.'

(હાથી કહે છે :) મુનિરાજને દેખતાં કોણ જાણે શું થયું કે હું સ્તબ્ધ બની ગયો. ક્રોધને ભૂલીને હું શાંત થઈ ગયો.....મુનિરાજ સામે ટગર ટગર જોઈ રહ્યો.....મને બહુ જ ગમ્યું. ત્યાં તો મારી સ્મૃતિ જાગી ઊઠી; પૂર્વભવનું મને ભાન થયું કે અરે, આ તો મારા અરવિંદરાજા! હું તેમનો મંત્રી હતો.....

મુનિરાજ કરુણાદૃષ્ટિથી મને સંબોધન કરવા લાગ્યા : હે ભવ્ય! તું શાંત થા. તું મારો મંત્રી મરુભૂતિ હતો, તે મરીને હાથી થયો છો. હવે આઠમા ભવે તો તું ભરતક્ષેત્રમાં તીર્થંકર થવાનો છો. આ ક્રોધ તને શોભતો નથી; તારો મહાન આત્મા ક્રોધથી ભિન્ન, અત્યંત શાંત ચૈતન્યસ્વરૂપ છે, તેને તું ઓળખ.

અહા, મુનિરાજના સંબોધનથી મારો આત્મા ચોંકી ઊઠ્યો. એકદમ શાન્ત થઈને હું મુનિરાજની સામે બેસી ગયો.....ને તેની સામે ટગટગ જોતાં તેમની વાણી સાંભળવા આતુર બન્યો.

મુનિરાજે જોયું કે મારા પરિણામ વિશુદ્ધ થવા માંડ્યા છે.....ને મને આત્મજ્ઞાનની ભાવના જાગી છે, એટલે તેઓ મને ઉપદેશ દેવા લાગ્યા : હે ભવ્ય! તું બુઝ! બુઝ! આ પશુપર્યાય એ તારું સ્વરૂપ નથી, તું તો ચૈતન્યમય આત્મા છો. દેહને અને રાગને આત્મા સાથે એકમેક માનીને તેં ભવચક્રમાં ઘણા ભવ કર્યા ને બહુ દુઃખી થયો. હવે રાગ અને જ્ઞાનને એકમેક માનવાના અવિવેકને તું છોડ. તારો આત્મા દેહરૂપ કે રાગરૂપ થઈ ગયો નથી, ચેતનરૂપ જ રહ્યો છે. — આ જાણીને તું પ્રસન્ન થા, સાવધાન થા, અને સદાય ઉપયોગસ્વરૂપ સ્વતત્ત્વ જ મારું છે એમ અનુભવ કર.

અહા, મુનિરાજનાં વચનો સાંભળી મને મહાન તૃપ્તિ થઈ.....જો કે મને મહાન હર્ષ જાગતો હતો, પરંતુ ત્યારે મારો ઉપયોગ તો હર્ષથીયે પાર થઈને ચૈતન્યતત્ત્વના પરમઆનંદનો સ્વાદ લેવા તરફ ઢળી રહ્યો હતો. પ્રશાંત પરિણામ વડે મારી ચેતના અંદરમાં ઊંડી ઊતરતાં મેં મારા પરમાત્મસ્વરૂપને સાક્ષાત દેખ્યું.....અહા, પરમ આનંદની અનુભૂતિસહિત આત્માનું સમ્યક્ દર્શન થયું.


— 'ત્યારે હું અમૃતના દરિયામાં ડોલી રહ્યો હતો; સર્વે

પરભાવોથી રહિત સાચું આત્મસુખ મારા આત્મામાં અનુભવાતું હતું. ક્ષણમાત્રના આવા અનુભવથી મારો અનંતભવનો થાક ઊતરી ગયો ને હું મોક્ષમાર્ગનો પથિક બન્યો.' – સમ્યગ્દર્શન પામેલો હાથી કહે છે : આત્મઉપયોગ સહજપણે ઝડપથી પોતાના સ્વરૂપ તરફ વળતાં સહજ નિર્વિકલ્પસ્વરૂપ અનુભવાયું. ચૈતન્યપ્રભુ પોતાના એકત્વમાં આવીને નિજાનંદમાં ડોલવા લાગ્યા. વાહ, મારું સ્વરૂપ કોઈ અદ્‌ભુત – અચિંત્ય – આશ્ચર્યકારી છે.'

– આમ સમ્યગ્દર્શન થતાં મારા આનંદનો કોઈ પાર ન રહ્યો. અહા, મુનિભગવંતના એક ક્ષણના સત્સંગે તો મને મારું પરમાત્મપણું મળ્યું. હું પશુ નહિ, હું તો પરમાત્મા! વાહ, પશુમાંથી પરમાત્મા બનાવનાર જૈનધર્મ ખરેખર અદ્‌ભુત છે, અદ્‌ભુત આત્મસ્વરૂપને તે પ્રગટ કરે છે. અહા, જેમના ઉપદેશથી મારા ભવદુઃખનો અંત આવ્યો ને મોક્ષની સાધના શરૂ થઈ, જેમણે મને મારા પરમાત્મનિધાન બતાવ્યા, તે મુનિરાજના ઉપકારીની શી વાત! તે વ્યક્ત કરવા મારી પાસે ભાષા ન હતી તોપણ મનદ્વારા મેં તેમની સ્તુતિ કરી, સૂંઢવડે નમસ્કાર કરીને મેં તેમનો ઉપકાર માન્યો.... મારી આંખમાંથી હરખના આંસુ ઝરતા હતા.

મારી આવી દશા દેખીને યાત્રાસંઘના માણસો પણ આશ્ચર્ય પામ્યા : આ શું ચમત્કાર!! – ક્યાં ક્ષણ પહેલાનો હિંસક એ ગાંડો હાથી! ને ક્યાં આ શાંતરસમાં તરબોળ થઈને મોક્ષમાર્ગમાં ઝૂલતો હાથી! વાહ, આ ચૈતન્યનો ચમત્કાર છે. ચૈતન્યસાધનાના પ્રતાપે એક પશુ પણ પરમાત્મા બની જાય છે.

(ઈતિશ્રી, ગજરાજની આનંદકારી આત્મકથા)



મોક્ષસાધક તે હાથીને દેખીને વનના વાંદરા પણ રાજી થતા હતા ને ફળ વગેરે લાવીને તેની સેવા કરતા હતા. એકવાર સરોવરમાં પાણી પીવા જતાં તે વજ્રઘોષ – હાથી કાદવમાં ખૂંચી ગયો; ત્યારે એક ભયંકર સર્પ તેને કરડ્યો.....ને હાથી સમાધિમરણ કરીને સ્વર્ગમાં ગયો.

એ સર્પ કોણ છે? તે હાથીનો જ પૂર્વભવનો ભાઈ કમઠ છે – જે મરીને સર્પ થયો છે. ભવિષ્યમાં હાથીનો જીવ જ્યારે પારસનાથ – તીર્થંકર થયા ત્યારે તે સર્પનો જ જીવ 'સંવરદેવ' થઈ ને તેમની જ સમીપમાં સમ્યગ્દર્શન પામીને મોક્ષમાર્ગી થયો. 'પારસના સંગે લોઢું સોનું બની ગયું.'

(તે હાથી અને તે સર્પના વચ્ચેના અનેક ભવોનું સચિત્ર આનંદકારી વર્ણન આપ 'મહાપુરાણ'માં વાંચજો.)

# ૨૪ તીર્થંકરોનું મહાપુરાણ FOUR IN ONE

## (એક જ શાસ્ત્રમાં ચારેય અનુયોગ)

**લેખક : બ્ર. હરિલાલ જૈન**

(૧) પ્રથમ કથાનુયોગ (૨) ચરણાનુયોગ (૩) કરણાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ. — જિનવાણી આવા ચાર અનુયોગરૂપ છે, ને તે ચારેય અનુયોગ વીતરાગભાવનો જ ઉપદેશ આપીને આત્માનું હિત કરનાર છે. પુરાણા શાસ્ત્રભંડારોમાં ચારે અનુયોગના ઘણાંય શાસ્ત્રો છે, પણ તે બધાય નો અભ્યાસ અતિ વિરલ વિદ્વાનો જ કરી શકે છે.

— તો જિજ્ઞાસુએ શું કરવું ? ચારે અનુયોગના અનેક શાસ્ત્રોના આધારે આપણા ચોવીસ તીર્થંકર ભગવંતોનું, અધ્યાત્મશૈલીથી લખાયેલ 'મહાપુરાણ' વાંચો, — તેમાં જિનવાણીના ચારેય અનુયોગ ભર્યા છે. તેમાં (૧) તીર્થંકર ભગવંતોની જીવનકથા છે, (૨) મોક્ષને માટે તે ભગવંતોએ આચરેલા ઉત્તમ આચરણનું વર્ણન છે, (૩) ચાર ગતિનાં સુખ-દુઃખ, ગુણસ્થાન વગેરે પરિણામરૂપ કરણાનુયોગ પણ તેમાં છે, અને (૪) તે તીર્થંકરાદિ મહાત્માઓ ક્યારે, કેવા ભાવથી સમ્યગ્દર્શનાદિ પામ્યા, તેનું વર્ણન તેમજ સ્વાનુભૂતિની અતિ સુંદર ચર્ચાઓરૂપ દ્રવ્યાનુયોગ પણ તેમાં ઠેરઠેર ભરેલો છે. આ રીતે (**FOUR IN ONE**) એક જ પુસ્તકમાં ચારેય અનુયોગનું રોમાંચકારી વર્ણન વાંચતા તમે કોઈ અનેરી ધાર્મિક સ્ફૂર્તિ અનુભવશો....અને, જો જ્ઞાનીના સત્સંગનું જોર તમારી પાસે હશે તો, તમે મોક્ષમાર્ગમાં પણ દાખલ થઈ જશો. — ધન્યવાદ !

શ્રી કહાનસ્મૃતિ — પ્રકાશન, સંતસાન્નિધ્ય, સોનગઢ

# બધા આત્મામાં પ્રભુતા ભરી છે

## રાજકોટની જેલમાં ૨૦૦ જેટલા કેદીઓ સમક્ષ ઉપદેશ (સંસારની જેલમાંથી કેમ છૂટાય?)

વીર સં. ૨૪૯૦ ના ફાગણ સુદ ૧૨ ના રોજ રાજકોટ શહેરમાં સેન્ટ્રલ જેલના સુપ્રીન્ટેન્ડન્ટ તરફથી વિનંતિ થતાં પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી ત્યાંના કેદીઓને સદુપદેશનાં બોધવચનો સંભળાવવા પધાર્યા હતા. ત્યાંના કરુણ અને વૈરાગ્યપ્રેરક વાતાવરણમાં ગુરુદેવે લાગણીભીના હૃદયે જે બોધવચન કહ્યા તે અહીં આપવામાં આવ્યા છે. જેલના કેદીભાઈઓને ગુરુદેવના આ બોધવચનો સાંભળીને સન્માર્ગમાં જીવન ગાળવાની ભાવના જાગી હતી.

'ભાઈઓ' એવા પ્રેમભર્યા સંબોધનપૂર્વક ગુરુદેવે કહ્યું : જુઓ ભાઈ, આ દેહમાં રહેલો આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ કાયમી વસ્તુ છે, તે અવિનાશી છે; ને પાપ, હિંસા વગેરે જે દોષ છે, તે ક્ષણિક છે, તે કાંઈ કાયમી વસ્તુ નથી, એટલે તેને ટાળી શકાય છે. ક્રોધ – માન વગેરે દોષ તો આત્મા અજ્ઞાનથી અનાદિનો કરતો જ આવે છે ને તેથી તે આ સંસારરૂપી જેલમાં પૂરાયેલો છે, તેમાંથી કેમ છૂટાય? તે વિચારવું જોઈએ. દોષ તો પહેલાં દરેક આત્મામાં હોય છે, પણ તેનું ભાન કરીને એટલે કે 'આ મારો અપરાધ છે, પણ તે અપરાધ મારા આત્માનું કાયમી સ્વરૂપ નથી,' એમ ઓળખાણ કરીને તે અપરાધને ટાળી શકાય છે ને નિર્દોષતા પ્રગટાવી શકાય છે.

જેમ પાણી ભલે ઊનું થયું તોપણ તેનો સ્વભાવ તો ઠંડો છે, અગ્નિને ઠારી નાંખવાનો તેનો સ્વભાવ છે; એટલે જે અગ્નિ ઉપર તે ઊનું થયું તે જ અગ્નિ ઉપર જો તે પડે તો તે પાણી અગ્નિને બૂઝાવી નાંખે છે, તેમ આ આત્મા શાંત – શીતળસ્વભાવી છે, ને ક્રોધાદિ તો અગ્નિ જેવા છે; જો કે પોતાની ભૂલથી જ આત્મા ક્રોધાદિ કરે છે, પણ તે કાંઈ તેનો અસલી સ્વભાવ નથી, અસલી સ્વભાવ તો જ્ઞાન છે, તેનું ભાન કરે તો ક્રોધાદિ ટળી જાય છે ને શાંતરસ પ્રગટે છે. આત્મામાં ચૈતન્યપ્રકાશ છે, તે દોષ અને પાપના અંધકારનો નાશ કરી નાંખે છે.

જુઓ, અહીં (જેલમાં) પણ ભીંત ઉપર લખ્યું છે કે 'બધા દુઃખનું મૂળ કારણ અજ્ઞાન છે.' તે અજ્ઞાનને લીધે જ આ સંસારની જેલના બંધનમાં આત્મા બંધાયેલો છે; તેમાંથી છૂટવા માટે આત્માની ઓળખાણ અને સત્સમાગમ કરવા જોઈએ. આવો મોંઘો મનુષ્ય – અવતાર મળ્યો, તે કાંઈ ફરી ફરીને નથી મળતો; માટે તેમાં એવું સારું કામ કરવું જોઈએ કે જેથી આત્મા આ ભવબંધનની જેલમાંથી છૂટે. શ્રીમદ્ રાજચંદ્રજી નાની ઉંમરમાં કહે છે કે –

બહુ પુણ્યકેરા પૂંજથી શુભદેહ માનવનો મળ્યો,
તોયે અરે, ભવચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો!

આવો મનુષ્યભવ રત્નચિંતામણી સમાન છે, તેમાં શાંતિથી આત્માને સાવધાન કરીને મનુષ્યજીવન સફળ કરવા જેવું છે; નહિતર તો આ રત્ન, ચૌટામાં પડેલા રત્નની જેમ ચોરાઈ જશે. બધાય આત્મામાં (અહીં બેઠા છે તે કેદી – ભાઈઓના દરેક આત્મામાં પણ) એવી તાકાત છે કે પ્રભુતા પ્રગટાવી શકે ને દોષનો

નાશ કરી નાંખે. આત્માના ભાન વડે સજ્જનતા પ્રગટાવીને દોષનો નાશ થઈ શકે છે. કોઈ વ્યક્તિ ઉપર દ્વેષ ન હોય. બધા આત્મામાં પ્રભુતા ભરી છે, તેનું પોતે ભાન કરીને તે પ્રગટાવી શકે છે.

ક્ષણિક આવેશથી તીવ્ર રાગ – દ્વેષમાં કે ક્રોધમાં તણાઈ જતાં જીવ હિંસાદિ પાપ કરી બેસે છે. એવા પાપભાવો હોય ત્યાં આત્માનું ભાન ન થાય. વિચાર કરવો જોઈએ કે અરે! જીવનમાં કેવું કાર્ય કરવા જેવું છે! સત્સમાગમે આત્માનું ભાન નાના બાળક પણ કરી શકે છે. અરે, સિંહ વગેરે પશુ પણ એવું ભાન કરી શકે છે, પાપીમાં પાપી જીવ પણ ક્ષણમાં પોતાના વિચાર પલટીને આવું ભાન કરી શકે છે; 'સો ઉંદર મારીને બિલ્લી પાટે બેઠી' – એમ ઘણાં પાપ કર્યા ને હવે જીવન કેમ સુધારી શકે? – એવું નથી; પાપનું પ્રાયશ્ચિત્ત કરીને, ક્ષણમાં પાપને ટાળી શકાય છે ને જીવનને સુધારી શકાય છે. આ મનુષ્યભવ પામીને એ કરવા જેવું છે.

(ઈતિ જેલ – પ્રવચન)

## સાધકનું સૌન્દર્ય

સાધકના આત્મસૌન્દર્યને દેખો, તમે મુગ્ધ બની જશો.
આત્મસાધનામાં ભરેલું સૌન્દર્ય કોઈ અચિંત્ય છે.
એકત્વ – નિશ્ચયરૂપ થયેલો તે આત્મા સર્વત્ર સુંદર છે.

પ્રતિદ્રોહનો આવેશ નિર્બળને આવે છે, શાંતધૈર્યવાનને નહીં. ધૈર્યવાન મુમુક્ષુ ગમે તેવા પ્રતિદ્રોહ વચ્ચે પણ આત્મસાધનામાં અચલ રહે છે.

ૐ

# * સ્વાનુભવની ભાવના *

હે આત્મજિજ્ઞાસુ!

(૧) આત્મઅનુભવ માટેના પ્રયોગો જાણવાની તમારી ઉત્કંઠા.....તે એક એવો ભાવ છે કે જેમાં આગળ વધતાં અદ્ભુત ચૈતન્યતત્ત્વની અનુભૂતિ ચોક્કસ થાય છે. તેમાં જરૂરીયાત એટલી કે, આત્માને જાણવાની જે ભાવના જાગી તેમાં પૂરી તાકાત લગાડીને આગળ ને આગળ વધ્યે જવું. બધી પરિસ્થિતિમાં એને જ મુખ્ય રાખવું, એટલે એ જ પોતાનું જીવન છે – એમ સમજવું.

(૨) હવે જે આત્મવસ્તુને જોવી છે – અનુભવમાં લેવી છે તે વસ્તુ એવી અદ્ભુત – સુંદર છે કે, ચિત્ત તેની નજીક આવતાં જ આખું જગત જાણે મનમાંથી દૂર હટી જાય છે ને સંસારના બધાય ભાવોનો થાક ઊતરવા માંડે છે.....એટલે કે ચિત્ત શાંત થઈને પોતાના આત્માના ચિંતનમાં એકાગ્ર થવા તત્પર થાય છે. અહીંથી ધ્યાન માટેના (એટલે કે સમ્યગ્દર્શનરૂપ આત્મઅનુભવ માટેના) પ્રયોગની શરૂઆત થવા માંડે છે.

(૩) આ પ્રયોગનો પ્રારંભ થતાં જ, મુમુક્ષુ જીવને એક મહાન ફાયદો એ થયો કે, તેનું ચિત્ત બીજે બધેયથી હટીને, અત્યંત રસપૂર્વક પોતાના ચૈતન્યભંડારમાંથી જ શાંતિનું વેદન લેવા પ્રયત્નશીલ થયું.....શ્રદ્ધા અને જ્ઞાનની બધી તાકાતને તેમાં જ રોકી.....અનંત તાકાતવાળો આત્મા પોતે જાગીને પોતાને સાધવા તૈયાર થયો.....ધ્યાતા બનીને પોતે પોતાને જ ધ્યેયરૂપ કરવા માંડ્યો. આ પ્રયોગની જેટલી ઉગ્રતા, એટલો વિકલ્પોનો અભાવ.

(૪) બસ, હવે આ જીવને વારંવાર એમાં જ ઉપયોગ

લગાવીને ચિંતન કરવાનું ગમે છે.....એમાં જ મજા આવે છે. બહારની સામગ્રીમાં કે રાગાદિભાવોમાં કદી જે જાતની શાંતિનો સ્વાદ આવ્યો ન હતો, એવો કોઈ નવીન શાંતિનો સ્વાદ ચૈતન્યચિંતનમાં તેને આવવા લાગ્યો.....ક્યાંથી આવ્યો આ મધુર સ્વાદ! અંદરમાં પોતામાંથી જ તે સ્વાદ આવી રહ્યો છે. જ્યાંથી આ સ્વાદ આવી રહ્યો છે ત્યાં ભરેલી અગાધ શાંતિ તરફ તે મુમુક્ષુ હવે ઊંડો ને ઊંડો ઊતરતો જાય છે. તેને શાંતિનું વેદન ચમત્કારિક રીતે વધતું જાય છે ને વિકલ્પો લગભગ બધા જ શાંત થઈ જાય છે.

(૫) હે આત્મપિપાસુ! આ એક અદ્‌ભુત કળા છે.....કે જે મુમુક્ષુને જ આવડે છે.....અને જેના ફળમાં કલ્પનાતીત આનંદ થાય છે. જુઓ, અત્યારે થોડીક વાર એવી આત્મભાવના કરી તેમાં પણ જગતના બધા સુખ – દુઃખો ભૂલાઈને, તમારા ચિત્તમાં શાંતિના કેવા ભણકાર આવવા લાગ્યા! આના ઉપરથી જાતઅનુભવ વડે તું વિશ્વાસ કર કે, જે શાંતિને હું અનુભવવા માંગુ છું તે બીજે ક્યાંય નથી પણ મારામાં છે, ને હું પોતે જ શાંતિ સ્વરૂપ છું.

બસ, આવો આત્મા.....તે જ પોતાના ધ્યાનનો વિષય.

“જેને હું ધ્યાવવા ચાહું છું.....તે હું જ છું.”

(ઈતિ સ્વાનુભવની ભાવના.)

આ ભાવનાનો દૃઢ અભ્યાસ કરો.....પછી તેના પ્રયોગ કહેશું.

હવે ચાલો જઈએ :

ભગવંતોની નગરીમાં.....ચૈતન્ય મહેલમાં.....




# હે પ્રાથમિક જિજ્ઞાસુ સાધર્મી !

કષાયોના વેદનની ભીંસથી તું ભયંકર દુઃખી છો — એમ જો તને લાગતું હોય, ને એનાથી છૂટીને શાંતિ લેવા માટે તારું હૃદય પોકારતું હોય તો —

હે ભવ્ય! આવ.....અમારી પાસે આવ.

પંચપરમેષ્ઠી ભગવંતોની આત્મનગરીમાં શાંતિના મહેલમાં રહેનારા અમે તને ખૂબ પ્રેમથી બોલાવીએ છીએ.....કેમકે ખરેખર તું અમારો જ્ઞાતિબંધુ — સાધર્મી છો. અમારા પરિવારનો જ છો. કષાયનગરીમાં તો તું ભૂલથી ફસાઈ પડ્યો છો; હવે ત્યાંનો વાસ છોડીને આપણા બાપદાદાની અસલી નગરી એવી આ શાંતનગરીમાં અમારી સાથે રહેવા ચાલ્યો આવ! કષાય તને કંઈ પણ હેરાન કરવા આ નગરીમાં આવી નહીં શકે.....છતાં આવે તો અમે બધા બેઠા છીએ.....આનંદથી તું આવ.....ને અમારી સાથે સદાય સુખથી રહે; તું અમારો ભાઈ છો, શ્રી પંચપરમેષ્ઠીની આજ્ઞાથી તને ચૈતન્યનગરીમાં આવવાનું આ આમંત્રણ આપું છું.

# આનંદમય ચૈતન્યનગરી તરફ પાંચ પગલાં





આત્મનગરી
શાંતિમહેલ

હે મુમુક્ષુ! કષાયનગરીમાંથી છૂટીને આત્મનગરીના શાંતિમહેલમાં આવવાનો માર્ગ તને બતાવું છું. અમે આ માર્ગે આત્મનગરીમાં આવ્યા છીએ. તું પણ જલ્દી આવ. તે માટે પાંચ પગલાં તને બતાવું છું.

## (૧)

## * આનંદનગરી તરફ પ્રથમ પગલું *

'હવે હું મુમુક્ષુ થયો છું.'

અત્યાર સુધી અનાદિથી આત્માની શાંતિને ભૂલીને હું કષાયોની આગમાં સળગી રહ્યો છું. હવે મારા પંચ પરમેષ્ઠી ભગવંતોની શાંતિને દેખીને મને પણ એવી શાંતિ માટે ઘણી જ ચાહના થઈ છે. તેથી હવે હું આ કષાયની આગમાં એક ક્ષણ પણ રહી નહીં શકું. એનાથી જલ્દી છૂટીને શાંતરસનો હું પિપાસુ થયો છું, તેથી હું મુમુક્ષુ છું.

હવે હું વિચારું છું કે અરે, આ કષાયો મને કેવા ભયંકર દુઃખની આગમાં બાળી રહ્યા છે! એ દેખીને હવે હું કષાયોથી બહુ જ બીવું છું; તેથી હું તેનાથી ભાગીને ચૈતન્ય મહારાજની સમીપ

આવીને જોરજોરથી પોકાર કરું છું કે હે ચૈતન્યદેવ! હવે તમે જ મને આ કષાય – રાક્ષસોથી બચાવનારા છો અને તમે જ મને શાંતિ આપીને મારું દુઃખ મટાડનાર છો. પહેલાં હું કદી તમારી પાસે નહોતો આવ્યો તેથી કષાયોએ મને હેરાન કર્યો.....હવે હું તમારી પાસે આવ્યો છું ને મુમુક્ષુ થયો છું; તમે અવશ્ય મને કષાયોથી છોડાવીને મહાન આત્મશાંતિ દેશો – એવો મારો વિશ્વાસ છે. અહો ચૈતન્ય પ્રભુ! મારા મનમાં તમને યાદ કરતાં જ આ કષાયો તો તમારાથી ડરીને એકદમ દૂર ભાગવા લાગ્યા, અને મને શાંતરસની શીતળ હવા આવવા લાગી.

(ઇતિ ચૈતન્યપુરીમાં પ્રથમ પગલું)

## (૨)

## * ચૈતન્યનગરીમાં બીજું પગલું *

ચૈતન્યનગરીના મહારાજા ચેતનપ્રભુ કહે છે : – હે મુમુક્ષુ! તેં બહુ સારું કર્યું કે તું અહીં મારી પાસે ચૈતન્યનગરીમાં આવ્યો. દેખ, આપણી આ ચૈતન્યનગરી કેવી મજાની સુંદર છે! આ નગરીમાં બધાય શાંતપરિણામી આત્માઓ જ રહે છે; કષાયો કે મિથ્યાત્વ વગેરે દુષ્ટ ચોર – લોકોનો આ નગરીમાં પ્રવેશ – નિષેધ છે; માટે હવે તું તે કષાયોની બીક છોડી દે, અને નિર્ભય થઈને આ શાંતનગરીમાં રહેનારા સર્વે સજ્જન પરિવારનો પરિચય કર!

દેખ, આ સર્વજ્ઞ મહારાજ! તેઓ આપણી આ નગરીના મહારાજા છે, તેઓ આપણી જાતિના જ છે. તેઓ કેવા મજાના વીતરાગ છે! આપણે પણ એવા જ થવાનું છે.

વળી આ તરફ જો? – આ મોટા મોટા મુનિવરો શુદ્ધોપયોગચક્રના બળથી સંજ્વલન કષાયને પણ જીતીને કેવળજ્ઞાન પામી રહ્યા છે; તેઓ એમ સમજાવે છે કે આટલો સૂક્ષ્મ કષાયકણ પણ જીવને દુઃખ દેનારો છે, તેથી તેને આપણી ચૈતન્યનગરીમાંથી ભગાડી દેવો જોઈએ..... તો પછી મોટા મોટા કષાયોની તો વાત જ શું કરવી?

વળી હે મુમુક્ષુ! આ તરફ દેખ! આ સમ્યગ્દષ્ટિ – ધર્માત્મા જીવો – જેઓ હમણાં નવા નવા આ શાંતિનગરીમાં આવ્યા છે – તેમણે કષાયોની સામે ઘણી મોટી લડાઈ કરીને તેને પછાડી દીધાં છે.

અમે બધાય તારી સાથે ઊભા છીએ. હવે કષાયનું તારી સામે કંઈ પણ ચાલી શકે નહીં શકે. તું નિર્ભય થઈને બહાદુરીથી લડ.....અને..... લે આ ચેતના – તલવાર.....તેના એક જ ઘાથી કષાયની અનંત સેના મરી જશે અને તને તારા ચૈતન્યના આનંદવૈભવથી ભરેલું સ્વરાજ્ય પ્રાપ્ત થશે.....અને તું પણ અમારા બધા જેવો જ થઈ જઈશ.

હે ભવ્ય! હવે તું પોતાનું મહાન ગૌરવ સમજ કે, હું આવી અદ્ભુત વીતરાગીનગરીમાં રહેવા આવ્યો છું, અને મહાન દુઃખદાયક એવી કષાયનગરીમાંથી હું ભાગી છૂટ્યો છું.

બસ, હે બંધુ! હવે તું શાંતિથી આ નગરીમાં રહીને સુખ ભોગવ્યા કર! જો કોઈક કષાય આવી જાય તો ભય ન કરતો, – અમે બધા તારી પાસે બેઠા છીએ, – તેને જોઈ લેશું!!

## (૩)

## ∗ આત્મનગરીમાં ત્રીજું પગલું ∗

હવે ત્રીજા દિવસે વિચાર કરતાં મને એમ થાય છે કે –

હું આત્માની શાંતિનગરીમાં આવ્યો છું, છતાં પણ આ કષાયોથી હજી મારો છૂટકારો નથી થયો, ને સાચી શાંતિ મને નથી મળતી, – આમ કેમ?

– તો મારા સત્‌સંગી સ્વાનુભવીજનો મને એમ બતાવે છે કે અરે ભાઈ! પૂર્વપરિચિત તે કષાયોનો રસ હજી પણ તેં નથી છોડ્યો.....અને અમારી સાથે રહેવા છતાં ચૈતન્યનો સાચો રસ તેં પ્રગટ કર્યો નથી, તો પછી તને શાંતિ કેમ મળે? શું કષાયોમાંથી કદી શાંતિ મળે છે? – ના, કદી નહીં.

કષાય અને જ્ઞાનાદિ ગુણો એકબીજાથી સાવ વિરુદ્ધ છે. જ્ઞાન તો જીવનો સ્વભાવ – ગુણ છે, તેના વગર જીવ જીવી શકતો જ નથી. અને કષાય કાંઈ જીવનો ગુણ નથી પણ વિરોધી છે. કષાયનો નાશ થતાં કાંઈ જીવનો નાશ નથી થતો. કષાય તો કર્મનો મિત્ર છે અને આત્માનો દુશ્મન છે.

જેમ જ્ઞાન જીવનો મિત્ર (સ્વભાવ) છે તેમ કષાય કાંઈ જીવનો મિત્ર નથી. જ્ઞાન જીવનો ગુણ છે તેમ શાંતિ પણ જીવનો ગુણ છે; અને એક વસ્તુના બે ગુણો એકબીજાના વિરોધી હોતા નથી. તેથી જ્ઞાન અને શાંતિ તો એકસાથે રહે છે – પણ ક્રોધ અને શાંતિ એકસાથે કદી રહી શકતા નથી. ક્રોધ અને અશાંતિ સદા સાથે હોય છે. આ રીતે, શાંતિ અને ક્રોધની અત્યંત ભિન્નતા જાણીને હું મારા જ્ઞાનને શાંતિની સાથે જોડું છું અને ક્રોધને જ્ઞાનમાંથી બહાર કાઢી નાખું છું.

વાહ! આવા મારા જ્ઞાનમાં મને તો કોઈ અદ્‌ભુત મજા આવે છે અને નવી જ શાંતિ મળે છે. બસ, આમાં જ હું રહી જાઉં છું. – આ જ છે મારી આત્મનગરી.

## (૪)

## ∗ પંચપરમેષ્ઠીની નગરીમાં ચોથું પગલું ∗

હે પંચપરમેષ્ઠી ભગવાન્!

હવે આજ હું જોશમાં આવી ગયો છું; કાલ હું ઢીલો હતો પણ હવે મને ખબર પડી ગઈ કે જેટલો અનંતગુણવૈભવ આપની પાસે છે, – મારી પાસે પણ એટલો જ ગુણવૈભવ ભરેલો છે; અને કષાયોને કે અશાંતિને મારા કોઈ પણ ગુણમાં રહેવાનો અધિકાર નથી. તેથી મારી ચૈતન્યસત્તાનો ઉપયોગ કરીને મેં કષાયોને દેશનિકાલ કરી દીધા છે.....એટલે હવે હું જોશમાં આવી ગયો છું. અત્યાર સુધી કષાયોના દબાણને કારણે મારી શાંતિ ખીલતી ન હતી, તથા મારું જ્ઞાન પણ કષાયવશ થવાથી મારા અતીન્દ્રિય સ્વભાવને દેખી શકતું ન હતું; હવે મારું જ્ઞાન ને શાંતિ કષાયોથી ભિન્ન સ્વાધીન થઈ જવાથી, પોતાના અસલી સ્વરૂપે પ્રગટ થઈને મારી મહાન શાંતિ તથા અપૂર્વ જ્ઞાનચેતનાનો અનુભવ કરી રહ્યું છે.

વાહ પ્રભો! આપણી આ ચૈતન્યનગરીમાં આવું સુંદર જ્ઞાન અને આવી વીતરાગી શાંતિ ભરેલી હતી એની મને આજે જ ખબર પડી, અને મને ઘણી જ પ્રસન્નતા થઈ.....હવે આવી સુંદર નગરીને છોડીને હું બીજે ક્યાંય જવાનો નથી.....સદાય આપની સાથે આ નગરીમાં જ મારા સ્વઘરમાં રહીશ.....ને આપના જેવો જ થઈ જઈશ.

અહો, પંચપરમેષ્ઠી ભગવંતોના પ્રસાદથી હવે મારું જીવન સુધરી ગયું.....જીવનદિશા પલટી ગઈ; આ જીવનમાં સમ્યક્ત્વાદિ મહાન આનંદનો લાભ લેવાનો ઉત્તમ અવસર મને મળી ગયો છે તેથી હવે હું મારા સ્વભાવમાં ઊતરીને, અંતરમાં સ્વાનુભૂતિ કરીને

સિદ્ધપ્રભુ જેવા સુખનો સ્વાદ ચાખું છું. – આ સ્વાદ ચાખવા માટે મારું ચિત્ત એવું તલસી રહ્યું છે કે દુનિયાની સામે ક્યાંય દેખવાની ઈચ્છા થતી નથી. દુનિયાનો કોઈ પણ પ્રસંગ હવે મારી ચેતનાને મારા સુખથી છોડાવીને મને નથી તો ડરાવી શકતો, કે નથી લોભાવી શકતો. તેથી હું દુનિયાથી ઉપેક્ષિત થઈને મારા ચૈતન્યરસના મીઠા સ્વાદમાં જ મશગુલ છું.

( – ઈતિ ચૈતન્યનગરીમાં ચોથું પગલું)

## (૫)

## * આનંદનગરીમાં પાંચમું પગલું *

હવે ચાર દિવસથી હું મારી આ આનંદમય ચૈતન્યનગરીમાં પંચપરમેષ્ઠી પરિવારની સાથે રહીને આનંદ કરું છું. જેમ જેમ હું આ ચૈતન્યનગરીને દેખતો જાઉં છું તેમ તેમ તેની મહાન અદ્‌ભુત વિભૂતિઓ દેખીને મને આશ્ચર્ય થઈ રહ્યું છે. અહા! આવી સુંદર વિભૂતિઓ મેં પહેલાં કદી ક્યાંય પણ દેખી ન હતી.....તે મેં મારી ચૈતન્યપુરીમાં દેખી.

વળી વિશેષ આશ્ચર્ય તો એ થાય છે કે આ બધી વિભૂતિઓ પહેલાં પણ મારામાં ભરેલી જ હતી; જ્યારે હું કષાયનગરીમાં ફસાઈ પડ્યો હતો ત્યારે પણ મારી આ આત્મવિભૂતિ મારામાં જ ભરી હતી, અને છતાં પણ કષાયો તેને નષ્ટ કરી શક્યા ન હતા. આથી એમ પણ નક્કી થઈ જાય છે કે કષાયોની તાકાત કરતાં મારી આત્મવિભૂતિની તાકાત ઘણી મહાન છે.

અહો! ઉપકાર છે પંચપરમેષ્ઠી દેવોનો, કે – તેમના પ્રસાદથી મને મારી મહાન શક્તિનું ભાન થયું. હવે મારી ચૈતન્યવિભૂતિ સામે

આ કષાય વગેરે સમસ્ત વિભાવો સર્વથા બળહીન અને નિર્માલ્ય દેખાય છે. મારી આ ચૈતન્યનગરીમાં હવે સર્વત્ર શાંતિ જ ફેલાઈ રહી છે. મારી આસપાસમાં સર્વજ્ઞ ભગવંતો તથા રત્નત્રયવંત સાધુજનો જ દેખાઈ રહ્યા છે; કષાય કે મિથ્યાત્વવાળા જીવો મારી આ નગરીમાં દેખાતા જ નથી. અને હું પણ હવે કષાયો અને મિથ્યાત્વને દૂર હટાવીને મારા અસલી શાંત રૂપને ધારણ કરીને આનંદથી મારી અપૂર્વ આત્મવિભૂતિને ભોગવું છું.

અમે આત્મપુરીના વાસી – અમે સિદ્ધપુરીના વાસી,
અમે સંસારથી તો ઉદાસી.....અમે મોક્ષપુરીના વાસી.


(સ્વાનુભવના સુંદર પ્રયોગો માટે – જુઓ પાનું ૨૨૧)

## * ચંદનાબેનની આત્મઅનુભૂતિ *

રાજકુમાર વર્દ્ધમાનના સાન્નિધ્યમાં આત્માની સ્વાનુભૂતિ પામીને કુમારી ચંદનાબેન કહે છે કે : અહા, મારી સ્વાનુભૂતિમાં શુદ્ધઆત્મા એક જ પ્રકાશમાન છે. આત્માના એકત્વની અનુભૂતિ અભેદ હોવા છતાં શુદ્ધ દ્રવ્ય – ગુણ – પર્યાયરૂપ બધાય સ્વભાવધર્મો તેમાં સમાયેલા છે; ત્યાં આત્મા પોતાના અનેકાંત સ્વભાવે પ્રકાશી રહ્યો છે. તેને પરથી ભિન્નતા હોવાથી તે વિભક્ત છે, અને પોતાના ગુણ – પર્યાયોમાં અભેદપણું હોવાથી એકત્વ છે. આવા એકત્વ – વિભક્ત શુદ્ધ આત્માની અનુભૂતિ તે જૈનશાસનની અનુભૂતિ છે.

'વાહ ચંદનાબેન! સ્વાનુભૂતિનું સરસ વર્ણન તમે કર્યું.'

# 卐 ગૃહસ્થને આત્મદર્શન 卐




**(ગુરુદેવને અત્યંત પ્રિય યોગસાર દોહા ૧૮ ઉપરનું પ્રવચન)**

'હે સ્વામી! આપ આત્મદર્શનને જ મોક્ષનું કારણ કહો છો ને આત્મજ્ઞાન કરવાનું કહો છો; તો અમને પ્રશ્ન થાય છે કે, 'અમે તો ગૃહસ્થ છીએ, શું અમને પણ આત્મદર્શન અને આત્મજ્ઞાન થાય?' તેનો ઉત્તર કહે છે કે હા, સાંભળ —

गिहि--वावार परिट्ठिया हेयाहेउ मुणंति।
अणुदिणु झायहिं देउ जिणु लहु णिव्वाणु लहंति ।।

ગૃહકામ કરતાં છતાં હેયાહેયનું જ્ઞાન;
ધ્યાવે સદા જિનેશપદ, શીઘ્ર લહે નિર્વાણ.

ધર્મી જીવ ગૃહસ્થ સંબંધી પ્રવૃત્તિમાં રહેલા હોવા છતાં તેને હેય — ઉપાદેયનો વિવેક છે. પોતાનો શુદ્ધઆત્મા જ ઉપાદેય છે તે ક્યારેય ભૂલાતો નથી, અને દરરોજ જિનદેવના ધ્યાનમાં તેનું ચિત્ત લાગેલું છે. આવા ધર્મી — ગૃહસ્થ શીઘ્ર નિર્વાણને પામે છે.

વાહ રે વાહ, જુઓ તો ખરા.....આત્મદર્શન વડે ગૃહસ્થને, અરે દેડકાને – સિંહને – હાથીને પણ મોક્ષના દરવાજા ખુલી જાય છે.

આત્મદર્શન અને મોક્ષમાર્ગ એકલા મુનિઓને જ હોય ને શ્રાવક – ગૃહસ્થને ન હોય – એમ નથી; શ્રાવક – ગૃહસ્થને પણ આત્મજ્ઞાન અને મોક્ષમાર્ગ હોય છે. સ્વર્ગનો દેવ હોય કે મનુષ્ય, સિંહાદિ તીર્યંચ હોય કે નારકી, – દરેકને ભગવાન આત્મા તો અંદર બેઠો છે ને? – તે પોતાના શુદ્ધઆત્માને અંતઃદષ્ટિથી દેખીને મોક્ષના માર્ગમાં ચાલી શકે છે. મારામાં રહેલી મારી શુદ્ધ ચૈતન્યવસ્તુ મારે ઉપાદેય છે ને જે વિષયકષાયો રાગદ્વેષ છે તે હેય છે; – આવા હેય – ઉપાદેયના સાચા જ્ઞાનવડે ધર્મી – ગૃહસ્થ પણ નિર્વાણમાર્ગનો પથિક છે, તે મોક્ષનો સાધક છે.

– ચોથા કાળમાં એમ થતું હશે! – પણ અત્યારે તો પંચમકાળ છે ને!

– અરે ભાઈ! પંચમકાળમાં થયેલા મુનિનું તો આ કથન છે ને પંચમકાળના ગૃહસ્થને પણ આવું નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે. વેપાર – ધંધા, રાજ – પાટ કે રાગ અને રાણીઓ એ તો બધું આત્માના દર્શનથી બહાર રહી જાય છે; એને તે પરરૂપે જાણે છે, હેય સમજે છે; નિજરૂપ નથી માનતો, ઉપાદેય નથી સમજતો; એટલે એમાં ક્યાંય તે સુખબુદ્ધિ નથી કરતો; અંતરમાંથી આવેલા અતીન્દ્રિયસુખને જ તે ઉપાદેય સમજે છે. આવા હેય – ઉપાદેયના વિવેક વડે તે ગૃહસ્થ પણ મોક્ષના માર્ગમાં છે. ખરેખર તે 'ગૃહ – સ્થ' નથી પણ 'માર્ગ – સ્થ' છે. गृहस्थोपि मोक्षमार्गस्य.....' એ સમન્તભદ્રસ્વામીનું વચન છે.

– આવા ધર્માત્માને માટે પં. બનારસીદાસજીએ ' न गृहस्थ

है....न यति है' એમ કહ્યું છે; કેમકે ગૃહસ્થપણું તો તેની દૃષ્ટિમાંથી છૂટી ગયું છે, તેનાથી તે ઉદાસીન છે, ને મુનિપણું હજી પ્રગટ્યું નથી; માટે તે 'નથી ગૃહસ્થ કે નથી સાધુ.' અમે તો ચૈતન્યસ્વરૂપે પૂર્ણ પરમાત્મા છીએ — એમ તે ધર્મી નિરંતર દેખે છે, ને ક્યારેક — ક્યારેક શુદ્ધોપયોગી થઈને તેવો નિર્વિકલ્પ અનુભવ કરી લ્યે છે. આવા સમ્યક્ત્વધારક ધર્માત્માને કુંદકુંદપ્રભુએ ધન્ય અને કૃતકૃત્ય કહ્યા છે. મોક્ષને સાધવામાં તે શૂરવીર છે; અલ્પકાળમાં જ મુનિ થઈને તે મોક્ષને સાધી લેશે.

શ્રાવકે પ્રથમ શું કરવું? કે શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરવું. પછી તેના જ પ્રતાપથી અલ્પકાળમાં કર્મોનો ક્ષય થઈને સિદ્ધપદ થશે. ગૃહસ્થપણામાં મુનિદશા કે કેવળજ્ઞાન થતું નથી પણ સમ્યક્ દર્શન તો થાય છે. તીર્થંકર જેવા મહાપુરુષો પણ ગૃહસ્થપણું ત્યાગી ચારિત્રદશા અંગીકાર કર્યા પછી જ કેવળજ્ઞાન પામે છે.

## * ધર્માત્માના અંતરમાં પરમાત્મા વસે છે *

ધર્મી ગૃહસ્થનું જીવન 'કથંચિત્ મુનિ જેવું' છે; આત્મજ્ઞાન વડે સાદ પાડીને તેણે કેવળજ્ઞાનને બોલાવી લીધું છે, ને કેવળજ્ઞાન આવી જ રહ્યું છે, અર્થાત્ પ્રતિક્ષણે તે કેવળજ્ઞાનના સાધક છે; તેના શ્રદ્ધા — જ્ઞાનમાં પરમાત્મા વસ્યા છે.

અહા, મોક્ષમાર્ગી મુનિ કે શ્રાવકના મનમાં 'ભગવાન' વસે છે, રાગાદિ કષાયો એના મનમાં વસતા નથી. દેહની ક્રિયાઓ એના જ્ઞાનમાં વસતી નથી. હે ભવ્ય! તારે જો મોક્ષમાર્ગી થવું હોય ને મુનિ જેવું જીવન જીવવું હોય તો તું તારા જ્ઞાનમાં શુદ્ધાત્માને વસાવ, ને રાગાદિને જ્ઞાનમાંથી બહાર કાઢી નાંખ.

ધર્માત્માઓના જ્ઞાનમાં વસેલો સુખસમુદ્ર ભગવાન આત્મા, તે વિષયસુખોમાં લીન અજ્ઞાની જીવોને સર્વથા દુર્લભ છે. જેના

મનમાં વિષયો વસે તેના મનમાં પરમાત્માનો વાસ ક્યાંથી હોય? ધર્મીગૃહસ્થના ચિત્તમાં – રુચિમાં – જ્ઞાનમાં ઘર નથી વસ્યું પણ પરમાત્મા વસ્યા છે. અહા, એ ધર્માત્માને તો ભગવાનના ઘરના તેડા આવ્યા છે. ભગવાન એને મોક્ષમાં બોલાવે છે; ને તે પોતાના અંતરમાં ભગવાનને વસાવીને સિદ્ધપદ તરફ જઈ રહ્યા છે.

– આવું જીવન તે ધર્મીનું જીવન છે.....એ જ સાચું જીવન છે. શ્રદ્ધા – જ્ઞાન ચોખ્ખાં કરીને તેમાં પરમાત્મતત્ત્વને વસાવ્યું ત્યાં જીવન ઊજળું થયું : 'તારું જીવન ખરૂં – તારું જીવન!'

'અરે, અમે તો ગૃહસ્થી, અમારે કાંઈ મોક્ષમાર્ગ હોય? મોક્ષમાર્ગ તો ઘરબાર ત્યાગી વનવાસી મુનિને જ હોય!' એમ ન માની લેવું; કેમકે આત્મદર્શન વડે મોક્ષમાર્ગના દરવાજા શ્રાવક – ગૃહસ્થ પણ ખોલી શકે છે. ગૃહસ્થને એકલા પાપભાવો જ હોય – એમ નથી. તેને દેવદર્શન – પૂજા – સ્વાધ્યાય – દયા – દાન વગેરેમાં પુણ્યભાવો વિશેષ હોય છે; તીવ્ર અન્યાય – અભક્ષ તો તેને હોતાં જ નથી; પરંતુ વિશેષ વાત એ છે કે તે ધર્મી ગૃહસ્થ, શુભ – અશુભ બધાય પરભાવોથી પાર પોતાના શુદ્ધાત્માને જ ઉપાદેય સમજે છે, ને તેવો શુદ્ધાત્મા તેણે પોતાના અનુભવમાં લીધો છે; તેનો આશ્રય કરીને તે પણ મોક્ષમાર્ગમાં ધીમે ધીમે ચાલી રહ્યો છે. – મુનિવરો ઝડપથી ચાલી રહ્યા છે.

પરમ ચૈતન્યતત્ત્વ જે પોતામાં વિદ્યમાન જ છે, તેને ગૃહસ્થધર્મી કેમ ન જાણી શકે? પોતાના સ્વરૂપનો અનુભવ પોતે જરૂર કરી શકે છે. સંસારથી ભયભીત ઘણા જીવોએ આવો અનુભવ આ કાળે પણ કર્યો છે.

આત્માને ઉપાદેય કરવા માટે, એટલે કે તેનો અનુભવ કરવા માટે રાગ કાંઈ સાધન નથી, રાગ તો આત્માના સ્વભાવથી દૂર છે,

બહાર છે. પોતાનો ચૈતન્યસ્વભાવ જે નજીક છે — પોતામાં જ છે, તે જ અનુભવનું સાધન છે; તેમાં સ્વસન્મુખ થતાં સમ્યગ્દર્શન થાય છે ને ગૃહસ્થ પણ તે કરી શકે છે. પહેલાં બાહ્યદૃષ્ટિમાં આત્મા દૂર હતો, હવે અંતરદૃષ્ટિમાં તેને સમીપ કર્યો કે 'આ હું!' — આવા ધર્મી ગૃહસ્થ પણ મોક્ષમાર્ગના પથિક છે.

મુનિવરો પાસે મોટો મોક્ષમાર્ગ છે, સમકિતી — ગૃહસ્થ પાસે નાનો (થોડો) મોક્ષમાર્ગ છે; — પણ છે તો બંને મોક્ષમાર્ગમાં; બંને જિનેશ્વરના વારસદાર છે. સાધક મુમુક્ષુ કહે છે કે હું સિદ્ધ ભગવંતોના પંથે મોક્ષપુરીમાં જાઉં છું.....સ્વાનુભવ વડે એ મોક્ષપુરીનો રસ્તો મેં જોયેલો છે; મોક્ષના દરવાજા સ્વાનુભવ વડે ખુલી ગયા છે.

**વાહ, મોક્ષના દરવાજા ખોલવાની રીત બતાવીને**
**સંતોએ મહાન ઉપકાર કર્યો છે.**

'चिन्मूरत दृगधारि की मोहे रीति लगत है अटापटी'

બહારમાં ચક્રવર્તીરાજના વૈભવનો ઘેરો હોય ને અંદરમાં મોક્ષની સાધના ચાલુ હોય, — ધર્મીની આવી અટપટી દશા, — પોતામાં ભેદજ્ઞાન વગર ઓળખાય તેવી નથી. ચોથાગુણસ્થાનવર્તી ગૃહસ્થનેય ક્યારેક નિર્વિકલ્પ આત્મધ્યાન થાય છે. — પણ તે ક્વચિત્ જ હોય છે. — પરંતુ સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગ તો તેને નિરંતર ચાલુ હોય છે. આ જાણીને જિજ્ઞાસુ ગૃહસ્થોએ પણ સમ્યક્ત્વની આરાધના કર્તવ્ય છે.


# સિ દ્ધ પ ણા ના  સિં હ ના દ



હું સિદ્ધ.....
તું સિદ્ધ.....

મોક્ષાર્થી જીવોને જગાડવા સિદ્ધપણાના સિંહનાદ કરીને શ્રી ગુરુકહાન કહે છે કે : હે જીવ! તું જાગ! તું નમાલો નથી પણ સિદ્ધ જેવો છો. કબુલ કર કે 'હું પરમાત્મા છું.' એ કબુલાત શાસ્ત્રના શબ્દો વડે કે રાગના વિકલ્પો વડે નહીં થાય.....પણ અંતર્મુખ જ્ઞાનના સિંહનાદ વડે સિદ્ધપણાની કબુલાત થશે.

# શાર્દૂલના બચ્ચાને જગાડવા...
# સિદ્ધપણાના સિંહનાદ



સિંહનાદ.....સિંહગર્જના થતાં કર્મરૂપી બકરાં તો બીને ભાગ્યા, પણ સિંહનું બચ્ચું તો નીડરપણે સિંહ સામે જોઈને ઊભું રહ્યું.....

.....તેમ 'હું સિદ્ધ, તું સિદ્ધ' એમ સંતોના મુખેથી પરમાત્મપણાનો 'સિદ્ધનાદ' સાંભળતાં, સિદ્ધનો બચ્ચો (જિનેશ્વરનો નંદન) મુમુક્ષુ ભાગતો નથી પણ નીડરપણે સ્વસન્મુખ થઈને સિદ્ધપણાનો અનુભવ કરે છે.....સિદ્ધપણાના સિંહનાદથી જાગીને સમ્યક્ત્વ પામે છે.

વાહ ગુરુજી! સિદ્ધપણાના તમારા સિંહનાદના
રણકા આજેય સંભળાઈ રહ્યા છે
ને મુમુક્ષુઓને જગાડી રહ્યા છે.

# આત્માના શુદ્ધસ્વરૂપનું ચિંતન કરો

卐

જિનવર ને શુદ્ધાત્મમાં કિંચિત ભેદ ન જાણ;
મોક્ષાર્થે હે યોગીજન નિશ્ચયથી એ માન. ૨૦.



ધર્મીજીવ, ગૃહસ્થ હોય તો પણ, જિનવરમાં ને પોતાના શુદ્ધાત્મામાં નિશ્ચયથી કાંઈ ભેદ માનતો નથી; મોક્ષને અર્થે તે પોતાના અંતરમાં પોતાના શુદ્ધાત્માને ધ્યાવે છે.


ભગવાનનો અને આ આત્માનો પરમ શુદ્ધસ્વભાવ સરખો છે; પર્યાયમાં થોડોક ફેર છે, પરંતુ શુદ્ધ સ્વભાવનું ચિંતન કરતાં પર્યાયનો ફેર તૂટવા માંડે છે.

પરમાત્મા જેવા પોતાના શુદ્ધસ્વરૂપને ધ્યાવતાં – ધ્યાવતાં સમ્યગ્દર્શન – જ્ઞાન – ચારિત્ર થઈને આત્મા પોતે પરમાત્મા બની જાય છે. – આ જ નિર્વાણનો માર્ગ છે. ધર્મી કહે છે – અમે તે માર્ગમાં ચાલી રહ્યા છીએ.

મોક્ષમાર્ગી સન્તોના આ સિંહનાદ છે,
મુમુક્ષુ તે ઝીલીને મોક્ષમાર્ગમાં દોડે છે.

ૐ

ભગવંત પંચ પરમેષ્ઠીના પ્રસાદથી પ્રાપ્ત –




# સ્વાનુભવ – પ્રસાદ

## (સ્વભાવરસ – ઘોલન)

સ્વભાવરસનું ઘોલન કરીને આનંદમય સ્વાનુભવરસ ચાખવાની રીત આમાં બતાવી છે. સમયસાર – પ્રવચનસાર ઉપર પૂ. શ્રી કહાનગુરુના પ્રવચનના શ્રવણ વખતે, તેમજ પં. શ્રી દીપચંદજી રચિત 'અનુભવ પ્રકાશ' પુસ્તકનું સ્વાધ્યાય – મનન કરતી વખતે, ચેતનમય સ્વભાવરસ ઘૂંટતાં – ઘૂંટતાં આ સુંદર રચના થઈ છે; તે મુમુક્ષુ – સાધર્મીઓને આનંદમય ચૈતન્યરસનો મધુર સ્વાદ ચખાડશે.

卐

✍ આત્માને શુદ્ધસ્વરૂપે અનુભવમાં લેવો તે મુમુક્ષુજીવનું કાર્ય છે.

✍ અશુદ્ધઆત્માના ચિન્તનથી દુઃખ – પરિપાટી ઊભી થઈ છે.

✍ જીવ પોતાના સહજ – શુદ્ધ સ્વરૂપની સંભાળ કરે તો એક ક્ષણમાં સર્વદુઃખોનો નાશ થાય, ને શાશ્વત આનંદમય પરમપદને પામે.

✍ પરિણામ પોતાને ભૂલી પરમાં એકત્વ માની રહ્યા છે, તે ગુલાંટ ખાઈને સ્વસ્વરૂપમાં એકત્વ (પોતાપણું) કરે તો આત્મા મુક્તિસુખ પામે.

✍ પ્રજ્ઞાછીણી વડે રાગને જુદો કરીને તારા ચૈતન્યઅંશને પોતાનો જાણ, તો તારો આત્મભગવાન તારાથી ગુપ્ત રહેશે નહિ. ચૈતન્ય ભગવાન ચેતનાથી જુદો જીવી શકતો નથી. જ્યાં ચેતના છે ત્યાં જ ચૈતન્યભગવાન છે.....બંનેને જુદાઈ નથી. ('જ્યાં ચેતન ત્યાં સર્વગુણ....')

✍ પરને ય જાણનારું જે જ્ઞાન છે તે જ્ઞાન તો નિજવાનગી છે. તે વાનગી ચાખી – ચાખીને ઘણા સંતો અજર અમર થયા છે.

હે ભવ્ય! તું આ વાત કહેવામાત્ર ન ગ્રહતો, પણ ચિત્તને ચેતનામાં લીન કરી, સ્વાનુભવનો સુખવિલાસ કરજે.

✍ – 'તે કઈ રીતે કરવું?' જ્ઞાનપ્રકાશનાં કિરણો જ્યાંથી નીકળે છે તે ચૈતન્યસૂર્ય તું છો.....તેની ભાવનામાં મગ્ન રહેવું. દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેયને ચૈતન્યરૂપે અનુભવીને એકરસ કરવા. – એકરસ છે જ, તેમાં ભેદ-વિકલ્પ ન કરવા. મુમુક્ષુઓ આવો જ અનુભવ કરી કરીને પંચપરમેષ્ઠી થયા છે. આ અનુભવમાં અનંતગુણનો સર્વ રસ આવે છે. પંચપરમેષ્ઠી જેવો જ હું છું – એમ સમજીને તું તારા આત્માનો અનુભવ કર.

જ્ઞાનપરિણતિસ્વરૂપ જે આત્મા છે તે આનંદરસ સહિત છે. એ જ રીતે સર્વગુણોના રસનો સ્વાદ તેમાં છે; તે કોઈ અત્યંત મધુર સ્વાદ છે. તે આત્મદ્રવ્યની જ પરિણતિ છે, જુદું કાંઈ નથી.

પરિણતિદ્વારા દ્રવ્યનો જ અનુભવ થાય છે. – તેનું નામ ‘અનુભવપ્રકાશ’.... .તે જ ‘આત્મપ્રકાશ’.....તે જ ‘સ્વભાવરસ.’

## ⁕ અનુભવસ્વરૂપ આત્માની સ્વભાવશક્તિઓનું વર્ણન સાંભળો : – ⁕

આવા અનુભવસ્વરૂપ જ્ઞાનચેતના, ઈન્દ્રિયો સાથે સંબંધ વગરની હોવાથી પરમ સૂક્ષ્મ છે, સૂક્ષ્મ હોવા છતાં સત્તારૂપ છે અને સ્વસંવેદનગમ્ય છે. બધા પરભાવોથી ભિન્ન અલિપ્ત રહેવારૂપ અને પોતાના અનંત સ્વભાવોને એક સાથે ધારણ કરવારૂપ મહાન વીર્ય – સામર્થ્ય તે ચેતનામાં છે.....તે પોતે પોતાને પ્રમેય બનાવે છે. આત્માના બધાય સ્વધર્મોને તેણે પોતામાં ધારણ કર્યા હોવાથી પોતે જ વસ્તુત્વરૂપ છે; અનંત સ્વગુણમાં વ્યાપીને શોભતી તેની સ્વાધીન પ્રભુતા કોઈ અચિંત્ય છે. અહા, સ્વાનુભવમાં સ્વયં વિકસેલી એ ચેતનાના કેટલા ગુણ ગાઈએ? અપાર એનો મહિમા છે. એ મહિમા જાણતાં જગતનો મહિમા છૂટી જાય છે, રાગનો રસ ઊડી જાય છે. એ અનુભવરૂપ પરિણમતો આત્મા પોતે જ પોતાના કારણ – કાર્યરૂપ છે, બીજું કંઈ કાર્ય હવે તેણે કરવાનું નથી, કે બીજું કોઈ કારણ શોધવાનું નથી. હવે કાંઈ ગ્રહવાનું કે છોડવાનું રહ્યું નથી. ગ્રહવાયોગ્ય બધા સ્વભાવો ચેતનામાં ભર્યા છે, ને છોડવાયોગ્ય બધા પરભાવો ચેતનાથી બહાર જ છે. આત્મા કૃતકૃત્યપણે નિશ્ચિત શોભે છે.

આત્મા પોતે સ્વાધીનપણે એક ‘ભાવનો અભાવ’ કરીને, બીજા ભાવરૂપ થાય છે. પહેલાં ન હોય એવા નવા ભાવરૂપે સ્વયં થઈ જાય છે. આવું પરિણમન હોવા છતાં પહેલાં જેવા ભાવરૂપ હતો તેવા ભાવરૂપે પણ રહ્યા કરે છે. – આવી ત્રિવિધ આત્મશક્તિ છે ( – ઉત્પાદ – વ્યય – ધ્રુવતા).

સંપ્રદાન — શક્તિ વડે આત્મા પોતાની પરિણતિને પોતાના સ્વરૂપમાં જ સમર્પણ કરે છે. અધિકરણ સ્વભાવને લીધે આત્મા પોતાના ક્રમ — અક્રમરૂપ સમસ્ત ગુણ — પર્યાયભાવોનો આધાર એકસાથે થાય છે. તેની અખંડિતતા એવી છે કે એકસાથે ઘણા શુદ્ધ ગુણ — પર્યાયોને ધારણ કરવા છતાં પોતે ખંડિત થતો નથી, એક — અખંડ રહે છે....તેના ગુણ — પર્યાય વિખેરાઈ જતા નથી.

વળી અનેકપણું પણ આત્માનો સ્વભાવ છે, તેથી અનેક ગુણપર્યાયરૂપ તે પોતે જ છે. દ્રવ્ય જુદું, ગુણ જુદા, પર્યાય જુદી, પ્રદેશો જુદા — એમ એક સત્તાને વિખેરી ન નાખો.....એક જ વસ્તુપણે તે બધાને દેખો. દ્રવ્ય પણ તે, ગુણ પણ તે, પર્યાયરૂપ થનાર પણ તે, પ્રદેશો બધાના એક જ, — એમ અનંત સ્વભાવવાળી એક વસ્તુને દેખો. તમારું સર્વસ્વ તમારામાં છે, બહારમાં કાંઈ નથી.

— આમ જ્ઞાની અનંત વિશેષણો સહિત પૂર્ણ સ્વવસ્તુનો પોતામાં અનુભવ કરે છે. અનંત ભાવસમ્પન્ન ગંભીરતા તે સ્વાનુભવમાં છે; તેમાં અપાર તૃપ્તિ છે, મહાન શાંતિ છે.

* એવો અનુભવ કેમ થાય? જ્ઞાનમાં પોતાની આત્મવસ્તુનો મહાન રસ ભાસવો એ જ અનુભવની રીત છે. મારો આત્મરસ અત્યંત મીઠો છે. નિજદ્રવ્ય-ગુણ-પર્યાયનું શુદ્ધસ્વરૂપ જાણતાં તે ઉપયોગમાં આત્માનો અગાધ મહિમા જણાય છે, ને આત્મઅનુભવ થાય છે.

* પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય સર્વસ્વ પોતામાં ને પરના દ્રવ્ય-ગુણ-પર્યાય સર્વસ્વ પરમાં.....

— એમાંથી કાંઈ કાઢી નાંખવાનું નથી કે નવું કંઈ ભેળવવાનું નથી.

બસ, આવી અત્યંત ભિન્નતા નક્કી કરી ત્યાં સ્વાશ્રિત પરિણમનમાં શુદ્ધતા જ રહી. સ્વયમેવ વસ્તુ પોતે પોતાના સ્વભાવમાં સુંદર છે, શોભતી છે, શુદ્ધ છે. આવા ભેદજ્ઞાનમાં સ્વતત્ત્વની સુંદરતાનો અનુભવ થાય છે. તે જ સમ્યગ્દર્શન છે.....તે જ માર્ગ છે. – આમ કરતાં જીવને આનંદ થાય છે, મોક્ષપરિણતિ સાથે તેની સગાઈ થાય છે.....મોહ સાથેનું સગપણ છૂટીને આનંદમય મુક્તિ સાથે સગાઈ થાય છે.

✍ પહેલાં 'હું મનુષ્ય, હું શરીર' એવી માન્યતા હતી તે માન્યતા ઉપયોગભૂમિમાં થઈ હતી; ઉપયોગ પોતે પોતાને ભૂલી અશુદ્ધ સ્વાંગ ધરીને 'હું બળદ, હું શરીર' એમ માની બેઠો હતો. ઉપયોગ પોતાના અસલી ઉપયોગ – સ્વાંગને ધારે તો અશુદ્ધતા અને ભૂલ મટી જાય; જાણનાર પોતે પોતાને સાચા સ્વરૂપે જાણે, ઉપયોગધારી આનંદરૂપ તો પોતે પ્રયત્ન વિના જ સહજ સ્વરૂપથી છે જ.....લોકસંગથી નીરાળો થઈને પોતે પોતાને નીહાળવાનો છે.


✍ અરે! જણાય તે હું ને જાણનારો તે હું નહિ,<br>
શ્રદ્ધાય તે આત્મા, ને શ્રદ્ધા કરનાર આત્મા નહિ, } – આવો ભેદ તે કોણ માને?

આત્માને દેખનારો શુદ્ધનય પોતે આત્મા જ છે – 'શુદ્ધનય ભૂતાર્થ છે.' 'જ્ઞાયક'ને જાણનારો ભાવ જ્ઞાયકથી જુદો નથી, પોતે 'જ્ઞાયક' જ છે.

✍ એક મનુષ્ય છે, તે બળદ જેવું રૂપ ધારીને પૂછે છે કે 'હું મનુષ્ય ક્યારે થઈશ?' – ભાઈ! તું મનુષ્ય જ છો, તું બળદ નથી. તારી ભાષા, તારી ચેષ્ટા, તારું ખાનપાન વગેરે ઉપરથી તું જો કે તું મનુષ્ય જ છો.....તેમ ઉપયોગસ્વરૂપ જીવ પૂછે છે કે 'હું ઉપયોગસ્વરૂપ ક્યારે થઈશ?' હે આત્મા! તું ઉપયોગસ્વરૂપ છો જ.....બીજારૂપ થયો નથી. તારા પ્રશ્ન ઉપરથી, તારી જાણવાની

ચેષ્ટાઓ ઉપરથી, તારા વેદન ઉપરથી, તું જો કે તું ઉપયોગસ્વરૂપ જ છો. ખોટા સ્વાંગ રાગાદિના ધરવા છોડી દે તો સ્વયમેવ ઉપયોગસ્વરૂપ તું છો જ.

*** ઉપયોગસ્વરૂપ આત્મા પ્રભુ – ચિદાનંદરાજા તેને ક્યા ગોતવો? કઈ રીતે ગોતવો? ***




પ્રથમ તો સર્વ લૌકિક સંગથી પરાઙ્મુખ થઈ જા.....ને નિજવિચારને ચૈતન્યરાજાની સન્મુખ કર.....ત્રણ પ્રકારની કર્મકંદરારૂપ ગુફામાં તારો ચૈતન્યપ્રભુ છૂપાઈને બેઠો છે. શરીર નોકર્મ, દ્રવ્યકર્મ અને રાગદ્વેષ – ભાવકર્મ એ ત્રણ ગુફાને ઓળંગીને અંદર જતાં જ તારો પ્રભુ તને તારામાં દેખાશે. (તું પોતાને જ પ્રભુરૂપે અનુભવીશ.)

સંતની એ વાત સાંભળીને પરિણતિ પોતાના પ્રભુને શોધવા હોંશથી ચાલી.....

(૧) પ્રથમ નોકર્મગુફામાં પેસીને પરિણતિએ જોયું.....પણ ચૈતન્યરાજા તેમાં ક્યાંય દેખાયા નહિ.....સાદ પાડ્યો કે શરીરમાં ક્યાંય ચૈતન્યપ્રભુ છે? – પણ કોઈએ જવાબ ન આપ્યો. પરિણતિએ નોકર્મમાં ચકરાવો લઈને જોયું પણ ક્યાંય ચૈતન્યપ્રભુ ન દેખાતાં, 'અહીં તો મારા ચૈતન્યપ્રભુ નથી,' એમ સમજીને તે પાછી વળતી હતી.....ચૈતન્યપ્રભુને શોધવા તે બહાવરી બની હતી.

ત્યારે દયાળુ શ્રીગુરુએ પૂછ્યું – તું કોને શોધે છે?

પરિણતિએ કહ્યું – હું મારા ચૈતન્યપ્રભુને શોધું છું.....પણ તે તો અહીં ન જડ્યા.....તેથી હું પાછી જાઉં છું.

શ્રીગુરુએ કહ્યું – તું પાછી ન જા.....તારા પ્રભુ અહીં જ છે. આ નોકર્મ શરીરાદિ જીવંત જેવા દેખાય છે તે તારા ચૈતન્ય પ્રભુના જ પ્રતાપે; જો ચૈતન્યપ્રભુ બિરાજતા ન હોત તો આ જડશરીરને 'પંચેન્દ્રિયજીવ' કેમ કહેવાત? માટે આ દેહગુફાની અંદર ઊંડે ઊંડે ત્રીજી ગુફા છે ત્યાં જઈને શોધ.....ત્યાં તારા પ્રભુ બિરાજે છે, તે તને જરૂર મળશે. ને તેને ભેટીને તને મહા આનંદ થશે.

(૨) ઉપકારી શ્રીગુરુના વચન ઉપર પરમ વિશ્વાસ કરીને, હોંશેહોંશે તે પરિણતિ ચૈતન્યપ્રભુને શોધવા અંદર ઊંડે ગઈ, ને બીજી કર્મગુફામાં દાખલ થઈને જોયું.....ત્યાં તો જ્ઞાનાવરણાદિ કર્મો દેખાયા, પણ ચૈતન્યપ્રભુ તો ન દેખાયા. ત્યારે પૂછ્યું – મારા ચૈતન્યપ્રભુ ક્યાં છે?

સાંભળ, હે પરિણતિ! આ જડકર્મોમાં જે ક્રિયા થાય છે તેની દોરી તારા ચૈતન્યપ્રભુના હાથમાં છે; તેના હાથની હલાવી તે હાલે છે.....તારા ચૈતનપ્રભુના ભાવઅનુસાર આ કર્મોમાં પ્રદેશ – પ્રકૃતિ

– સ્થિતિ – અનુભાગ થાય છે. 'જ્ઞાનગુણ' ધારક તારા ચૈતન્યપ્રભુની સત્તાના પ્રતાપે જ આ પુદ્‌ગલો 'જ્ઞાનાવરણ' વગેરે નામ પામ્યાં છે. અંદર જ્ઞાનવંત તારા ચેતનપ્રભુ ન બિરાજતા હોય તો આ પુદ્‌ગલોને 'જ્ઞાનાવરણ' આદિ નામ ક્યાંથી મળે? માટે આ દ્રવ્યકર્મરૂપી દોરી પકડીને તેના દોરે – દોરે અંદર ચાલી જા.....આ દોરીને ન દેખ પણ દોરી જેના હાથમાં છે તેને દેખ.....અંદર ઊંડે ત્રીજી ગુફામાં જઈને ગોત.

(૩) ચૈતન્યપ્રભુને ભેટવા ઝંખતી પરિણતિ તો ત્રીજી ગુફામાં ગઈ... ચૈતન્યપ્રભુના કંઈક – કંઈક ચિહ્‌ન તેને જણાવા લાગ્યા.... આ ત્રીજી ગુફામાં રાગદ્વેષાદિ ભાવકર્મ દેખાયા....ચેતનાએ પૂછ્‌યું – આમાં મારા ચૈતન્યપ્રભુ ક્યાં છે?

ત્યારે શ્રીગુરુએ તેને ચેતનાપ્રકાશ અને રાગદ્વેષ વચ્ચે ભેદજ્ઞાન કરાવીને કહ્યું – જો આ રાગદ્વેષ દેખાય છે ને? – તે જેના પ્રકાશમાં દેખાય છે તે પ્રકાશ તારા ચૈતન્યપ્રભુનો જ છે. આ રાગ છે, આ દ્વેષ છે – એમ અજ્ઞાન – અંધકારમાં ક્યાંથી જણાય? એ તો ચૈતન્યપ્રકાશમાં જ જણાય છે. અને એ ચૈતન્યપ્રકાશ જ્યાંથી આવે છે તે જ તારા ચૈતન્યપ્રભુ છે. રાગથી પણ પાર ચૈતન્યગુફામાં તે પ્રભુ બિરાજી રહ્યા છે. ચેતનાએ રાગથી પાર થઈને જ્યાં ચૈતન્યગુફામાં જોયું ત્યાં તો 'અહો! ચૈતન્યપ્રકાશથી ઝગમગતા આ મારા ચૈતન્યપ્રભુ!' – એમ દેખતાં જ તે પોતાના ચૈતન્યપ્રભુને મહા આનંદથી ભેટી પડી....પોતે જ પોતાનો પ્રભુસ્વરૂપે સ્વાનુભવ કર્યો.

✍ હે ચેતના! તું ગભરાયા વગર તારા ચૈતન્યને શોધ.....તે તને તરત જ અવશ્ય મળશે. – આ જે રાગદ્વેષ – મોહ દેખાય છે તે તેની જ છાયા છે કેમકે ચૈતન્યપ્રભુના અસ્તિત્વ વગર રાગદ્વેષભાવો સંભવતા નથી. – માટે જે પ્રદેશમાંથી એ રાગદ્વેષ

મોહ ઊઠે છે ત્યાં જ તારા ચૈતન્યપ્રભુ બિરાજી રહ્યા છે. રાગદ્વેષમોહમાં ન અટક પણ તે દોરી પકડીને, તેનો દોર જેના હાથમાં છે તેની પાસે જા.....તે જ તારા ચૈતન્યપ્રભુ છે. રાગાદિના પ્રકાશક ચૈતન્યપ્રકાશી તારા પ્રભુ અહીં સાક્ષાત્ બિરાજી રહ્યા છે....એ હવે તારાથી ગુપ્ત રહી શકશે નહિ.....ચૈતન્યગુફામાં આ પ્રભુ પ્રગટ બિરાજી રહ્યા છે ને પોતાના અચિંત્ય અપાર મહિમાને ધારણ કરી રહ્યા છે.....તેને દેખતાં – ભેટતાં મહાન સુખ થશે.

અહા, મારા ચૈતન્યપ્રભુ મને મળ્યા....મારાથી તે જુદા નથી.

મારા ચેતનપ્રભુ સાથે તન્મયતાથી મને મહાન આનંદ થયો.

‘મેરા પ્રભુ નહીં દૂર – દેશાંતર, મોહિમેં હે, મોહે સુઝત નીકે’

✍ સ્વરૂપ પામવાનો માર્ગ સંતોએ સુગમ કરી દીધો છે. તેમના પ્રસાદથી હું એ સ્વરૂપને પામ્યો છું. જે સ્વરૂપ હતું તે જ શુદ્ધ થઈને પરિણમ્યું. અનંતા તીર્થંકરો થયા, તેમણે સ્વરૂપ શુદ્ધ કર્યું ને અનંત સુખી થયા, હવે મારે પણ એવી જ રીતે કરવું છે. મહામુનિજનો નિરંતર સ્વરૂપ – સેવન કરે છે; મારે પણ મારું ત્રિલોકપૂજ્ય સર્વોત્કૃષ્ટ પદ અવલોકી – અવલોકી એમ જ કરવું છે.

✍ કર્મની ઘનઘોરઘટા પણ ચૈતન્યસૂર્યને હણી શકે નહિ, ચેતનમાંથી તેને અચેતન કરી શકે નહિ. ચેતનસૂર્ય સ્વપ્રકાશથી સદાય ઝળહળી રહ્યો છે.

✍ રત્નદ્વીપનો રહેવાસી એક માણસ બીજા દ્વીપમાં આવ્યો.... તેને રત્નદ્વીપના નીલમણિની રજ ચોંટી હતી. તે સરોવરમાં નહાતો હતો, ત્યારે તેના તે નીલમણિના પ્રકાશથી સરોવરનું પાણી લીલાપ્રકાશથી ઝગમગાટ કરતું હતું; તે જોઈને તેને અચંબો થયો કે વાહ! આ પાણીમાં આવો સુંદર ઝગમગાટ ક્યાંથી આવ્યો? (પોતાના પ્રકાશથી પોતે જ અચંબો પામ્યો!)

એવામાં એક ઝવેરી ત્યાં આવ્યો.....તે નીલમણિને ઓળખી ગયો. તેણે કહ્યું – અરે ભાઈ! તમારા શરીરે જે નીલમણિની રજ ચોંટી છે તે ઘણી કિંમતી છે, ને તેના પ્રકાશને લીધે આ સરોવરનું પાણી કેવું મજાનું શોભી રહ્યું છે!! તમારા આ નીલરત્ન પાસે રાજાના નિધાન પણ તુચ્છ છે.

ત્યારે તે માણસ આશ્ચર્ય પામ્યો : અરે, આવા રત્નોથી ભરેલા દ્વીપ વચ્ચે તો હું રહું છું.....મારે હવે દીનતા કેવી!! અત્યારસુધી રત્નો વચ્ચે રહીને પણ મેં રત્નોને ઓળખ્યા નહીં ને દીન રહ્યો!

તેમ હે ચૈતન્યપુરુષ! સ્વ – પરને જાણનારો જે ચૈતન્યપ્રકાશ ફેલાઈ રહ્યો છે ને જેની હયાતીને લીધે જ આ વિશ્વની સુંદરતા દેખાય છે – તે પ્રકાશ તારા જ ચૈતન્યરત્નનો છે. એવા અનંતગુણરૂપ ચૈતન્યરત્નાકરમાં તું જ રહ્યો છે. તારા એકેક ચૈતન્યરત્ન પાસે આખું જગત તુચ્છતાને પામે છે.

અહા, આવો આત્મા હું! મને દીનતા કેમ શોભે? મારા નિધાનને હું ભૂલ્યો હતો, પણ હવે સંતોએ મારા નિધાન મને બતાવ્યા.

**આમ નિજનિધાનને દેખીને આત્મા આનંદિત થયો.....ને સ્વાનુભવ કરવા લાગ્યો.**

✍ મારી ચેતના મારામાં ગુપ્ત નથી પણ પ્રગટ છે.
છતી વસ્તુને હું અણછતી કેમ કરું?
લોહી – માંસના બનેલા આ શરીરને હું આત્મા કેમ માનું?

✍ આત્મા, અનંત ચૈતન્યચિહ્નસહિત, અખંડ ગુણપૂંજ અને પર્યાયનો ધારક, જ્ઞાનાદિગુણ – પર્યાયરૂપ વસ્તુ હું છું એમ નિશ્ચય કરીને તેમાં કેલિ કરતાં આનંદ થાય છે. એને જાણવાથી થતો આનંદ તે જ્ઞાનાનંદ, શ્રદ્ધવાથી થતો આનંદ તે શ્રદ્ધાનંદ –

દર્શનાનંદ, તેમાં પરિણમવાથી થતો આનંદ તે ચારિત્રાનંદ, એમ સર્વગુણોના સ્વાદરૂપ 'આનંદકંદ' આત્મા છે. – આનાથી ઊંચું બીજું કોઈ તત્ત્વ નથી. આ સોહલો શિવમાર્ગ ભગવાને ભવ્યજીવોને બતાવ્યો છે. મોક્ષ માટે મેં આવી સ્વભાવ – ભાવનારૂપ અવગાઢ થંભ રોપ્યો છે.

✍ જ્ઞાનના એકદેશરૂપ સ્વાનુભવ – મતિજ્ઞાનમાં પણ સ્વરૂપનો પ્રભાવ એવો જાગ્યો કે જ્ઞાનચિંતામણિ હાથમાં આવ્યો..... શુદ્ધ કેવળજ્ઞાન પ્રતીતના દ્વારે આવી ઊભું. અશુદ્ધતાના કોઈ અંશને હવે તે જ્ઞાન પોતામાં કલ્પતું નથી. જ્ઞાનપ્રકાશ જ હું છું – એવું વેદન રહે છે. સ્વસંવેદન વધારતાં કેવળજ્ઞાન નજીક આવતું જાય છે.

મતિ-શ્રુતજ્ઞાન પણ જ્ઞાનસ્વભાવમાં અભેદપણે વ્યાપી રહ્યા છે.

કેવળજ્ઞાન પણ જ્ઞાનસ્વભાવમાં અભેદપણે વ્યાપી રહ્યું છે.

– તેથી, તેરમે ગુણસ્થાને હો સાતમે ગુણસ્થાને હો કે ચોથા ગુણસ્થાને હો – જ્ઞાનપરિણમન જ એકસરખું વર્તે છે; ને મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યેક સમયે કેવળજ્ઞાનની નજીક જ જઈ રહ્યા છે.

કુંદકુંદસ્વામી સાતમા ગુણસ્થાને હતા, અત્યારે ચોથા ગુણસ્થાને છે છતાં પ્રતિક્ષણ કેવળજ્ઞાનની નજીક જ જઈ રહ્યા છે, દૂર નથી ગયા. – આ પ્રતાપ છે જ્ઞાનસ્વભાવમાં અભેદ પરિણમનનો.

*

## જ્ઞાનપ્રદેશો સર્વત્ર સુખથી ભરેલા છે.

જે જ્ઞાન 'છે' તે તો આવરણથી ન્યારું છે, તેમ રાગથી પણ તે ન્યારું છે; જેટલા આવરણ અને રાગ ગયા તેટલું જ્ઞાન ખુલ્યું, તે સ્વભાવ છે. આવા શુદ્ધ જ્ઞાનની ભાવના કરી – કરીને આનંદ વધારીએ છીએ.

✍ જ્ઞાનભાવનાને ઊર્ધ્વ કર.....સંસારના ભાવને અધો કર – આ રીતે, આત્મસ્વરૂપને સાધવું હોય તો તારા ભાવની ગતિ પલટી નાંખ.....''ઊર્ધ્વગમન કર.'' ઊર્ધ્વ = સિદ્ધાલય.

✍ જડનાં મમત્વ કરી – કરી પોતાને જડ માનતાં તને શું સુખ છે? એ રીતે રાગાદિ ભાવમાં પણ સુખ ક્યાં છે? તારો જ્ઞાનભાવ, તારો આત્મભાવ, તારો આનંદભાવ – તે જ સુખરૂપ છે, તે જ તારું વિશ્રામસ્થાન છે.

✍ આત્મપરિણતિમાં આત્મા છે. 'હું છું' એવી સ્વપરિણતિમાં આત્મા પ્રગટ છે. આત્મામાં પરિણતિ આવી ત્યાં 'હું છું' એમ સ્વપદને સાધ્યું. 'હું – હું' એવી સ્વપદની આસ્તિક્યતા તે સ્વરૂપને સાધવાનું સાધન છે. 'હું – હું' એવા તે સ્વપદમાં શરીર નથી, વચન નથી, રાગ કે દુઃખ પણ નથી, તે પદમાં તો સર્વત્ર આનંદ અને ચેતના ભરી છે. – વારંવાર આવા સ્વપદને સ્વપદમાં જ શોધ...પ્રાપ્ત છે તેની તને પ્રાપ્તિ થશે, અનુભૂતિ થશે.....ત્યાં શક્તિસ્વભાવ વ્યક્તરૂપ પોતે જ પરિણમી રહ્યો છે.

પરમાત્મતત્ત્વની ભાવના કરતાં – કરતાં પરમાત્મપદ નજીક આવે છે, ત્યારે તેના પ્રતાપથી પરભાવો મરી ફીટે છે. જેમ શૂરવીર રાજાના તેજથી કાયર મનુષ્યો સંગ્રામ કર્યા વગર જ ભાગી જાય છે અને જેમ સૂર્યના તેજ – પ્રતાપ પાસે અંધકાર પહેલેથી દૂર ભાગી જાય છે; તેમ ચૈતન્યપરમાત્મા જ્યાં અપાર સ્વતેજના પ્રકાશથી સ્ફૂરાયમાન થાય છે ત્યાં પરભાવો તેની સામે ઊભા નથી રહેતા, લડ્યા વગર જ ભાગી જાય છે. ચૈતન્યપ્રભુનો પ્રતાપ કોઈ અનેરો છે.....અનુપમ છે.

પરના રસથી પરાંગમુખ થઈ, અત્યંત રસથી સ્વપદને
અવલોકવાનો પ્રયત્ન વારંવાર કર્યા જ કરો.

''સંતની વાત.....ટૂંકી ટચ, સ્વમાં વસ.....પરથી ખસ.''

✍ કસ્તુરીમૃગ સુગંધને બહારમાં શોધે તે ક્યાંથી મળે?

આત્મતત્ત્વ નિજપદને પરમાં શોધે તે ક્યાંથી મળે?

સ્વપદનો નિવાસ સ્વપદમાં જ છે; ક્યાંય શોધવું નહીં પડે.

તારે કોને શોધવું છે તે નક્કી કર.....તો તે તારામાં જ છે, તે તું જ છો.

તું તો છો જ – પછી પોતે પોતાને ઢૂંઢવાની વ્યાકુળતા શા માટે કરે છે?

ઘણો – ઘણો કાળ તું વ્યાકુળ થયો; હવે તો શાંત થઈને સુખરસનો આસ્વાદી થા.

પરભાવના નિંદ્યસ્થાનોને છોડીને અત્યંત સુંદર નિજ-પદમાં બેસ.....

✍ અરે, તારું જ્ઞાન તે પરપદમાં હોય? ના. પરપદને જાણનારું જ્ઞાન પણ નિજપદ છે. જે – જે જાણપણું છે તે – તે હું છું એમ જ્ઞાનમાં નિજભાવની દૃઢતા તે સમ્યક્ત્વ છે; તે સુગમ છે; તેમાં ખેદ નથી, વિષમતા નથી. એનાથી જ શિવપદ સધાય છે. માટે સ્વરૂપ – રસનો વારંવાર અભ્યાસ કરો. તમારી શક્તિ અપાર છે. અરે ચિદાનંદરાજ! અનંત – અપાર જ્ઞાનશક્તિને અંદર સંઘરીને બેઠો હોવા છતાં તું પોતાને સમ્યક્ત્વકાર્ય માટે પણ નબળો માની રહ્યો છે – તે આશ્ચર્ય ઉપજાવે છે! છતી શક્તિને અછતી શા માટે કરે છે? તારા સ્વરૂપના સામ્રાજ્યનો તું હક્કદાર છો, તારા સ્વરાજ્યને તું ઝટ પ્રાપ્ત કરી લે. જેમ ક્ષુધાતુર બિલ્લી ખોરાક દેખીને લોટવા લાગે છે તેમ તું તારા સુંદર સ્વરૂપમાં લોટવા લાગ. અત્યાર સુધી તું જેની પાછળ પાગલની જેમ લોટ્યો – ભટક્યો – એ તો જડપુદ્ગલ – અચેતનનો ઢગલો છે.....એમ જાણીને પસ્તાવો કર, ને હવે તારા ચૈતન્યપ્રભુ પાછળ લાગી જા. લોકો ભલે


તને પાગલ જેવો દેખે પણ તું ડાહ્યો થઈને નિજસ્વરૂપમાં આવી જા. બીજાનું તારે શું કામ છે? જગતના ડહાપણ કરીકરીને ચાર ગતિના ભવમાં ભટકી – ભટકીને દુઃખી થવું – એના કરતાં પોતાના આનંદસ્વરૂપમાં શાંતિથી બેસી રહેવું – તેમાં જ મજા છે.

✍ અરે ચેતનમહારાજા! આ શરીર તો પ્રત્યક્ષ જડ લાકડા જેવું છે – તેમાં સુખ માનતાં તમને શરમ નથી આવતી? તમારી ચેતનાનો અંશ પણ તેમાં નથી. જરાક નજર ખોલીને જડને જડરૂપ તથા ચેતનને ચેતનરૂપ દેખો.

જેમ આંખ ઉપર લૂગડું ઢાંક્યું હોય પણ અંદર તો આંખમાં પ્રકાશપૂંજ ભર્યો છે, તે માણસને કાંઈ આંધળો તો ન કહેવાય. તેમ અજ્ઞાનના આવરણથી ઢંકાયેલ છતાં આત્માની અંદર ચેતનામાં ચૈતન્યપ્રકાશનો પૂંજ ભર્યો છે, તે કાંઈ અચેતન થઈ ગયો નથી. ‘હું ચેતન છું’ એમ ચેતનપણે પોતાનું સંવેદન કરે તો પોતે પોતાથી જરાય ગુપ્ત નથી.

✍ અરે અનંતસુખનો ધણી તું, બહારમાંથી સુખ લેવાના વલખાં મારી – મારીને કેવો દુઃખી થઈ રહ્યો છે! લક્ષ્મીનો દાસ બની, દીન થઈને દેશોદેશ ફરી રહ્યો છે! શરીર – સ્ત્રી – પુત્રાદિની ગુલામી કરે છે, અનેક પરિષહ સહે છે, – આટલું – આટલું કરવા છતાં, અરે તેની પાછળ આખું જીવન ગુમાવી દેતાં પણ, જરાય સુખ તો તને મળતું નથી. સુખનો નિધાન તો તું છો.....બાપુ! એનો વિશ્વાસ કર તો અત્યારે જ તું મહાન સુખી બની જા. અમે એમ કરીને સુખી થયા પછી તને કહીએ છીએ. પહેલાં અમે ય તારી જેમ સુખને માટે બહાર ભટકતા હતા; પછી સંતોએ અમારું સુખનિધાન અમને બતાવ્યું તે પામીને અમે સુખી થયા.....તું પણ સુખી થા!

❋ 'જ્ઞાન વગરનો' દુઃખી થાય એ તો ઠીક, પણ તું તો પોતે 'જ્ઞાનવાળો' થઈને દુઃખી બની રહ્યો છે – એ આશ્ચર્યની વાત છે. આંખ હોવા છતાં આંધળો થા મા....કૂવામાં પડ મા. રાજા હોવા છતાં તારી હરામજાદીથી તું ઘરઘરનો ભિખારી થઈને ભટકે છે! મોહ – ધતૂરો પીને, ઓલા 'ચાંપા ભરવાડ'ની જેમ તું પાગલ બન્યો છે.




ચાંપો ભરવાડ એકવાર જંગલમાં મદિરા પીને ભાન ભૂલ્યો, 'હું ચાંપો છું' એ પણ તે ભૂલી ગયો.....ઘરે જઈને ડેલીનું બારણું ખખડાવી પૂછ્યું – 'ચાંપો ઘરે છે?' અંદરથી જવાબ આપ્યો – 'તમે કોણ છો?' ત્યારે ચાંપો વિચારમાં પડી ગયો – 'અરે, હું જ પોતે ચાંપો છું.' તેની ભ્રમણા ભાંગી અને સ્વઘરમાં જઈને રહ્યો. તેમ પોતાને ભૂલેલો શિષ્ય શ્રીગુરુ પાસે જઈને પૂછે છે – પ્રભો! મારો આત્મા ક્યાં છે? ત્યારે શ્રીગુરુ તેને કહે છે – આત્માને શોધનાર 'તમે કોણ છો?' ત્યારે શિષ્ય વિચારમાં પડી ગયો – અરે, હું પોતે જ આત્મા છું.....જાણનાર તત્ત્વ હું પોતે જ છું. – એમ

પોતે પોતાને જાણતાં મહાન સુખી થયો. – બીજે શોધવાનું મટ્યું.....ભટકવાનું મટ્યું.....સ્વઘરમાં આવી રહ્યો.

✻ આત્મા અનાદિથી 'અશુદ્ધ' પરિણમવા છતાં, અનાદિથી તે 'શુદ્ધ' પણ છે. જો 'શુદ્ધ' ન હોય તો અશુદ્ધતા કોની થાય? માટે બંને ભાવ (સ્વભાવ અને વિભાવ) અનાદિથી છે. એ બંને ભાવને જાણનાર પોતે વર્તમાન અપૂર્વ શુદ્ધતારૂપે પરિણમી રહ્યો છે. અનાદિ અશુદ્ધતાની ધારા તૂટી ને અપૂર્વ શુદ્ધતાનો પ્રવાહ શરૂ થયો.

શુદ્ધતા અને અશુદ્ધતા બંને અનાદિથી એકબીજાથી વિરુદ્ધ (વિસંવાદ) ભાવે વર્તતા હતા. પણ અજ્ઞાનભાવે તે બંનેને એક જ રૂપે દેખીને 'અશુદ્ધઆત્માને જ' અનુભવતો હતો; હવે બંનેને સમ્યગ્જ્ઞાનથી જ્યાં ભિન્ન દેખ્યાં ત્યાં ભિન્ન થવાની શરૂઆત થઈ, શુદ્ધ આત્મા અનુભવમાં આવી રહ્યો છે; દ્રવ્ય પર્યાય વિરુદ્ધતા છોડીને સમભાવી થવા માંડ્યા છે.

જેમ સોનાની ખાણનું સોનું; પત્થર સાથે મળેલું અશુદ્ધ હોવા છતાં 'શુદ્ધસુવર્ણપણું' તે વખતે જ તેનામાં છે, – તેથી પ્રયોગદ્વારા તેવું પરિણમન થાય છે. તેમ આત્મામાં સમજવું. આ 'સમજણ' તે જ શુદ્ધતા.

✻ 'દ્રવ્યસ્વભાવ શુદ્ધ છે' એમ જે સમજ્યો તે પર્યાયમાં પણ શુદ્ધ થયો જ છે. તેની શુદ્ધપર્યાયને શુદ્ધદ્રવ્ય સાથે એકતારૂપ કાર્ય – કારણભાવ છે. બંનેમાં એકતા હોવાથી શુદ્ધતા છે. કારણ – કાર્યપણે દ્રવ્ય – પર્યાયની સંધિનો આ સમ્યક્સ્વભાવ સમ્યગ્દષ્ટિ જ અનુભવે છે – જાણે છે; તેની શુદ્ધ પરિણતિને આત્મા સિવાય બીજા બધા સાથેનો કારણ – કાર્ય સંબંધ તૂટી ગયો છે, તેથી નિમિત્તરૂપે પણ તે કર્મ – નોકર્મનો કર્તા નથી. ક્રોધાદિભાવો – કે જેમનો સંબંધ પર સાથે છે – તે ક્રોધાદિભાવને પણ તે શુદ્ધપરિણતિ કરતી

નથી, તેનાથી જુદી જ રહીને પોતાનું પરિણમન વધારતી જાય છે. જેમ જેમ શુદ્ધતાનું પરિણમન વધતું જાય છે, તેમ તેમ ક્રોધાદિનું અસ્તિત્વ મટતું જાય છે. આમ બંને ભાવની અત્યંત ભિન્નતા પ્રયોગમાં આવી ગઈ છે.

અગ્નિ ઉપર ચડેલા સુવર્ણરસમાં અશુદ્ધતા ક્યાં સુધી રહી શકે? – તરત જ બળીને ઊડી જાય.

તેમ ભેદજ્ઞાન અને ધ્યાનાગ્નિ ઉપર ચડેલા ચૈતન્યરસમાં રાગાદિ ક્યાં સુધી રહી શકે? – ક્ષણમાં બળીને અભાવ થઈ જાય.

હે જીવ! તારામાં જ્ઞાનગુણ ન હોય તો અજ્ઞાન ક્યાંથી થાય?
તારામાં સમ્યક્ દર્શનનો ગુણ ન હોય તો મિથ્યાત્વ ક્યાંથી થાય?
તારામાં સુખસ્વભાવ ન હોય તો દુઃખ ક્યાંથી થાય?
તારામાં શાંતિગુણ ન હોય તો અશાંતિ – ક્રોધ ક્યાંથી થાય?
તારામાં અશરીરી સ્વભાવ ન હોય તો શરીર ક્યાંથી ચોંટે?

માટે –

સ્વગુણનું અસ્તિત્વ છે તેને પણ દેખ.....એકલા દોષને ન દેખ.
નિજ – ગુણોની મહાનતા દેખીશ તો દોષ તુરત જ ભાગી જશે.

દોષ તો ઘણીવાર આવ્યા ને ગયા. છતાં ગુણો તો સદાય એના એ જ અચલપણે ટકી રહ્યા છે, તેથી ગુણોની જ મહાનતા છે. દોષ ઓછા થઈને નષ્ટ થઈ જશે, ગુણ કદી એક્કેય ઓછો નહિ થાય. અજ્ઞાન મટશે, મિથ્યાત્વ મટશે, દુઃખ મટશે, અશાંતિ – ક્રોધનો અભાવ થશે, શરીર છૂટી જશે, પણ જ્ઞાનગુણ – સમ્યક્ત્વગુણ – સુખસ્વભાવ – શાંતિસ્વભાવ – શરીરરહિત અમૂર્તસ્વભાવ – તે કદી નહીં છૂટે; – એ બધાય નિજસ્વભાવ છે. –

**''નિજભાવને છોડું નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહું.''**

✻ પ્રત્યેક ગુણ આત્માનો છે તેથી આત્મા સર્વગુણસ્વરૂપ છે. આત્માનો પ્રત્યેક ગુણ તેના સર્વગુણના રસથી ભરેલો છે, એકેક ગુણનો રસ સર્વગુણને રસબોળ કરી રહ્યો છે : —

'સત્તા' : આત્માનો ગુણ છે તેથી એકલો સત્તાગુણ જ સત્‌રૂપ નથી પણ આખો આત્મા સત્‌રૂપ છે, — તેના સર્વગુણો સત્‌રૂપ છે.

'જ્ઞાન' : આત્માનો ગુણ છે તેથી એકલું જ્ઞાન જ ચેતનરૂપ નથી પણ આખો આત્મા ચેતનરૂપ છે, તેના સર્વગુણો ચેતનરૂપ છે.

'આનંદ' : આત્માનો ગુણ છે તેથી એકલો આનંદગુણ જ આનંદરૂપ નથી; પણ આખો આત્મા આનંદરૂપ છે, તેના સર્વ ગુણો આનંદરૂપ છે.

'પ્રદેશતા': આત્માનો ગુણ છે તેથી એકલો પ્રદેશત્વગુણ જ પ્રદેશરૂપ નથી, આખો આત્મા પ્રદેશોરૂપ છે, તેના સર્વગુણો પ્રદેશોરૂપ છે.

આમ, કથંચિત્ ગુણભેદ છતાં બધા ગુણો વસ્તુના સર્વગુણોરૂપ છે, જુદા પાડીને એકેક ગુણનો જુદો જુદો સ્વાદ લઈ શકાતો નથી. **શ્રદ્ધામાં — સ્વાનુભૂતિમાં સર્વગુણો એકસાથે અભેદરસપણે આત્મરસરૂપે સ્વાદમાં આવે છે.....સર્વગુણોનો એક સાથે રસ આવતો હોવાથી તે આત્મરસનો સ્વાદ મહા સુંદર છે.** (તેમાં વિકલ્પરૂપ આકુળતા નથી.)

'સત્તા' જો સત્તાગુણમાં જ હોય ને બીજા સર્વગુણોમાં સત્તા ન હોય તો બીજા ગુણો અસત્ ઠરે.

'જ્ઞાન' જો જ્ઞાનગુણમાં જ હોય ને બીજા સર્વગુણોમાં જ્ઞાન — ચેતના ન હોય તો બીજા ગુણો અચેતન — જડ ઠરે.

‘આનંદરસ’ જો આનંદગુણમાં જ હોય ને બીજા સર્વગુણોમાં આનંદરસ ન હોય તો બીજા ગુણો આનંદરસ વગરના નીરસ ઠરે.

‘પ્રદેશતા’ જો પ્રદેશત્વગુણમાં જ હોય ને બીજા ગુણોમાં પ્રદેશો ન હોય તો બીજા ગુણો આકાર વગરના ઠરે. માટે એકેક ગુણદ્વારા સર્વગુણસમ્પન્ન આખી વસ્તુને જ દેખવી.

અનેકાન્તસ્વભાવ જયવંત છે.

અનંતગુણસ્વરૂપ આત્માનો મહિમા અપાર છે. જેનું પ્રીતિથી શ્રવણ કરતાં પણ મોક્ષસુખના ભણકારા આવે, તે સ્વરૂપના સાક્ષાત્ અનુભવનો મહિમા કોણ કહી શકે? – એને જ્ઞાની જ જાણે છે. એના એક અંશના સ્વાદમાં પણ અભેદપણે આખાય આત્માનો સ્વાદ આવે છે. ‘આવો હું છું’ – એવા સમ્યક્ નિશ્ચયનું બળ પણ એવું મહાન છે કે મોક્ષને અહીં ખેંચી લાવે છે.

✻ વીતરાગી સંતો બોલાવે છે –

૧. અરે આત્મા! તું અનાત્માનો સંગ કેમ કરે છે?

૨. તારું આત્મત્વ મહા સુંદર છે, તેને અનાત્મા વડે બગાડ નહિ.

૩. અનાત્મ – સંગ છોડી, ‘અનુભવી – આત્માનું’ નિમિત્ત લે, તને મહા આનંદ થશે.

૪. તારી જ્ઞાનચેતનાના એક જ કટાક્ષથી સર્વગુણો વશ થઈ જશે.

૫. મોક્ષનગરીની વીતરાગી સડક સંતોએ ચાલીને કંટકરહિત કરી દીધી છે.

૬. મોક્ષને આનંદપૂર્વક સાધવો એ તો મારા આત્મસ્વભાવનો સહજ ખેલ છે.

૭. કષાયનો અંશ પણ ઉપાડવો મને બોજારૂપ છે; રત્નત્રય મારે માટે સહજ છે.

૮. આહા! મારા શાંતપદમાં ક્લેશ શો? નિજ નિધાનમાં દીનતા કેવી?

૯. આત્મસ્વરૂપના સેવનથી તૃપ્તિ ન થાય તો બીજે ક્યાં તૃપ્તિ થશે?

૧૦. નિજાત્મરસના આસ્વાદથી જ જેને તૃપ્તિ થઈ તેને કોઈ બીજાનું શું કામ છે?

❀ ફરી ફરીને તને બોલાવીએ છીએ કે હે જીવ!

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.**

**બધુંય તૈયાર છે.....તું તૈયાર થા!**


હે આત્મરસિક મુમુક્ષુ! સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિને લગતું આ એક જોરદાર સાહિત્ય તારા હાથમાં આવ્યું છે ને તને તેમાં રસ આવ્યો છે.....તો તે રસનું ઘોલન નીકટમાં જ તને સ્વાનુભૂતિનું કારણ થશે. — હા, તેમાં એકવાર કોઈપણ આત્મજ્ઞાનીના સીધા માર્ગદર્શનની અપેક્ષા તો ખરી જ. પણ તું મુંઝાઈશ મા.....અત્યારેય ભરતક્ષેત્રમાં અનેક આત્મજ્ઞાની જીવો વિદ્યમાન છે, ને પંચમકાળના છેડા સુધી અવિચ્છિન્નપણે રહેવાના છે. તું તૈયાર થા.....એટલે બધુંય તૈયાર છે.

# સ્વભાવ – રસઘોલન : સ્વાનુભવ – પ્રસાદ
## ભાગ બીજો

**સંસાર દુઃખમાં સળગતા આત્માને જીવતો બહાર કાઢવા**

## હે જીવ! તું મરણિયો થા.

✍ હે આત્માર્થી! આત્મતત્ત્વને જાણવા માટે તું કુતૂહલ કર, અને મરણિયો થઈને પણ દેહથી જુદા આત્માને અનુભવમાં લે.




તું પોતાના આત્માને પ્રભુ સ્થાપ.

પ્રભુમાં શું હોય? – શું ન હોય? તેનો વિચાર કર.

પ્રભુ 'છે' તેને પ્રભુ 'થવામાં' શી વાર?

(હોવું TO BE.......... થવું TO BE)

✻ સર્વ કલ્યાણસ્વરૂપ મહાસુંદર તારો આત્મા, એનાથી વધુ બીજી કઈ વસ્તુ જગતમાં છે – કે જેની પાછળ તું રાગ કરી – કરીને દોડે છે! – આત્માને છોડીને બીજે ઉપયોગ ભમાવે છે – તો શું આત્મા કરતાં બીજું કાંઈ તને સુંદર દેખાય છે? – ના.....ના.....ના! એટલે તો ઉપયોગ થાકી થાકીને બધેયથી પાછો વળે છે, ને પોતામાં જ રહેવા મથે છે. એકવાર નિજસ્વરૂપમાં

ઉપયોગ પૂરો પ્રવેશી ગયો પછી અનંતકાળેય કદી તેમાંથી બહાર આવતો નથી, તો કલ્પના કરો કે ઉપયોગને તે સ્વરૂપમાં કેટલી બધી મજા આવતી હશે! બસ, એ તો 'સાદિ – અનંત અનંત સમાધિસુખમાં' લીન છે.

* જડ તો તારી પાછળ નથી પડતું; તું શા માટે જડની પાછળ દોડે છે? જીવ હોય તો બધુંય શોભે; જીવ ન હોય તો? બધું સૂનસામ, શબ! તું સ્વયં શોભતો છો.....નકામો કચરો ચોપડી – ચોપડીને મેલો કેમ થાશ? અરે, તું પોતે લોકેશ્વર – ઈન્દ્ર.....તે મોહની ઇંદ્રજાળમાં કાં ફસાઈ ગયો? મરણીયો થઈને તારા આત્માને સંસારના દુઃખાગ્નિમાંથી બહાર કાઢ.

✍ એક માણસને ભ્રમણા થઈ ગઈ કે 'હું મરી ગયો છું.'
કોઈએ પૂછ્યું : તમે શું કરો છો?
તેણે કહ્યું – 'હું મરી ગયો છું.'
– તો આ જવાબ કોણ આપે છે?
'હું જવાબ આપું છું.'
– તો તમે જીવતા છો કે મરેલા?
ત્યારે ભાન થયું કે અરે, 'હું તો જીવતો છું.'
તેમ જીવને ભ્રમણા થઈ ગઈ હતી કે 'હું અચેતન – શરીર છું.'
કોઈએ તેને પૂછ્યું : તમે કોણ છો?
તેણે કહ્યું : 'હું અચેતન શરીર છું.'
– તો આ શરીરને કોણ જાણે છે?
તેણે કહ્યું : 'હું જાણું છું.'
– તો જાણનારા તમે ચેતન છો કે અચેતન?
ત્યારે વિચાર કરતાં દેહથી ભિન્નતાનું ભાન થયું કે
'અહા! હું તો ચેતનસ્વરૂપ છું.'

✻ હે જીવ! તારી શુદ્ધતા મહાન છે.....તેથી તેની છાયારૂપ અશુદ્ધતા પણ મહાન લાગે છે. જડ કર્મોની આટલી શક્તિ દેખાય છે તે બધી શક્તિ તારી અશુદ્ધતા પાસેથી જ મળી છે. તું તારામાં અશુદ્ધતા ન કર તો જડ કર્મોમાં તો કાંઈ જ શક્તિ રહેતી નથી. બિચારા વેરવિખેર થઈ જાય છે.

તારી શુદ્ધતા એવી મહાન છે કે એના એક અંશ પાસે પણ ઈન્દ્રાદિ પદની વિભૂતિ તુચ્છ – વિકારરૂપ ભાસે છે. આવું મહિમાવંત શુદ્ધપદ પોતાની પાસે છે; તો તેની ભાવના કેમ ન ભાવીએ! એની ભાવનાથી પરમાત્મપદ તુરત જ પમાય છે.

✻ શુદ્ધપદની ભાવનાથી સ્વસંવેદનરસનો આસ્વાદી થા, એ જ સર્વજ્ઞના સર્વ ઉપદેશનું રહસ્ય છે. તું સ્વસંવેદનરસ ચાખીશ પછી દિવ્યધ્વનિની કોઈ વાત તારાથી ગુપ્ત નહીં રહે. આવો આતમરસ એ જ મોક્ષમાર્ગી સંતોનું ચિહ્ન છે.

✻ જેમ અલોકમાં ઝાડ નથી ઊગતા, તેમ ચેતનરસમાં રાગ નથી ઊગતો. ચેતનસુખનો સ્વાદ લખ્યે – વાંચ્યે કે સાંભળ્યે ન આવે, ઓળખતાં સ્વાદ આવે. વારંવાર કહેવા છતાં, હે જીવ! આવો અનુભવ તું ક્યારે કરીશ? આટલી બધી વખત તો બાળક પણ ન કહેવડાવે. તું અનંતજ્ઞાનનો ધણી થઈને અને જિનેશ્વરનાથનો ઉપાસક થઈને આટલું પણ કાર્ય નથી કરતો. એ અચરજની વાત છે! ભાઈ, આ નરભવ કાંઈ કાયમ તો નથી રહેવાનો; અત્યારે મોક્ષસાધન નહિ કરે તો પછી ક્યારે કરીશ? કર..... કર.... કર.... આજે જ કર.

✻ જેમ મડદા સાથેની કોઈ ક્રિયા શોભે નહિ તેમ અચેતન શરીર સાથેની કોઈ ક્રિયા ચેતનપ્રભુને શોભતી નથી. ચૈતન્યપ્રભુને તો રત્નત્રયના ચૈતન્યશણગાર શોભે; જડ – શણગાર એને ન

શોભે. અહા, તું તારી ચૈતન્યરાજધાનીનો રાજા છો; તારી સ્વાનુભૂતિના વિલાસથી તારી શોભા છે.

‘‘સુખ’ તો આત્માનો ગુણ છે, આત્મામાંથી જ તેની અનુભૂતિ થાય છે. શરીરમાંથી સ્પર્શ – રસ – ગંધ – રંગ મળશે, સુખ એમાંથી નહિ મળે.

✻ ખાનપાન વગેરે સામગ્રી જાય છે શરીરમાં, અને ચેતન એમ માને છે કે મને એનાથી સુખ થયું – એ તો કેવી ભ્રમણા? ખાય કો’ક અને ભૂખ મટે કોઈક બીજાની, એ તો કેવી ભ્રમણા? દેહમાં શું – શું ભર્યું છે તે જોઈ લે, અને તારામાં શું – શું ભર્યું છે તે જોઈ લે.....પછી દેહ સાથે ભાઈબંધીનો વિચાર પણ તને નહિ આવે. વિષ્ટાનો ખજાનો જેમાં ભર્યો છે એવા દેહ સાથે સંબંધ રાખવામાં તમારું શું મહંતપણું છે? મહંતપણું તો સમ્યક્ત્વાદિ કોઈ મહાન કાર્ય કરવાથી જ થશે. ગુણનિધાનરૂપ તમારા આત્મધન વડે તમારી મોટાઈ છે, તેને તમે ગ્રહણ કરો. તમે દરિદ્રી નથી – કે બીજા પાસે સુખની ભીખ માંગો છો! પાપ કરી – કરીને શરીરની જૂઠી સેવા કરો મા.....એ તમને કાંઈ સુખ આપવાનું નથી. તમારા અનંતગુણની મહાન પ્રજાના તમે રાજા છો.....તમને તે સુખ આપશે. માટે તે તમારા સ્વાધીન રાજપદને ભોગવો. વિષયકષાયરૂપ ચોરને તમારા રાજમાં આવવા ન દ્યો. તમારો રાજવૈભવ કેવો અદ્ભુત છે! તે બરાબર નીહાળો.

## તમે છો મોક્ષમહેલના મહારાજા

## ✻ મોક્ષમહેલનો મહારાજા ✻

એક મનુષ્યને જુદા જુદા ૩૬૦ ઝૂંપડા.....દરરોજ એકેક ઝૂંપડામાં એકેક દિવસ રહે, ને બીજે દિવસે બીજા ઝૂંપડામાં જાય. જે ઝૂંપડામાં રહેવાનું હોય તે ઝૂંપડાને વાળી – ચોળી સાફસૂફ કરવા રોકાય; હજી પૂરું સાફ ન કરે ત્યાં તો દિવસ પૂરો થઈ જાય ને બીજા ઝૂંપડામાં જવાનું થાય. એટલે ઝૂંપડું સાફ કરવાની મહેનત તો નકામી ગઈ. બીજા ઝૂંપડામાં ગયો તો તે પણ ઘણા દિવસોના કચરાથી ભરેલું હતું, તેને સાફ કરવા રોકાયો અને દિવસ વીતી ગયો.....એ સાફસૂફ કરેલું ઝૂંપડું છોડીને ભાઈસાહેબ ચાલ્યા ત્રીજા ઝૂંપડામાં; ત્યાં પણ એવા જ હાલ...


એ રીતે ૩૬૦ દિવસ સુધી રોજ એકેક ઝૂંપડું સાફ કરી કરીને થાક્યો, પણ ક્યાંય શાંતિથી રહેવા ન મળ્યું. વર્ષ આખરે પાછો પહેલા ઝૂંપડામાં આવ્યો, તો તેમાં પણ આખા વરસનો કચરો ભેગો થઈ ગયેલો – તે સાફ કરવા માંડ્યો.....એમ ફરીને ચકરાવો શરૂ થયો.

**ખરેખર તો તે મનુષ્ય એક રાજા હતો, અને ઉત્તમ રાજમહેલમાં રહેનારો હતો કે જેમાં કચરો આવે જ નહિ, ઠંડી – ગરમી પણ ન લાગે; પણ રાજા પોતાના રાજમહેલને ભૂલીને ઝૂંપડે – ઝૂંપડે ભટકી રહ્યો છે. પોતાના રાજમહેલમાં સ્થિર થઈને રહે તો તેને કાંઈ ઉપાધિ નથી. સૂના ઘરમાં મફતનો મજુરી કરે છે.....**

તેમ મોક્ષમહેલનો વાસી આ ચૈતન્યરાજા નિજઘરને ભૂલીને શરીરના ઝૂંપડે ઝૂંપડે ભટકી રહ્યો છે. જે શરીરમાં થોડોક કાળ રહેવાનું થાય તેને જ પોતાનું માનીને સ્નાન – ભોજનાદિ વડે તેને સાચવવામાં આખી જિંદગી વેડફી નાંખે છે, પણ આત્માની શાંતિ

માટે વખત લેતો નથી. એક શરીરનું લાલન – પાલન કરે ત્યાં તો આયુ પૂરું થતાં એકાએક તેને છોડીને બીજા શરીરમાં તેને જવું પડે છે; પાછો તે બીજા શરીરને પોતાનું માનીને તેની પાછળ જીંદગી ગુમાવે છે, ને તેને છોડીને ત્રીજા શરીરમાં ચાલ્યો જાય છે; પાછલા શરીરોને પોષવાની મહેનત તો નકામી ગઈ.....ને શરીર બદલવાનો ચકરાવો તો ચાલુ જ રહ્યો. (અંતે થાક્યો!!)

કોઈ હિતેચ્છુએ તેને સમજાવ્યું – બાપુ! આ શરીર ઝૂંપડાનો રહેવાસી તું નથી, શરીરને ખાતર જીવન ગાળ મા. તું તો મોક્ષપુરીનો મહારાજા છો, તારો મોક્ષમહેલ તો કચરાના પ્રવેશ વગરનો અત્યંત સુંદર છે. તેમાં સ્થિર થઈને રહે તો તને મહાન સુખ થશે.....ને તારે કોઈ ઉપાધિ નહી રહે.




"એ મોક્ષમહેલમાં કેમ જવું? તેનો રસ્તો બતાવો! હા, ચાલો મારી સાથે! જુઓ, આ ચેતનધ્વજ ફરકી રહ્યો છે તે જ તમારો મહેલ છે. જ્ઞાનચેતનાનો દોર પકડીને ચાલ્યા આવો. શરીર – વચન – મન એ ત્રણે બહારના ગઢને ઓળંગીને જ્ઞાનદ્વારે અંદર પ્રવેશ

કરો.....ને ચૌદ પગથિયાની આ સીડીના ચોથા પગથિયા પર પગ મૂકીને જુઓ કે મહેલમાં શું શું ભર્યું છે!!

અહા, અહીં તો કોઈ અલૌકિક આનંદ – નિધાન ભર્યા છે.....જ્ઞાનનો તો પાર નથી, સમ્યક્ત્વરત્નનો મહાન પ્રકાશ સર્વત્ર અજવાળાં ફેલાવી રહ્યો છે.....શાંતિ તો એવી છે કે જરાય કોલાહલ નથી. કર્મનો કચરો તો જરાય છે જ નહિ; અપૂર્વ સમતા સર્વત્ર પ્રસરી રહી છે. મોક્ષમહેલમાં અનંતા સિદ્ધભગવંતોની આટલી બધી વસ્તી, છતાં ત્યાં ક્લેશ નથી, દુઃખ નથી, કોઈ નાનું – મોટું નથી, કોઈ અછત નથી, પરમ તૃપ્તિ છે.....બસ, મારે મારા આ મોક્ષમહેલમાં જલ્દી પહોંચી જવું છે. આ સંસાર સાથે હવે મારે કાંઈ સંબંધ રાખવો નથી. આ ચેતન – દેહ ઝૂંપડું રહો કે ન રહો, અમે કાંઈ તેના રહેવાસી નથી.

કુંદકુંદસ્વામી ભાવપ્રાભૃત ગા. ૧૩૨ માં કહે છે કે –

આ શરીરઝૂંપડું વૃદ્ધતા – રોગાગ્નિથી ઝટ બળી જશે,
વળી ઈંદ્રિયો બળહીન થશે, ઝટ સાધી લે નિજઆત્મને.

મને લાગ્યો સંસાર અસાર.....
એ.....રે.....સંસારમાં નહીં રહું.....નહીં રહું.....નહીં રહું રે.
મને લાગ્યું છે સિદ્ધપદ સાર.....
મુક્તિ – મહેલમાં હું ઝટ જાઉં....ઝટ જાઉં.....ઝટ જાઉં રે...

સ્વપદને ઓળખી તેમાં રહેવું તે મુશ્કેલ નથી, સુગમ છે, પોતાનું જ સ્વરૂપ હોવાથી તે સહજ છે. શરીરાદિ પર – પદ અચેતન જડ, તે રૂપે હું છું – એમ પરપદરૂપે પોતાને માની – માનીને અનંતકાળથી થાક્યો, છતાં તે પરપદરૂપે થયો નહિ, ચેતનરૂપે જ રહ્યો. માટે પરપદ મુશ્કેલ છે, કોઈ રીતે પોતાનું થતુ નથી. અરે જીવ! સ્વપદથી બહાર પરપદમાં હજી ક્યાં સુધી તારે

ભટકવું છે!! બસ કર.....બસ કર.....સ્વપદમાં આવ.....સ્વપદમાં આવ...ને સુખી થા.

હે ચેતનરાજા! નવ – નિધાન પણ દરિદ્ર થઈને તારા ચૈતન્ય નિધાનની પાછળ ભમે છે; ચક્રવર્તીનાં ચૌદ રત્નો પણ તારા રત્નત્રયની સેવા કરે છે. આવા તારા નિજવૈભવના અવલોકનમાત્રથી તું પરમેશ્વર થઈશ.

✻ પરભાવો હું નથી, પણ તેમાં સર્વત્ર જે ચેતનભાવ વસી રહ્યો છે તે મારું નિજસ્વરૂપ છે. ચેતનભાવ અનાદિ – અનંત એકરસમય છે. બીજા કલુષ રસને એમાં ન ભેળવો તો ચેતનરસ એકલો અત્યંત મધુર વીતરાગ સ્વાદવાળો છે. – આ શુદ્ધચેતના થઈ. કર્મફળ – ચેતના અને કર્મ – ચેતના તે બંને અશુદ્ધ હોવા છતાં તેમાં પણ ચેતના રહેલી તો છે જ. તે ચેતનાનું ચેતનાપણું ઓળખતાં રાગાદિ પરભાવોથી નિજભાવનું ભેદજ્ઞાન થાય છે, ને જ્ઞાતા – દૃષ્ટાસ્વભાવી જીવ અનુભવમાં આવે છે. અહો, એ અનુભવની શી વાત!! અતીન્દ્રિય આનંદરૂપ એનો પ્રકાશ છે. જ્ઞાનચેતના શુદ્ધ થતાં હું હવે જાગ્યો.....મોહભાવ ભાગ્યો. હું મારા સ્વરૂપ – હાથી ઉપર આરૂઢ થયો. અનુભવમાં આવું વેદન છે પણ વિકલ્પ નથી, ભેદ નથી, વિચાર નથી.....આત્મપરિણમન જ તેવું વર્તે છે. ત્યાં તે પરિણમતો – આત્મા પોતે જ સાધક – સાધ્ય અભેદ છે, એનાથી બહાર સાધક કે સાધ્ય નથી.

અનુભૂતિમાં દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેય સ્વભાવજાતિરૂપ થવાથી એકપણે અનુભવાય છે. સ્વભાવ – સંગથી ને સ્વભાવ – રંગથી સમ્યક્ત્વ, શુદ્ધોપયોગ, જ્ઞાન, આનંદ વગેરે બધા સ્વભાવભાવો ખીલી જાય છે. થોડીક પણ શુદ્ધતા પૂર્ણ શુદ્ધતાને પ્રસિદ્ધ કરે છે; થોડોક પણ ચૈતન્યરસ પૂર્ણ ચૈતન્યસ્વભાવને પ્રસિદ્ધ કરે છે; થોડોક પણ વીતરાગી આનંદ પૂર્ણ આનંદસ્વભાવને પ્રસિદ્ધ

કરે છે. સ્વભાવનો એક અંશ તેવા જ પૂર્ણ સ્વભાવને પ્રસિદ્ધ કરે છે; કેમકે તે — તે અંશ, અંશીથી અભેદ છે. અંશી છે તો અંશ છે; અંશી વગર અંશ કોનો? નાનકડું જ્ઞાન, તે કાંઈ રાગનો અંશ નથી, તે પૂર્ણજ્ઞાનનો અંશ છે, પૂર્ણજ્ઞાન જ તે રૂપે પરિણમ્યું છે; રાગથી તો તે જુદું છે. જેવી પરિણતિ થઈ તેવો આખો સ્વભાવ જાણ્યો. અનાદિથી પરસમયરૂપ થતો હતો તે હવે સ્વસમયરૂપ પરિણમવા લાગ્યો. શુદ્ધતત્ત્વનો નિશ્ચય તેની સન્મુખ થયેલા શુદ્ધોપયોગવડે થાય છે.....તે ઉપયોગ કેવળજ્ઞાનની જાતનો છે, — અહા, કેવળજ્ઞાનનો તે નાનો ભાઈ છે.

*　　*　　*

## * અથ શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુપ્રત્યે ભક્તિભાવના *



અહોહો કેવળજ્ઞાનને પામેલા દેવ! તમે મહાન સુંદર છો.....તમને વ્યક્ત ચેતનારૂપ, સર્વગુણ સમ્પન્ન ‘જાણીને’ હું તમારી સેવા કરું છું — ભક્તિ કરું છું — આદર કરું છું. મારા ચિત્તમાં તમારા પ્રત્યે પરમ પ્રીતિ છે. મારું ચિત્ત આપના ગુણમાં જ લાગ્યું છે. બાહ્યમાં પણ આપની મહાન પ્રભાવના ઈચ્છું છું. અંતરમાં આપનું ધ્યાન, વાણીમાં ગુણવર્ણન, દેહ ચેષ્ટામાં વિનય — પ્રવર્તન, આપની આજ્ઞાનો પરમ ઉત્સાહ, જરાપણ અવજ્ઞાનો અભાવ; આપના શુદ્ધસ્વરૂપને હું મારા અનંતસુખનું પ્રતિદર્શક જાણું છું.....મારું અનંતસુખ જોવા માટે જ હું રોજ રોજ આપના દર્શન કરું છું. મારાં મન — વચન — તન — ધન સર્વકાર્ય આપના

ચરણમાં જ અર્પાયેલા છે.....આ ઈન્દ્રિયઆદિ પ્રાણ તો દુઃખનાં સાધન છે, જ્યારે આપ તો મને પરમ સુખનાં કારણ છો, તેથી આપ મને પ્રાણથી પણ અધિક વલ્લભ છો. શુદ્ધસ્વરૂપનો અભિલાષી થઈને હું આપની ભક્તિ કરું છું.

પ્રભો! અતીન્દ્રિય થયા હોવાથી સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ એવા આપને, સ્થૂલ જીવો ઈન્દ્રિયનો વિષય બનાવવા માગે છે.....તેઓ આપને સાચા સ્વરૂપે ક્યાંથી દેખી શકે? પ્રભો! મેં તો ઈન્દ્રિયોને એકકોર મૂકીને અતીન્દ્રિયજ્ઞાનથી આપનું મહાન સ્વરૂપ સાક્ષાત્કારરૂપ કરી લીધું છે. મારા જ્ઞાનમાંથી આપ ક્યારેય ખસતાં નથી. આ બાહ્યચક્ષુ આદિ ઈન્દ્રિયો નહીં હોય તો પણ હું તો આપનો સાક્ષાત્કાર કર્યા જ કરીશ.....અને તેથી મને મારા શુદ્ધસ્વરૂપનો સાક્ષાત્કાર રહ્યા જ કરશે. કેમકે —

જે જાણતો અરહંતને ચેતનમયી શુદ્ધભાવથી,
તે જાણતો નિજાત્મને, સમ્યક્ત્વ લ્યે આનંદથી.



પ્રભો! આપની વાણી — જિનવાણી પ્રત્યે પણ મને પરમ ઉત્સાહ આવે છે, કેમકે તે વહાલી માતા અમારા શુદ્ધસ્વરૂપના ગુણગાન સદા અમને સંભળાવ્યા કરે છે, ને શુદ્ધાત્મરસ પીવડાવી

પીવડાવીને અમારું પોષણ કરે છે. બે નય વડે અમારા બે કાન પકડીને સદાય જ્ઞાન – વૈરાગ્યમાં અમને જાગૃત રાખે છે. તે વારંવાર સ્વરૂપભાવના કરાવી – કરાવીને સંસારદુઃખથી બીવડાવે છે ને મોહભાવોમાંથી અમારું રક્ષણ કરીને અમને મોક્ષમાર્ગમાં સદાય ઉત્સાહિત કરે છે; મોક્ષમાર્ગ અને મોક્ષનું સ્વરૂપ તે સદાય અમને બતાવ્યા કરે છે.



અહો રત્નત્રયધારી શ્રી ગુરુ ભગવાન! ધ્યાનમગ્ન આપની આ પરમ શાંત મુદ્રા.....વીતરાગતાથી કેવી શોભી રહી છે! તે વચન બોલ્યા વિના પણ સાક્ષાત્ મોક્ષમાર્ગ ઉપદેશી રહી છે; આપનું દર્શન એ સાક્ષાત મોક્ષમાર્ગનું જ દર્શન છે. આપના અંતરમાં ભગવાન વસી રહ્યો છે, આપના શ્રીમુખમાં જિનવાણી વસી રહી છે, અને રત્નત્રયસ્વરૂપ તો સ્વયં આપ પોતે જ છો, તેથી દેવ – ગુરુ – શાસ્ત્ર – ધર્મ બધુંય આપમાં એકમાં જ સમાઈ જાય છે. આપ ભવભોગથી સર્વથા ઉદાસ થઈને નિજસ્વરૂપની સાધનામાં જ તત્પર છો.....વારંવાર શુદ્ધોપયોગી થઈ – થઈને જાણે સિદ્ધોના દેશમાં જઈ આવો છો.....ને પુનઃ અમને તેડવા માટે પાછા આવો

છો! પ્રભો, આપ મારા આંગણે પધારો ને હું આપને આહારદાન દઈને આપની સાથે સાથે મોક્ષમાર્ગમાં રહું – એ મારી ભક્તિભાવના છે.

(ઇતિ શ્રી દેવ – ગુરુ – શાસ્ત્રપ્રત્યે ભક્તિભાવના)

## બળવાન ઉપયોગ આત્માને સાધે છે, રાગ નહિ.

શુભોપયોગ ત્રણ પ્રકારે – ૧. ક્રિયારૂપ; ૨. ભક્તિરૂપ; ૩. ગુણગુણીભેદવિચારરૂપ. તે દરેક પ્રકાર સાતિશયરૂપ અને નિરતિશયરૂપ એમ બબ્બે પ્રકારનાં હોય છે : –

✍ સાતિશયરૂપ શુભ – ઉપયોગવાળો જીવ તો ચોક્કસ શુદ્ધતાને સાધે છે.

✍ નિરતિશય શુભઉપયોગી જીવ સાતિશય થયા વગર શુદ્ધતાને સાધી શકતો નથી.

અહીં જૈનમાર્ગાનુસારી શુભોપયોગીની વાત લેવી છે; કુમતઅનુયાયીને શુભ સાથે દેવ – ગુરુ – ધર્મની વિરાધના હોવાથી તેને તો પાપની જ પ્રધાનતા છે.....એની વાત લેતા નથી.

(૧) શુભક્રિયામાં વર્તે (૨) દેવગુરુશાસ્ત્રસંબંધી ઉત્તમકાર્યોમાં ભક્તિથી ભાગ લ્યે, અને (૩) શાસ્ત્રના અભ્યાસથી તત્ત્વના વિચાર કરે – આત્માના વિચાર કરે, પણ તે ત્રણે પ્રકારના શુભ વિકલ્પના રસમાં જ રોકાઈ રહે, ઉપયોગને વિકલ્પથી અધિક ન કરે, વિકલ્પથી જુદું ચેતનસ્વરૂપ લક્ષગત ન કરે, તો એવા જીવના શુભોપયોગમાં કોઈ સાતિશયતા નથી; એવા નિરતિશય શુભભાવ અજ્ઞાની જીવો પૂર્વે પણ કરી ચૂક્યા છે, એમાં જીવના હિતનો પ્રસંગ નથી. સાતિશય વગરના આ શુભોપયોગમાં 'ઉપયોગ' બળવાન

નથી, ઉપયોગ રાગમાં દબાઈ રહ્યો છે – તેમાં એકાકાર વર્તી રહ્યો છે તેથી તે પોતાનું કાર્ય કરી શકતો નથી. – હા, એટલું ખરૂં કે શુભને લીધે તેને શુભનિમિત્તો મળ્યા કરશે, તેથી ભવિષ્યમાં 'કદાચિત્' આગળ વધીને તે સ્વકાર્ય સાધવા તૈયાર થશે તો તે વખતે તેમાં સાતિશયપણું આવી જશે.

'ઉપયોગમાં' સાતિશયપણું આવ્યા વગર તે પોતાના સ્વભાવને સાધી શકે નહિ. જે ઉપયોગમાં સાતિશયપણું આવે તે જરૂર પોતાના સ્વભાવને સાધે જ છે. એ ધ્યાન રાખવું કે 'શુભ – ઉપયોગ' તેમાંથી સાધકપણું 'ઉપયોગ'માં છે, 'શુભ'માં નહીં. શુભરાગ અને ઉપયોગ બંને ભિન્ન ભિન્ન (એકબીજાથી વિરુદ્ધ) કાર્ય કરે છે. તેમાં ઉપયોગ જ્યારે રાગ કરતાં બળવાન હોય ત્યારે તેને 'સાતિશય' કહીએ છીએ.

હવે એ જ ત્રણ પ્રકાર ૧ – ક્રિયા, ૨ – ભક્તિ, ૩ – વિચાર, – તે વખતે જો ઉપયોગસ્વરૂપ આત્મા 'લક્ષગત' વર્તતો હોય, એટલે કે ઉપયોગની અધિકતા ને શુભરાગથી ભિન્નતાનું લક્ષ વર્તતું હોય, તો તે શુભોપયોગ સાતિશય છે, – સમ્યક્ત્વ સાથે તે સંબંધવાળો છે. શુભોપયોગનું આ સાતિશયપણું બે પ્રકારે છે –

(૧) સમ્યક્ત્વની પૂર્વતૈયારી વખતનું; (૨) સમ્યક્ત્વ સહિતનું.

શુભોપયોગ = શુભ + ઉપયોગ; તેમાં જે 'શુભ' રાગ છે તેની તો કાંઈ વિશેષતા નથી, તે તો રાગ જ છે; પણ ત્યાં સાતિશયપણું એટલા માટે કહ્યું કે તે રાગની સાથે તે કાળે જે ઉપયોગ છે તે, રાગ કરતાં અધિક – બળવાન થયો છે. રાગ કરતાં તેની વિશેષતા છે – અતિશયતા છે, તેથી તે ઉપયોગની અપેક્ષાએ તે શુભોપયોગમાં સાતિશયપણું આવે છે. આવી અતિશયતા ઉચ્ચ

જિજ્ઞાસુને સમ્યક્ત્વની પૂર્વતૈયારી વખતે પણ હોય છે, ને સમ્યક્ત્વ પછીના શુભોપયોગમાં પણ તે હોય છે.

સમ્યક્ત્વ પહેલાંના સાતિશય – ઉપયોગનું બળ એવું છે કે રાગથી પોતે જુદો પડીને, તેનાથી આઘો ઊંડે – ઊંડે જઈને પોતાના સમ્યક્સ્વભાવને તે પકડી લેશે; તે શુભરાગમાં અટકી નહીં રહે. તેને રાગ કરતાં ઉપયોગનું બળ ક્ષણે ક્ષણે વધી રહ્યું છે. – આવું આત્મ-બળ નિરતિશય ઉપયોગમાં નથી, તે તો રાગથી દબાઈ ગયેલ છે.

"ઉપયોગ – ગુણથી અધિક તેથી જીવના નહીં ભાવ કો."

સર્વજ્ઞપ્રભુએ જયારે જોયું હતું ત્યારે, મારા પુરુષાર્થથી "હું સમ્યક્ત્વ પામી આરાધક થયો" – તેમાં સર્વજ્ઞનું દિવ્યજ્ઞાન, મારું સમ્યક્ પરિણમન, તેવો પુરુષાર્થ, દેશનાલબ્ધિ, કાળલબ્ધિ, કર્મઅભાવ વગેરે નિમિત્તો, – એ બધાયે એકસાથે જ પોતપોતાનું કામ કર્યું છે. – એ બધાનું એકસાથે જ્ઞાન કરવું જોઈએ. એકનો સ્વીકાર ને બીજાનો નિષેધ – એમ નહિ, પ્રસંગ અનુસાર મુખ્ય – ગૌણ ભલે થાય. (તત્ત્વાર્થ રાજવાર્તિક અ. ૧ સૂત્ર ૩ ની ટીકામાં આ સંબંધી પ્રકરણ છે.)

* જિનશાસ્ત્રોનું સમ્યક્ અવગાહન એ સ્વાનુભૂતિનું સાધક છે. મુમુક્ષુના હાથમાં આવેલી જિનવચનરૂપ તીક્ષ્ણ ધારવાળી તલવાર, પુરુષાર્થવડે પ્રહાર કરવામાં આવતાં મોહશત્રુને છેદી નાંખે છે. માટે હે ભવ્ય! જિનવચનને એકલા શુભરાગનું સાધન ન બનાવ, એમાં તો સ્વાનુભૂતિનું સાધન થવાની તાકાત છે.....માટે સ્વાનુભૂતિનું જ સાધન બનાવ. – તો જ તું જિનવાણીનો સાચો સેવક છો. એ જ રીતે ગુરુને અને ભગવાનને પણ વીતરાગ ભાવમાં જ નિમિત્ત બનાવ.

દેવ – શાસ્ત્ર – ગુરુની સાચી પ્રતીતિ – ઓળખાણ અવશ્ય આત્મતત્ત્વની પ્રતીતિ કરાવીને સમ્યક્ત્વ પમાડે છે.

* પરદયાથી (રાગથી) વ્યવહાર ધર્મ સધાય છે, સ્વધર્મ નહીં. સ્વદયાથી (વીતરાગતાથી) નિજધર્મ સધાય છે ને પરમસુખ પમાય છે.

* નય – જ્ઞાન સાધક છે, અનેકાન્ત – પ્રમાણ સાધ્ય છે; માટે નય વડે એકેક ધર્મને પકડીને અટકી ન જવું, અનેકાન્ત સાધવો.

* આજે નિજસ્વરૂપ સાધવું કઠણ છે – એમ કહીને તેની સાધના છોડી ન દઈશ. જે ન સાધે તેને તો ત્રણેકાળે કઠિન જ છે. જે સાધે તેને અત્યારે પણ સુગમ છે. આજે જ સાચા દિલથી સાધવા લાગી જા.....તારે માટે આજે પણ સુગમ છે.

અરે, વેપાર – ધંધા વિષય – કષાય કરવા સુગમ, અને સ્વરૂપનો અનુભવ કરવો દુર્ગમ – એમ કહીને, સ્વરૂપનો અભ્યાસ છોડી વિષયકષાય કરતાં તને શરમ નથી આવતી? વિષય – કષાયો ને ઘર – ધંધાનો પાપરસ છે તે છોડીને ચૈતન્યનો રસીલો થા, – પછી જોઈ લે કે આત્માનો અનુભવ કેવો સુગમ છે!! બાપુ! એમાં રસ લીધા વગર અનુભવ ક્યાંથી થશે? આત્માનો રસ લગાડી એની પાછળ લાગ.....તો જરૂર તને સ્વાનુભવ થશે. અનેક સંતોએ નાની – નાની ઉંમરમાં, પ્રતિકૂળતાની વચ્ચે પણ એવો અનુભવ કર્યો છે. તું પણ હવે કર. અત્યાર સુધી તો ભૂલ્યો પણ હવે ગુરુપ્રતાપે જૈનધર્મ પામીને જાગ. સંસારના બીજા કામોમાં ચતુરાઈ કરે છે – તો આત્માને સાધવાના કામમાં ચતુરાઈ કર. નવરો થઈ – થઈને વિકથા કર્યા કરે છે તે છોડીને દિન – રાત હોંશે – હોંશે આત્માની કથા કર....તેના અનુભવની વાર્તા સંતો પાસે જઈ – જઈને પૂછ્યા

કર.....તેનો અપાર મહિમા કર્યા કર. એની પાછળ લાગીશ તો તારું કામ જરૂર થશે ને તું ભવદુઃખથી છૂટીશ.

✽ બધા કરતાં મારું ચૈતન્યતત્ત્વ જ શ્રેષ્ઠ છે કે જે મને સુખરસનો આસ્વાદ આપે છે. ચૈતન્યના સ્વરસનો આસ્વાદ એ જ સ્વાનુભવ. – એ મારાથી દૂર નથી, બહાર નથી, હું જ એ સ્વાદરૂપ છું. જેમ મીઠાસ્વાદરૂપ સાકર પોતે છે તેમ ચૈતન્યસ્વાદરૂપ હું પોતે છું. 'સાકર પોતાનો મીઠો સ્વાદ લ્યે છે' – એમ શું કહેવું? તેમ હું મારા ચૈતન્યરસનો સ્વાદ લઉં છું – એવો ભેદ શું કહેવો? ચૈતન્યરસ તો હું પોતે છું. – એનો જશ સર્વે સંતોએ ગાયો છે.

✽ અહો જીવો! સદાય એમ કરો કે જેથી આત્મા દુઃખી ન થાય. જૈનધર્મમાં ઉત્તમ દાવ (અવસર) પામ્યા છો તો હવે સુખની કમાણી કરી લ્યો. ક્રોધને – માનને – માયાને – લોભને, વિષયોની ભાવનાને, બધા પરભાવોને એકકોર આઘે – આઘે મૂકી, ચૈતન્યપ્રભુની એકદમ નજીક આવી, શાંત – શાંત ભાવે ભેદ મટાડીને એને ભાવો. એવો ભાવો કે ભાવ્ય – ભાવક એક થઈ જાય. નિર્વિકલ્પરસની આનંદધારા ઊછળશે ને તમે અપૂર્વ આશ્ચર્ય પામશો.

પોતાનો ચિંતામણિ પોતાના ઘરમાં પડ્યો છે – તેને તો ભૂલી જાય, અને બીજાના હાથમાં રહેલા ચિંતામણિની છાયા પોતાના હાથમાં પડે, તે છાયા વડે ઈચ્છા – સિદ્ધિ કરવા માગે તો ક્યાંથી થાય? તેમ આત્મા પોતાના ચૈતન્યચિંતામણિને તો ભૂલી રહ્યો છે, ને જ્ઞાનની છાયા પરજ્ઞેયમાં પડે છે – ત્યાં પરજ્ઞેયમાં નિજભાવ કલ્પી, તેના વડે સુખી થવા માગે – તે સુખ ક્યાંથી થાય? પોતાના ચિંતામણિને ચિંતવે તો સર્વસિદ્ધિ થાય.

આત્માનો પરમ પ્રેમ કરીને, અપાર અચિંત્ય મહિમા જાણતાં ઉપયોગ આત્મસન્મુખ થયો ત્યારે સ્વાનુભવ થયો; તેમાં

નિર્વિકલ્પતા છે. આવી દશામાં સમ્યક્ત્વ ઊપજ્યું.....સમ્યગ્જ્ઞાન પણ ત્યારે જ પ્રગટ્યું. અપૂર્વ મહા આનંદ થયો. એ અનુભવદશાનાં ઘણાં નામ છે. આત્માના સ્વાદરૂપ આનંદઅનુભવ તે મુખ્ય છે, સર્વગુણનો મીઠો રસ એ અનુભવમાં સમાઈ જાય છે.

✻ સ્વાનુભવનો કાળ ચોથા ગુણસ્થાને લઘુઅંતર્મુહૂર્ત છે, ને તે લાંબા કાળના અંતરે થાય છે; તેનાથી પાંચમાગુણસ્થાને સ્વાનુભવ રહેવાનો કાળ વધુ છે, ને થોડા જ કાળના અંતરે થાય છે; મુનિવરોને સ્વાનુભવ દીર્ઘ અંતર્મુહૂર્ત સુધી રહે છે ને બહુ થોડા કાળના અંતરે વારંવાર થયા કરે છે.

ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ ફરી ફરી કેટલા કાળના અંતરે થાય – તે બાબત કોઈ ચોક્કસ માપ આગમમાં જોવામાં આવ્યું નથી; તથા વર્તમાનગોચર સ્વાનુભવી – સાધર્મીજનો સાથે આ વિષયની ચર્ચાથી પણ તે કાળનું કોઈ ચોક્કસ પ્રમાણ નિશ્ચિત થઈ શક્યું નથી. પણ આ સંબંધમાં એક વિશેષતા મુમુક્ષુઓએ ખાસ જાણવાયોગ્ય – સમજવાયોગ્ય મહત્ત્વની છે કે – સ્વાનુભૂતિના નિર્વિકલ્પકાળમાં જે સમ્યક્ત્વ થયું છે, તે સમ્યક્ત્વ, સ્વાનુભૂતિ બહાર બીજે ઉપયોગ વખતે પણ સમ્યગ્દષ્ટિને એવું ને એવું ટકી રહે છે; સમ્યગ્જ્ઞાનચેતના ચાલુ જ રહે છે; તે સમ્યગ્દર્શન અને જ્ઞાનચેતના તો તે વખતેય વિકલ્પ વગરના, નિર્વિકલ્પ છે, વિકલ્પથી જુદું જ તેનું પરિણમન વર્તી રહ્યું છે.....અતીન્દ્રિયસુખનું પરિણમન પણ ચાલી જ રહ્યું છે. શ્રદ્ધા – જ્ઞાન – સુખના આ બધા નિર્વિકલ્પચૈતન્યભાવોને તમે ઓળખતા શીખો તો જ સમ્યગ્દષ્ટિને તમે ઓળખી શકશો.....ને ત્યારે, સમ્યગ્દષ્ટિમાં વિકલ્પદશા ને નિર્વિકલ્પદશા વચ્ચે તમને જે મોટો ભેદ દેખાય છે તે મટી જશે.....તમને વિકલ્પ અને જ્ઞાન જુદા પાડતાં આવડી જશે.

હા, એક ને એક ભૂમિકાના જીવમાં સવિકલ્પદશા તથા નિર્વિકલ્પદશા વખતે આનંદવેદનમાં થોડી હાનિ – વૃદ્ધિ થાય છે, – પણ આનંદની ધારા અને મોક્ષની સાધના તો ચાલુ જ રહે છે.

મુનિભગવંતોને નિર્વિકલ્પદશા વારંવાર આવે છે ને વિશેષકાળ ટકે છે. કોઈ કહે છે કે – મુનિઓને પોણી – પોણી સેકંડમાં છઠ્ઠું – સાતમું ગુણસ્થાન આવે – એટલે છઠ્ઠાગુણસ્થાનનો કાળ ૦ાા સેકંડથી વધુ ન જ હોય ને સાતમાનો તેનાથી પણ અડધો હોય!'' – પણ એવી વાત ષટ્ખંડાગમ વગેરે કોઈ સિદ્ધાંતમાં આવતી નથી, તેમજ અનુભવ – યુક્તિથી પણ તે સત્ય ભાસતી નથી. ચોથા – પાંચમા ગુણસ્થાને પણ સ્વાનુભવ કરનાર જાણે છે કે અનુભૂતિનો કાળ વિશેષ છે. – તો મુનિવરોની સ્વાનુભૂતિનો કાળ તો અમારાથી પણ વિશેષ હોય જ છે. જીવ અડધી સેકંડથી વધુકાળ છઠ્ઠાગુણસ્થાનમાં રહે તો તેને મુનિદશા જ ન રહે – એમ માનવામાં અજાણપણે પણ મુનિભગવંતોનો અવર્ણવાદ થઈ જાય છે.

નિર્વિકલ્પ સ્વાનુભવરસની ધારા વધતાં કેવળજ્ઞાન થાય છે.

## ✻ અનુભવ મારગ મોક્ષકા.....અનુભવ મોક્ષસ્વરૂપ ✻

✻ હે ભવ્ય! તું એક વાત સાંભળ! જો કે ઘણીવાર તને આ વાત કહી છે – વળી એકવાર ફરી કહીએ છીએ કે તું હવે સ્વાનુભવ કરી લે. સ્વાનુભવ તે જ સ્વસમય છે, તે જ જીવનું જીવન છે; સ્વાનુભવમાં જ શાંતિ છે, તેમાં જ તૃપ્તિ છે; સ્વાનુભવ તે જ કલ્યાણ છે, તે જ મોક્ષરાહ છે; જૈનધર્મ પામવાની સફળતા સ્વાનુભવથી જ છે. સ્વાનુભવ થતો હોય તો મૃત્યુનેય ગણકારીશ નહિ, કે માન – અપમાન જોવા રોકાઈશ નહીં. સ્વાનુભવ જેવું સન્માન બીજું કોઈ નથી, એના જેવી મોટાઈ બીજે ક્યાંય નથી.

વળી એ સ્વાધીનપણે કરાતું સત્કાર્ય છે, તે અત્યંત સુંદર છે ને તેમાં કોઈની ગુલામી કરવી પડતી નથી. વાહ રે વાહ! તું જો તો ખરો.... વિચાર તો ખરો – કે જે સ્વાનુભવની ચર્ચામાં તને આવી મજા આવે છે તે સ્વાનુભવનો સાક્ષાત્ આનંદ કેવો મજાનો હશે!! આવો સ્વાનુભવ શીઘ્ર કર.... અને સ્વાનુભવ કરીને પછી સ્વાનુભવરૂપ રહેવાનો ઉદ્યમ રાખ્યા કર.

જો કે સમ્યગ્દષ્ટિને સવિકલ્પદશા વખતેય ઉપયોગ અને સમ્યક્ત્વ તો નિર્મળ જ છે.....તોપણ સ્વરૂપમાં ઉપયોગની સ્થિરતા વડે જેમ જેમ વિશુદ્ધતા વધે તેમ તેમ સુખ વધતું જાય છે. મતિશ્રુતજ્ઞાનની સ્વસન્મુખ ધારા વધતાં સ્વસંવેદનરસ વધતો જાય છે. આ રીતે સ્વાનુભવ તે અનંત સુખનું મૂળ છે. સવિકલ્પ અને નિર્વિકલ્પ બંને પ્રકારનાં ચારિત્રપરિણામ ધર્મી જીવે પોતામાં દીઠાં છે ને તેનો સ્વાદભેદ જાણ્યો છે. તેથી જેમ પરિણામની સ્થિરતા વધે તેમ ઉદ્યમ રાખે છે.....ને વિકલ્પપરિણામ રહી જાય તોપણ પોતાની સમ્યક્ત્વ – ચેતનાને વિકલ્પથી અલિપ્ત જ રાખીને બેઠો હોવાથી તે ગભરાતો નથી, નિજ – સ્વાનુભવમાં શંકાશીલ થતો નથી.

સ્વાનુભવી – પુરુષ ગમે ત્યાં રહે.....સ્વાનુભવના પ્રસાદથી તે પૂજ્ય છે, સુંદર છે – શોભનીક છે. પરમેશ્વરમાં અનંત ગુણની જે વિશેષતા છે તે બધી વિશેષતા સ્વાનુભવમાં સિદ્ધ થઈ જાય છે. સ્વાનુભૂતિમાં સિદ્ધ પરમાત્મા અને આ આત્મા વચ્ચે કોઈ જ તફાવત દેખાતો નથી.

* ગુણ અનંતકે રસ સબે અનુભવ રસકે માંહિ; *
* યાતેં અનુભવ સારિખો, ઓર દૂસરો નાંહી. *
* પંચ પરમગુરુ જે થયા, ને થાશે જગમાંહિ, *
* તે અનુભવ – પ્રસાદથી, એમાં ધોખો નાંહી. *

સ્વાનુભવથી ઊંચું પદ જગતમાં કોઈ નથી; સ્વાનુભવ જેવું ઉત્તમ કાર્ય બીજું કોઈ નથી. સ્વાનુભવનો મહિમા અનંત છે.....સ્વાનુભવનો આનંદ સિદ્ધભગવાન જેવો છે. અનાદિથી આત્મ પ્રદેશ ઉપર બેઠેલા આઠકર્મો સ્વાનુભવ થતાં ભાગી જાય છે. સ્વાનુભવીને કર્મો પોતાનું ફળ આપી શકતા નથી; નવાં કર્મો બંધાતાં નથી. કર્મો કદાચિત આવે તો તે સ્વાનુભવીની સેવા કરવા જ આવે છે. સ્વાનુભવીને કોઈ ભયો રહ્યા નથી કે જગત પાસેથી કાંઈ લેવાની વાંછા નથી. સ્વાનુભવીએ રત્નત્રયને પોતાના સ્વજન બનાવ્યા છે, તેનો પરમ પ્રેમ છે.

✻ હે પ્રભુજી! તમે તો અનંત જ્ઞાનધારક ચિદાનંદ છો ને! શું આ જડ – મડદા સાથે સગાઈ તમને શોભે છે? એ મડદા સાથે ભાઈબંધી કરીને તેની સાથે તમે અનંતકાળથી રખડ્યા ને દુઃખી થયા, હવે એનો સંગ છોડો ને તમારી પ્રભુતા સંભારો. આ શરીર જડ – મડદું તે હું છું એટલે કે હું મડદું છું – એમ કહેતાં તમને શરમ નથી આવતી? બસ, હવે શરીર ધારણ નથી કરવા.....ચેતી જાવ. તમે ચેતન છો. તમારા ચેતનમાં જડ નથી. ચેતનમાં રાગદ્વેષ નથી. રાગ – દ્વેષ – ક્રોધ થઈ – થઈને મરી ગયા, છતાં તમે કાંઈ મરી નથી ગયા, તમે તો આ જીવતા રહ્યા. તો જીવંતભાવને – ચેતનભાવને દેખો – અનુભવો, તમારું મરણ કદી નહીં થાય.....અમરપદને પામી જશો.

પ્રશ્ન : – અમે અંદર જોવા ઘણી મહેનત કરીએ છીએ પણ ચેતનવસ્તુ દેખાતી નથી, તો તેમાં ઉપયોગ કેવી રીતે લગાવીએ?

ઉત્તર : – ભાઈ, તને ચેતનને દેખવા માટે ઉત્કંઠા થઈ તે માટે શાબાશી! ઉત્કંઠા જાગી છે – તો તે જરૂર દેખાશે.....ધીરજ

છોડીશ નહીં. જો, તને ચેતનવસ્તુ બતાવું છું : ગઈ કાલે કોઈ પરવસ્તુને તેં જાણી, આજે તે વસ્તુ તો ચાલી ગઈ છતાં તેનું જ્ઞાન તારામાં રહ્યું છે.....તે જ્ઞાન ક્યાં રહ્યું છે? જો જોઈએ! ઊંડે – ઊંડે તારામાં જ તે જ્ઞાન રહ્યું છે ને? જ્યાં એ જ્ઞાન રહ્યું છે તે જ તું પોતે ચેતનવસ્તુ છો. વળી વિચારી જો.....ગઈકાલે તેં જે ક્રોધ કરેલ, તેનું અત્યારે તને 'જ્ઞાન' છે – પણ તેવો ક્રોધ જ્ઞાન સાથે અત્યારે થતો નથી; આ રીતે ક્રોધ અને જ્ઞાન જુદા છે; એમ નક્કી કરીને, ક્રોધાદિથી જુદા ચેતનરૂપ ઉપયોગભાવને શોધી લે. (તારામાં જે વેદાઈ જ રહ્યો છે તે ભાવને ઓળખી લે.) એટલે તારી વસ્તુ તને જડી જશે – સ્વસંવેદનમાં આવી જશે.

વળી સાંભળ! તું તારી ચેતનવસ્તુને શોધવા માટે જ્ઞાનમાં જ્યારે મહેનત કરે છે ત્યારે તે જ્ઞાનમાં વિષય – કષાય વગરની, નવી જાતની જ કોઈ શાંતિ ઝાંખી – ઝાંખી વેદાય છે.....ઝાંખી – ઝાંખી હોવા છતાં આવી શાંતિ તેં પહેલાં કોઈ વસ્તુમાં વેદી ન હતી.....તો આવી શાંતિનું વેદન ક્યાંથી આવે છે? જ્યાંથી એ શાંતિનું વેદન આવે છે – જેમાં એ શાંતિ વેદાય છે ને જે એ શાંતિને વેદે છે – તે જ તું પોતે જ છો; તારામાં જ એ બધી ક્રિયાઓ થાય છે. તારી વસ્તુ મહાન શાંતિથી ભરેલી છે, એટલે તેનો વિચાર કરતાં પણ તે શાંતિની સુગંધ આવવા માંડે છે.....એ શાંતિનો દોર પકડીને ઊંડે – ઊંડે ચાલ્યો જા તો શાંતિનો આખો સમુદ્ર તારામાં ઊછળતો તને દેખાશે. થોડી વાર લાગે તો ગભરાઈને પાછો આવીશ મા.....અમે જોયેલી વસ્તુ તને બતાવીએ છીએ; કોઈ કલ્પિત વસ્તુનું વર્ણન નથી કરતા.

'उपयोगलक्षणः जीवः' જીવ ઉપયોગમય છે.... ઉપયોગસ્વરૂપમાં જીવ વસે છે.....જે જીવ છે તે પોતે જ ઉપયોગરૂપ થઈને બધાને જાણે છે. 'હું જાણું છું' એવું જાણપણું જીવ વગર કેમ હોય? 'હું જાણું છું' એટલે જ 'હું જીવ છું' –

આવા પોતાના અસ્તિત્વનું ચેતનમય સ્વસંવેદન થઈ રહ્યું હોવા છતાં તેની કેમ ના પાડો છો? 'હું મને નથી દેખાતો' એમ કેમ કહો છો? અરે, પોતે પોતાનો અભાવ તે કોણ કહે? અસ્તિત્વને દેખવાની વારંવાર ટેવ પાડો તો બીજા બધાથી જુદું તમારું સ્પષ્ટ અસ્તિત્વ તમને દેખાશે.....સ્વાધીન અસ્તિત્વ દેખતાવેંત તમને મહાન આનંદ થશે.....નવું જ જીવન પ્રાપ્ત થશે.




વાહ, વાહ! આ રહ્યોને હું સત્! હું મારામાં છું.
કોણ કહે છે – 'હું નથી'?
મારા સ્વરૂપ – અસ્તિત્વમાં હું મને વેદી જ રહ્યો છું.
'स्व सं वे द्यो हं'

સત્‌ના સાથિયા પુરાવો.....
સ્વાનુભવના વાજાં વગડાવો.....
આજે અવસર અપૂર્વ આનંદના.....

✻ મારા ચેતન પરિણામમાં ઉત્પાદ – વ્યય – ધ્રુવતા છે.
ઉત્પાદ – વ્યય – ધ્રુવતામાં સત્ છે; સત્‌માં મારું સર્વસ્વ છે;
પરિણમન શુદ્ધ થતાં આખો આત્મા શુદ્ધ થયો. ( – પ્રવ. ગા. ૯)
“શુદ્ધે પ્રણમતાં શુદ્ધ, જીવ પરિણામસ્વભાવી હોઈને.”
આત્મા પોતે પોતામાં શુદ્ધપણે પરિણમી રહ્યો છે.
મારા ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દ્રવ્ય-ગુણ-પર્યાય સર્વસ્વ મારામાં છે.
પરના ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દ્રવ્ય-ગુણ-પર્યાય સર્વસ્વ પરમાં છે.
આમ સ્વ-પરને અત્યંત ભિન્નતા છે, કાંઈ જ ભેળસેળ નથી.
ભિન્નતા હોવાથી એકલા – એકલા આત્માને શુદ્ધતા જ છે.
પરસંગ છોડીને પોતાના એકત્વમાં રહેનારને કોઈ અશુદ્ધતા નથી.
આ રીતે હું એક છું.....શુદ્ધ છું.....મારામાં જ પરિપૂર્ણ છું.
– આવી સ્વાનુભૂતિરૂપે હું પરિણમ્યો છું...તેથી –
‘છું એક શુદ્ધ મમત્વહીન હું જ્ઞાનદર્શન – પૂર્ણ છું.’

સંપૂર્ણ શુદ્ધતા-જ્ઞાયકતા-વીતરાગતા-આનંદને પામેલ આત્મા તે દેવ. તેઓ પરમ મંગલરૂપ અને ઉપકારી છે, કેમકે તેમના સ્વરૂપની ઓળખાણથી આત્માનું સાચું સ્વરૂપ ઓળખાય છે, અને તેઓ જે માર્ગે – જે ભાવથી મોક્ષપદ પામ્યા તે માર્ગ – તે ભાવ તેમણે આપણને ઉપદેશ્યા છે. –



અર્હન્ત સૌ કર્મોતણો કરી
નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી,
નિર્વૃત્ત થયા; નમું તમને.

(પ્રવચનસાર ગા. ૮૨)

અહો, આવા પરમાત્મદેવનું નામસ્મરણ પણ મંગલકારી છે.

✽ ભગવાન અરહંતદેવના દર્શન કરતાં એમ વિચાર જાગે છે કે અહો! આ સર્વજ્ઞપ્રભુ કેવા વીતરાગ છે!! વીતરાગતાને લીધે કેવા શોભી રહ્યા છે! તેઓ પણ પૂર્વે સંસારદશામાં સરાગ હતા પણ પછી સ્વરૂપ – સાધન વડે રાગ મટાડી વીતરાગ થયા. માટે નક્કી થાય છે કે આત્મા રાગસ્વરૂપ નથી. આવું મારું સ્વરૂપ સમજતાં હું પણ રાગ મટાડીને વીતરાગ થઈશ. આમ રાગ અને આત્મસ્વરૂપનું ભેદજ્ઞાન તે પરમાત્માના દર્શનનું સત્ફળ છે.

ચાર કલ્યાણક અને અનંતચતુષ્ટયયુક્ત પરમાત્મા દિવ્યધ્વનિ વડે સાક્ષાત્ મોક્ષમાર્ગની જ વર્ષા કરી રહ્યા છે. મોક્ષમાર્ગ પ્રતિપાદક આવા અરિહંત પરમાત્મા મનુષ્યલોકમાં સદાય વિદ્યમાન વિચરે છે, મોક્ષમાર્ગ પણ જગતમાં સદાય છે; ને તે મોક્ષમાર્ગમાં ચાલનારા મુમુક્ષુઓ પણ સદાય છે. વીરપ્રભુનું શાસન પામીને હું પણ મોક્ષમાર્ગના આ પ્રવાહમાં જોડાઈ ગયો છું. પ્રવાહધારા અખંડ છે – નવા નવા જીવો તેમાં જોડાતા જાય છે. તમે પણ આવો ને પ્રભુના માર્ગમાં જોડાવ.

✽ – "અમે તો અજ્ઞાની છીએ!"

ભાઈ, તમે અજ્ઞાની નથી, જ્ઞાની છો. – સાંભળો! તમારામાં જ્ઞાનશક્તિ છે તો અજ્ઞાન થયું છે. જ્ઞાનશક્તિ જ જો ન હોત તો અજ્ઞાનપરિણામ ક્યાંથી થાત? માટે તમે પોતાને અજ્ઞાનમય ન માનો, જ્ઞાનસ્વરૂપી જાણો. જેમ રાગ – પરિણામ થવા છતાં તમે રાગમય નથી પણ વીતરાગસ્વભાવી છો, તેથી રાગ મટીને વીતરાગતા થઈ જાય છે; તેમ તમે પોતાને જ્ઞાનસ્વભાવી જાણો તો અજ્ઞાન કાંઈ છે જ નહીં. 'અજ્ઞાન' એ કોઈ શક્તિ નથી, શક્તિ તો 'જ્ઞાન' છે; – તેને સંભાળો. જ્ઞાનમાં અજ્ઞાન નથી. જો કે જ્ઞાન વિના અજ્ઞાન નથી પરંતુ અજ્ઞાન વિના તો જ્ઞાન છે. – માટે

જ્ઞાનમાં અજ્ઞાન નથી. જેમ આત્માના અસ્તિત્વ વિના રાગ નથી પણ રાગ વિના તો આત્માનું અસ્તિત્વ છે; માટે આત્મા રાગસ્વરૂપ નથી. આત્મા તો રાગથી મોટો છે, તેથી રાગ વગર તે જીવી શકે છે.

જ્ઞાનસ્વરૂપી તું ન હોત તો 'જ્ઞાનાવરણ' કોને આવરત? અને જ્ઞાનાવરણકર્મ ગમે તેવું મોટું હોવા છતાં તારા જ્ઞાનને પૂરું ઢાંકી શકતું નથી, જ્ઞાન ખુલ્લુ તો રહે જ છે. માટે જ્ઞાનાવરણકર્મથી જ્ઞાન મોટું છે. જ્ઞાન પોતાની મહાન – શક્તિ સંભાળીને જાગશે ત્યારે આવરણને તોડીને એવું ખીલશે કે આખા જગતને પોતાનું જ્ઞેય બનાવી દેશે. આવરણ વખતેય જ્ઞાનની નિજશક્તિ ચાલી ગઈ નથી.

* અહા, જેની તાકાતનો એક નાનો અંશ પણ આખા જગતને જાણી લ્યે તેની પૂરી તાકાતનું શું કહેવું? બહારમાં લોક – અલોક અને અંદર પોતામાં અનંતા ગુણ – પર્યાયોની શુદ્ધતા – એ બધાને આનંદસહિત એક સાથે જાણવાની મારા જ્ઞાનની તાકાત છે, – એમ જ્ઞાનશક્તિનું સંવેદન કરતાં અજ્ઞાન તો અલોપ થઈ ગયું.

અજ્ઞાન અલોપ થતાં, જ્ઞાન સ્વ – પર જ્ઞેયને યથાર્થ સ્વરૂપ જાણે છે. પ્રત્યેક વસ્તુ દ્રવ્ય – ગુણ – પર્યાય સ્વરૂપ છે. એ ત્રણે જુદા જુદા નથી. દ્રવ્યમાં ગુણ – પર્યાયો રહેલાં છે; ગુણપર્યાયોમાં દ્રવ્ય રહેલું છે. કથંચિત્ સ્વરૂપભેદ હોવા છતાં વસ્તુતઃ અભેદપણે જે ગુણ – પર્યાય છે તે જ દ્રવ્ય છે, જે દ્રવ્ય છે તે જ ગુણ – પર્યાય છે. બધું એક જ સત્ છે. દ્રવ્ય વગર ગુણ – પર્યાય ન હોય; ગુણપર્યાય વગર દ્રવ્ય ન હોય. ત્રણેની પરસ્પર સિદ્ધિ છે. ગુણ – પર્યાયો વગર દ્રવ્યની સિદ્ધિ ન થાય; દ્રવ્ય વગર ગુણ – પર્યાયની સિદ્ધિ ન થાય. વસ્તુના પરિણામ પ્રત્યેક સમયે ઉત્પાદ – વ્યય – ધ્રુવતાને ધારે છે.....ને એવો પ્રવાહ ત્રિકાળ છે, એટલે ઉત્પાદ – વ્યય – ધ્રુવતા એ સત્વસ્તુનું ત્રિકાળીસ્વરૂપ છે.

સ્વજ્ઞેયના ઉત્પાદ – વ્યય – ધ્રુવ દ્રવ્ય – ગુણ – પર્યાય સ્વમાં જ છે. પરજ્ઞેયના ઉત્પાદ – વ્યય – ધ્રુવ દ્રવ્ય – ગુણ – પર્યાય પરમાં જ છે. મારો કોઈ અંશ પરમાં, કે પરનો કોઈ અંશ મારામાં નથી, તેથી સમસ્ત પરજ્ઞેયો પ્રત્યે મને અત્યંત ઉદાસીનતારૂપ સમભાવ છે, મારા સ્વજ્ઞેયરૂપ જ્ઞાનતત્ત્વમાં જ હું અત્યંત તૃપ્ત સંતુષ્ટ છું.

આવો સ્વ – પરનો વિભાગ કરતાં શુદ્ધાત્માની ઉપલબ્ધિ થાય છે, ને મોક્ષમાર્ગ સધાય છે. વીતરાગ સંતે એ વાત પ્રવચનસાર ગાથા ૧૯૨ – ૧૯૩ માં સમજાવીને શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિનો ઉપાય બતાવ્યો છે : –

એ રીત દર્શન – જ્ઞાન છે, ઈન્દ્રિય – અતીત મહાર્થ છે;
માનું હું આલંબન રહિત જીવ શુદ્ધ નિશ્ચલ ધ્રુવ છે.
લક્ષ્મી, શરીર, સુખ – દુઃખ અથવા શત્રુ – મિત્ર જનો અરે !
જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ – આત્મક જીવ છે.

✻ નવતત્ત્વને હું જ્યારે ભૂતાર્થથી જાણું છું એટલે કે મારા ભૂતાર્થ સ્વભાવને હું અનુભવું છું ત્યારે મારું શુદ્ધતત્ત્વ અજીવ તત્ત્વથી સર્વથા જુદું અનુભવાય છે; એ જ રીતે રાગરૂપ પુણ્ય – પાપ – આસ્રવ – બંધતત્ત્વો મારા શુદ્ધ જીવતત્ત્વથી જુદા રહી જાય છે, ને ચેતનારૂપ સંવર – નિર્જરા – મોક્ષ તત્ત્વો મારા શુદ્ધતત્ત્વમાં અભેદ અનુભવાય છે; આ રીતે નવતત્ત્વોનો વિભાગ થતાં ભૂતાર્થપણે મારું એક શુદ્ધ – જીવતત્ત્વ જ ચૈતન્યભાવમય પ્રકાશે છે. એ અનુભૂતિ ઈન્દ્રિયાતીત છે, એમાં મને મારા આત્મા સિવાય બીજા કોઈનું અવલંબન નથી; આવા મારા સ્વતત્ત્વનો મને કદી વિયોગ નથી, તેથી મારે માટે હું પોતે ધ્રુવ છું; સર્વ સ્વભાવસંપન્ન હું મહાન પદાર્થ છું. શુદ્ધાત્મતત્ત્વની આવી ભાવનાથી સમ્યક્ત્વાદિ શુદ્ધતારૂપ પરિણમન થાય છે.

જે ભાવના પ્રમાણે કાર્ય થઈ શકે તે જ સાચી ભાવના છે.
જે ભાવના પ્રમાણે કાર્ય ન થઈ શકે તે ભાવના સાચી નથી. જેમકે —

(૧) શરીર મારું — એવી જડ — ચેતનની એકતાની ભાવના અજ્ઞાની જીવ કરે છે, પણ જડ — ચેતનની એકતા કદી થઈ શકતી નથી; આત્મા કદી જડ થઈ શકતો નથી, જડ કદી ચેતન થઈ શકતું નથી; માટે તે ભાવના મિથ્યા છે, નિરર્થક છે.

(૨) જ્ઞાન અને રાગની ભિન્નતાની ભાવના સત્ય અને સાર્થક છે, કેમકે તે ભાવના — અનુસાર કાર્ય થાય છે, જ્ઞાન અને રાગ જુદા પડે છે.

(૩) આત્મા અને તેની પર્યાયની ભિન્નતાની ભાવના નિષ્ફળ છે, કેમકે આત્મા અને તેની પર્યાય કદી જુદા પડી શકતા નથી; મોક્ષમાંય આત્મા પર્યાયરૂપ તો રહે જ છે, આત્માને પર્યાય વગરનો કદી કરી શકાતો નથી.....માટે તેમના ભેદની ભાવના સાચી નથી.

મિથ્યાત્વરૂપ આત્માને જીવે ચિરકાળથી અનાદિથી ભાવ્યો છે. સમ્યક્ત્વરૂપ આત્માને જીવે પૂર્વે કદી ભાવ્યો નથી; તેથી હવે હું સમ્યક્ત્વરૂપ પરિણમીને તેને જ સદા ભાવું છું.

*   *   *

## 卐 'શુદ્ધનય ભૂતાર્થ છે' 卐

### આત્માના સ્વભાવભૂત ભાવ તે ભૂતાર્થ છે.

શુદ્ધદ્રવ્ય — ગુણ — પર્યાયસ્વરૂપ ભૂતાર્થસ્વભાવ છે, તેમાં ભેદ પાડ્યા વગર આખા સ્વભાવને એકસાથે અનુભવે છે તે ભૂતાર્થના અનુભવરૂપ શુદ્ધનય છે. આ શુદ્ધનય નિર્વિકલ્પ છે, સમ્યગ્દર્શનરૂપ છે. (આ શુદ્ધનય શુદ્ધસ્વભાવ અને અશુદ્ધતાને જુદા પાડે છે; પરંતુ

શુદ્ધવસ્તુમાં દ્રવ્ય – ગુણ – પર્યાયના ભેદ નથી પાડતો.)

(પંચાધ્યાયીમાં આ વાત આવે છે : અ. ૧ ગા. ૨૪૬ – ૨૪૭; તથા કલશ – ટીકા : ૯)

દ્રવ્ય – પર્યાયના ભેદરૂપ જે દ્રવ્યાર્થિકનય છે તે અનુભવ વખતનો નય નથી, તે તો વિકલ્પવાળો છે કેમકે ભેદ પાડીને એક એક ધર્મને ગ્રહણ કરે છે. (પરવસ્તુમાં પણ પર્યાય ગૌણ કરીને દ્રવ્યને દેખવું તે દ્રવ્યાર્થિકનય છે.)

વસ્તુના પૂરેપૂરા શુદ્ધસ્વરૂપને ગ્રહણ કરીને જ તેનો સાચો અનુભવ થઈ શકે. વસ્તુના શુદ્ધસ્વરૂપમાં પણ ભાગલા પાડીને, એકેક ભાગના ગ્રહણ વડે વસ્તુનું સાચું સ્વરૂપ અનુભવમાં આવતું નથી. આ બાબતમાં હાથી અને છ અંધનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે : હાથીની સૂંઢ – પૂંછડી – કાન – પગ વગેરે એકેક અંગને જ પકડીને તેને જ આખો હાથી માની લેનાર આંધળાને સાચા હાથીનું જ્ઞાન થતું નથી. બધા અંગ સહિત આખા હાથીને જે જાણે છે તેને જ સાચા હાથીનું જ્ઞાન થાય છે; તેમ આત્મામાં સમજવું.

ભૂતાર્થસ્વભાવનો ગ્રાહક જે શુદ્ધનય છે તે બધા જ સ્વભાવધર્મો સહિત વસ્તુને એકપણે – શુદ્ધપણે ગ્રહણ કરે છે, તેના કોઈ સ્વભાવને છોડી દેતો નથી. શુદ્ધનયરૂપ જ્ઞાનપર્યાય છે તે પણ વસ્તુનો સ્વભાવ છે, તેથી અભેદઅનુભૂતિમાં 'શુદ્ધનય ભૂતાર્થ છે' એમ કહ્યું. 'ભૂતાર્થ'માં શુદ્ધપર્યાયનો અભાવ નથી. 'પર્યાયના ભેદનો' અભાવ છે. દ્રવ્ય – ગુણ – પર્યાય એવા ત્રણેય ભેદ અભૂતાર્થ છે, તે ભેદવડે પરમાર્થ જીવનું ગ્રહણ થતું નથી – એ વાત 'અલિંગગ્રહણ' ના અર્થોમાં (૧૮ – ૧૯ – ૨૦ બોલમાં) આચાર્યદેવે સ્પષ્ટ સમજાવી છે. ત્યાં આચાર્યદેવે આત્મા અને તેની શુદ્ધપર્યાય વચ્ચેના ભેદનો વિકલ્પ મટાડવા 'શુદ્ધપર્યાય તે આત્મા છે' એમ કહ્યું છે, પણ

આત્મા શુદ્ધપર્યાયથી જુદો છે — એમ નથી કહ્યું. — તેમાં તો તે કાળે તન્મય છે. દ્રવ્ય — પર્યાયના ભેદ વડે પરમાર્થ આત્માનું ગ્રહણ થતું નથી એટલે કે તે અનુભવમાં આવતો નથી.

વસ્તુસ્વભાવ તે નિજધર્મ છે : 'वत्थुसहावो धम्मो।' આત્માના શુદ્ધ અનંત ગુણ — પર્યાયરૂપ સ્વભાવ તે નિજધર્મ છે. આવા નિજધર્મનો ધારક જીવ પરમ શુદ્ધ છે, તે નિશ્ચય છે.

તારા એક પણ સ્વધર્મને તું છોડીશ ના.
પરના એક પણ ધર્મને પોતાના માનીશ મા.

આ રીતે સ્વધર્મના ગ્રહણવડે તું પરમાત્મા બની જઈશ. કોઈપણ પરના ધર્મનું ગ્રહણ કરવા જઈશ તો દુઃખી થઈશ.

**નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે;**
**જાણે — જુએ જે સર્વ, તે હું — એમ જ્ઞાની ચિંતવે.**

મારા સ્વ — આત્મપ્રદેશમાં અન્ય કોઈપણ વસ્તુના
દ્રવ્ય — ગુણ — પર્યાય નથી.

મારા દ્રવ્ય-ગુણ-પર્યાયનો સમસ્ત વૈભવ મારા સ્વ-
આત્મપ્રદેશમાં જ ભર્યો છે.

અસંખ્યપ્રદેશી આત્મવસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે
કોઈ ક્ષેત્રભેદ નથી.

કથંચિત્ ભાવભેદ એવો છે કે — દ્રવ્ય તે એકગુણ કે પર્યાય નથી, ને એકગુણ કે પર્યાય તે જ દ્રવ્ય નથી. આમ છતાં વસ્તુપણે એવો અભેદભાવ છે કે જે દ્રવ્ય છે તે જ ગુણ — પર્યાય છે, ને જે ગુણ — પર્યાય છે તે જ દ્રવ્ય છે. આવા અભેદભાવમાં આખો આત્મા સમાય છે; અભેદઅનુભૂતિ તે આત્માનું સર્વસ્વ છે.

હે ભવ્ય! તારા ગુણ – પર્યાયોને જ તું સૌથી વહાલા કર... કેમકે તે તું જ છો. પોતાના ઉપર તો પોતાને પ્રેમ હોય જ. રત્નત્રયને જે પોતાના આત્માથી અભેદ ભાવે છે તેને જ રત્નત્રય-ધર્મનું સાચું વાત્સલ્ય છે; રત્નત્રયને જે આત્માથી જુદો માને તેને તેનું સાચું વાત્સલ્ય નથી એટલે તેની પાસે સમ્યક્ત્વાદિ ગુણો જ નથી.

## 卐 સા ધ ક 卐

સાધક અંતરાત્મા મિશ્રભાવવાળા હોય છે; તેમાં એક સમ્યક્ત્વ – જ્ઞાનચેતનારૂપ વીતરાગી શુદ્ધભાવ છે; અને તે જ આત્માની અવસ્થામાં ‘બીજા’ રાગદિ વિભાવ પણ છે. આમ શુદ્ધભાવ અને વિભાવ બંને ભાવની ધારા તે આત્મામાં એકસાથે વર્તતી હોવાથી તેને મિશ્રભાવવાળો કહીએ છીએ.

ત્યાં વિશેષતા એ છે કે તેમાં જે સમ્યક્ત્વાદિ શુદ્ધપરિણતિ છે તે તો શુદ્ધ જ છે; સમ્યક્ત્વ – જ્ઞાનચેતના કે સુખ – તે કાંઈ રાગવાળાં અશુદ્ધ થઈ જતાં નથી. તે શુદ્ધભાવોની જ સાધકને પ્રધાનતા છે, ને તે જ તેનું ચિહ્ન છે. સાધકપણું અને મોક્ષમાર્ગ તે શુદ્ધભાવની ધારાવડે જ સધાય છે. એટલે સાધક – જ્ઞાનીની ભૂમિકામાં યત્કિંચિત્ રાગાદિ દેખો ત્યારે પણ તેની રાગથી અલિપ્ત જ્ઞાનચેતનાને ભૂલશો નહિ. રાગ જેને ડગાવી શકતો નથી એવી તે અચલ છે. જુઓ, ભરતચક્રીએ ક્રોધપૂર્વક બાહુબલી – પોતાના ભાઈને મારવા ચક્ર છોડ્યું – તે વખતેય તે ક્રોધ તે ધર્માત્માના સમ્યક્ત્વને કે તેની જ્ઞાનચેતનાને ડગાવી શક્યો નથી, મલિન કરી શક્યો નથી, નષ્ટ કરી શક્યો નથી. ક્રોધ સામે અડગપણે ટકી રહેવાનું અપાર સામર્થ્ય તે સમ્યક્ત્વચેતનામાં છે.....તે મહાન છે.

ક્રોધના સામર્થ્ય કરતાં જ્ઞાનચેતના ઘણી જ બળવાન છે.....તેને ઓળખતાં જ જ્ઞાનીનું હૃદય ઓળખાય છે, ને પોતાનેય ભેદજ્ઞાન થાય છે. ' – અમને એમ થયું છે.' (જુઓ પાનું : ૨૦૩)

ચેતનધારા છે તે મોક્ષની સાધક છે. જેટલી ચેતનધારા છે તેટલું સુખ નિરંતર છે; ધર્મીને સંક્લેશ પરિણામ વખતેય તે સુખધારા વર્તી રહી છે; ને જેટલી કષાય – કર્મધારા છે તેટલું દુઃખ છે; પણ મોક્ષને સાધવાનું તે વખતેય ચાલુ હોવાથી તે ધર્મીને દુર્ગતિનું કે વિશેષ વ્યાકુળતાનું કારણ થતી નથી. પ્રતીતમાં – જ્ઞાનમાં આત્મસ્વરૂપ બરાબર આવ્યું છે, પણ પરિણમનમાં હજી પૂરું આવ્યું નથી, શુદ્ધતાનું પરિણમન શરૂ થયું છે પણ હજી પૂરું નથી થયું. જુઓને, ચોથા ગુણસ્થાને સમ્યક્ત્વ તો ક્ષાયિક થઈ ગયું છતાં હજી રાગ તો રહ્યો; – એક સાથે ક્ષાયિકભાવ ને ઉદયભાવ બંને વર્તે છે. સમ્યક્ત્વગુણ સર્વગુણોમાં ફેલાયેલો છે તેથી તેના પ્રતાપે સર્વ ગુણોમાં થોડી થોડી તો શુદ્ધતા થઈ છે. એકેક ગુણ પોતાનો સ્વાદ બધા ગુણોને આપે છે. – પણ વિકારભાવને કોઈ ગુણો સાથ આપતા નથી, તેને જુદો જ રાખે છે; ગુણના આધાર વિનાનો તે નિરાધાર છે, લાંબુ જીવી શકતો નથી.

સમ્યગ્દષ્ટિને શ્રદ્ધાની પરિણતિ સમ્યક્ શ્રદ્ધારૂપ છે, જ્ઞાનની પરિણતિ જ્ઞાનચેતનારૂપ છે; ચારિત્ર – પરિણતિમાં કેટલીક શુદ્ધિ થઈ છે, કેટલોક વિકાર પણ છે. જેટલા અંશે રત્નત્રયની શુદ્ધતા છે તે તો મોક્ષની જ સાધક છે, તેના વડે કર્મબંધન થતું નથી. જેટલા અંશે રાગાદિ – અશુદ્ધતા છે તેટલો અપરાધ છે, તે બંધનું કારણ થાય છે, તે મોક્ષનું કારણ થતું નથી. – આમ બંને ધારા પોતપોતાનું કામ કરે છે; એકબીજાનું કામ કરતી નથી, ને એકબીજાનું કામ રોકતીય નથી. ચોથા ગુણસ્થાનનો રાગ તેના સમ્યક્ત્વને નથી બગાડતો, અને ચોથા ગુણસ્થાનનું સમ્યક્ત્વ ત્યાંના

રાગનો નાશ નથી કરતું. અનંતાનુબંધી કષાયને અને સમ્યક્ત્વને સાથે રહેવામાં વિરોધ છે, પણ બીજા કષાયોને અને સમ્યક્ત્વને સાથે રહેવામાં વિરોધ નથી. – આમ મિશ્રભાવોમાં પણ બંને પ્રકારના ભાવોની ભિન્નતા જાણો. સાધકને આત્મા સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થયો છે, જ્ઞાનચેતના પ્રગટી છે; પણ સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન વગર પરમાત્મા થવાતું નથી. બારમાગુણસ્થાને સંપૂર્ણ જ્ઞાન વગર તેને પરમાત્મા ન કહ્યા, અંતરાત્મા કહ્યા; ત્યાંસુધી સાધકભાવ કહ્યો; કેવળજ્ઞાન થતાં સાધક મટીને સ્વયં સાધ્ય – પરમાત્મા થયા.

તે સર્વજ્ઞ પરમાત્માને નમસ્કાર હો.

卐 અહો સર્વજ્ઞસ્વભાવી કેવળીભગવાન! આપનો સ્વીકાર ઈન્દ્રિયજ્ઞાન વડે થઈ શકતો નથી; આપ અતીન્દ્રિયજ્ઞાનના જ વિષય છો. છતાં જેઓ આપને ઈન્દ્રિયનો વિષય બનાવવા માંગે છે તેઓ ખરેખર આપના પરમાત્મસ્વરૂપને ઓળખતા નથી. અરે, શું એક સૂક્ષ્મ જડપરમાણુ કરતાંય આપ સ્થૂળ છો કે ઈન્દ્રિયગમ્ય બનો? – નહીં, નહીં. અરે, એક છૂટો મૂર્ત – પરમાણુ પણ એવો સૂક્ષ્મ છે કે ઈન્દ્રિયજ્ઞાનનો વિષય થઈ શકતો નથી, અતીન્દ્રિયજ્ઞાનનો જ તે વિષય છે; તો પછી અમૂર્ત જ્ઞાન – આનંદમય અતીન્દ્રિય – પરમાત્મા તો ઈન્દ્રિયજ્ઞાનના વિષય કેમ થાય? અરે, શું તે ચેતન – પરમાત્મા જડપરમાણુ કરતાંય સ્થૂળ છે કે તેને ઈન્દ્રિયજ્ઞાનના વિષય કહો છો? અરે, પરમાત્માની મહાનતા તમે જાણી નથી, તમારું જ્ઞાન જ અત્યંત સ્થૂળ ઈન્દ્રિયાધીન છે, તેથી તમને પરમાત્માની સ્તુતિ કરતાં આવડતી નથી. પરમાત્મા – સર્વજ્ઞને ઈન્દ્રિયના વિષય કહેવા તે તેમની સ્તુતિ નથી અપિ તુ અવર્ણવાદ છે; તે જ્ઞાનસ્વભાવી પરમાત્માને અતીન્દ્રિયજ્ઞાનથી ગ્રહણ કરવા તે જ તેમની પરમાર્થ સ્તુતિ છે. એ વાત કુંદકુંદસ્વામીએ સમયસાર

ગાથા ૩૧ માં તથા પ્રવચનસાર ગા. ૮૦ માં કહી છે, કે જ્ઞાનસ્વભાવી આત્માનું સ્વસંવેદન તે જ કેવળી ભગવાનની પરમાર્થ સ્તુતિ છે. તે સ્તુતિ રાગવડે કે ઇન્દ્રિયજ્ઞાનવડે થઈ શકતી નથી. અતીન્દ્રિયચેતનારૂપ ને અતીન્દ્રિય સુખરૂપ થયેલા ભગવાન અર્હંતદેવને વિકલ્પાતીત જ્ઞાનવડે ઓળખતાં આત્માનું પરમાર્થ સ્વરૂપ ઓળખાય છે ને સમ્યગ્દર્શન થાય છે.

## હે જિજ્ઞાસુ! જેને તું શોધે છે તે તું જ છો

એક જિજ્ઞાસુ કોઈ જ્ઞાનવાન પુરુષને ઓળખી તેની પાસે ગયો અને પૂછ્યું – અમને શુદ્ધચેતનવસ્તુની પ્રાપ્તિ કરાવો!

ત્યારે તે જ્ઞાનીએ કહ્યું – બીજા એક જ્ઞાનવાન છે તેમની પાસે જાઓ, તે તમને બતાવશે.

જિજ્ઞાસુ ત્યાં ગયો ને પ્રાર્થના કરી : અમને ચેતનવસ્તુની પ્રાપ્તિ કરાવો.

ત્યારે તે બીજા જ્ઞાનીએ તેને કહ્યું – નજીકમાં મીઠા પાણીનો દરિયો છે તેમાં એક મચ્છ રહે છે, તે જ્ઞાની છે, તેની પાસે જાઓ, તે તમને ચૈતન્યની પ્રાપ્તિનો ઉપાય બતાવશે.

તેમની સલાહ સ્વીકારી તે જિજ્ઞાસુ દરિયાના માછલા પાસે ગયો, ને કહ્યું – અમને અમારા શુદ્ધચૈતન્યની પ્રાપ્તિ – અનુભૂતિ કરાવો.

ત્યારે મચ્છે મીઠાસથી જવાબ આપ્યો : – ભલે, પણ અમારું એક કામ છે તે પહેલાં કરો, તો પછી તમને ચૈતન્યવસ્તુ બતાવીએ. તમે મહાન જિજ્ઞાસુ છો ને પરાક્રમી છો તેથી ચૈતન્યવસ્તુની પ્રાપ્તિ માટે અહીં સુધી આવ્યા છો; તેથી તમે અમારું કામ જરૂર કરશો;

ને અમારું કાર્ય થતાં તમારું કાર્ય પણ ચોક્કસ કરશું — એ નિયમથી જાણો.

જિજ્ઞાસુએ કહ્યું — તમારું કામ જરૂર કરશું, — માટે બતાવો.




મચ્છે કહ્યું — ભાઈ! હું ઘણાય વખતનો તરસ્યો છું, પાણી વગર તરફડું છું, માટે ક્યાંયથી પાણી લાવી આપો; તમારો ઉપકાર થશે. મહાજનની રીત છે કે દુઃખીને મદદ કરે; માટે તમે પાણી લાવીને મારી તરસ મટાડો.....હું તમને ચિદાનંદ વસ્તુ પ્રત્યક્ષ બતાવીને તેની પ્રાપ્તિ કરાવીશ.

ત્યારે તે જિજ્ઞાસુ પુરુષ આશ્ચર્યથી કહેવા લાગ્યો — અરે, તમે એમ કેમ કહો છો કે પાણી લાવો! આ મીઠા પાણીના દરિયામાં તો તમે સદાય રહો જ છો. જે દરિયામાં તમે રહો છો તે તરફ જુઓ.....પાણી ભર્યું જ છે.

ત્યારે મચ્છ બોલ્યો — હે જિજ્ઞાસુ ભાઈ! તમે પણ મારી જેમ જ કરી રહ્યા છો. વિચાર કરો — તમે પોતે ક્યાં રહો છો? તમે જ્યાં રહો છો ત્યાં જ ચૈતન્યનો દરિયો ભર્યો છે, તમે પોતે જ ચૈતન્યસ્વરૂપ છો, છતાં ચૈતન્યને બહાર શોધવા કેમ નીકળ્યા છો?

તમારામાં ભરેલા ચૈતન્યદરિયા તરફ જુઓને! સન્દેહ ન કરો.....ને ચૈતન્યસ્વરૂપે જ પોતાને અનુભવો. અનાદિથી ભૂલ્યા, છતાં તમારો જ્ઞાનભાવ મટી ગયો નથી, જ્ઞાનસમુદ્રમાંથી તમે બહાર નીકળી ગયા નથી. સ્વયં પોતે જ્ઞાનસ્વરૂપ છો, જ્ઞાન પોતે પોતાને બીજે શોધે તે આશ્ચર્ય છે. 'હે જીવ! જેને તું શોધે છે તે તું પોતે જ છે. – માટે અંતર્મુખ થઈને સ્વસંવેદન કર.'

જિજ્ઞાસુ તો પોતાનું સ્વરૂપ પોતામાં દેખીને સ્તબ્ધ થઈ ગયો.....ને માછલું ક્યાં અલોપ થઈ ગયું – તેની ખબરે ન પડી. પણ તેના ઉપદેશના પડઘા હજી સંભળાય છે.....

* વસ્તુ પોતે પોતાના સ્વરૂપમાં જ છે.....તેને બહાર ન શોધો.
* વસ્તુ પોતાના સ્વભાવનો ત્યાગ કોઈ કાળે ન કરે.
* વસ્તુના સ્વરૂપનો મહિમા અનંત છે, અચિંત્ય છે, અમિટ છે.
* પોતામાં ઉપયોગ મૂકીને જોવું – એ જ સ્વરૂપને પામવાની રીત છે.
* સંતોએ ને ગ્રંથોએ માર્ગ બતાવ્યો છે, પણ ઉપયોગ પોતે અંદર જાય તો પોતાની વસ્તુ પોતાને પ્રાપ્ત થાય.

પોતામાં જ વસ્તુ પ્રાપ્ત થતાં મહાન આનંદ થાય
– એ જ 'સ્વાનુભવ – પ્રકાશ' છે.

## મારે નિજાનંદને ભેટવું છે –

એવું ભેટવું છે કે તે – રૂપે જ હું થઈ જઉં
હું જ આનંદ છું, – આનંદસ્વરૂપમાં તન્મય થઈને ભેટવા

હું મારા આત્મસ્વરૂપની એકની જ પરમ પ્રીતિ કરીને, અન્ય સમસ્ત પદાર્થોમાં ઈષ્ટ – અનિષ્ટભાવના છોડું છું; રાગ – દ્વેષરૂપ સમસ્ત ચિંતા મટાડીને, નિજાનંદી પ્રભુએ એકને જ ધ્યાનમાં ધ્યાવી – ચિંતવી – તેમાં જ ઉપયોગને લીન કરી, મારા સમસ્ત દ્રવ્યગુણપર્યાયને આનંદમય કરી દઉં છું. – આ મારી સ્વસમયરૂપ સમાધિ છે.

મારું દ્રવ્ય મારી આનંદપરિણતિરૂપે દ્રવી રહ્યું છે. આત્મદ્રવ્યને પોતાના આનંદમય દ્રવણમાં (પરિણમનમાં) એવી એકરસતા થઈ છે કે બહારના કોઈપણ પરિષહની વેદના તેમાં ઘૂસી શકતી નથી. આનંદરસના આસ્વાદમાં તૃપ્ત આત્માને બહારની કોઈ અપેક્ષા જ રહી નથી, – એટલે બહારમાં ઈન્દ્રપદની સમ્પદા હો કે કોઈ ઘોર ઉપદ્રવ હો, – બંને તેને તો સરખા જ છે, – પોતાથી બાહ્ય જ છે. અહા, ચિત્ત તો પરમેશ્વરમાં લીન થયું છે – ત્યાં પરમાનંદની શી વાત!!

પહેલાં સમ્યગ્જ્ઞાને આત્મસ્વરૂપનો ઉત્કૃષ્ટ મહિમા જાણી લીધો છે; તેમાં એટલી બધી સુંદરતા છે કે તેને જાણતાં જ્ઞાનમાં મહાન આનંદ થયો છે; દ્રવ્ય – ગુણ – પર્યાય – પ્રદેશો બધાય આનંદરસમાં તરબોળ છે. અહા, આત્મસાધનાના પહેલા પગલામાં જ આવી મજા છે. પછી તેમાં લીનતારૂપ સમાધિ થાય ત્યારે તો બહારમાં દુઃખાદિ પ્રસંગની વેદનાને પણ આત્મા વેદતો નથી, જ્ઞાન પોતાના સહજ સુખના વેદનમાં જ મગ્ન છે. એ રીતે આત્મસમાધિવડે જ્ઞાન – સુખનું વેદન વધતાં – વધતાં, સર્વ આવરણને તોડીને આત્મા પોતે પરમસુખી પરમાત્મા થઈ જશે. – તેને હવે તો થોડીક જ વાર છે. – તે માર્ગમાં ઝડપથી ચાલી રહ્યા છીએ.

# અભેદમાંથી ભેદ ઊપજ્યો છે... ભેદ છે તે અભેદને સિદ્ધ કરે છે

"જ્ઞાનસ્વરૂપ આત્મા છે" એવો જે ગુણ – ગુણી ભેદ ઉપજ્યો છે તે અભેદવસ્તુના અસ્તિત્વમાંથી ઊઠ્યો છે. "જ્ઞાન તે આત્મા" એવો ગુણ – ગુણીભેદ કાંઈ જડમાંથી નથી ઊઠ્યો, રાગમાંથી પણ નથી ઊઠ્યો, પણ જ્યાં ગુણ અને ગુણીનું અસ્તિત્વ છે એવી એક ચૈતન્યવસ્તુમાંથી તે ભેદ ઊઠ્યો છે; ને તે વસ્તુને અનુભવતાં તે બંને ભેદ તેમાં જ સમાઈ જાય છે.

આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે તો 'જ્ઞાન તે આત્મા' એવો ભેદ ઊઠે છે; જો આત્મા જ્ઞાનસ્વરૂપ ન હોય તો એવો ભેદ ક્યાંથી ઊઠે ? માટે 'ભેદ' (ગુણભેદ) જ્યાંથી ઊઠે છે ને જેમાં સમાય છે ત્યાં જા.....તો ભેદદ્વારા તને અભેદની પ્રાપ્તિ થશે, ગુણદ્વારા વસ્તુની પ્રાપ્તિ થશે. ગુણસ્વરૂપ તો વસ્તુ જ છે, – બીજું કોઈ નથી. આ રીતે ગુણનો ભેદ અભેદવસ્તુને જાણવામાં કારણ છે ( – વ્યવહાર છે તે પરમાર્થનો પ્રતિપાદક છે) : ગુણ સાધન છે, વસ્તુ સાધ્ય છે. ગુણ – ગુણીની એકતાદ્વારા ભાવશ્રુતરસ ઝરે છે....તેને પી – પીને આત્મા અમર થાય છે.

ગુણ – ગુણીનો સમ્યક્ વિચાર આત્માને અન્ય પદાર્થોથી જુદો રાખે છે; અન્યના સંબંધ વગરના એકલા ગુણગુણીમાંથી રાગદ્વેષનું પણ ઉત્થાન થઈ શકતું નથી, એટલે રાગદ્વેષથી પણ આત્માને જુદો રાખે છે; અને 'જ્યાં ચેતન ત્યાં સર્વગુણ' – જ્યાં એક ગુણ છે ત્યાં સર્વ ગુણ છે – એ ન્યાયે અનંતગુણસંપન્ન અવિકારી આત્માની સ્વાનુભૂતિ કરાવે છે. અહા, જૈનધર્મના વ્યવહારમાં પણ પરમાર્થ કેવો સમાયેલો છે !!

સ્વાનુભૂતિની ભાવનામાં પહેલાં સ્વ – પરનું ભેદજ્ઞાન કરીને, ‘હું જ્ઞાન.....હું આત્મા’ એમ પોતામાં ‘અહં’ ભાવ વારંવાર ઘુંટાય છે; પછી ઊંડે ઉતરતા ‘‘અહં’’ એવા વિચાર છૂટીને અસ્મિ ‘હું છું’ એવો ભાવ વેદાય છે.....‘હું દર્શનજ્ઞાનમય છું, – એવા સ્થૂળ ભેદભાવ ત્યાં રહેતાં નથી; – અત્યંત સૂક્ષ્મ વિચાર હોય છે; પછી તે સૂક્ષ્મ વિચારને પણ ઓળંગી જઈને; વિકલ્પ – વિચાર વગર, સ્વરૂપ – સત્તામાત્રનો સ્વસંવેદનભાવ રહે છે, – તે નિર્વિકલ્પ આનંદસમાધિ છે. ત્યાં આત્મા પોતાના એકસ્વરૂપમાં જ એકરસ છે, બીજો કોઈ રસ નથી, કોઈ ભેદવિચાર નથી. સ્વરૂપ આખું સત્તામાત્ર પોતે પોતામાં પરિણમી રહ્યું છે. વિકલ્પો – ભેદો બધા થાકીને બહાર અધવચ્ચે અટકી ગયા, મન પણ થાક્યું, પરમ શાંતિમય ચૈતન્ય ઉપયોગ એકલો અંદર પોતાના ઉત્પત્તિસ્થાન સુધી પહોંચીને તેમાં એવો તન્મય થયો કે

**અદ્વૈતના આ મહાન આનંદમાં કોઈ દ્વૈત દેખાતું નથી, દ્રવ્ય-પર્યાય જરાય જુદા અનુભવાતા નથી. – આ પરમાત્માનો વિલાસ છે.... સ્વરૂપની સિદ્ધિ છે.....સર્વે ધર્માત્માઓની અનુભૂતિ છે ને પરમાત્માની સાક્ષી છે.**

‘અહો, શ્રી પંચપરમેષ્ઠી ગુરુઓનો ઉપદેશ આવું નિર્વિકલ્પ – ચૈતન્યઅમૃત પીવડાવે છે. ભવ્ય સાધર્મીઓ! આ અમૃતને પીઓ.....રે.....પીઓ! સ્વ – પર ભેદજ્ઞાનના નિરંતર અભ્યાસથી તમારા જ ચૈતન્યપાતાળમાંથી આવા આનંદરસનો ફૂવારો ઊછળશે. થાકશો નહિ, હતાશ થાશો નહિ. શંકા કરશો નહિ, એક જ લગનથી ચૈતન્ય – સ્વરૂપમાં લાગ્યા રહેજો, દિનરાત ક્ષણ – પળ પ્રયત્ન કર્યા

**જ કરજો.....મહાન ઉલ્લાસ રાખજો.....તમને બહુ મજા આવશે.....ને આનંદની સિદ્ધિ થશે.....**

ક્યારેક બેચેની થાય.....મન મૂંઝાય.....ધીરજ ખૂટતી લાગે તો વગર વિલંબે, વગર સંકોચે આત્મજ્ઞાની પાસે જઈને હૃદય ખોલી નાંખજો.....તે જ્ઞાનીની એક જ દૃષ્ટિ – મીઠીમધુરી ચૈતન્યની વાત તમારી હતાશાને તરત જ ખંખેરી નાંખશે ને તમારા આત્માને સ્વરૂપ સાધવાની અખંડધારામાં જોડી દેશે.

સાચી આત્મલગની કરો.....તો કાર્યસિદ્ધિને વાર નથી. જૈનશાસન અને જ્ઞાનીજનો તમારી પાસે જ છે. તત્ક્ષણ 'સ્વાનુભૂતિનો પ્રકાશ' કરો. (આશીષ!)

## ✻ ભેદજ્ઞાન પ્રગટ કરવાના વિચાર ✻

અનંતસ્વભાવી આત્મા; તેનું જ્ઞાનકાર્ય મુખ્ય. તે પોતાના જ્ઞાનકાર્ય વડે જડને – વિભાવને જાણે ત્યારે, 'હું જ્ઞાન છું' એવા જ્ઞાનસ્વાદને ભૂલી જાય છે ને અજ્ઞાનનો સ્વાદ લ્યે છે.....અજ્ઞાનનો સ્વાદ એટલે મોહનો સ્વાદ તે દુઃખ છે.

હવે ભેદજ્ઞાન આ પ્રમાણે કરવું કે – હું જાણનાર જ્ઞાનસ્વભાવી છું, જ્ઞાન સાથે મારા અનંતસ્વભાવો તન્મય છે. આવા જ્ઞાનસ્વભાવથી હું પોતે પોતામાં જ જ્ઞાનરૂપે પરિણમી રહ્યો છું; તે જ્ઞાનનો સ્વાદ મહા આનંદરૂપ છે. આવું જ્ઞાનવેદન તે સુખ છે; તેમાં મોહ નથી. એટલે જડને કે વિભાવને જાણવા છતાં તેમાં ક્યાંય તે

જ્ઞાન મોહિત થતું નથી, તેના સ્વાદને પોતાના સ્વાદમાં ભેળવતું નથી; પોતાનો ચૈતન્યસ્વાદ પોતામાં જ લીધા કરે છે.

જ્ઞાનસ્વાદ એકદમ શાંત છે. વિભાવનો સ્વાદ વ્યાકુળ છે.
જડમાં તો કોઈ સ્વાદ જ નથી, અથવા જડસ્વાદ છે.

* શરીર તો આખેઆખું જડરૂપ અચેતન પ્રત્યક્ષ છે, તેમાં ચેતનાનો પ્રવેશ કદી થતો નથી.

* ચેતના કદી જડ થતી નથી; શરીર કદી ચેતનામાં પ્રવેશતું નથી; જુદેજુદા રહે છે.

* અનંતવાર જડ શરીરના સંયોગ આવ્યા ને છૂટ્યા, છતાં દર્શન – જ્ઞાનસ્વરૂપ આત્મા તો ઉપયોગસ્વરૂપ જ રહ્યા કર્યો છે. તે ઉપયોગ જ હું છું.

* આત્મા ઉપયોગી; શરીર 'અનુપયોગી.' બંનેની ભિન્નતા સ્પષ્ટ છે.


* રાગદ્વેષાદિ વિભાવ જો કે ચેતન નથી, પણ જ્યાં ચેતનનું અસ્તિત્વ હોય ત્યાં જ તે થઈ શકે છે, એટલે પહેલાં – મુખ્ય ચેતનઅસ્તિત્વ છે. જ્યાં જ્યાં રાગદ્વેષ દેખાય ત્યાં ત્યાં પહેલાં ચેતનને તું જોઈ લે. તે ચેતન તને મહાન દેખાશે; પછી મહાન ચેતન સાથે વિજાતીય રાગાદિકનો સંબંધ કરતાં તને શરમ થશે, એટલે તું એ રાગદ્વેષનો સંબંધ તોડી તારા ચેતનભાવમાં જ રહીશ. – આ જ ભેદજ્ઞાન છે.

ઉપયોગ અને રાગની ભિન્નતા જિનવાણીએ સર્વત્ર દેખાડી છે; સંત – ધર્માત્માઓએ પોતામાં અનુભવી છે. ભાઈ! તારો અસલી ચેતનસ્વભાવ કદી મટી શકે નહિ. 'ચેતનસ્વભાવી' તું

**વિદ્યમાન છો, તો તેની વિકૃતિરૂપ રાગાદિક થાય છે. ચેતનસ્વભાવી તું વિદ્યમાન ન હો તો રાગાદિક કેવી રીતે થાય? માટે એકલા રાગાદિકને ન દેખ, ચેતનસ્વભાવના અસ્તિત્વને દેખ. હજી કે ચેતનસ્વભાવનું એકલું અસ્તિત્વ રાગાદિ વિકાર વગરનું અનુભવાશે; પણ એકલા રાગાદિ, ચેતનના અસ્તિત્વ વગર કદી નહીં અનુભવાય.**

રાગાદિ વગરનું તારું ચેતનત્વ ઘણું જ સુંદર છે, — મોક્ષનો સ્વાદ તેમાં ભર્યો છે. એ સ્વાદ છોડીને તું નરકાદિના કારણરૂપ પાપનો સ્વાદ કેમ લ્યે છે? તમે જાણો છો કે આ શરીર — સ્ત્રી — ધન — મકાન એ કોઈ તમારા થઈને રહેવાના નથી, અત્યારથી જુદા જ છે, છતાં તમે તેમાં મોહિત થઈ, પોતાનું હિત ચૂકી નરકાદિનાં કર્મો કેમ બાંધો છો? ને વળી પાછા તેમાં સુખ કેમ માનો છો? અરેરે, સંતો તમને વારંવાર શિખામણ આપે છે, તમે પણ ગ્રંથને સાંભળો છો — વાંચો છો, છતાં મોહ કેમ નથી મૂકતા? હજી ક્યાં સુધી સંસારમાં ભટકવું છે?

**જાગો....જાગો.....ચૈતન્ય પ્રભુ! ઝટ જાગો! વારંવાર આવા હિતની શિખામણ દેનારા મળવા દુર્લભ છે.... અવસર પામ્યા છો તો તેનો લાભ લઈ લ્યો.**



મારો ઉપયોગ સદા મારામાં છે, તેનો મને કદી વિયોગ નથી. ક્રોધાદિ વિભાવ એ ખરેખર કોઈ વસ્તુ નથી. મોહાગ્નિથી ફદફદાટ થતો હતો, પણ ઉપયોગ જ્યાં મોહાગ્નિથી છૂટો પડ્યો ત્યાં શાંત થઈ ગયો, તેમાં કોઈ ફદફદાટ ન રહ્યો. — એ જ મારું અસલી શાંત સ્વરૂપ છે. — આમ વારંવાર અત્યંત શાંતચિત્તે પોતાના સ્વરૂપની ભાવના કરવી. ત્યાં સ્વભાવ પ્રગટે છે ને સાચો આનંદ વેદાય છે. — એનો સાક્ષી આત્મા પોતે જ છે.

હે જીવ! તારો એક્કેય ભાવ એવો નથી કે જેમાં તારું ચેતનપણું રહેલું ન હોય. ચેતનપણું સર્વત્ર વ્યાપ્ત છે.....તે આખું ચેતનપણું, એકલું ચેતનપણું, અનંતભાવથી ભરેલું ચેતનપણું, દ્રવ્ય — પર્યાયરૂપ ચેતનપણું — તે જ તું છો. તું ચૈતન્યરસમાં ચડી જા.

આ કામ અત્યારે તારાથી થાય તેવું છે, તેથી જ તને કહીએ છીએ. પરિગ્રહવાન સમ્યગ્દષ્ટિ પણ ક્યારેક ક્યારેક શુદ્ધોપયોગી થઈ સ્વાનુભૂતિ કરી લ્યે છે, તે ધન્ય છે, મોક્ષના સાધક છે. સ્વરૂપના અનુભવ વખતે તે પોતાના સિદ્ધસમાન આત્મતત્ત્વને સ્વસંવેદનરૂપ કરીને પ્રત્યક્ષ દેખે છે. — આવો અનુભવ પૂજ્ય છે, સર્વે સંતોએ એની પ્રશંસા કરી છે; સર્વશાસ્ત્રોમાં એનો જ મહિમા ભર્યો છે.

હે ભવ્ય મુમુક્ષુ! તું પ્રતીત કર.....અમે કહીએ છીએ તેમ કરતાં તારું હિત જ થશે. બધું કહેવાનું તાત્પર્ય એ છે કે પરની આશા સર્વથા મટાડી, તારા ચેતનના સ્વરસથી તૃપ્ત થા. તારા ચેતનરસનો સ્વાદ જ કોઈ એવો અપૂર્વ છે કે તે ચાખતાં પરમ તૃપ્તિ ઊપજે છે, — એવી તૃપ્તિ ઊપજે છે કે પછી બીજું કાંઈ રસવાળું લાગતું નથી. ચૈતન્યરસ પાસે જગત નીરસ લાગે છે. એ ચૈતન્યરસ ચાખતાં જ વિષયભાવરૂપ સર્વે વ્યાધિ મટી જાય છે.

બધાય પંચ પરમગુરુઓ ને સંત — ધર્માત્મા — જ્ઞાનીજનો નિજસ્વરૂપનો અનુભવ કરી કરીને ભવથી પાર થયા છે. એ મહાજનો જે પંથ પકડી પાર થયા તે જ અવિનાશી — પુરીનો પંથ તું પકડ. એ મહાજનોના માર્ગે ચાલતાં તારું અનંત કલ્યાણ થશે. આ જ સાચો સ્વ — અર્થ છે, બાકી બધો અનર્થ છે.

અને તે 'અર્થ' કેમ કહેવાય — કે જેના ગ્રહણથી 'અનર્થ' થાય? 'અર્થ' તો તે સાચો કે જેના ગ્રહણથી 'પરમાર્થ' સધાય.

આત્મા જ ઉત્તમ અર્થ છે.
તેનું ગ્રહણ તે પરમાર્થ છે.
અન્ય અર્થનું ગ્રહણ તે અનર્થ છે.

ભાઈ! તારું ચૈતન્યતત્ત્વ કાંઈ ઉજ્જડ નથી, અનંતગુણોની ઉત્તમ વસ્તી ત્યાં વસેલી છે.....ચેતનરાજાની ત્યાં રાજધાની છે. બાહ્ય વિષયો તો ઉજ્જડ વેરાન છે; ત્યાં કોઈ ગુણની વસ્તી નથી, એમાં ક્યાંય આનંદ નથી, એનો કોઈ રાજા નથી; એ મોહ લૂટારાનો જંગલી પ્રદેશ છે, એમાં તું જઈશ મા. — નહિતર તારા ગુણનિધાન લૂંટાઈ જશે. ચૈતન્યની રાજધાનીમાં રહેજે, ને નિશ્ચિતપણે તારા ગુણનિધાનને ભોગવજે.

તારો એક જ્ઞાનકણિયો પણ તારા આખા જ્ઞાનસ્વભાવને જાહેર કરે છે. તારો જ્ઞાનકણિયો રાગને જાહેર નથી કરતો, — તેની તો જાત જ જુદી છે. તારો જ્ઞાનકણિયો કષાયપૂંજથી જુદો રહી, જ્ઞાનપિંડમાં તન્મય રહી તને કહે છે 'હું જ્ઞાનમય છું.' — માટે જ્ઞાનને બીજા સ્વરૂપે જોવાની ભ્રમણા છોડ. સુખ પણ જ્ઞાનમાં જ છે, બીજે ક્યાંય નથી. જ્ઞાનથી બહાર બીજે તારું અસ્તિત્વ જ નથી, માટે બીજે ક્યાંય ખોજીશ નહીં. ઘણાકાળથી સ્વપદને તું ભૂલ્યો હોવાથી વારંવાર કહેવું પડે છે. હવે સ્વપદને સંભારી એવો જાગી

જા કે ફરીને કહેવું ન પડે. બસ! આ છેલ્લું એક જ વાર કહેવાથી તું જાગી જા. તારા ચૈતન્યનું અમૃત પીને અમર થઈ જા.

આવું [૧]મનુષ્યજીવન પામ્યા છો, આવો [૨]જૈનઉપદેશ મળ્યો છે, આવી [૩]આત્મહિતની ભાવના જાગી છે ને ભેદજ્ઞાનના [૪]તત્ત્વવિચાર પણ કરો છો, – તો હવે [૫]સ્વાનુભૂતિ કરતાં શી વાર? બધા સાધન તૈયાર છે, હવે વાર ન લગાડો. આજે જ સ્વાનુભૂતિથી આત્માને પ્રકાશિત કરો.

ધન્ય છે શ્રીગુરુ – કે જેમણે આવી સ્વાનુભૂતિની રીત બતાવી. શાબાશી છે તે શિષ્યને – કે જેણે આત્માર્થી થઈને સ્વાનુભવના પ્રકાશવડે આત્માને આનંદથી શોભાવ્યો ને ભવથી પાર કર્યો.

**જય સ્વાનુભવ – પ્રકાશ**

સ્વભાવરસના ઘોલનથી ભરપૂર, આત્મસાક્ષીપૂર્વક
'સ્વાનુભવપ્રેરક આ સ્વાનુભવ – પ્રસાદ'
શાસ્ત્રરચના પૂ. શ્રી કાનજીસ્વામીની વિદ્યમાનતામાં
થઈ : સોનગઢ વીર સંવત ૨૫૦૩ માહ સુદ
તેરસ. વર્દ્ધમાનદેવપ્રકાશિત જૈનશાસન જયવંત છે.

– બ્ર. હરિલાલ જૈન

# પરમાત્માના પંથે.....

## * આત્મહિત માટે મુમુક્ષુ જીવનો નિરધાર *

‘‘હું જીવ છું’’ તેથી મારામાં જ સુખ ભર્યું છે; કેમકે સુખ ત્યાં જ હોય છે કે જ્યાં જીવ હોય. જીવ સિવાય બીજા કોઈમાં સુખ હોતું નથી.

તો હવે સુખી થવા માટે મારે શું કરવું જોઈએ? –

(૧) મારાથી અન્ય ધન – સ્ત્રી વગેરેમાં સુખ છે જ નહીં, તો તેમનાથી મારે શું પ્રયોજન છે? – એટલે તેમના માટે જીવન ગુમાવવું નકામું છે; માત્ર નકામું જ નહિ, દુઃખકર પણ છે.

(૨) હું તે બાહ્ય વસ્તુઓને માટે જેટલા રાગદ્વેષ ક્રોધમાન કરું – તેનાથી મને કાંઈ લાભ નથી, પણ એકલું દુઃખ જ છે.

(૩) અન્ય વસ્તુને તેમજ રાગ – દ્વેષાદિને બાદ કરતાં હવે મારામાં શું રહે છે? તે મારે જોવાનું છે. હા, એ બધા નીકળી જતાં પણ હું ‘જીવ’ તો રહું જ છું; આથી સિદ્ધ થાય છે કે મારા જીવત્વનું – મારા જીવનનું એ કોઈ સાધન નથી.


(૪) મારા જીવનમાં જ્ઞાન – સુખ – વીતરાગતા એ બધા નિરંતર ભરેલા છે, તે જ મારો સ્વભાવ છે; એટલે મારા સુખને બીજે ક્યાંયથી લાવવું નથી; હું પોતે જ સુખપિંડ છું.

(૫) વાહ! આટલો નિશ્ચય કરતાં મારો સંસારનો મોહ કેટલો છૂટી ગયો? અને મારા આત્મામાં વિશ્વાસ જાગીને કેટલો સંતોષ થઈ રહ્યો છે!!

– બસ, હવે આ આત્મવિશ્વાસના બળથી જ હું મારા જીવનને સુંદર બનાવીશ ને પરમાત્માના પંથે ચાલીશ.

# શ્રી મુનિભગવંતની સાથે.....

## (મુમુક્ષુ જીવની ભાવનારૂપ એક નિબંધ)




એકવાર હું શાંતિવનમાં ટહેલતો હતો.....

.....ત્યાં તો એક સિદ્ધ ભગવાનને મેં જોયા.....આહા, અત્યારે સિદ્ધ ભગવાન! મન ન માન્યું, પણ જ્ઞાન કહેતું હતું કે આ તો સિદ્ધ ભગવાન જ છે.....સાક્ષાત્ સિદ્ધ!

વિકલ્પ કહે છે – અશક્ય છે; આ કાળમાં વળી સિદ્ધ ક્યાંથી? આ તો પંચમકાળ છે.

જ્ઞાન કહે છે : હા, આ તો પંચમકાળમાં સિદ્ધ! આત્મઆનંદમાં ઝૂલતા જે દેખાય છે તે સિદ્ધભગવાન જ છે. 'પંચમકાળમાં હાલતા – ચાલતા સિદ્ધ...' અહો, આશ્ચર્ય...આશ્ચર્ય! એને જોતાં જ આત્મા તો મુગ્ધ થઈ ગયો. શરીરથી પાર ચૈતન્યતત્ત્વની અદ્ભુતતા દેખીને મારું હૃદય ભક્તિથી નમી પડ્યું. વનમાં વિચરતા ને મહા આનંદમાં ઝૂલતા એ મુનિરાજનો વીતરાગ

દેદાર જોતાં જ ઘડીભર ચિત્ત થંભી ગયું, દુનિયા ભુલાઈ ગઈ; ઇંદ્રિયો થંભી ગઈ, વિકલ્પો શાંત થઈ ગયા.....અહો, આશ્ચર્ય! જેમના દેદાર જોતાં જ વિકલ્પો શાંત થવા માંડ્યા, તો તેમના અંતરમાં પ્રવેશતાં સર્વે વિકલ્પો મટીને નિર્વિકલ્પ – શાંતિ થશે, તેવી પ્રતીતિ થઈ.....અને મેં જ્ઞાનદ્વારા એમના હૃદયમાં પ્રવેશ કર્યો.

કેવા છે એ મુનિરાજ! કેવા છે એ નાનકડા સિદ્ધ!

– જેમને સહજપણે બાહ્ય તેમજ અંતરંગ ત્યાગ વર્તે છે; બાહ્યમાં વસ્ત્રાદિનો ને અંતરમાં કષાયોનો ત્યાગ વર્તે છે; નિરંતર જેઓ આત્મ – આનંદના જોરદાર અનુભવમાં રત છે. અરે, ક્ષણે ક્ષણે જેઓ આશ્ચર્યકારી આનંદસાગરમાં ડૂબકી મારે છે ને સિદ્ધ જેવો જ આનંદ અનુભવી લ્યે છે; – પછી તેમને સિદ્ધ કેમ ન કહેવાય? પૂ. શ્રી કાનજીસ્વામીના શબ્દોમાં કહીએ તો 'અહા, મુનિ તો હાલતા – ચાલતા સિદ્ધ છે.'

અદ્ભુત, અપૂર્વ, સિદ્ધસમાન આનંદના હિલોળા તેમના અંતરમાં ઉલ્લસી રહ્યા છે. પ્રમાદનું તેમને નામનિશાન નથી, ચૈતન્યની અનુભૂતિ તેમને સતત સુલભ છે, ને બાહ્ય વિષયોનો પરિચય તેમને છૂટી ગયો છે. રાગમાત્રને દુશ્મન સમજીને તેનાથી તેઓ સાવધાન છે, અને અંતરમાં ઉલ્લસતી સુખસાગરની છોળ પીવામાં મગ્ન છે.....ધન્ય છે – આ મુનિરાજ!

અહો, આજે કેવો અવસર આવ્યો છે! અપૂર્વ સોનેરી અવસર છે કે મને આવા મુનિરાજના સાક્ષાત્ દર્શન થયા; તેમનું મિલન થતાં જાણે સિદ્ધનું મિલન થયું. પરમાત્માનો સાક્ષાત્કાર થયો. જેમ દરિયામાં ડૂબતાને નાની નૌકા મળી જાય કે રણમાં તરસ્યાને મીઠા પાણીનું નાનકડું ઝરણું દેખાય ને હર્ષિત થાય તેમ પંચમકાળમાં નાનકડા સિદ્ધ જેવા આ મુનિરાજના દર્શનથી મારું

હૃદય અત્યંત હર્ષિત થઈ રહ્યું છે. અહા, એનું વર્ણન કરવું અશક્ય છે. સમુદ્ર જેટલી શાહીથી અને પૃથ્વી જેટલા કાગળ પર લખવામાં આવે તો પણ જેમના મહિમાનું પૂરું વર્ણન થતું નથી, તેની શું વાત? તેમના સહવાસની પળો અત્યંત ધન્ય હતી, એમની આશ્ચર્યકારી ધ્યાનમુદ્રા ચૈતન્યભાવની પ્રેરક હતી.

હું સ્તબ્ધપણે એકીટસે મુનિરાજની શાંત ધ્યાનમુદ્રા જોઈ જ રહ્યો; ત્યાં મુનિરાજ ધ્યાનમાંથી બહાર આવ્યા.....મીઠી નજરે મારા તરફ જોયું અહા! શી મધુરી દૃષ્ટિ! એ દૃષ્ટિ પડતાં જ મને તો જાણે અપૂર્વ નિધાન મળ્યા.....મને થયું કે, હું અનાદિકાળથી અનંતદુઃખો ભોગવતો આવ્યો છું; હવે આ ભવમાં આવા મુનિરાજ મળ્યા તો તેમના સમાગમવડે તેમના માર્ગે જઈને અનાદિના દુઃખનો અંત કરું ને સાદિ અનંતના મહાન સુખની પ્રાપ્તિનો પ્રયત્ન કરું! આ મુનિરાજ એકલા – એકલા પોતાના અનંત આનંદમાં મગ્ન છે, તો તેઓ કેવી રીતે આવો આનંદ પામ્યા? તે તેમની પાસેથી જાણું! – એવી ભાવનાથી મેં મુનિરાજને વિનયપૂર્વક પૂછ્યું : –

‘હે પ્રભો! અનાદિકાળથી હું સંસારમાં જન્મ – મરણના ને કષાયના અનંત દુઃખને ભોગવું છું; હવે આ ભવદુઃખોથી હું થાકી ગયો છું. મહાભાગ્યે મને આપ મળ્યા છો. આપ ખરેખરા સુખી છો ને સુખનો માર્ગ જાણો છો; તો તે સુખની પ્રાપ્તિનો ઉપાય કૃપા કરીને મને બતાવો.’

શ્રી મુનિરાજે મારી જિજ્ઞાસા જાણીને પ્રસન્નતા બતાવી ને શાંતિથી મને સમજાવ્યું. અહા, શી મધુરી એ વાણી! જાણે અમૃત ઝરતું હતું. તેઓશ્રીએ કહ્યું : –

હે ભવ્ય! તું આત્મા પોતે જ્ઞાન – આનંદસ્વભાવથી ભરેલો છો જ; પણ તારા સ્વભાવને ન જાણવાથી, વિષય – કષાયના

ભાવોવડે તું દુઃખી થઈ રહ્યો છે. માટે પ્રથમમાં પ્રથમ તું તારા આત્માને જાણ! પર્યાયમાં વ્યક્ત એવા ચૈતન્યચિહ્નવડે તારા આત્માનું સ્વરૂપ જાણ, અને વિષય – કષાયોથી પાછો વળ.....તેમાં સુખની બુદ્ધિ છોડ. અનાદિથી સ્વપણે માનેલ એવા શરીરાદિ જડમાં રાચીને, તેમાં રાગદ્વેષ કરીને તું દુઃખી થયો, તેમાં ક્યાંય તને સુખ ન મળ્યું; હવે તેમાં સ્વબુદ્ધિ છોડી દે; સુખ તેમાં નથી, સુખ તારામાં પોતામાં છે, તારી સામે જો.

મેં કહ્યું : વાહ પ્રભો! આપની વાણી મને આત્માની તીવ્ર જિજ્ઞાસા જગાડે છે. આપે જેને જાણવાનું કહ્યું – તે મારું સ્વરૂપ કેવું છે? ને કઈ રીતે મને તેનો અનુભવ થાય? તે મને સમજાવો.

**શ્રી મુનિભગવંતે ઉત્તરમાં ગંભીર ધ્યાનચેષ્ટાપૂર્વક કહ્યું : –**

હે ભવ્ય! સુખમય તત્ત્વ તો તારા અંતરમાં સદાય વિદ્યમાન છે, પણ તારા સ્વતત્ત્વના નિજવૈભવને ભૂલીને અનંતકાળથી તેં કામભોગબંધનની, એટલે વિષય – કષાયની કલંકિની કથા સાંભળીને તેનો પ્રેમ કર્યો, તેનો જ વારંવાર પરિચય કર્યો; તેથી તારું સુખ (તારા અંતરમાં વિદ્યમાન હોવા છતાં) તને અનુભવમાં ન આવ્યું ને તું દુઃખી થયો. પણ ભાઈ! હવે એ વાત વીતી ગઈ! હવે તો તારું એકત્વ – વિભક્ત સ્વરૂપ બતાવું છું; તું અપૂર્વ આદરપૂર્વક પ્રેમથી તે સાંભળજે, સમજજે, ને એવા આત્માને અનુભવમાં લેજે. તારા સર્વ દુઃખ દૂર થશે ને તને અપૂર્વ સુખનું વેદન થશે. આત્મા પોતે ભગવાન છે તે અનુભૂતિસ્વરૂપ એટલે જ્ઞાનસ્વરૂપ છે; આવા તારા આત્માની વાત તું પ્રસન્નચિત્ત અપૂર્વભાવે સાંભળી, વિચારી અને પોતાના અનુભવમાં લઈને પ્રમાણ કરજે.

## ‘મુમુક્ષુએ પ્રથમ જ આત્મા જાણવો.’

હે ભવ્ય! પ્રથમમાં પ્રથમ તું જ્ઞાનસ્વરૂપ આત્મામાં સ્વબુદ્ધિ કરી, શરીરમાં ને રાગદ્વેષમાં સ્વપણું માનવું છોડી દે. તું જ્ઞાનસ્વભાવી ભગવાન છો. પામર નથી; ચૈતન્યની પરમેશ્વરતાથી ભરેલા તને પામરપણું ન શોભે. હે ચેતનરાજા! તું પરદ્રવ્ય પાસે તારા સુખની ભીખ માગે છે તે તને નથી શોભતું, માટે તે છોડી દે. પરદ્રવ્યમાંથી કે રાગમાંથી તને સુખ કદી નહીં મળે. માટે તેમાં આત્મબુદ્ધિ છોડ. ભાઈ! સુખશાંતિનો સમુદ્ર તું મિથ્યાત્વના અગ્નિમાં શેકાઈ રહ્યો છે. તારા સ્વભાવમાં તે રાગાદિ અંગારા નથી, તું તો શાંતરસથી ભરેલો છો. તું ક્રોધાદિ રહિત છો, પણ જ્ઞાનસહિત છો. ક્રોધાદિ વિભાવ છે; જ્ઞાન તારો સ્વભાવ છે.

— આહા! શ્રી મુનિરાજ મને મારું સ્વરૂપ કેવું સ્પષ્ટ સમજાવી રહ્યા છે! મારી વૃત્તિ સ્વભાવ — પરભાવનું ભેદજ્ઞાન કરીને અંતર્મુખ થતી જાય છે. મુનિરાજનો ક્ષણભરનો સમાગમ ચમત્કારી અસર કરી રહ્યો છે. મેં પૂછ્યું : —

પ્રભો! અંતરમાં આત્માને જોવા જાઉં છું ત્યાં રાગદ્વેષ પણ દેખાય છે! તો તેનું ભેદજ્ઞાન કઈ રીતે કરવું?

શ્રી મુનિરાજે કહ્યું : અંદરની બહુ સૂક્ષ્મ વાત તેં પૂછી. હે વત્સ! સાંભળ! જ્ઞાન અને રાગનો સમય એક હોવા છતાં તેમના સ્વરૂપમાં અત્યંત ભિન્નતા છે. ‘આ રાગ છે તે હું છું’ એમ નથી જણાતું, પણ ‘હું જ્ઞાન છું ને આ રાગાદિ મારાં પરજ્ઞેય છે, તે જ્ઞાનથી ભિન્ન છે’ — એમ તે પરજ્ઞેયપણે જણાય છે, ને રાગાદિથી જુદું જ્ઞાન જ સ્વપણે અનુભવાય છે. એ જ્ઞાનપણે જે અનુભવાય છે તે પોતે જ તું આત્મા છો. જેમ સ્વચ્છ દર્પણમાં કોલસો જણાતી વખતે પણ દર્પણ પોતે સ્વચ્છપણે જ રહે છે. તેમ તારા જ્ઞાનમાં

રાગદ્વેષ જણાય છે ત્યારે પણ તારો આત્મા જ્ઞાનરૂપે જ પરિણમે છે; જ્ઞાનમાં તે તન્મય વર્તે છે. આ રીતે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણતાં સમ્યક્ ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે. માટે હે ભવ્ય! તું રાગનું કર્તાપણું છોડ. અને જ્ઞાતારસની શાંતધારામાં આવી જા. એકવાર તું તારા સ્વરૂપનો સ્વાદ લઈશ પછી જ્ઞાનમાં રાગાદિ જણાવા છતાં તું તેના કર્તાપણામાં નહીં અટક કારણ કે તે ભાવોમાં જ્ઞાનરસ નથી – ચેતનતા નથી, તે ભાવો ચેતના વગરના છે; તેનું કર્તાપણું ( – તેમાં તન્મયપણું) જ્ઞાનધારામાં નથી. માટે જ્ઞાનરસના જ બનેલા એવા તારા અખંડ સત્‌દ્રવ્યનો વિચાર કર; તેનો વિચાર કરી ઉપયોગને તેમાં જ એકાગ્ર કર.

અહા, જ્યારે શ્રી મુનિરાજ આ વાત કરતા હતા ત્યારે તેમનું ચિત્ત ચૈતન્યમાં જ એકાગ્ર વર્તી રહ્યું હતું.....તે જોઈને મારું ચિત્ત પણ સર્વ પરભાવોથી દૂર થઈને, અંતરમાં મારા પરમાત્મતત્ત્વને દેખવા જઈ રહ્યું હતું.....અને બીજી જ ક્ષણે તો હું મને પોતાને પરમાત્મસ્વરૂપે અનુભવી રહ્યો હતો. પરમાત્માના સાક્ષાત્કારનો કોઈ મહા અપૂર્વ આનંદ અંદર વેદાતો હતો. આશ્ચર્યકારી, અદ્‌ભુતથી પણ અદ્‌ભુત, એ વચનાતીત અનુભૂતિના પૂરા ગાણાં કોણ ગાઈ શકે?

અહા, પરમાત્મા જેવા મુનિવરોના સંગે મને પણ પરમાત્મા બનાવી દીધો. મારું પરમાત્મપણું મેં મારામાં જ દેખ્યું.....ને તેના જોરે હું પણ તે મુનિવરોની સાથે – સાથે મોક્ષપંથમાં ચાલવા માંડ્યો. આવી અનુભૂતિમાંથી બહાર આવીને જોયું ત્યાં તો એ નિસ્પૃહ મુનિરાજ ગગનમાર્ગે અન્યત્ર વિહાર કરી ગયા હતા ને મારા હૃદયમાં એક પરમાત્મતત્ત્વ મૂકતા ગયા હતા.

**ધન્ય મુનિવરોનો ઉપકાર! ધન્ય તેમનો સમાગમ!**

卐　卐　卐

મુનિરાજ – ધર્માત્માના સત્સંગની એ ધન્ય ઘડી જીવનમાં દિનરાત મને યાદ આવ્યા કરે છે. અહા! મારું આવું અદ્‌ભુત સ્વરૂપ મુનિરાજે મને દેખાડ્યું; રાગથી પાર મારા જ્ઞાનસ્વરૂપનો મહાન અતીન્દ્રિય આનંદ મને તેમના પ્રતાપે અનુભવમાં આવ્યો. મારી આ જ્ઞાનઅનુભૂતિમાં રાગ નથી. દુઃખ નથી, ક્લેશ નથી. આવી શાંત જ્ઞાતાધારાની ઉગ્રતા વડે હું મોહને સર્વથા તોડીને કેવળજ્ઞાન પામી પરમાત્મા થઈશ.

બે ઘડી મુનિના સત્સંગનું આવું મહાન ફળ! તો જીવનમાં એવો ધન્ય અવસર ક્યારે આવે કે હું પોતે મુનિ થઈને સતતપણે મુનિવરોના સહવાસમાં રહું ને ધ્યાનમગ્ન બનીને તેમની સાથે સાથે મોક્ષપુરીમાં જાઉં!

– અને, મુનિરાજ જાણે આશીર્વાદપૂર્વક મને બોલાવી રહ્યા છે; અંતરથી એના નાદ આવે છે. હે ભવ્ય! આવ.....ચાલ્યો આવ.....આનંદથી આવીને અમારી સાથે રહે.....ને મોક્ષપુરીમાં ચાલ. મોક્ષપુરીના દરવાજા ખુલ્લા છે.

**બસ પ્રભો! આવી જ રહ્યો છું.....**

**તમારી સાથે રહેવા ને મોક્ષને સાધવા.**

(આ એક ભાવનાત્મક નિબંધ છે. શ્રી મહાવીર પ્રભુના ‘અઢીહજારવર્ષીય નિર્વાણ મહોત્સવ’ પ્રસંગની સ્મૃતિમાં આત્મધર્મના ૪૦૦૦ જેટલા બાલસભ્યો માટે બ્ર. હરિભાઈએ એક નિબંધસ્પર્ધાનું આયોજન કરેલું : નિબંધનો વિષય હતો ‘શ્રી મુનિરાજની સાથે.....’ મહાભાગ્યે તમને કોઈ મુનિરાજનો સંગ મળે તો તમે શું કરો? – એ વિષય ઉપર આવેલા નિબંધોના આધારે આ લેખ તૈયાર કર્યો છે. આવા બીજા અનેક લેખોનો સંગ્રહ અમારી પાસે છે, જે યથાવસરે પ્રગટ થશે.)

# પ ક્ષા તિ ક્રાં ત.....સ મ ય સા ર

નયદ્વય – કથન જાણે જ કેવળ 'સમય'માં પ્રતિબદ્ધ જે,
નયપક્ષ કંઈ પણ નવગ્રહે, નયપક્ષથી પરિહીન તે.

પક્ષાતિક્રાંત થયેલ સમ્યગ્દષ્ટિ કેવો છે તેનું અદ્ભુત વર્ણન આ ગાથામાં છે. તેની અનુભૂતિનું ગંભીર સ્વરૂપ સમજાવવા ટીકામાં છ બોલથી કેવળીભગવાન સાથે સરખામણી કરી છે : –

| જેવી રીતે કેવળી ભગવાન | તેવી રીતે શ્રુતજ્ઞાની – સમ્યગ્દષ્ટિ |
|---|---|
| ૧. વિશ્વના સાક્ષી છે.....તેથી, | ૧. પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો છે...તેથી |
| ૨. નયપક્ષોના સ્વરૂપને કેવળ જાણે છે..... | ૨. નયપક્ષોના સ્વરૂપને કેવળ જાણે છે... |
| ૩. સકળ કેવળજ્ઞાન વડે વિજ્ઞાનઘન થયા છે..... | ૩. ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે વિજ્ઞાનઘન થયો છે..... |
| ૪. સદા – પોતે જ વિજ્ઞાનઘન થયા છે..... | ૪. તે કાળે – (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો છે.. |
| ૫. શ્રુતજ્ઞાનની ભૂમિકાથી અતિક્રાંત થયા છે..... | ૫. વિકલ્પોની ભૂમિકાથી અતિક્રાંત થયો છે.... |
| ૬. નયપક્ષના ગ્રહણથી દૂર થયા છે..... | ૬. નયપક્ષના ગ્રહણથી દૂર થયો છે..... |

તેથી તે બંને, કોઈપણ નયપક્ષને ગ્રહતા નથી. આ છ બોલમાં બીજો અને ચોથો બોલ એકસરખા છે; બાકીનાં ચાર બોલમાં નજીવો તફાવત હોવા છતાં 'પક્ષાતિક્રાંત' સંબંધી સમાનતા છે.

# સ્વાનુભૂતિનો અપાર મહિમા

અહા, આચાર્યદેવે શુદ્ધાત્માનો નિર્વિકલ્પ અનુભવ કરનારા સમ્યગ્દષ્ટિને કેવળી ભગવાન સાથે સરખાવ્યા છે. આ સમજતાં નિર્વિકલ્પ — અનુભૂતિનો અપાર મહિમા સમજાય છે.

**'ધન્ય સ્વાનુભૂતિ !'**

આવી અનુભૂતિસ્વરૂપ થયેલ આત્મા તે પોતે જ 'સમયસાર' છે, તે પરમાત્મા છે, તે સમ્યગ્દર્શન છે, તે સમ્યગ્જ્ઞાન છે, તે ઉત્પાદ — વ્યય — ધ્રુવ છે, તે જ દ્રવ્ય — ગુણ — પર્યાયસ્વરૂપ છે; અનુભવથી તે કંઈ જુદા નથી.

તે આત્મા કેવો અનુભવ કરે છે? તેની સ્પષ્ટતા કરતાં આચાર્યદેવ કળશ ૯૨ માં કહે છે કે —

'ચિત્‌સ્વભાવના પૂંજ વડે જ પોતાનાં ઉત્પાદ — વ્યય — ધ્રૌવ્ય ભવાય છે — આવું જેનું પરમાર્થસ્વરૂપ હોવાથી જે એક છે; સમસ્ત બંધપદ્ધતિને દૂર કરીને આવા અપાર સમયસારને હું અનુભવું છું.'

આવો અનુભવ તે જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ને 'સમયસાર' છે. આથી વિરુદ્ધ બીજો કોઈ અનુભવ સમ્યગ્દર્શનમાં કે જ્ઞાનમાં હોતા નથી. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન જે શુદ્ધાત્માને અનુભવે છે તે એક જ છે, જુદા જુદા નથી.

અહા, સમયસારની આ ગાથા ૧૪૩-૧૪૪ નું સ્પષ્ટીકરણ શ્રીગુરુ — કહાન જ્યારે પ્રવચનમાં કરતા, ત્યારે ચૈતન્યઅનુભૂતિના મહિમાના કોઈ અનેરા ભાવો ઉલ્લસતા.....જે કોઈક વિરલ ઊંડા — મુમુક્ષુઓ જ ઝીલતા, ને આવી અનુભૂતિનો ગંભીર મહિમા સમજીને તેનો પ્રયત્ન જગાડતા.

આમ તો આખુંય સમયસાર સમ્યગ્દર્શનથી ને શુદ્ધાત્માની અનુભૂતિથી ભરેલું છે; તેમાંય આ ગા. ૧૪૩ – ૧૪૪ માં સમ્યગ્દર્શન થવાનું ખાસ વર્ણન છે : તેમાં વીસ – વીસ શ્લોકો દ્વારા તેમજ ગાથા દ્વારા સ્પષ્ટ સમજાવ્યું છે કે નયપક્ષના વિકલ્પો વડે (ભલે હું શુદ્ધ છું એવો શુદ્ધનયનો વિકલ્પ હોય – તો પણ તેના વડે) શુદ્ધાત્માનો નિર્ણય કે અનુભૂતિ થતી નથી. પ્રથમ શ્રુતજ્ઞાન વડે જ (વિકલ્પવડે નહિ પણ જ્ઞાનવડે જ) શુદ્ધાત્માનો નિર્ણય થાય છે; એવો નિર્ણય કરનારું જ્ઞાન, વિકલ્પોને (ઇંદ્રિયો તેમજ મનને) ઓળંગીને, આત્મસન્મુખ થઈને શુદ્ધાત્માની અનુભૂતિ કરે છે; આવી અનુભૂતિ કરનાર આત્મા તે ભગવાન છે, તે સમયસાર છે; સમ્યગ્દર્શન, જ્ઞાન ને આનંદ પણ તે જ છે.

આવો અનુભવ કરવો તે જ સર્વે સંતોનો ઉપદેશ છે.

## ‘સાચો માર્ગ લે.....તો ફળ આવે’

### (છ મહિના તો વધુમાં વધુ)

આચાર્યદેવ કરુણાથી કંઈક ઠપકા સાથે આત્મહિતનું માર્ગદર્શન આપતાં (કળશ ૩૪માં) કહે છે કે –

‘विरम.....!’ હે ભવ્ય! તને નક્કામો કોલાહલ કરવાથી શું લાભ છે? એનાથી તું વિરામ પામ. (તારી કલ્પનાઓ છોડી દે.) અને એક ચૈતન્યમાત્ર વસ્તુને પોતે નિશ્ચલ લીન થઈ અંતરમાં દેખ. આવો, અમે કહીએ છીએ તે રીતે, છ મહિના આત્માને દેખવાનો અભ્યાસ કર. – એમ કરવાથી તારા પોતાના હૃદયસરોવરમાં દેહાદિથી ભિન્ન તારા શુદ્ધઆત્માની ઉપલબ્ધિ અનુભૂતિ તને થશે જ.

કોઈ કહે કે અમે તો વર્ષોથી ઘણી મહેનત કરીને તૂટી મરીએ છીએ, છતાં કેમ કંઈ આત્મપ્રાપ્તિ થતી નથી? — તો જ્ઞાની સમજાવે છે : હે ભાઈ! તું સમજ કે તારો પ્રયત્ન સાચી દિશામાં નથી; તેં 'નકામો કોલાહલ છોડીને' પ્રયત્ન નથી કર્યો; તારા નિર્ણયમાં, જ્ઞાનમાં, રુચિમાં ભૂલ છે; શું ભૂલ છે તે જ્ઞાની જ તને સમજાવી શકશે. બાકી તો, વિકલ્પમાત્ર કોલાહલ છે, અને તું કહે છે કે 'હું વિકલ્પ વડે આત્માનો નિર્ણય કે અભ્યાસ કરું છું' તો તેં વિકલ્પોના કોલાહલને ક્યાં છોડ્યો? ઊલ્ટું તેના ગ્રહણની બુદ્ધિ કરી.....પછી આત્માનો માર્ગ તને ક્યાંથી હાથ આવે? 'પોતાની રીતે' વર્ષોથી પ્રયત્ન કરવા છતાં કાંઈ હાથ ન આવ્યું તો સમજ કે તું માર્ગ જ ભૂલ્યો છે. (દોડ્યો ઘણું....પણ ઊંધા રસ્તે!) જ્ઞાની પાસેથી સાચી રીત સમજીને ફરી એકડે એકથી શરૂ કર અને પછી જો....કે છ મહિનામાં કેવું ઉત્તમ ફળ આવે છે!!

સાચા માર્ગનું, સાચા નિર્ણયનું, સાચા પ્રયત્નનું ફળ જરૂર આવે છે.....ને તત્કાળ તે આત્મામાં દેખાય છે.

— માટે હે ભવ્ય આત્માર્થી! તું ભય છોડ.....અત્યાર સુધી જે કાંઈ કર્યું ને નિષ્ફળ ગયું તેનો આગ્રહ છોડી દે; ને કોઈક જ્ઞાનીના માર્ગદર્શન અનુસાર, પ્રસન્નતાથી.....સાચા ભાવથી, નિઃશંકપણે અને દુનિયાથી નિર્ભયપણે, તું આત્માની અનુભૂતિના પ્રયત્નમાં તારા 'જ્ઞાનને' જોડ જરૂર મહાન આનંદસહિત તને આત્મઅનુભૂતિ થશે.....ને સમ્યગ્દર્શન વડે તારા આત્મકલ્યાણના કોડ પૂરા થશે.

# ✻ મુમુક્ષુને ઉપયોગી વિધવિધ ચર્ચાઓ ✻

## ધ્યેયરૂપ સિદ્ધભગવાન (સ. ગા. ૧)

આ મંગલ ગાથામાં 'वंदित्तु सव्व सिद्धे.....' કહીને, સાધ્યરૂપ સિદ્ધ ભગવંતોને શુદ્ધ આત્માના આદર્શ તરીકે સ્વીકાર્યા છે.

તે સિદ્ધ ભગવંતો કેવા છે? કે સ્વભાવ – ભાવભૂત એવી સિદ્ધગતિરૂપે પરિણમેલા છે, અપરિણામી નથી. આવા સિદ્ધભગવંતોને આદર્શરૂપે રાખીને સાધકજીવ પોતાના આત્માને પણ તેમના જેવો એટલે કે 'શુદ્ધ પર્યાયરૂપે પરિણમતો' અનુભવે છે ને તેને ધ્યાવીને પોતે સિદ્ધપદરૂપે પરિણમી જાય છે.

## 'જ્ઞા.....ય.....ક.....ભા.....વ' (સ. ગા. ૬)

જે એક જ્ઞાયકભાવ છે તે – 'શુભાશુભ – કષાયચક્રરૂપે પરિણમતો નથી' તેથી – પ્રમત્ત કે અપ્રમત્ત નથી.....

'કષાયચક્રરૂપે નથી પરિણમતો' એમ કહ્યું તેમાં જ 'અર્થાપત્તિન્યાયે' એ વાત આવી ગઈ કે કષાય વગરના શુદ્ધ જ્ઞાનચક્રરૂપે તે પરિણમે છે.

'કોઈપણ ભાવરૂપે પરિણમતો નથી' એમ ન કહ્યું એટલે કે જ્ઞાયકને અપરિણામી ન કહ્યો પણ કષાયચક્રથી જુદો જ્ઞાનપરિણામી કહ્યો. અને એવા જ્ઞાનરૂપ પરિણમનારને જ અમે 'શુદ્ધ – જ્ઞાયક' કહીએ છીએ. (ભિન્નપણે ઉપાસવામાં આવે ત્યારે શુદ્ધ કહેવાય છે.)

સ્વાનુભૂતિ વખતે તે 'જ્ઞાયક' (ભલે પરને નથી જાણતો પણ) પોતે પોતાને જાણે છે, તેથી તે જ્ઞાયક જ છે : જાણનાર પોતે (કર્તા),

અને પોતાને જ જાણ્યો (તે કર્મ) – એમ કર્તાકર્મનું અભિન્નપણું (દ્રવ્યપર્યાયનું અભિન્નપણું) છે; 'જ્ઞાયક'થી જુદો બીજો કોઈ 'જ્ઞાતા' નથી : 'જ્ઞાત તે તો તે જ છે.' આ છઠ્ઠી ગાથાનો અર્થ કેટલાક જીવો બરાબર સમજતા નથી, અને 'તેમાં આત્માને સર્વથા અપરિણામી કહ્યો છે' – એમ માને છે, – તે ભ્રાન્તિનું નિરાકરણ ઉપરના ન્યાયો સમજવાથી થઈ શકશે.

અહીં 'પ્રમત્ત – અપ્રમત્ત'ના અર્થમાં ૧ થી ૧૪ ગુણસ્થાનો લેવાના છે, – તેમાં મોહાદિ ઉદયભાવો ભળેલા હોવાથી ગુણસ્થાનોને અશુદ્ધ કહ્યા; પરંતુ ભેદજ્ઞાનવડે તે ઉદયભાવોને બાદ કરીને જોતાં જે સમ્યક્ત્વ – કેવળજ્ઞાનાદિ શુદ્ધભાવો દેખાય છે તે તો જીવનું સ્વરૂપ છે ને સ્વભાવથી જીવ પોતે તે – રૂપ પરિણમે છે. તે પરિણમન જીવનું 'કર્મ' છે ને શુદ્ધજીવ તેનો 'કર્તા' છે – એમ કર્તા – કર્મનું અનન્યપણું (એકપણું) છે. આ, છઠ્ઠી ગાથાનું ને સમયસારનું તાત્પર્ય છે.

*

(ગા. ૩૨૨ થી ૩૪૪)

સાંખ્યની જેમ – કોઈ જૈન પણ જો આત્માને સર્વથા અપરિણામી માને તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે, – અને જિનવાણીના વિરાધક છે; એ વાત સમયસાર ૩૨૨ થી ૩૪૪ સુધીની ૨૩ ગાથામાં બહુ સ્પષ્ટ રીતે સમજાવીને સાબિત કર્યું છે કે આત્મા અપરિણામી નથી પણ સ્વપરિણામી છે. અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાનપરિણામને કરે છે, ને ભેદજ્ઞાની જીવ જ્ઞાન ભાવરૂપ પરિણમતો થકો તે જ્ઞાનપરિણામનો કર્તા (તથા વિભાવનો અકર્તા) થાય છે. આ રીતે જીવ કંઈક પરિણામ તો કરે જ છે.

卐

### સમયસાર ગા. ૧૧

## ભૂતાર્થનો આશ્રય કરનાર જીવ સમ્યગ્દષ્ટિ

જૈનધર્મનો મંત્ર ] ★ [ શુદ્ધનય ભૂતાર્થ

ભૂતાર્થસ્વભાવી શુદ્ધઆત્મા, તેના અનુભવરૂપે પરિણમેલો જીવ તે પોતે 'શુદ્ધનય' છે; તે 'શુદ્ધનય' ભૂતાર્થ છે, ને એવા 'ભૂતાર્થ'ના આશ્રયવાળો જીવ સમ્યગ્દષ્ટિ છે.

શુદ્ધનય તો શ્રુતજ્ઞાનની પર્યાય છે, પણ અહીં તે પર્યાયનો ભેદ ન કરતાં, શુદ્ધનય અને તેના વિષયભૂત શુદ્ધઆત્મા – તે બંનેને અભેદ કરીને, તેને જ (એટલે કે તેવા ભાવરૂપે પરિણમેલા જીવને જ) 'ભૂતાર્થ' અને 'શુદ્ધનય' કહેલ છે, ને તે પોતે જ સમ્યગ્દર્શન છે.

આ રીતે 'શુદ્ધનય ભૂતાર્થ' હોવાનું અને તે 'ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દષ્ટિ' હોવાનું સમજાવીને પ્રભુ કુંદકુંદસ્વામીએ સમ્યગ્દર્શનનો અમોઘ – મંત્ર આપ્યો છે. તેમને નમસ્કાર હો.

શ્રી ગુરુકહાન આ ગાથાને જૈનધર્મનો મંત્ર કહેતા હતા.

### * નિ જ પ દ *

હે ઉત્તમ મુમુક્ષુ!

જેમ ક્રોધાદિ વિભાવો તારાથી પર ભાવો છે ને બાહ્ય છે, તેમ તારા જ્ઞાનાદિ પર્યાયોરૂપ ચેતન ભાવોને તારાથી બાહ્ય કે પર ભાવો ન માનીશ, તે તો તારા સ્વભાવના અંતરંગ નિજભાવો છે. – સાંભળ! (સમયસાર : ૨૦૫)

મતિ – શ્રુત – અવધિ – મનઃ – કેવળ તેહ પદ એક જ ખરે,<br>આ જ્ઞાનપદ પરમાર્થ છે, જે પામી જીવ મુક્તિ લહે.

— જે મતિ — શ્રુત વગેરે જ્ઞાનપર્યાયો છે તેઓ જ્ઞાનમય આ એક પદને ભેદતા નથી પણ ઊલ્ટા અભિનંદે છે.

## 卐 જૈ નં જ ય તિ શા સ નં 卐

આખાય સમયસારમાં, મૂળગાથા કે તેની સંસ્કૃતટીકામાં શુદ્ધપર્યાયથી જુદો આત્મા ક્યાંય કહ્યો નથી, સર્વત્ર અભેદ કહ્યો છે. તેમ જ દ્રવ્ય — ગુણ — પર્યાય વચ્ચે પ્રદેશભેદ હોવાનું પણ ક્યાંય કહ્યું નથી. શતશતવાર ગુરુગમે સમયસારના મથનનો સાર આ છે કે તારા શુદ્ધ દ્રવ્યગુણપર્યાયથી તારો આત્મા અભેદ છે — તે જ આત્માનું 'એકત્વ' છે; ને તેને પર દ્રવ્યો તથા પરભાવોથી ભિન્નતારૂપ 'વિભક્ત' પણું છે. આવા એકત્વ — વિભક્તરૂપ શુદ્ધ અભેદ આત્માની અનુભૂતિ કરવી તે જ શુદ્ધનય છે; ને શુદ્ધનયની અનુભૂતિથી ઊંચું ખરેખર બીજું કાંઈ નથી. અનુભૂતિમાં શુદ્ધનય અને તેનો વિષય અભેદ છે; તેથી 'શુદ્ધનય ભૂતાર્થ છે' અને આવી અનુભૂતિ તે જ જૈનશાસન છે.

जैनं जयति शासनम्

## ❋ સ્વ-પરનું ભેદજ્ઞાન ❋

'અણુમાત્ર પણ રાગાદિનો જેને પોતામાં સદ્ભાવ છે એટલે કે રાગના એક અંશમાત્રને જે જ્ઞાનસ્વભાવમાં ભેળવે છે તેને ભેદજ્ઞાન નથી, તે આત્માના શુદ્ધ સ્વરૂપને જાણતો નથી.'

હવે જેમ જ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવમાં પરના એક અણુ માત્રને ભેળવતા નથી, તેમ પોતાના સ્વભાવના એક અંશને પણ પોતાથી બહાર પરમાં ભેળવતા નથી; પોતાના જ્ઞાનના કોઈ અંશને

— કોઈ પર્યાયને જે પોતાના આત્માથી બહાર (પરદ્રવ્યરૂપ) માને છે તે પણ આત્માને પરથી ભિન્ન જાણતો નથી.

જેમ પરના કોઈ અંશને સ્વમાં ન લાવવો,
તેમ સ્વના કોઈ અંશને સ્વથી બહાર ન કાઢવો;
પર દ્રવ્ય — ગુણ — પર્યાયથી અત્યંત ખાલી, ને
સ્વ દ્રવ્ય — ગુણ — પર્યાયથી સંપૂર્ણ પૂરો.....

આવી આત્મશ્રદ્ધા ને આત્મજ્ઞાન તે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન.

સ્વતત્ત્વના કોઈ અંશને જે પરમાં નાંખે છે તેને 'અંશી' ખંડિત થઈ જાય છે એટલે પૂર્ણ આત્મા પ્રતીતમાં આવતો નથી.

માત્ર નવતત્ત્વના ભેદવિચારમાં રોકાઈ રહે તેને માટે તે 'પરભાવ' કહ્યો; પણ નવતત્ત્વનું સાચું સ્વરૂપ વિચારીને તેમાંથી આસ્રવબંધરૂપ અશુદ્ધતત્ત્વને છોડીને, સંવરનિર્જરાતત્ત્વરૂપે (સમ્યક્ત્વાદિ — રૂપે) જે સ્વયં પરિણમે છે તેને તો તે તત્ત્વ સાથે એકત્વ પરિણમન છે, તેના સમ્યક્ત્વાદિ કાંઈ બાહ્ય તત્ત્વ નથી, તેને તો તે અંતઃ તત્ત્વ છે — સ્વભાવ છે — ઉપાદેય છે.

સાચો વિચારક તો સમ્યક્ત્વાદિને પોતાના આત્મામાં અભિન્ન ચિંતવીને, તે — રૂપ પરિણમન કરે છે. 'જે સમ્યક્દર્શન છે તે આત્મા જ છે.' સમ્યક્ત્વાદિને પોતાથી ભિન્ન ચિંતવવા તે વિચાર ખોટા છે ને તેવું ચિંતન કરનાર સમ્યક્ત્વાદિરૂપ પરિણમતો નથી; — મિથ્યાત્વરૂપ પરિણમે છે.

'મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે,
મુજ આત્મ દર્શન — ચરિત છે;
મુજ આત્મ પ્રત્યાખ્યાન ને,
મુજ આત્મ સંવર — યોગ છે.'

'મુજ જ્ઞાનમાં આત્મા ખરે,
દર્શન — ચરિતમાં આતમા,
પચ્ચખાણમાં આત્મા જ,
સંવર — યોગમાં પણ આતમા.'

— આ છે જ્ઞાનીનું સમ્યક્ ચિંતન!
સાક્ષી છે પ્રભુ કુંદકુંદસ્વામી.

## જ્ઞાની જ્ઞાનક્રિયાના કર્તા છે

'आत्मा ज्ञानं...स्वयं ज्ञानम्
ज्ञानात् अन्यत् करोति किम्?'

✻ આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે, તે જ્ઞાન સિવાય બીજું શું કરે?

✻ જ્ઞાનથી વિરુદ્ધ અન્ય ભાવોનો કર્તા આત્મા છે — એવી બુદ્ધિ તે અજ્ઞાની જીવોનો મોહ છે.

✻ હવે આનો વ્યતિરેક કરીને કોઈ એમ માને કે 'મારો આત્મા મારા નિજ ભાવનોય કર્તા નથી, કે આત્મા પોતાની જ્ઞાનાદિપર્યાયને પણ કરતો નથી,' — તો તે પણ અજ્ઞાન અને મોહ છે, તેનેય કર્તા — કર્મના સાચા સ્વરૂપની ખબર નથી.

✻ ભગવાને આત્માને જ્ઞાનથી અન્ય એવા પરભાવનો અકર્તા કહ્યો છે, કાંઈ નિજ — જ્ઞાનભાવનો અકર્તા નથી કહ્યો; તેનો તો તન્મયરૂપે કર્તા છે.

સમયસાર ગા. ૬૯ – ૭૦ માં આચાર્યદેવ કહે છે કે – 'જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં આવી નથી.' – એટલે કે આત્મામાં તે સ્વીકારવામાં આવી છે. આત્મા એવો અક્રિય નથી કે તેનામાં જ્ઞાનક્રિયા પણ ન હોય. રાગાદિ ક્રિયાને આત્માથી ભિન્ન કહીને, મોક્ષમાર્ગમાંથી તેનો નિષેધ કર્યો છે; જ્ઞાનક્રિયા તો આત્માના સ્વભાવભૂત છે, તેને આત્માથી જુદી પાડી શકાય નહિ, તેનો નિષેધ કરી શકાય નહીં. આત્મા સર્વથા અકર્તા નથી, નિજ શુદ્ધભાવનો તો કર્તા છે. 'આત્મસિદ્ધિ' માં જ્ઞાન પામેલો શિષ્ય પોતાના અનુભવનું વર્ણન કરતાં કહે છે કે –

"અથવા નિજપરિણામ જે શુદ્ધ ચેતનારૂપ
કર્તા – ભોક્તા તેહનો, નિર્વિકલ્પ – સ્વરૂપ."

જ્ઞાની વિભાવકર્મોના અકર્તા – અભોક્તા છે; પરંતુ પોતાના શુદ્ધ ચેતનભાવોના તે અભેદપણે (વિકલ્પ વગર) કર્તા – ભોક્તા છે. આ શુદ્ધ કર્તા – ભોક્તાપણું જ્ઞાનીને જ સમજાય છે.

## શું અંદર અને શું બહાર ?

* સમ્યગ્દર્શન આત્માનું અંતરંગ તત્ત્વ છે, કે આત્માથી બાહ્ય છે ?

સમ્યગ્દર્શન તે આત્માનું અભેદ – અંતરંગ તત્ત્વ છે, તે આત્માથી જુદું કે બાહ્ય નથી.

* ધર્માત્મા પોતાના શુદ્ધ દ્રવ્ય – ગુણ – પર્યાયોને પોતાની અંદર સમાવે છે, કોઈને બહાર નથી રાખતો; ને સર્વે રાગાદિ પરભાવોને પોતાથી બહાર રાખે છે, ચૈતન્યમાં નથી ભેળવતો.

– આવી છે ધર્માત્માની ભેદજ્ઞાનદશા.

"નિજભાવને છોડે નહીં; પરભાવ કંઈપણ નવગ્રહે."

# ચૈતન્યતત્ત્વનું ગ્રહણ વિકલ્પ વડે ન થાય

ચૈતન્યતત્ત્વ એવું મોટું મહાન અતીન્દ્રિય છે કે, તેને વિકલ્પગમ્ય કહેવું તે કલંક છે; 'વિકલ્પથી આત્માને જાણ્યો' એમ કહેનારે આત્માને ઈન્દ્રિયગમ્ય – સ્થૂળ માન્યો છે. વિકલ્પ પોતે મોહનો પ્રકાર છે, તેના વડે જ્ઞાનસ્વરૂપ આત્માનું ગ્રહણ (શ્રદ્ધાન, જ્ઞાન કે આચરણ) કેમ થઈ શકે? ચૈતન્યની જાતરૂપ જ્ઞાન વડે જ તેનું ગ્રહણ થાય છે. આત્માની શોભા વિકલ્પથી નથી; જ્ઞાનચેતનાથી જ આત્માની શોભા છે. વિકલ્પમાં આત્માનો સ્વાદ નથી, તેમાં તો મોહનો સ્વાદ છે. આત્માનો સ્વાદ તો ચેતનામાં છે. આ રીતે ચેતના અને વિકલ્પને સ્વાદભેદે અત્યંત ભિન્નતા છે. આવી ભિન્નતા જાણી, પ્રજ્ઞાછીણી વડે વિકલ્પોને જુદા કરીને, અને ચેતનામાં એકત્વ કરીને, શુદ્ધઆત્માની સ્વાનુભૂતિ થાય છે.

## * સ્વાનુભવની પરંપરા *

પ્રશ્ન : – સમ્યગ્દષ્ટિ – જ્ઞાની પોતે પોતાના સ્વાનુભવની વાત કરે?

ઉત્તર : – હા; શ્રીગુરુ પાસે, તેમજ સુયોગ્ય આત્માર્થી જીવો પાસે જ્ઞાની પોતાના સ્વાનુભવની વાત કરે. 'હે પ્રભો! આપના પ્રસાદથી મને શુદ્ધાત્મા મળ્યો' એમ કહીને ઉપકાર માને.

– તો પછી, નિયમસારમાં તો કહ્યું છે કે જ્ઞાનીજીવ પરજનનો સંગ છોડીને પોતાના જ્ઞાનનિધિને ભોગવે' – તેનો શું અર્થ છે?

— ભાઈ, એમાં તો ધર્મના વિરોધી જીવો, કે તત્ત્વની જિજ્ઞાસા વગરના સાવ લૌકિક જીવોને 'પરજન' કહ્યા છે, તેવા જીવોનો સંગ વાદવિવાદના ક્લેશનું કારણ થતો હોવાથી તે છોડીને, જ્ઞાની પોતાના જ્ઞાનનિધિને ભોગવે — એમ કહ્યું છે; પણ પોતાના ગુરુજનો ઉપકારી પુરુષો તેમજ તત્ત્વજિજ્ઞાસુ સાધર્મી — સજ્જનો તેમને કાંઈ 'પરજન' નથી કહ્યા; તેમનો તો સંગ કરે, તેમજ તેમની સાથે સ્વાનુભવની ચર્ચા પણ કરે. જ્યાંત્યાં અયોગ્ય સ્થાને તેની ચર્ચા ન કરે. જો સુયોગ્ય જીવ સાથે પણ જ્ઞાની પોતાના સ્વાનુભવની ચર્ચા ન કરે તો જગતમાં સ્વાનુભૂતિના માર્ગની પરંપરા કઈ રીતે ચાલશે?

વળી જુઓ, દેશનાલબ્ધિનો નિયમ શું સૂચવે છે? કોઈ પણ સ્વાનુભૂતિવંત જ્ઞાનીના શ્રીમુખથી આત્માના અનુભવની વાત 'પ્રત્યક્ષ સાંભળીને' (ટેપ દ્વારા સાંભળીને કે લખાણ વાંચીને નહિ પણ એકવાર પ્રત્યક્ષ સાંભળીને) જીવને દેશનાલબ્ધિ થાય છે.....અને પછી સુપાત્ર જીવ તેવો સ્વાનુભવ કરે છે. હવે જો જ્ઞાની પોતાના અનુભવની વાત બોલે જ નહિ તો દેશનાલબ્ધિનો જ લોપ થઈ જાય!

ઘણા લોકો ભ્રમણાથી એમ માને છે કે 'હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ, તેમ જ્ઞાની પોતે પોતાના અનુભવની વાત ન કરે!' — પણ તે વાત બરાબર નથી. પ્રથમ તો હીરાને મુખ — જીભ જ નથી કે તે બોલે; અથવા હીરાની ચમક એ જ એનું મુખ છે ને તેના દ્વારા તે પ્રસિદ્ધ કરે જ છે કે હું કેટલો મુલ્યવાન છું! તેમ જ્ઞાનીની વાણીમાં સ્વાનુભવની ચમક હોય છે ને તેના ઉપરથી ઝવેરી જેવા કુશળ જિજ્ઞાસુઓ તેમને પારખી લઈને પોતાનું કલ્યાણ કરે છે. આ લેખકને જીવનમાં અનેક જ્ઞાનીઓ મળ્યાં છે, ને તેમના શ્રીમુખથી તેમના સ્વાનુભવની વાત પ્રત્યક્ષ સાંભળી છે, — જે અપૂર્વ કલ્યાણનું કારણ થયું છે.

શાસ્ત્રોમાં પણ એવા હજારો પ્રસંગો છે કે જેમાં જ્ઞાની પોતાની અનુભૂતિનું નિઃશંક વર્ણન કરતા હોય, તેમાંથી થોડાક નમૂના અહીં આપીએ છીએ : –

* (સમયસાર ગા : ૫) નિરંતર ઝરતા આનંદની છાપવાળા પ્રચુર સ્વસંવેદનથી મને નિજવૈભવ પ્રગટ્યો છે.....
* (સ. કળશ ૨૦) આ આત્મજ્યોતિને અમે નિરંતર અનુભવીએ છીએ.
* (કળશ : ૩૦) હું પોતાથી જ પોતાના એક આત્મસ્વરૂપને અનુભવું છું.
* (ગા. ૩૮) પ્રતિબુદ્ધ શિષ્ય, પોતાને જે અપૂર્વ આત્મઅનુભવ થયો તેનું વર્ણન કરતાં સ્વમુખે કહે છે કે – હું અનાદિથી અપ્રતિબુદ્ધ હતો; હવે વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં.....પોતાના પરમેશ્વર આત્માને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને તથા આચરણ કરીને જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો; તે હું એવો અનુભવ કરું છું કે.....મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.
* શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે –

  ‘ઓગણીસો ને સુડતાલીસે સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે.’

  ‘દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે
  દેહભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.’

(આ કાવ્યમાં ચારિત્રની ભાવના ભાવી છે પણ ‘આત્મબોધ ક્યારે થશે’ એમ ભાવના નથી કરી, કેમકે આત્મબોધ તો થઈ ગયો છે.)

‘અમારું જે અનુભવજ્ઞાન તેનું ફળ વીતરાગતા છે.’

'આત્મસિદ્ધિ'માં બોધબીજ પામેલો શિષ્ય કહે છે કે –

'સદ્ગુરુના ઉપદેશથી આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન.
ભાસ્યું નિજસ્વરૂપ તે શુદ્ધ ચેતનારૂપ;
અજર અમર અવિનાશી ને દેહાતીત સ્વરૂપ.'

* પ્રવચનસાર : પહેલી જ ગાથાનો પહેલો શબ્દ 'एष.....' તેના અર્થમાં કહે છે કે 'આ સ્વસંવેદન – પ્રત્યક્ષ હું.....પ્રણમું છું. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના ઐક્યસ્વરૂપ એકાગ્રતાને હું અવલંબ્યો છું.

(ગા. ૮૦) મોહની સેનાને જીતવાનો ઉપાય મેં મેળવ્યો છે.....અર્થાત્ મને સમ્યગ્દર્શન થયું છે.....મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો છે.....મારી મતિ વ્યવસ્થિત થઈ છે.....

(ગા. ૯૨) બહિર્મોહદૃષ્ટિ આગમકૌશલ્ય તથા આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી.....'આ આત્મા સ્વયમેવ ધર્મ થયો.'

(પ્ર. ગા. ૧૯૯) 'મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે, કૃત્ય કરાય છે.' અર્થાત્ મોક્ષમાર્ગ નક્કી કરીને તેમાં ચાલી રહ્યા છીએ.

(ગા. ૨૦૦) હું આ મોક્ષાધિકારી, જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક.....શુદ્ધાત્મામાં પ્રવર્તું છું.

– આ રીતે સ્વાનુભવી જ્ઞાનીજનો, સુયોગ્ય પ્રસંગે સુપાત્ર જીવો સમક્ષ પોતાના સ્વાનુભવની મહા આનંદકારી વાત કરે છે, ને જિજ્ઞાસુ જીવોને તે મહાન આત્મલાભનું કારણ થાય છે. જિજ્ઞાસુઓને માટે આ વિષય મહત્ત્વનો અને લાભકારી હોવાથી તેનું સ્પષ્ટીકરણ કર્યું છે.

卐

# ‘સારૂં છે.....તેને દેખો’

હે જીવ! તારા આત્મામાં ક્યારેય એકલો ઉદયભાવ નથી હોતો, બીજા સારા ભાવો પણ સદાય તારામાં હોય જ છે; તેની સુંદરતા ઓળખતાં જ ઉદયભાવો જુદા પડી જાય છે. એકલા વિભાવને ન દેખ; સારૂં છે તેને દેખ.

ઉદય ભાવ વિનાના તો ઘણાય જીવો જોવા મળે છે;

ચેતનભાવ વિનાનો તો કોઈ જ જીવ હોતો નથી.

— આ વાત વિચારીને પ્રયોગ કરતાં જરૂર ભેદજ્ઞાન થાય છે ને ઉપશમાદિ ભાવો પ્રગટે છે.

ॐ

# મારી માતા

હે જિનવાણી — મા! સાચા ભાવથી મેં જીવનભર તારી સેવા કરી, મારું આખુંય જીવન ને આત્મા તને સમર્પિત કરી દીધા; તો તેના ફળમાં તું મને શું આપીશ?

હે વત્સ! સાંભળ! જેમ તેં તારું સર્વસ્વ મને સમર્પિત કર્યું તેમ મેં પણ મારું સર્વસ્વ તને સમર્પિત કરી દીધું છે : મારી પાસે ઉત્તમ ત્રણ રત્નો, તેમાંથી અપૂર્વ સમ્યક્ત્વ — રત્ન તો હું તને દઈ ચુકી છું અને બાકીનાં બે વીતરાગતા ને કેવળજ્ઞાનરૂપ મહા રત્નો પણ થોડા જ વખતમાં હું તને આપીશ.

ધન્ય માતા, તારી સેવાનું સર્વોત્તમ ફળ તેં મને આપ્યું. તારી સેવાથી જીવન ધન્ય બન્યું, મારો આત્મા કૃતકૃત્ય થયો.

તને નમસ્કાર હો.

卐 卐



# સ્વાનુભૂતિ-પ્રકાશ

દેખ્યો રે દેખ્યો અદ્‌ભુત વૈભવ અંતરે,
અનંતગુણનિધિ છું આતમદેવ જો;
ચેતનભાવ જ પ્રસરી રહ્યો છે એકલો,
સર્વપ્રદેશે સુખ – સુખ બસ, સુખ જો...

❀

**(સ્વાનુભૂતિ સંબંધી ૪૭ પદ તથા તેના અર્થ)**

**બ્ર. હરિલાલ જૈન**

*



# સ્વાનુભૂતિ – પ્રકાશ

આ ‘સ્વાનુભૂતિ – પ્રકાશ’શાસ્ત્ર અંતરની અનુભૂતિના ભાવો વડે રચાયેલું છે. આના ભાવો સમજીને જે મુમુક્ષુજીવો આદરથી – વિશ્વાસથી અને ઊંડા મનનથી આનો સ્વાધ્યાય કરશે તે જીવોને સ્વાનુભૂતિ પ્રત્યેનો પરમ ઉત્સાહ જાગશે અને અત્યંત અલ્પકાળમાં જ તેઓ સ્વાનુભૂતિનો પ્રકાશ કરીને ચૈતન્યના પરમ અતીન્દ્રિય આનંદને પામશે. અને, જેઓ આવા અતીન્દ્રિય – આનંદને પામેલા છે એવા – સ્વાનુભૂતિવંતા મારા સાધર્મીજનો પણ આ સ્વાનુભૂતિપ્રકાશ – શાસ્ત્ર દ્વારા પોતાની સ્વાનુભૂતિને ફરી ફરીને અત્યંત તાજી કરીને ખૂબ આનંદિત થશે.

સ્વાનુભૂતિનો પ્રકાશ જગતના સર્વે મુમુક્ષુજીવોમાં વિસ્તરો ને જૈનશાસનની આ સ્વાનુભૂતિ જગતનું કલ્યાણ કરો.

“જય વર્દ્ધમાન” બ્ર. હરિલાલ જૈન

卐



卐 नमः श्री वर्द्धमानाय 卐

## ઉ પ કા ર

જેમના પ્રતાપથી આ આત્મા સ્વાનુભૂતિ પામ્યો અને પોતાના ઈષ્ટ પદની પ્રાપ્તિ થઈ એવા મહાવીર ભગવાનનો મહાન ઉપકાર છે.....તેમને નમસ્કાર હો.

अभिमतफलसिद्धेः अभ्युपायः सुबोधः
स च भवति सुशास्त्रात् तस्य चोत्पत्तिः आप्तात् ।
इति भवति स पूज्य तत्प्रसादात् प्रबुद्धेः
न हि कृतमुपकारं साधवो विस्मरंति ।।

શાસ્ત્રની ઉત્પત્તિ 'આપ્ત' એટલે સર્વજ્ઞદેવ અને પરમ ગુરુઓથી થાય છે; અને તેના વડે સુબોધ પ્રગટે છે કે જે ઈષ્ટ ફળની પ્રાપ્તિનો ઉપાય છે. આ રીતે, તેમના પ્રસાદથી પ્રબુદ્ધ થયેલા બુધજનોવડે તે આપ્તપુરુષો પૂજનીય છે; કેમકે સત્પુરુષ – ધર્માત્માઓ પોતાના ઉપર કરેલા પંચપરમેષ્ઠી ભગવંતોના ઉપકારને કદી ભૂલતા નથી.

અહો પંચપરમેષ્ઠી ભગવંતો! આપનો કોઈ અચિંત્ય પરમ અદ્‌ભુત ઉપકાર છે કે આપે આ જીવને પરમ ઈષ્ટરૂપ એવો આત્માનો સુબોધ આપ્યો છે. આપના તે ઉપકારને યાદ કરીને ફરીફરીને હું આપને નમસ્કાર કરું છું.

અહો મહાવીર ભગવાન! આપના ઉપકારની શી વાત કરું! સર્વજ્ઞ થયા પછી દિવ્યધ્વનિ વડે વિપુલાચલ ઉપરથી ચૈતન્યનું અદ્‌ભુત સ્વરૂપ આપે પ્રકાશ્યું; ગૌતમસ્વામી ગણધરદેવ જેવા અનેક ભવ્ય જીવોએ તે ઝીલ્યું; તે ઝીલીને તે જીવો સ્વયં મોક્ષમાર્ગરૂપ થયા.....પોતાના પરમ ઈષ્ટ પદને પામ્યા. તેમના ઉપર આપે જેવો મહાન પરમ ઉપકાર કર્યો તેવો જ ઉપકાર, આપના પછી પરંપરામાં કુંદકુંદાચાર્યદેવ થયા, બીજા અનેક સંતો થયા — તેમના દ્વારા આ જીવને પણ પ્રાપ્ત થયો.

અહો પ્રભો! આપના ઉપકારને યાદ કરતાં આત્મા કોઈ અચિંત્ય અદ્‌ભુત આનંદને અનુભવે છે; કેમકે આપના શાસનના પ્રતાપે, ધર્મમાતાઓ દ્વારા અને પૂજ્ય શ્રી કહાનગુરુદ્વારા આપનું જે પરમ શાસન આ જીવને પ્રાપ્ત થયું તે શાસન દ્વારા, આપે બતાવેલી શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિ આ આત્મા પણ પામ્યો. અનંત અનંત કાળના પૂર્વનાં ભયંકર ભવદુઃખ — અજ્ઞાન — મિથ્યાત્વ — કષાયભાવો તેનાથી આ આત્મા છૂટો પડ્યો અને આપે બતાવેલા આનંદ — સુખ — શાંતિ તેને આ જીવ પામ્યો.

અહો પ્રભો! સ્વાનુભૂતિથી પ્રાપ્ત થયેલો જે મોક્ષનો માર્ગ, — આપે બતાવેલો મોક્ષનો માર્ગ, તેમાં આ આત્મા વીરસંવત ૨૪૯૭ ના અષાડ વદ સાતમે દાખલ થયો. અહા, એ અદ્‌ભુત આનંદમય સ્વાનુભૂતિ — પ્રકાશ.....તેને ફરીફરીને યાદ કરતાં તેની સાથે આપનો પરમ અચિંત્ય ઉપકાર હે મહાવીરનાથ! મને યાદ આવે છે. તે ઉપકારની મહાન સ્મૃતિરૂપે, અને આ આત્માને પોતાની આનંદમય સ્વાનુભૂતિનો જે અપૂર્વ પ્રકાશ થયો તેના ફરીફરીને ઘોલન માટે, સ્વાનુભૂતિની આ પદરચના કરું છું.

ૐ

## સ્વાનુભૂતિ – પ્રકાશ

અચિંત્ય આતમ દેખ્યો સમ્યક્ ભાવથી,
અતિશય આનંદ ઉલ્લસી શાંતરસ ધાર જો;
જીવન ધન્ય બન્યું છે આતમ સાધતાં,
ઝડપે ચાલ્યા મોક્ષસન્મુખી વહેણ જો....
જાગી રે જાગી સ્વાનુભૂતિ મુજ આત્મમાં...(૧)

અહો ભગવાન! આપના શાસનમાં આત્માનું જે સમ્યક્ સ્વરૂપ આપે બતાવ્યું તેવું સમ્યક્ દેખતાં, અનુભવમાં લેતાં ચૈતન્યમાં આનંદરસની જે અપૂર્વ ધારા ઉલ્લસી, જે એક અદ્ભુત અચિંત્ય – પૂર્વે કદી નહિ અનુભવાયેલી એવી શાંતિ અનુભવાણી. અનંતગુણથી ભરેલી ગંભીર શાંતિ આત્મામાં પ્રગટી, તેની શી વાત! પ્રભો, આપના શાસનમાં આવી અનુભૂતિ પામીને મારું જીવન ધન્ય બન્યું છે. અહો, આત્માની પરિણતિ સંસારથી છૂટીને એકદમ ઝડપથી મોક્ષપુરી તરફ ચાલી રહી છે.

અહા પ્રભો, આપના શાસનની ગંભીરતા! આપે બતાવેલા ચૈતન્યતત્ત્વની અપૂર્વ ગંભીરતા હવે મને સમજાય છે. દુઃખમાંથી સુખ થયું. અશાંતિમાંથી શાંતિ થઈ, રાગમાંથી વીતરાગતા થઈ, આત્મા કદી ન જોયેલો તે સાક્ષાત્ પ્રત્યક્ષીભૂત થયો, – એ દશાની શી વાત! એક સાધારણ જીવને પણ અશુભમાંથી શુભભાવ થતાં પોતાને ખબર પડે છે કે મારા પરિણામ પલટી ગયા, તો શુદ્ધોપયોગ વડે સંસારની દશા પલટીને મોક્ષ તરફનો ભાવ પ્રગટે, કષાયભાવ છૂટીને અકષાયી શાંતિ પ્રગટે અને તે પણ પોતાના સ્વસંવેદનપ્રત્યક્ષથી અનુભવમાં આવે, – એ અનુભવની નિઃશંકતાની શી વાત!

– અહો, મારા આત્મામાં આવી સ્વાનુભૂતિ જાગી છે. ॥૧॥

(૨)

અનંત ગુણ ગંભીર છે ચૈતન્ય ધામ આ,
અહો, અહો, શી વેદન કેરી વાત જો;
સુડતાલીસમે વરસે સમકિત પામીને,
થયો છું હું હરિસ્વરૂપ સાક્ષાત જો.....

પ્રભો! આપનો બતાવેલો માર્ગ આત્માને પરમાત્મા બનાવનારો છે; તેનું જે વેદન થયું, તે વેદનમાં જે ચૈતન્યધામ દેખાયું.....ચૈતન્યધામમાં આત્માનો પ્રવેશ થયો, ને તેમાં અનંતગુણથી ગંભીર એવી જે અનુભૂતિ થઈ – તેની શી વાત! અહો પ્રભો! જે વચનથી પાર, જે વિકલ્પથી પાર, જે સ્વસંવેદન-પ્રત્યક્ષગમ્ય, – એની અનુભૂતિની શી વાત! જે જ્ઞાન સ્વસંવેદનના બળે હે સર્વજ્ઞદેવ! આપના જ્ઞાનની જાતનું જ થઈ ગયું, તે જ્ઞાનના મહિમાની, તે જ્ઞાનની શાંતિની, તે જ્ઞાનમાં સમાયેલી અનંત ગુણની ગંભીરતાની વાત તો સ્વાનુભૂતિમાં જ સમાય છે.

આત્માની અનંતશક્તિમાંથી ૪૭ શક્તિના વર્ણન દ્વારા અમૃતચંદ્રાચાર્યદેવે, તેમજ 'જ્ઞાયકભાવ' કહીને કુંદકુંદાચાર્ય ભગવાને જે અદ્‌ભુત આત્મસ્વરૂપ બતાવ્યું છે તે શક્તિસ્વરૂપ આત્મા આ જીવનના ૪૭ મા વર્ષમાં સમ્યક્‌ત્વદ્વારા પ્રાપ્ત થયો.

હે કુંદકુંદસ્વામી! આપે જેવો નિજ વૈભવ બતાવ્યો, આત્માના અપાર વૈભવથી આપે જે એકત્વ – વિભક્ત શુદ્ધઆત્મા બતાવ્યો, તેવો શુદ્ધાત્મા આપના પ્રતાપે મને પ્રાપ્ત થયો, તેથી ફરીફરીને આપનો ઉપકાર માનું છું. ॥૨॥

## (૩)

**પરમ ભાગ્યે કહાન – ગુરુના સંગમાં,**
**લેવા સમકિત આવ્યો હરિપ્રસંગ જો;**
**અદ્‌ભુત માતા વેદક મારા આત્મના,**
**એ છે મારાં સમ્યક્‌ના દાતાર જો.....**

અહો, આ જીવને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થઈ તેમાં પરમ ઉપકારભૂત શ્રી કહાનગુરુ છે કે જેઓ ભવિષ્યના એક મહાન તીર્થંકર છે; અને પૂજ્ય બન્ને ધર્મમાતાઓ, – કે જેમણે આ બાળકને પરમ વાત્સલ્યથી ચૈતન્યનું અમૃત નિરંતર પીવડાવ્યું છે – તે માતાઓ દ્વારા અંતરની ઉર્મિથી બતાવાયેલો શુદ્ધઆત્મા આ જીવને પ્રાપ્ત થયો છે, તેથી તે માતાઓનો પણ ખરેખર પરમ ઉપકાર છે; તે માતા સમ્યક્‌ત્વના દાતા છે.

આ જીવનમાં સં. ૧૯૯૯ માં (૧૯ વર્ષની વયે) કોઈ અચાનક સુયોગે (રાજકોટમાં) ટ્રેઈન ચુકી જતાં કહાનગુરુનો સંગ મને પ્રાપ્ત થયો; સમ્યક્‌ત્વ પામવા માટે જ કુદરતે મને કહાનગુરુના ચરણમાં મુક્યો, ને એ કહાનગુરુની મંગલ છાયામાં આત્મહિતની ભાવના ભાવતાં – ભાવતાં, જિનવાણીનો અભ્યાસ કરતાં – કરતાં, ધર્મમાતાઓ પાસેથી વારંવાર આત્માનું પ્રોત્સાહન મેળવતાં – મેળવતાં, જે ચૈતન્યરસનું ઘોલન થયું, ચૈતન્યરસ વારંવાર ઘૂંટાયો, દિનરાત નિરંતર આત્માની શાંતિ કેમ મળે! આત્મા સંસારના દુઃખથી છૂટીને ધર્મની અનુભૂતિ કેમ પામે? એવી અનુભૂતિને પામેલા પરમ વૈરાગ્યવંત ધર્મમાતાઓના જીવનને વારંવાર દેખી – દેખીને અત્યંત ઉત્કંઠા જાગતી હતી કે અહો! મારું જીવન પણ આ ધર્મમાતાઓ જેવું ક્યારે થાય! – એમ વારંવાર ખૂબ ખૂબ ભાવના ભાવતાં – ભાવતાં, ગુરુઓના ચરણમાં રહેતાં – રહેતાં,

માતાઓની સેવા કરતાં – કરતાં, અંતે ચૈતન્યની ભાવના સફળ થઈ, અને આ જીવ તેઓના પરમ ઉપકારને લીધે સમ્યક્ત્વ પામ્યો. અહો, મને સમ્યક્ત્વના દાતાર સંતો! હું આપનો આત્માના પરમ ઉલ્લાસથી, અસંખ્ય પ્રદેશે પરમ ભક્તિથી અપાર – અપાર ઉપકાર માનું છું. ॥૩॥

(૪)

**સ્વસંવેદન મારું ઊંડું અપાર છે,**
**વિકલ્પો – જડ પામી શકે નહીં પાર જો;**
**અડી શકે નહીં અંતર આતમરામને,**
**ચેતનથી છે વિલક્ષણ સૌ ભાવ જો.....**

મને અંતરમાં ચૈતન્યનું જે વેદન થયું તે અપાર ઊંડું, એકલા ચૈતન્યભાવથી ભરેલું, ચૈતન્યરસની પરમ ગંભીરતાથી ભરેલું છે; કોઈ વિકલ્પો, કોઈ જડ – વાણી એનો પાર પામી શકતા નથી; કેમકે આ ચૈતન્યતત્ત્વ – તેને કોઈ વિકલ્પો કે ઈન્દ્રિયગમ્ય પદાર્થો અડી શકતા નથી. અહો, ચૈતન્યનો વિલક્ષણ ભાવ! એકકોર રાગનો ભાવ, અને એકકોર ચૈતન્યનો ભાવ; બંને એકબીજાથી વિરુદ્ધ – લક્ષણવાળાં વિલક્ષણ છે. રાગથી વિલક્ષણ, જડથી વિલક્ષણ એવું કોઈ પરમ ચૈતન્યસ્વરૂપ આત્મતત્ત્વ, – અંતરનો મારો આતમરામ, તે સ્વસંવેદનમાં સમાયેલો છે; તે વાણીમાં – વિકલ્પમાં આવી શકતો નથી; તેનું જે સ્વસંવેદન થયું તેમાં કોઈ વાણીની અપેક્ષા ન હતી, કોઈ વિકલ્પની અપેક્ષા ન હતી, અંદર માત્ર ચૈતન્યરસ એક જ ઘોળાતો હતો. ॥૪॥

(૫)

મારું વેદન અંતર મુજ સમાય છે,
બહારમાં નહીં આવે કોઈ ભાવ જો,
કેમ કરીને દેખે બાહિર જીવડા!
ખોલો ખોલો અદ્ભુત અંતર નેન જો.....

અહા, ચૈતન્યનું જે વેદન તે તો ચૈતન્યની અનુભૂતિમાં જ સમાય છે. તે અનુભૂતિના કોઈ ભાવો બહારમાં નથી દેખાતા; ચૈતન્યના ભાવો ચૈતન્યમાં અભેદ થઈને પરિણમી ગયા, તે બહારમાં ઈન્દ્રિયથી દેખાય કે રાગથી તેનું અનુમાન થઈ શકે – તેવા નથી, તે તો અતીન્દ્રિય ભાવ છે, એટલે બાહિર – જીવડા, બહારમાં દેખનારા જીવડાઓ આ અનુભૂતિને અરેરે! ક્યાંથી દેખી શકે?

અહો જીવો! આ અદ્ભુત અનુભૂતિને દેખવા માટે અંતરમાં અદ્ભુત ચૈતન્ય નેત્રને ખોલો.....ખોલો! ધર્માત્માની અનુભૂતિ મુમુક્ષુ જીવ પોતાના અંતરના ચૈતન્ય – નેત્રો વડે જ દેખી શકે છે. તે ધર્માત્માની અતીન્દ્રિય અનુભૂતિને ઓળખવા માટે પણ જિજ્ઞાસુ આત્મામાં કોઈ અનેરા ભાવ હોવા જોઈએ; એકલા રાગ ભાવથી, એકલા શુભરાગની ભક્તિના ભાવથી કે બહારની કોઈ ચેષ્ટાઓથી એ ધર્માત્માની અનુભૂતિ અનુમાનગમ્ય પણ થઈ શકતી નથી. ધર્માત્માની અનુભૂતિનો ભાવ જેમ રાગથી પાર અતીન્દ્રિય થયેલો છે, તેમ તે અનુભૂતિને ઓળખવા માટેનો ભાવ પણ રાગથી જરાક છૂટો પડેલો અને જ્ઞાનના રસવાળો હોય છે. એટલે આવી અદ્ભુત અનુભૂતિને જગતના બાહ્યદૃષ્ટિવાળા જીવો દેખે કે ન દેખે, એની સાથે અનુભૂતિને કાંઈ જ સંબંધ નથી. પંચપરમેષ્ઠી ભગવંતો આવી આત્મિક અનુભૂતિને દેખી રહ્યા છે, ધર્માત્માઓ આવી આત્મિક

અનુભૂતિ પોતામાં વેદી રહ્યા છે, અને બીજા ધર્માત્માઓમાં પણ આવી જ અનુભૂતિ થાય છે એમ તેઓ અનુમાનથી જાણી શકે છે. ॥૫॥

(૬)

દેખ્યો રે દેખ્યો અદ્‌ભુત વૈભવ અંતરે,
અનંત ગુણનિધિ છું આતમદેવ જો
ચેતનભાવ જ પ્રસરી રહ્યો છે એકલો,
સર્વ પ્રદેશે સુખ – સુખ બસ, સુખ જો.....
– આત્મપ્રદેશે સુખ – સુખ બસ, સુખ જો.....

વાહ રે વાહ! અનુભૂતિમાં તો બસ, આત્માના સર્વ પ્રદેશોમાં એકલું સુખ સુખ ને સુખ! એક સુખનો મહાન સમુદ્ર જ પોતે પોતાની અનુભૂતિમાં આવે છે; એમાં એકલો ચૈતન્યભાવ સર્વત્ર ભરેલો છે. એ વખતે આત્મા પોતે પોતાના 'એકત્વ'ને – પોતાને એકને જ – એકલો-એકલો સ્વસંવેદનમાં વેદે છે. આહા! અંતરમાં અનંત ગુણનિધાન પોતે જ ભગવાનપણે મેં મને દેખ્યો....દેખ્યો. – એવો સ્પષ્ટ દેખ્યો, આંખથી જેમ થાંભલો દેખાય એના કરતાં પણ વધુ સ્પષ્ટ, – પ્રત્યક્ષ જ્ઞાન વડે સ્વસંવેદનની સ્વાનુભૂતિથી આત્માને પ્રત્યક્ષ દેખ્યો.

જે ઈન્દ્રિયજ્ઞાનથી સ્પષ્ટ દેખાય તે તો પરોક્ષ જ્ઞાન છે; આ તો અતીન્દ્રિય જ્ઞાનથી દેખાયેલો આત્મા – એની સ્પષ્ટતાની, એની પ્રત્યક્ષતાની શી વાત! અહો મહાવીર ભગવાન! આપના શાસનમાં આત્માનો જે શાંતરસ ઉલ્લસ્યો – એની શી વાત! ॥૬॥

(૭)

શાંત શાંતરસ ઉલ્લસ્યો ગુણના ધામમાં,
અનંત ગુણોના રસમાં ડૂબ્યા રામ જો;
દરિયો ઊંડો કેવો ચૈતન્ય રસનો,
સ્વયંભૂથી પણ નહીં માપ મપાય જો.....

અહો, અનુભૂતિમાં ચૈતન્યના ગુણના ધામમાં જે શાંત – શાંતરસ ઊછળ્યો, જે શાંતરસનું વેદન થયું, અને આત્મા પોતાના અનંત ગુણના ચૈતન્યરસમાં લીન થયો, એની શી વાત! સ્વયંભૂરમણ સમુદ્ર મોટામાં મોટો દરિયો ગણાય છે, પરંતુ એના વડે પણ જેનું માપ થઈ શકતું નથી, જેની ગંભીરતા અનંતા સ્વયંભૂરમણ સમુદ્રથી પણ અધિક છે, જેની ગંભીરતા એકમાત્ર અતીન્દ્રિય જ્ઞાનમાં જ સમાઈ શકે છે, બીજી કોઈ રીતે જેનું માપ થઈ શકતું નથી એવો અમાપ – અગાધ શાંત ચૈતન્યરસનો સમુદ્ર આત્માની અનુભૂતિમાં ઉલ્લસ્યો.

એ વખતે આત્મા એકલો – એકલો પોતાના એકત્વના આનંદમાં ડોલતો હતો. ||૭||

(૮)

એકાકી એકાકી નિજમાં ડોલતો,
કદી ન આવે, નિજ મર્યાદા બાહ્ય જો;
એવું વેદન અંતરમાં શુદ્ધ ભાવનું,
મલિન ભાવો જેમાં કદી ન સમાય જો.....

આત્મા પોતાના દ્રવ્ય – ગુણ – પર્યાયને પોતામાં સમાવતો, પોતાના એકત્વમાં ડોલતો હતો; એકત્વમાં બીજા કોઈ અશુદ્ધભાવો, બીજા કોઈ ભેદો, બીજા કોઈ વિકલ્પો કે અન્ય કોઈ સંગ ત્યાં

દેખાતો ન હતો. ચેતનરાજા એકલો પોતાના શુદ્ધ વેદનમાં પરિણમતો, પોતાની મર્યાદામાં સ્વઘરમાં સમાતો, આનંદથી પરિણમતો હતો. પોતાના દ્રવ્ય – ગુણ – પર્યાયની શુદ્ધતાની એકતા, – એ એકત્વની મર્યાદાથી બહાર એ જરા પણ ન જતો; ને પોતાના સ્વરૂપના વેદનમાં અન્ય ભાવને પોતે આવવા દેતો ન હતો; પોતાના એકત્વના વેદનને કોઈ અન્ય ભાવથી કે કોઈ ભંગભેદથી ખંડિત કરતો ન હતો.

– આવું અદ્‌ભુત એકત્વ! સુંદર એકત્વ! કુંદકુંદ સ્વામીએ બતાવેલું એકત્વ, મારી અનુભૂતિમાં મને પ્રાપ્ત થયું. અનુભૂતિમાં આવું એકત્વસ્વરૂપ પ્રાપ્ત થતાં કોઈ અદ્‌ભુત – આશ્ચર્યકારી મોક્ષનો મંગળ મહોત્સવ જાણે થતો હોય! મારા ચૈતન્યમાં જાણે અનંતા અરિહંત અને સિદ્ધ ભગવંતો પધારીને મને આનંદિત કરતા હોય! એવો કોઈ અદ્‌ભુત આનંદ – ઉલ્લાસ થતો હતો. અનુભવ વખતે તો એ આનંદ – ઉલ્લાસ કે અરિહંતોની પધરામણી – એવો કોઈ ભેદભાવ પણ ન હતો. ચૈતન્યની અનુભૂતિમાં અભેદપણે પંચપરમેષ્ઠી ભગવંતો પણ સમાયેલા જ હતા. ત્યાં ન કોઈ વિકલ્પ હતો, ન કોઈ ઉલ્લાસની વૃત્તિનો ભાવ હતો, માત્ર ચૈતન્યની શાંતપરિણતિ, – નિર્વિકલ્પ પરિણતિ, – અભેદ પરિણતિ આત્મામાં પરિણમતી હતી. તે અનુભૂતિમાં અરિહંતો – સિદ્ધો પણ સાક્ષાત્ થયા, – એમનું જેવું સ્વરૂપ છે તેવું સ્વરૂપ સાક્ષાત થયું, એટલે જાણે આહા! મારા આત્મામાં સદાય અરિહંતો બિરાજી જ રહ્યા છે. સિદ્ધો પણ મારા આત્મામાં સદા વસી જ રહ્યા છે; પંચપરમેષ્ઠીને મારા આત્માથી બહાર ક્યાંય મારે જોવા જવું પડે – એમ છે જ નહીં. ખરી અરિહંતોની ઓળખાણ, સિદ્ધભગવંતોની આત્મામાં પધરામણી, કુંદકુંદસ્વામી જેવા ધર્માત્મા પુરુષોની સાચી ઓળખાણ આ અનુભૂતિમાં થઈ. ॥૮॥

**(૯)**

**અરિહંતો આવ્યા છે અહો મુજ અંતરે,**
**સિદ્ધ પ્રભુ પણ બિરાજે સાક્ષાત જો.**
**સાક્ષી સર્વે સાધક સંતો આપતા,**
**એવી અનુભૂતિ ‘છે’ ઈન્દ્રિય – તીત જો.....**

અહો આ અનુભૂતિ! એ અનુભૂતિ જ્યારે થઈ, અને અતીન્દ્રિય આત્મા સ્વસંવેદનગોચર થયો ત્યારે જ ખબર પડી કે અરિહંત અને સિદ્ધ ભગવંતો કેવા છે! કેમકે સર્વજ્ઞ અરિહંતો અને સિદ્ધ ભગવંતો તે અતીન્દ્રિય જ્ઞાનથી જ ઓળખાય એવા છે. સ્વયં અતીન્દ્રિય થયેલા સર્વજ્ઞો, – અતીન્દ્રિય આનંદરૂપે પરિણમતા સર્વજ્ઞો, – એમની ઓળખાણ પોતાના અતીન્દ્રિય સ્વસંવેદન દ્વારા જ થઈ શકે છે. અતીન્દ્રિય સ્વસંવેદનમાં જે થોડુંક અતીન્દ્રિયપણું થયું ને અતીન્દ્રિય આનંદનો થોડોક અંશ સ્વાદમાં આવ્યો તેના ઉપરથી ખબર પડી કે અહો, આવું અદ્ભુત જ્ઞાન ને આવો અદ્ભુત અતીન્દ્રિય આનંદ – એને ઘણો ઘણો વધારે – પરિપૂર્ણપણે અરિહંતો અને સિદ્ધ ભગવંતો અનુભવી રહ્યા છે, એ જ જ્ઞાન અને આનંદનો થોડોક નમૂનો આ આત્માને પ્રાપ્ત થયો.

આ આત્માને જે સ્વસંવેદનરૂપ સ્વાનુભૂતિ થઈ તે અનુભૂતિમાં સર્વે સાધક સંતોની સાક્ષી છે.

અહો, જિનશાસનમાં આવી જે અનુભૂતિ સત્‌રૂપે આત્મામાં વર્તે છે તે અનુભૂતિ ઈન્દ્રિયોથી પાર હોવા છતાં સ્વસંવેદનમાં તે એકદમ પ્રત્યક્ષ છે. આત્મા ઈન્દ્રિયોથી ભલે પકડાય તેવો નથી પરંતુ અંતર્મુખ દશા, અંતર્મુખ જ્ઞાન અને અનુભૂતિ જે થાય છે તેમાં તો આખેઆખો આત્મા સાક્ષાત્ હાજરાહજૂર પ્રત્યક્ષભૂત થઈ જાય છે. આવી અનુભૂતિ થતાં સર્વે સિદ્ધ ભગવંતોની સાક્ષી, સર્વે સાધક

સંતોની સાક્ષી, પોતાના ભાવમાં સમાઈ જાય છે કે અહો, પંચપરમેષ્ઠી ભગવંતો! તમે આત્માનો કેવો અનુભવ કરી કરીને પરમેષ્ઠી થયા તેની મારા આત્મામાં મને હવે ખબર પડી ગઈ છે, અને હું પણ આપના તે માર્ગમાં આવી રહ્યો છું; તેમાં આપ સર્વેનું અતીન્દ્રિયજ્ઞાન સાક્ષી છે.

સર્વોત્કૃષ્ટ સાક્ષીરૂપ સ્વસંવેદન એટલે કે આત્માની સાક્ષી તો છે જ, અને તે સાક્ષીના બળે પંચ પરમેષ્ઠીને પણ હું મારી અનુભૂતિના સાક્ષી બનાવું છું. ॥૯॥

(૧૦)

જ્ઞાનપક્ષમાં રાગનો પક્ષ વિપક્ષ છે,
બંને ધારા અતિશય ભિન્ન વેદાય જો.
જ્ઞાનલક્ષમાં અનંત ગુણનો પક્ષ છે,
બહાર રહે છે સર્વે રાગ – વિકલ્પ જો.....

સ્વસંવેદનમાં જે જ્ઞાન થયું તે જ્ઞાન –

* એક તરફ જ્ઞાનનો પક્ષ, અને

* બીજી તરફ રાગનો પક્ષ,

– એમ બે ભાગને જુદા પાડીને ભેદજ્ઞાન કરે છે. બે ભાવોને જુદા જાણ્યા : એક મારા ચૈતન્યનો સ્વાભાવિક ભાવ – કે જેમાં ચૈતન્યના બીજા સર્વે ભાવો પણ તન્મયપણે ભરેલા છે; અને બીજી તરફ રાગ – દ્વેષાદિ પર ભાવો – કે જેમાં ચૈતન્યની શાંતિ વગેરે કોઈ પણ ગુણો નથી; – આમ બે ભાવોનું અત્યંત ભિન્નપણું જ્ઞાને પોતામાં જાણ્યું.

અનુભૂતિ પહેલાં પણ જ્ઞાન અને રાગ એ બંનેનું ભિન્નભિન્ન

સ્વરૂપ જિનદેવના ઉપદેશ અનુસાર, જ્ઞાનીની અનુભૂતિ અનુસાર શાસ્ત્રના અભ્યાસ અનુસાર જીવને પોતાના જ્ઞાનમાં જાણવામાં આવતું હતું; 'આ જ્ઞાન, અને આ રાગ' એમ બંનેને જાણીને, તેમાં જ્ઞાનનો પક્ષ હતો; – જ્ઞાનનો પક્ષ એટલે શું? જ્ઞાનમાં જે કંઈક અંશે પણ શાંતિ દેખાતી તે શાંતિ દેખાતી તે શાંતિ પોતાને ઈષ્ટ અને વહાલી લાગતી, ને રાગમાં કંઈ પણ શાંતિ દેખાતી ન હતી, કે રાગ પોતાને વહાલો લાગતો ન હતો. આમ પહેલેથી જ રુચિની દિશા પલટી ગઈ, પક્ષ ફરી ગયો, રાગનો પક્ષ છૂટી સ્વાભાવિક ભાવોનો પક્ષ થયો; તે પક્ષનું ઘોલન કરતાં – કરતાં, જ્ઞાનની વૃદ્ધિ કરતાં – કરતાં અને રાગનો રસ તોડતાં – તોડતાં, અંતે બંને ધારા અત્યંત ભિન્ન, એકદમ જુદી વેદનમાં આવી ગઈ અને સાક્ષાત્ સ્વસંવેદન થયું, ત્યાં નિર્વિકલ્પતા થઈ ગઈ.

પહેલાં જે જ્ઞાનનું લક્ષ હતું એટલે કે 'હું જ્ઞાન.....હું જ્ઞાન' એવો જે ભાવ અંદર ઘૂંટાતો હતો, તે જ્ઞાનની અંદર અનંત ગુણનો પક્ષ હતો એટલે કે અનંત ગુણો એ જ્ઞાનના પક્ષમાં આવીને ઊભા રહેતા હતા; જ્ઞાનના સ્વાદની સાથે અનંત ગુણોનો સ્વાદ અંદર દેખાતો હતો, વેદનમાં આવતો હતો; અને જે રાગાદિ – વિકલ્પો – અશાંતિ – ક્રોધાદિ ભાવો – પરભાવો એ બધાય ભાવો જ્ઞાનના વેદનથી એકદમ દૂર, એકદમ જુદા અને વિરુદ્ધ સ્વભાવવાળા એટલે કે વિપક્ષવાળા હતા. આ રીતે આત્માની જે અનુભૂતિ થઈ તેમાં બંને ભાવોનું સર્વથા ભિન્નપણું તો થયું, પણ બંનેને ભિન્ન કરીને અનુભૂતિ જ્ઞાનના પક્ષમાં રહી ગઈ અને રાગનો તેમાં અભાવ થઈ ગયો. – આમ એક જ જ્ઞાનસ્વરૂપના જ પક્ષનું લક્ષ રહ્યું – એની જ અનુભૂતિ રહી, બીજાની નાસ્તિ તેમાં આવી ગઈ.

અને, આ રીતે અનુભૂતિ થતાં પર ભાવોથી અત્યંત ભિન્ન એવું, અત્યંત સુંદર મારું પોતાનું મજાનું સ્વતત્ત્વ મને પ્રાપ્ત થયું. ॥૧૦॥

**(૧૧)**

**અહો મારું તત્ત્વ મળ્યું મુજ અંતરે,**
**હું જ સ્વયં છું નિજાનંદપદ ધામ જો.**
**સ્વયં સુખી ને તૃપ્તપણે હું વર્તતો,**
**દીસે નહીં કો અવર મુજ આરામ જો...**
**જાગી રે જાગી સ્વાનુભૂતિ મુજ આત્મામાં...**

અહો, મારું તત્ત્વ મને મળ્યું. આ તત્ત્વ પ્રાપ્ત થતાં અતીન્દ્રિય આનંદના વાજાં વાગ્યા. અહા, આવો આનંદ જે પૂર્વે કદી અનુભૂતિમાં નહીં આવેલો, એવા આનંદસ્વરૂપે મારો પોતાનો આત્મા જ પરિણમનરૂપ થઈ ગયો, એટલે હું પોતે જ મારા નિજાનંદપદનું ધામ છું – એમ પોતે પોતાને અનુભવવા લાગ્યો. ત્યારે હું પોતે સુખી હતો; – સુખ એટલે હું જ. સુખ નામની કોઈ બીજી વસ્તુ નથી, આત્માથી કોઈ જુદું સુખ નથી. – આમ સ્વયં પોતે પોતાને સુખી દેખી – અનુભવી ને પોતામાં તૃપ્ત થયો કે અહો! જે કાંઈ છું તે હું મારામાં જ છું; જે કાંઈ જોઈએ, જે મને ઈષ્ટ, સુખ – શાંતિ એ બધું હું જ છું; એટલે પરમ તૃપ્તિ થઈ; કોઈ અસંતોષ ન રહ્યો કે હવે મારે કાંઈ પ્રાપ્ત કરવાનું બાકી રહ્યું; કે મારે બીજે ક્યાંયથી લેવાનું રહ્યું, બીજા કોઈની કાંઈ આધીનતા કરવાની રહી – એવો કોઈ અતૃપ્તિ ભાવ રહેતો નથી. મારું આટલું મજાનું ચૈતન્યતત્ત્વ – એ જ એક પોતાનો આરામ, એ જ આનંદથી ખીલેલો બગીચો, એ જ અનંત ગુણોના ચૈતન્ય ભાવોથી ભરેલું વિશ્રામનું સ્થાન; પોતામાં જ પોતે સ્થિર થઈને રહી ગયો કે વાહ, આ મારું ઘર! આ મારું રહેવાનું સ્થાન! ગમે ત્યાં હોઉં – જગતના બાહ્ય ક્ષેત્રમાં, પણ મારું રહેવાનું સ્થાન તો મારો ચૈતન્ય આત્મા જ છે; એમાં જ હું હવે સદા કાળ રહીશ. એનાથી બહાર જગતમાં

ક્યાંય બીજું કોઈ ક્ષેત્ર, સ્થાન, કોઈ પુરુષો કે કોઈ બીજો ભાવ – એ મારા આત્માને માટે આરામનું સ્થાન છે નહિ. – એમ સ્વયં પોતે પોતામાં આરામ લઉં એવું મારું સ્વતત્ત્વ કોઈ પરમ અદ્‌ભુત, અનુભૂતિમાં પ્રાપ્ત થયું. ॥૧૧॥

આવું તત્ત્વ સર્વજ્ઞ ભગવાનના વીતરાગી શાસનમાં જ પ્રાપ્ત થાય છે. જે શાસનના પ્રતાપે આત્મપ્રાપ્તિ થઈ એ શાસનના મહિમાનું શું કહીએ? –

(૧૨)

ધન્ય ધન્ય છે શાસન શ્રી વીતરાગનું,<br>
કરાવે છે ચેતનમય નિજ ભાવ જો.<br>
અંતરમુખ વૃત્તિને વાળી વેગથી,<br>
રાગ – દ્વેષને રાખે છે અતિ દૂર જો.....

વાહ રે વાહ, અનંત સર્વજ્ઞ ભગવંતોનું શાસન! તેમાં કોઈ રાગનો અંશ નથી; સ્વયં વીતરાગ અને સર્વજ્ઞ થયેલા ભગવંતો પોતે જે માર્ગથી આત્મા પામ્યા, તે માર્ગ અને તેવું આત્મસ્વરૂપ આપણને પણ તે સર્વજ્ઞ વીતરાગ ભગવંતોએ બતાવ્યું છે. અહા, આવું શાસન પામવું, ને એ શાસનમાં કહેલું ચૈતન્યતત્ત્વ પામવું – એ અપૂર્વતાની શી વાત!

જૈનશાસનની આ એક ખૂબી છે કે તે આત્માને ચૈતન્યભાવરૂપે પરિણમન કરાવે છે. કોઈ પણ તત્ત્વનું રહસ્ય સમજો તો આત્મા બીજા બધાયથી છૂટા ચેતનપણે જ પોતાની અનુભૂતિમાં આવે – એવું જૈનશાસન સર્વ પ્રકારે બતાવે છે.

જૈનશાસનથી એ પ્રમાણે જાણતાં ચૈતન્યતત્ત્વ એટલું બધું

સુંદર અને મજાનું દેખાય છે કે પોતાની પર્યાયની વૃત્તિનો વેગ એકદમ અંતરમાં વળવા માંડે છે – કે વાહ! આવું મજાનું મારું તત્ત્વ! ચાલ, હું જલ્દી એમાં જાઉં! જલ્દી એનો અનુભવ કરી લઉં! અને અનુભવ પછી પણ વારંવાર એમાં તન્મય થઈને લીન થાઉં! – એમ અંતર્મુખ વૃત્તિ વળે છે અને ચૈતન્યમાં વૃત્તિ વળતાં રાગ – દ્વેષ તો એમાં ક્યાંય દેખાતા નથી, એની નજીકમાં પણ દેખાતા નથી. રાગ – દ્વેષ જાણે આ આત્મામાં ક્યાંય છે જ નહિ.....એમ એકદમ, રાગદ્વેષ અત્યંત દૂર થઈ ગયા, રાગદ્વેષથી ચેતના અત્યંત છૂટી પડી ગઈ. – આવી ચેતનાપણે આત્માની અનુભૂતિ જૈનશાસન કરાવે છે.

અહો, આ જૈનશાસન.....ધન્ય છે! ધન્ય છે! ॥૧૨॥

હવે જૈનશાસને બતાવેલું ચૈતન્યતત્ત્વ જે સ્વસંવેદનમાં આવ્યું, તે સ્વસંવેદન કરનારો ભાવ – એ કોઈ રાગભાવ નથી; વિચારદશા વખતનો ‘રાગ’ એ કાંઈ ચેતનને પકડતો નથી, પણ એ વખતનું ‘જ્ઞાન’ – તે આગળ વધી, રાગથી છૂટું પડી, તે જ્ઞાન પોતે ચેતનભાવરૂપ થઈને ચૈતન્યતત્ત્વને અનુભવે છે. ખરેખર બંને ચેતનભાવો તન્મય થઈ જાય છે, એનું નામ જ અનુભૂતિ છે.

બંને ચેતનભાવો એટલે? – એક તો ચેતનસ્વભાવ ત્રિકાળ સ્વરૂપે છે જ, અને પર્યાય પણ ચેતનભાવરૂપ થઈ ગઈ, – એમ દ્રવ્ય – પર્યાય બંને એક સ્વભાવરૂપ થઈ ગયા, એનું નામ અભેદ અનુભૂતિ! – એ જ નિર્વિકલ્પ – અનુભૂતિ, અને એ જ સર્વજ્ઞ ભગવાનનો શુદ્ધ અનેકાન્ત ધર્મ! આ રીતે ચેતનસ્વરૂપ આત્મા પોતાના ચેતનભાવથી જ પકડાય છે.

(૧૩)

ચેતન પ્રભુ 'પકડાયા' ચેતન ભાવથી,
કદી ન થાયે ચેતન રાગ આધીન જો;
બંનેની જ્યાં જાત જ ભિન્ન ભિન્ન વર્તતી,
ઊંડા ઊતર્યે એ તો ભિન્ન જણાય જો.....

આ આત્મા તો 'ચેતન પ્રભુ' છે.....ને રાગ એ કાંઈ ચેતનની જાતનો નથી, એનામાં ચેતનપણું છે જ નહિ, – એ રીતે બંનેની જાત એકબીજાથી જુદી તો ખરી, પણ ઊલ્ટી એકબીજાથી વિરુદ્ધ પણ છે; તો ચેતનપ્રભુ એ રાગને આધીન કેમ થાય? રાગની અનુભૂતિમાં ચેતનની અનુભૂતિ કેમ આવે? – ન જ આવે. અનુભૂતિનો જે ભાવ છે એ તો રાગ વગરનો જ, ચૈતન્યભાવરૂપ જ પરિણમે છે. આ રીતે ચેતનની અનુભૂતિની જાત અને રાગની જાત, એ બંને એકદમ જુદા જુદા સ્વરૂપે જ વર્તે છે. જ્યારે ચેતનભાવ પોતાના ચૈતન્યમાં ઊંડો ઊતરે છે ત્યારે તે રાગથી છૂટો પડ્યો છે. ચૈતન્યસ્વભાવ તો સદાય રાગથી છૂટો જ છે, અને તે ચૈતન્યમાં ઊંડા ઊતરવાની તાકાત ચેતનભાવમાં જ છે; રાગમાં એવી તાકાત નથી કે ચૈતન્યસ્વભાવમાં ઊંડે ઊતરી શકે. રાગ એ તો બહાર જતો ભાવ, સ્થૂળ ભાવ છે; એ ચૈતન્યનું વેદન કરી શકે નહિ, કે ચૈતન્યની અંદર પ્રવેશી શકે નહિ. જ્યાં રાગની સાથે ભેળસેળ હોય ત્યાં ચૈતન્યનો સાચો સ્વાદ આવે નહીં. જેમાં ચૈતન્યનો સાચો સ્વાદ આવ્યો તે અનુભૂતિ સર્વ પ્રકારે રાગ વગરની, માત્ર ચેતના – પરિણતિરૂપ જ હતી, – કે જે ચેતનાની અંદર પોતાના સર્વ ગુણોનો મધુર સ્વાદ, નિર્મળ સ્વાદ, શાંતિ અને વીતરાગતા સમાઈ શકે, પણ તેમાં એક પણ પર ભાવનો અંશ સમાઈ શકે નહિ. – આવી સ્પષ્ટ અદ્‌ભુત અનુભૂતિ આત્માને થઈ. એનું નામ

સમ્યગ્દર્શન કહો, એને જ ભવનો અંત કે મોક્ષનો માર્ગ કહો; એ જ પંચપરમેષ્ઠી ભગવંતોની કૃપા છે ને એ જ આત્માનું કલ્યાણ છે. અહો, આત્મા ધન્ય બન્યો.....તે આવા ભાવથી ધન્ય બન્યો. ॥૧૩॥

(૧૪)

અહા, સ્પષ્ટ કેવું છે વેદન આત્મનું,
સ્થંભ કરતાંયે દીસે અતિ સાક્ષાત્ જો.
ઈન્દ્રિય – સંબંધ છોડી ચાલ્યું જ્ઞાન આ,
એ તો પહોંચ્યું અતીન્દ્રિય આનંદધામ જો.....

બસ, જે જ્ઞાને નક્કી કર્યું હતું કે મારે મારો આત્મા પામવો જ છે, મારા આત્માની શાંતિ મારે પામવી જ છે – એ જ્ઞાન અંતરમાં વળ્યું; અને જ્યાં સ્વસંવેદન થયું ઈ અતીન્દ્રિયજ્ઞાનમાં થયેલા સ્વસંવેદનની શી વાત! એ સ્વસંવેદન એટલું બધું સ્પષ્ટ છે, એટલું બધું ચોખ્ખું, નિઃશંક અને આનંદથી ભરેલું છે કે જેમ પ્રકાશમાં ઊભેલો થાંભલો આંખથી ચોખ્ખો દેખાય છે એનાથી પણ વધારે ચોખ્ખો, અતીન્દ્રિયજ્ઞાનથી આત્મા પોતાના વેદનમાં સ્પષ્ટ આવે છે. – કેમકે આંખથી થતું જ્ઞાન તો પરોક્ષ – પરાધીન છે ત્યારે સ્વસંવેદનમાં થતું જ્ઞાન તો પ્રત્યક્ષ, અતીન્દ્રિય, સ્વાધીન છે; જેમાં ઈન્દ્રિયની – આંખની કોઈની મદદ નથી, જેમાં રાગનું આલંબન નથી, – એ જ્ઞાનની તાકાતની શી વાત! ઇંદ્રિયજ્ઞાન, પરાધીન, રાગવાળું, બહાર જોનારું, એની તાકાત કરતાં અતીન્દ્રિય જ્ઞાનની તાકાત કોઈ અપરંપાર ઘણી ઘણી વધારે છે.

– એવું જ્ઞાન જ્યારે આત્માને દેખવા માટે અંદર ચાલ્યું, ઘોલન કરતાં – કરતાં અનુભૂતિ તરફ આત્માનો રસ ઉપડ્યો, ત્યારે

જ્ઞાન એકદમ જોરદાર થયું – એવું જોરદાર થયું કે ઈન્દ્રિયોનો સંબંધ એણે તોડી નાંખ્યો. – ખબર પણ ન પડી, એટલે કે વિચારમાં પણ ન આવ્યું કે અત્યારે ઈન્દ્રિયોનો સંબંધ હતો ને છૂટી ગયો! કેમ કે ઉપયોગ તો એ વખતે ચૈતન્યના રસમાં જ તન્મય થતો જતો હતો.....એમ ચૈતન્યરસમાં તન્મય થયેલા ઉપયોગે ઈન્દ્રિયોનું અવલંબન એકદમ છોડી દીધું.....છૂટી ગયું. અને એ જ્ઞાન ઈંદ્રિયોથી છૂટીને, અંતરમાં દોડ્યું; પહેલાં ઈંદ્રિયોના અવલંબનમાં બંધાયેલું હતું એટલે દોડી શકતું ન હતું. (અંતર્મુખ થઈ શકતું ન હતું). હવે જ્યાં ઈન્દ્રિયોનું બંધન તોડી નાંખ્યું ત્યાં જ્ઞાન જોરદાર થઈ, છૂટું પડી, અતીન્દ્રિય થઈ અંતરસ્વરૂપમાં દોડ્યું, સ્વભાવમાં ઊતર્યું. અતીન્દ્રિય થયા વગર જ્ઞાન પોતાના સ્વભાવ તરફ ચાલી શકતું ન હતું; હવે તો સ્વસંવેદનમાં એકદમ અતીન્દ્રિય થઈ પોતે પોતાના સ્વભાવને પકડી લીધો. આવું આ જ્ઞાન પોતાના અતીન્દ્રિયધામમાં પહોંચી ગયું.

જ્ઞાનનું સાચું ધામ તો અતીન્દ્રિય સ્વભાવ જ છે – કે જેમાં એકલો આનંદ ભર્યો છે. જ્ઞાનને એમ થયું કે વાહ! અહો, જ્યાં મારો આનંદ ભર્યો છે તેમાં હું પહોંચી ગયું એટલે આનંદમાં હું મશગુલ થઈ ગયું. ત્યાં આ આનંદ, ને આ હું – એવો દ્વૈતનો વિકલ્પ પણ જ્ઞાનમાં રહ્યો નહિ. ઉપયોગ નિર્વિકલ્પ થઈને આનંદમાં તન્મય થઈ ગયો. – આવી અનુભૂતિ કેટલી ઊંડી! ઘણી ઊંડી!! અને જાણે કેટલાય – કેટલાય કાળ સુધી એ અનુભૂતિ રહી હોય – એમ અલ્પ સમયની અનુભૂતિમાં પણ અપાર ઊંડપને લીધે, ઘણા – ઘણા લાંબા કાળની અનુભૂતિ હોય – જાણે અનંત કાળથી અનુભૂતિમાં જ આત્મા બેઠો હોય! એટલો ઊંડો ભાવ અંદર વેદાતો હતો. ‘હમ તો કબહું ન નિજઘર આયે’ એ વાત હવે આ આત્માને માટે ન રહી. હવે તો આ આત્મારામ પોતાના આનંદમય

નિજઘરમાં આવ્યા.....એણે પોતાનું નિજઘર જોયું.....અને એ નિજઘર છોડીને સંસારરૂપી પર ઘરમાં આ આત્મા હવે કદી નહીં જાય.

આનંદમય નિજ આત્મા, જિસકી અનુભૂતિસે ભવકા અંત આ જાય ઔર મોક્ષકા દરવાજા ખુલ જાય – ઐસી અનુભૂતિ કરનેકી યહ બાત હૈ. ઐસી અનુભૂતિ કરનેસે આત્માકો મહાન આનંદ હોતા હૈ; આત્માકા કલ્યાણ.....આત્માકી શાંતિ.....આત્માકી ઐસી અનુભૂતિમેં હી હૈ. ॥૧૪॥

**(૧૫)**

સહજે ઉલ્લસ્યા ભાવો આતમ દેવના,
નીરખવા પોતે પોતાનું રૂપ જો;
અદ્‌ભુત મહિમા આવ્યો જ્યારે લક્ષમાં,
કેમ રહે પછી ક્ષણ પણ એક્કે દૂર જો.....

અહો, અનુભૂતિ કરવા જ્યારે આ આત્મા બેઠો હતો.....પહેલાં તો ઘણા કાળથી અનુભૂતિ માટે તલસતો હતો; પણ છેલ્લે, એટલે કે અષાડ વદ ૭ ના દિવસે અનુભૂતિ કરવા માટે જ્યારે આ આત્મા બેઠો હતો.....ત્યારે ચૈતન્યતત્ત્વનો વિચાર કરતાં, પરભાવોથી ભિન્ન જ્ઞાનીની જ્ઞાનચેતનાનું લક્ષ કરતાં સહજપણે આત્મદેવના ભાવો પોતાના ચૈતન્યસ્વભાવ તરફ ઉલ્લસ્યા; – એવા ઉલ્લસ્યા.....એ ઉલ્લાસથી એવી મજા આવી – એવી શાંતિ આવી.....કે ઝડપથી એવી શાંતિસ્વરૂપ પોતાનું રૂપ જોવા માટે પરિણામ એકદમ સ્થિર – શાંત થઈને અંદરમાં ઊંડે ઊંડે જવા લાગ્યા.

— જેમ જેમ પરિણામ અંતરમાં ઊંડા જવા લાગ્યા તેમ તેમ આત્મતત્ત્વનો મહિમા કોઈ અદ્‌ભુત.....અદ્‌ભુત, વધારે ને વધારે અદ્‌ભુત અંતરમાં લક્ષગત થવા લાગ્યો. અહો, જ્યાં ચૈતન્યનો આવો મહિમા લક્ષમાં આવી જાય, — પછી મુમુક્ષુજીવ એક ક્ષણ પણ એનાથી દૂર કેમ રહે? એટલે પરિણામ દોડ્યા એકદમ અંતરમાં, — આ પરિણામ અંતરમાં દોડ્યા એ વખતે એ પરિણામની અંદર જ ત્રણ પ્રકારનાં કરણ થઈ ગયા.....હવે એ વખતે ઉપયોગ તો અંદરમાં જ જતો હતો, એટલે 'આ ત્રણ કરણ થયા' એવું કંઈ ભેદનું લક્ષ હોય નહીં; પણ પછી ખ્યાલ આવી ગયો કે આ સ્થિતિમાં જ્યારે ચૈતન્ય તરફ ઉપયોગ જતો હતો એ વખતના કોઈ કાળમાં એ ત્રણ કરણ સમાઈ ગયા હતા. એ પરિણામમાં ચૈતન્યરસની કોઈ પરમ સૂક્ષ્મતા હતી; એ ચૈતન્યરસની અંદર જ ત્રણ કરણ હતા, — એટલે સમ્યક્ત્વના ત્રણ કરણ એ કોઈ રાગરૂપ નથી પણ ચૈતન્યને રાગથી ભિન્ન પકડવાની ક્રિયા — એવી ક્રિયા કરવાનું નામ જ ત્રણ કરણ છે. — એવો ભાવ અંતરમાં સ્પષ્ટ દેખાય છે.

જ્યાં ચૈતન્યરસ પોતાનો પોતામાં દેખાયો, એ રસની શાંતિ પોતામાં આવવા લાગી ત્યાં પછી સાચી શાંતિનો અભિલાષી એક ક્ષણ પણ એનાથી દૂર કેમ રહે? — ન રહે. એટલે ઉપયોગ એકદમ ઝડપથી અંતરમાં — આત્મામાં વળી ગયો, નિર્વિકલ્પ થઈ ગયો, અપૂર્વ સ્વાનુભૂતિ થઈ ગઈ; કોઈ પરમ આનંદ, મહાન શાંતિ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, મોક્ષમાર્ગ — બધુંય એક જ ક્ષણમાં અંદરમાં આવી ગયું.

અહો, એ ક્ષણ! એ અનુભૂતિ! એના ભાવો! એની શી વાત!! એને માટે પહેલાં ચૈતન્યનો અપાર — અપાર મહિમા લક્ષમાં આવવો જોઈએ. ચૈતન્યનો મહિમા જેટલો છે તેટલો બરાબર

લક્ષમાં આવી જાય તો ઉપયોગ તેમાં અંતર્મુખ થઈને, તન્મય થઈને અનુભૂતિ કર્યા વગર રહે જ નહીં. એટલે અનુભૂતિ માટેનો એક જ ઉપાય કે ચૈતન્યતત્ત્વની મહાનતા, એની ગંભીરતા, એનો ચૈતન્યસ્વાદ, એનું રાગથી ભિન્નપણું, એનું જેવું સ્વરૂપ છે તેવું બરાબર લક્ષમાં લેવું. એ લક્ષમાં આવે એટલે એની અનુભૂતિ પણ થાય જ.

જેમ તરસ્યો માણસ ઠંડા સરોવરના કિનારે આવીને ઊભો હોય, એને કોઈ બતાવે કે જો, ભાઈ! આ રહ્યું ઠંડુ પાણી! તને તરસ લાગી હો તો તું પી લે! આમ ઠંડું પાણી નજર સામે જોવા મળે પછી પીતાં શી વાર! એમ શાંત ચૈતન્યરસથી ભરેલ આત્મતત્ત્વ.....જ્યાં લક્ષમાં આવ્યું કે અહો! આ મારું તત્ત્વ જ શાંતિથી ભરેલું કોઈ અગાધ ઊંડું છે! – ત્યાં શાંતિનો અભિલાષી મુમુક્ષુ, તેને એનો અનુભવ કરતાં પછી શી વાર! તત્ક્ષણે જ એનો ઉપયોગ અંતરમાં જાય, અને એને અનુભૂતિ થાય.

– એટલી ઝડપથી એ અનુભૂતિ થઈ ગઈ – કલ્પના પણ ન હતી કે ઉપયોગ આટલી બધી ઝડપથી અંદર ચાલ્યો જશે! – કેમકે પહેલાં જ્યારે વિચારદશા હતી ત્યારે ઉપયોગ હજી આટલો અતીન્દ્રિય થયેલો ન હતો, એટલે એમાં ઉપયોગની અગાધ તાકાત એ વખતે ન હતી; પણ પછી જ્યાં અનુભૂતિ માટે ઊંડો ઊતર્યો ત્યાં ઉપયોગની તાકાત એટલી બધી વધી ગઈ કે એકદમ, કલ્પનામાં પણ ન આવે એટલી બધી ઝડપથી, એટલી બધી પુરુષાર્થની તાકાતથી, એટલા બધા ઊંડાણથી અંદર આત્મામાં એકાગ્ર – તન્મય થઈ ગયો કે બસ! તે અનુભૂતિ તત્ક્ષણે જ થઈ ગઈ. ।।૧૫।।

## (૧૬)

ગંભીરતા કેવી રે આત્મ સ્વરૂપની,
પાર ન જેનો રાગ વડે પમાય જો;
અનુભૂતિ જે જાગી ચૈતન્ય સ્વાદની,
એણે લીધો નિજ સ્વરૂપનો અંત જો.....

આત્મસ્વરૂપ એટલું અગાધ અને ગંભીર છે કે રાગના અભ્યાસ વડે, રાગસહિત એવા જ્ઞાનના અભ્યાસ વડે પણ એનો પાર પમાતો ન હતો, પણ જ્યાં ચૈતન્યસ્વાદ રાગથી છૂટો પડીને અંતરમાં અનુભૂતિ થઈ ત્યાં એ અનુભૂતિ વડે ચૈતન્યના પરમ ગંભીર સ્વરૂપનો પણ અંત પામી ગયો એટલે કે એનો પાર પામી ગયો; એનું જેવું સ્વરૂપ હતું એવું પોતાનું પોતામાં પરિપૂર્ણપણે દેખવામાં જાણવામાં ને સ્પષ્ટ અનુભવમાં આવી ગયું. એ આત્મસ્વરૂપની ગંભીરતા અહા, વાણીમાં કેમ આવે? એ અનુભૂતિમાં જ સમાયેલી સ્પષ્ટ દેખાય, પણ વાણીમાં કહીએ ત્યારે એમ લાગે કે અરે! અનુભૂતિ કેટલી ઊંડી છે ને વાણી કેટલી સ્થૂળ છે? રાગના વિચારમાં લઈએ ત્યારે પણ, જેવું અનુભૂતિમાં હતું એવું તો તેમાં નથી આવતું; ઉપયોગમાં જ આવી શકે – અને તે પણ સ્વસન્મુખ થયેલા ઉપયોગમાં આવી શકે. – એવું આત્મસ્વરૂપ ઘણું જ મહાન, ઘણું દિવ્ય, ઘણું સુંદર, ઘણું પવિત્ર છે.

એક વખત આત્મા સ્વસંવેદનમાં સાક્ષાત્ આવી ગયો પછી, નિર્વિકલ્પ અનુભૂતિરૂપ ઉપયોગ ભલે ન હોય તો પણ ઉપયોગ રાગથી છૂટો પડેલો તો છે જ, તે ઉપયોગ એ સ્વસંવેદનમાં આવેલા આત્માને ભૂલતો નથી; એ અનુમાનથી, વિચારથી, શાસ્ત્રના અભ્યાસથી પણ, પોતે જાણેલી વસ્તુને ફરીફરીને યાદ કરી શકે છે. ॥૧૬॥

પહેલાં આવો આત્માનો અનુભવ કરવા માટેની ઘણી ઊંડી મુમુક્ષુતા જાગવી જોઈએ. મુમુક્ષુ થઈને આત્માનો અભ્યાસ કરે અને ચૈતન્યરસનું ઘોલન કરે, એ ઘોલન કરતાં – કરતાં એનો અનુભવ થાય છે, – એ જ એનો ઉપાય છે : –

(૧૭)

મુમુક્ષુતા જ્યાં જાગી સાચી આત્મની,
પરમ ઘોલન જ્ઞાન જ રસ ઘૂંટાય જો.
જ્ઞાન – જ્ઞાન બસ જ્ઞાન – જ્ઞાન હું એક છું,
અનંત ભાવો જ્ઞાનમહીં ઘોળાય જો.....

અહો, જ્યાં આત્માની સાચી મુમુક્ષુતા જાગી ત્યાં એને પોતાને જે ભાવમાં શાંતિનું વેદન થાય – એવા ભાવનું જ ઘોલન વારંવાર અંદર ચાલતું હોય છે. રાગનો રસ – કે જેમાં અશાંતિ છે એ રાગનો રસ ઘૂંટવામાં એને મજા આવતી નથી, એમાં એનો ઉપયોગ સંતોષ પામતો નથી, એટલે એનાથી ઉપયોગ ઊંચો ને ઊંચો રહે છે; જેમ મન અમુક કામમાંથી ઊંચું થઈ જાય પછી એ કામમાં ચોંટે નહિ, એમ એનો ઉપયોગ રાગાદિ અશાંતિમાંથી – પર ભાવોમાંથી ઊઠી ગયો, પછી હવે એનું ઘોલન એને રહેતું નથી. એના ઉપયોગના ઘોલનમાં, એની મુમુક્ષુતાના ઘોલનમાં એક પોતાનું આત્મતત્ત્વ – કે જેમાં મારી શાંતિ ભરી છે – જેમાં મને સુખ લાગે છે – એ જ મારું તત્ત્વ – તેને હું કેમ અનુભવું, ઈ તત્ત્વ કેવું છે! એમ વારંવાર ફરી – ફરીને એક જ ઘોલન, દિનરાત તન્મયતાથી, લગનતાથી, ઉદાસીનતાથી, વૈરાગ્યથી, ઉત્સાહથી, પરમ પરમ આદરભાવથી પોતાના ચૈતન્યરસનું ઘોલન, એનું શ્રવણ કરતાં કોઈ મહાન મજા આવે, જ્ઞાની પાસેથી એનું વર્ણન સાંભળતાં આત્મા એની પ્રાપ્તિ માટે ઉલ્લસી જાય. અંતરના વિચારમાં પણ વારંવાર

જાણે હમણાં એ રસ ચાખી લઉં એમ લગન લાગે, એમ દિવસ રાત, મહિનાઓ સુધી કે વર્ષો સુધી પણ ઘૂંટીઘૂંટીને એવું પાકું કરે કે અંતે એની અનુભૂતિ થાય જ.

મુમુક્ષુ જીવ આત્માના ઘોલનમાં પાછો હઠે નહિ, એમાં થાકે નહિ, કેમકે એમાં જ એને મજા આવે છે. ક્યાંય પણ શાંતિ જોઈતી હોય, ક્યાંય પણ સુખ દેખાતું હોય તો એને પોતાના આત્માના ઘોલનમાં દેખાય છે; બીજે ક્યાંય શાંતિનો કોઈ અંશ, શાંતિની કોઈ ગંધ એને દેખાતી નથી, એટલે એનું ઘોલન એના ઉપયોગમાં કેમ ટકે? એને તો સૂતાં – જાગતાં દિવસે – રાતે એક જ ધૂન – એક જ ઘોલન કે અહા! મારું આ ચૈતન્ય તત્ત્વ! જૈનધર્મમાં આવીને મને સાંભળવા મળ્યું; એને પ્રાપ્ત કરવાની મને અભિલાષા જાગી, સંતોએ મારા ઉપર કૃપા કરી કરીને મને વારંવાર એ સમજાવ્યું, વારંવાર મને એનો અનુભવ કરવાનું કહ્યું; હવે મને એ બહુ જ ગમ્યું, બહુ જ એમાં મજા આવી; બસ, તો હવે હું એનો અનુભવ કરું – કરું....એમ ખૂબ જ ઘોલન ચાલતું હતું, વર્ષોથી ચાલતું.....છેલ્લા કાળમાં તો ખૂબ જ, અતિશય ઘોલન ચાલતું; ગિરનારતીર્થની યાત્રા વખતે, બીજા અનેક તત્ત્વના પ્રસંગોમાં, અનેક વૈરાગ્યના પ્રસંગોમાં, સંસારના પ્રસંગોમાં, ચૈતન્યની સાધનાના પ્રસંગોમાં, એમ સર્વ પ્રસંગોમાં ચૈતન્યરસની પુષ્ટિ કરતાં – કરતાં, એવી પુષ્ટિની પરાકાષ્ટા થઈ કે એક ક્ષણે ચૈતન્યરસનો સ્વાદ, સીધેસીધો સ્વાદ મેં ચાખ્યો.

– કેમકે જ્યાં મુમુક્ષુતા જાગે ત્યાં એના ભાવમાં એમ જ આવે કે બસ, હું તો એક જ્ઞાન.....જ્ઞાન.....જ્ઞાન! એમ જ્ઞાનનું જ ઘોલન! મારા જ્ઞાનમાં બીજું શું ભળી ગયું કે જેથી મને જ્ઞાનનો સ્વાદ નથી આવતો? એમ બીજા ભાવોને શોધી શોધીને જ્ઞાનમાંથી બહાર કાઢતો જાય, ને જ્ઞાનને જ્ઞાનરૂપે કરતો જાય. એમ એક

જ્ઞાનરસના ઘોલનથી જ આત્માની અનુભૂતિ થાય છે. જ્ઞાન પોતે પોતામાં એવું ઘૂંટાય છે – એવું એકાગ્ર થાય છે કે અતીન્દ્રિય અનુભૂતિ કરે છે, અને એમાં રાગનું વેદન છૂટું પડી જાય છે. ।।૧૭।।

(૧૮)

જ્ઞાનસ્વાદને ફરી ફરીને ઘૂંટતાં.....
રાગ તણા સૌ રસડા છૂટી જાય જો;
જ્ઞાનમગ્ન થતાં જે શાંતિ જાગતી,
વિકલ્પો ત્યાં સરવે ભાગી જાય જો.....

અહો, જ્ઞાનનો સ્વાદ રાગથી જુદો, અતીન્દ્રિય સ્વાદ, એને ઘૂંટતાં – ઘૂંટતાં રાગનો રસ છૂટી જાય છે અને જ્ઞાનની સાથે કોઈ એવી અપૂર્વ શાંતિ આવે છે કે જ્યાં કોઈ વિકલ્પને અવકાશ રહેતો નથી. એ જ્ઞાનમાં કેવી શાંતિ હોય તે ૧૯ મા પદમાં બતાવ્યું છે. ।।૧૮।।

(અહો, સ્વાનુભૂતિનું વર્ણન ચાલે છે. આ આત્માને કોઈ અપૂર્વ આનંદની અનુભૂતિ થઈ; તે આનંદની અનુભૂતિનું વારંવાર ઘોલન કરવા માટે આ પદરચના છે. આ રચનાનો શરૂઆતનો મોટો ભાગ, શ્રીમદ્ રાજચંદ્રના જન્મધામ વવાણીયાક્ષેત્રમાં 'પોષ સુદ પૂનમ'ના રોજ લખાયેલ છે; બીજો કેટલોક ભાગ સોનગઢ – અનુભૂતિધામમાં લખાયેલ છે; અને બાકીના ભાગની પૂર્ણતા ગીરનાર – સિદ્ધક્ષેત્રમાં અત્યંત વૈરાગ્યભાવનાના વાતાવરણમાં થયેલી છે – જેઠ સુદ ત્રીજ વીર સં. ૨૪૯૯ના રોજ, અને પછી આ પદોનો ભાવાર્થ સોનગઢમાં વીર નિર્વાણના અઢીહજારવર્ષીય ઉત્સવ દરમિયાન લખાયેલ છે. તેમાં ૧૮ શ્લોક આપણે ભાવનારૂપે બોલ્યા, હવે ૧૯ મા શ્લોક દ્વારા સ્વાનુભૂતિનો મહિમા સાંભળો!)

(૧૯)

અહો, જ્ઞાન તો સ્વયં શાંતિ સ્વરૂપ છે,
આનંદમય ને ધીર વીર ઉદાર જો.
જ્ઞાનમાં નહીં – દુઃખ અશાંતિ સંભવે,
જ્ઞાન તો છે સ્વયં આતમ દેવ જો.....

અહો, ચૈતન્યસન્મુખ જે જ્ઞાન થયું, આખાય સંસારનો સંબંધ તોડીને, ઇંદ્રિયોનો સંબંધ તોડીને, રાગાદિ પરભાવનો સંબંધ તોડીને, જે જ્ઞાન પોતાના અગાધ ચૈતન્યમહિમાને પકડતું, એની શાંતિને વેદતું એમાં તન્મય થયું, – એ જ્ઞાન, એની ધીરતાની શી વાત! એની વીરતાની શી વાત! અને એની ઉદારતાની શી વાત!! જગતના કોઈ પ્રસંગથી જે ડગે નહિ; જેની વીરતા – એટલે પરભાવોથી ભિન્ન પોતે પોતાની ચેતનારૂપે પરિણમીને મોક્ષને સાધવું – એવી જે વીરતા, – મહાવીર ભગવાન જેવું વીરપણું એ જ્ઞાનમાં પ્રગટ્યુ છે; અને તે જ્ઞાન ઉદાર છે, એટલું મોટું અને મહાન છે કે જે સિદ્ધ ભગવાન જેવો પોતાનો અપાર ચૈતન્યસ્વભાવ, અનંત ગુણગંભીર ચૈતન્યસ્વભાવ એ આખાય સ્વભાવને એક સાથે પોતે પોતાના જ્ઞાનમાં સ્વીકારી લ્યે છે, અને એના સિવાયના સમસ્ત પરભાવો, સમસ્ત પર પદાર્થો, આખા જગતની બાહ્યવિભૂતિ, એને પોતાથી બહાર પરદ્રવ્યપણે જાણીને એકદમ એનું મમત્વ છોડી દે છે. આવું પરમ ભેદજ્ઞાન સ્વાનુભૂતિ વખતે થઈ જાય છે; અને ત્યાર પછી સદાકાળ એવું જ આત્મિક જીવન વર્ત્યા કરે છે. અહો, એ જીવનની શી વાત! એમાં જે અપૂર્વ શાંતિ છે એની શી વાત! જેમાં કોઈ અશાંતિ કદી સંભવી શકતી નથી; જેટલી શાંતિ થઈ એ સાધક ભાવની શાંતિમાં કદી અશાંતિ આવતી નથી; એટલી શાંતિ તો એને સર્વ પ્રસંગે, કોઈ પણ ઉપયોગ વખતે, કોઈ રાગદ્વેષના પરિણામ

વખતે, ક્રોધાદિ ભાવ વખતે, શુભાશુભભાવ વખતે પણ વર્ત્યા જ કરે છે.

— આવા શાંતિસ્વરૂપ આત્મદેવને અહો! મેં મારી સ્વાનુભૂતિમાં સ્વયં સાક્ષાત દેખ્યા.....એની અદ્ભુતતાની શી વાત! જે આત્મતત્ત્વ માત્ર અતીન્દ્રિયજ્ઞાનથી જ પકડાઈ શકે, અને પંચપરમેષ્ઠીની પંક્તિમાં જે બેસી શકે, — એવી જેની દશા થઈ ગઈ તે અનુભૂતિસ્વરૂપ આત્માની શી વાત!! ॥૧૯॥

**સ્વાનુભૂતિનો જય હો.**

**સ્વાનુભૂતિસ્વરૂપ આત્મદેવનો જય હો.**

**(૨૦) — (૨૧)**

અદ્ભુત — અદ્ભુત — અદ્ભુત વૈભવ જ્ઞાનમાં,
અનંત ખોલ્યા સ્વાનુભૂતિના દ્વાર જો;
ચેતનજાતિ સાચી આત્માની જાત છે,
કેવળીમાં ને મુજમાં કો નહીં ફેર જો.....

કેવળજ્ઞાન છે ચેતન કેરી જાતનું,
મુજ મતિ છે ચેતન કેરી જાત જો;
બંને જાત સજાત, રાગ કજાત છે,
જાતિભેદનું સાચું છે આ જ્ઞાન જો.....

અહો, અદ્ભુત — અદ્ભુત છે આત્માનો વૈભવ! એ જ્ઞાનમાં ખીલી ગયો. સ્વાનુભૂતિ વડે, સ્વાનુભૂતિના દરવાજા દ્વારા અનંત ચૈતન્યવૈભવમાં આત્મા દાખલ થઈ ગયો; પોતાના નિજનિધાન, પોતાનો અપાર નિજવૈભવ, જેની અદ્ભુતતા સંતો પણ વખાણે છે,

જેની અદ્ભુતતા – અચિંત્યતાનો કોઈ પાર નથી – એની અનુભૂતિ થઈ. તે આત્મિક અનુભૂતિમાં જે જ્ઞાન થયું, – ભલે મારું જ્ઞાન મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન છે તોપણ, તે જ્ઞાન કેવળી ભગવાનની જાતિનું જ છે; ચેતનભાવ તરીકે, રાગથી ભિન્ન અતીન્દ્રિય આનંદભાવ તરીકે મારું જ્ઞાન અને કેવળી ભગવાનનું જ્ઞાન એક જ જાત છે, એ જ આત્માની સાચી જાત છે. એ જાત અપેક્ષાએ કેવળી ભગવાનમાં ને મારામાં કાંઈ પણ ફેર નથી – નથી.

કેવળજ્ઞાન અને મતિ શ્રુતજ્ઞાન એ રાગથી જુદા પડેલા છે; એ બંને એક – સજાતિ છે, અને રાગ એ બંનેથી વિરુદ્ધ કજાત છે. એટલે જેમ કેવળજ્ઞાનથી રાગ જુદો છે તેમ મારા સ્વસંવેદનમાં મતિ – શ્રુતજ્ઞાનથી પણ રાગ જુદો જ છે; જ્ઞાન અને રાગના જાતિભેદનું આવું અત્યંત સાચું જ્ઞાન એ સ્વાનુભૂતિમાં થયું છે. કેવળજ્ઞાનને અને મારા મતિજ્ઞાનને જાતિભેદ નથી, પરંતુ મતિજ્ઞાનને અને રાગને જાતિભેદ છે. આમ રાગ અને જ્ઞાનની અત્યંત ભિન્નતા, – અત્યંત જુદાપણું, બંનેના સ્વાદનું એકબીજાને જરાપણ ન અડે એવું જુદાપણું – એ સ્વસંવેદન વડે ખ્યાલમાં – જ્ઞાનમાં – અનુભૂતિમાં આવે છે, અને ત્યારે પોતે પોતાના આત્માને કેવળજ્ઞાન જેવા જ આનંદસ્વરૂપે અનુભવે છે; અને ત્યારથી તે કેવળીભગવાનના માર્ગમાં, કેવળી ભગવાનની નાતમાં દાખલ થઈ ગયો.....એટલે કે જગતમાં જિનેશ્વરદેવનો લઘુનંદન થઈ ગયો. ॥૨૦ – ૨૧॥

## (૨૨)

## ‘‘ચેતન – વેદન વેદ્યું અશરીર ભાવથી’’

(આ શરીરમાં બેઠો, છતાં અશરીરી થઈને પોતે પોતાને વેદ્યો, એવું વેદન કોઈ અદ્ભુત હોય છે – )

ચેતનવેદન વેદ્યું અશરીર ભાવથી
જ્ઞાનધારા છે એ તો સિદ્ધસદશ જો.....
દેહાતીત ને રાગાતીત એક ભાવમાં
ડોલી રહ્યા છે આ જ્ઞાતા – દૃષ્ટા દેવ જો.....

અહો, સિદ્ધભગવાન જેમ શરીરથી છૂટા ચૈતન્યભાવમાં મહાલી રહ્યા છે તેમ સ્વસંવેદનમાં વર્તતો આ આત્મા પોતાના અશરીરી ચૈતન્યવેદનમાં મહાલી રહ્યો છે. સિદ્ધ ભગવંતના અશરીરી ભાવમાં, અને આ આત્માના સ્વસંવેદનરૂપ અશરીરીભાવમાં, કાંઈ ફેર નથી. અને આવું સ્વસંવેદન કરેલા મુનિભગવંતો, અરિહંત ભગવંતો, કેવળી ભગવંતો – ભલે શરીર – સંયોગની વચ્ચે રહ્યા હોય તોપણ – એમનો આત્મા અશરીરી ભાવે મુમુક્ષુને નજરે દેખાય છે.....કે અહો! આ ધર્માત્માઓ, આ મુનિવરો, આ અરિહંતો અશરીરી ભાવે વર્તી રહ્યા છે; એમની શાંતિ અશરીરી છે; એમને શરીર સાથે કે શરીર સંબંધી કોઈ પદાર્થો સાથે આત્માની એ શાંતિનો સંબંધ જરાય નથી. એવી શરીર અને રાગાદિ સાથે સંબંધ વગરની ચૈતન્યશાંતિ આત્માના સ્વસંવેદનમાં થઈ ત્યારે અદ્ભુત જ્ઞાનધારા ખીલી, અને એ જ્ઞાનધારાના બળે આ આત્મા પોતે પોતાને સિદ્ધસમાન જ અનુભૂતિમાં આવ્યો. એ અનુભૂતિનો એક એકત્વભાવ છે તે ભાવ દેહથી પાર અને રાગથી પણ પાર છે. જ્યાં દેહ અને રાગનો સંયોગ કાઢી નાંખો, એનાથી છૂટા ચૈતન્યભાવપણે આત્માને દેખો, ત્યાં આત્મા પોતાના એકત્વમાં જ દેખાય છે. એ વખતે ભલે એના ચેતનમાં દ્રવ્ય-ગુણ-પર્યાય બધુંય છે પણ એના એકત્વમાં એ બધું સમાઈ ગયું છે, અને જ્ઞાતાદૃષ્ટા આત્મરામ ચૈતન્યભાવે પોતાના એકત્વમાં ડોલી રહ્યા છે. ॥૨૨॥

(૨૩)

અદ્‌ભુત કેવો ચૈતન્યરસ આ આત્મનો,
સર્વે ક્લેશો એનાથી અતિ દૂર જો.....
ભવભ્રમણ છૂટ્યા ને ડંકા વાગિયા,
મોક્ષપુરીના સુખડા દીસે નજીક જો.....

અહા, આ ચૈતન્યનો રસ.....જે ઘૂંટતા – ઘૂંટતા પણ સંસારના ક્લેશ દૂર થઈ જાય છે.

‘દૂર થઈ જાય છે ને!’ ...‘હા.’

કાંઈ યાદ આવે છે દુનિયાના ક્લેશ? ‘ના’

– આમ સંસારના ક્લેશથી દૂર જઈને, ચૈતન્યરસને ઘૂંટતાં કોઈ ચિંતા રહેતી નથી. એ ચૈતન્યરસનું જે સાક્ષાત્ વેદન થયું...એ વેદનમાં સંસારનો કોઈ રસ, કોઈ નામનિશાન કેમ હોય?

“વાહ!” મોક્ષનું મંદિર હવે આ નજીક જ દેખાય છે....કેમકે સુખના ઘંટ સંભળાય છે. જેમ ક્યાંક મહાન તીર્થમાં જતા હોઈએ, પહેલાં તે ન જોયું હોય, પણ નજીક જઈએ ને મંદિરના ઘંટ સંભળાય ત્યાં આત્મા ઉલ્લાસમાં આવી જાય કે અહો, મંદિર નજીકમાં આવી ગયું; એમ જ્યાં આત્માનું સ્વસંવેદન થયું ત્યાં સ્વાનુભૂતિના આનંદમાં મોક્ષપુરીના મંદિરના સુખના ડંકા ‘ધણણ....ધણણ’ કરતાં અંદર સ્પષ્ટ સંભળાયા, કે વાહ! મોક્ષનું સુખ એકદમ નજીક આવ્યું....એનો નમૂનો આવી ગયો. જેમ ઓલા ઘંટનો નાદ ઈન્દ્રિયજ્ઞાન દ્વારા કાને પડી ગયો તેમ મોક્ષસુખનો નમૂનો અતીન્દ્રિયજ્ઞાન દ્વારા, ચૈતન્યના અનહદ નાદરૂપી ઘંટ દ્વારા, અંદર આત્માના સ્વસંવેદનમાં આવી જાય છે.

આ ચૈતન્યરસની ભાવના ભાવતાં સંસારના ક્લેશો –

વિચારો દૂર થઈ જાય છે, એની પાસે સંસારના કોઈ ક્લેશ નજીક પણ નથી આવી શકતા; એટલી બધી ભિન્નતા છે કે જ્યાં ચૈતન્યભાવના હોય ત્યાં નજીકમાં કોઈ ક્લેશભાવો આવી શકતા નથી. આવો જ ચૈતન્યનો કોઈ અલિપ્ત સ્વભાવ છે. આ સ્વભાવને જ્યાં સ્વસંવેદનમાં લીધો ત્યાં, ભવભ્રમણના અનાદિના જે દુઃખો હતા તેના વેદનથી આત્મા છૂટી ગયો. – જેનાથી કદી છૂટો નહોતો પડ્યો, એનાથી એવો છૂટો પડ્યો ને એવું મોક્ષનું સુખ સ્વાદમાં આવ્યું કે વાહ, આ સુખ! અને અત્યારે આ પહેલી જ વખત આ ભવમાં થયું. અનંત – અનંત ભવના અવતારમાં આવુ સુખ કદી પણ ચાખેલું નહીં, તે આજે જ્યારે સ્વાનુભૂતિ થઈ ત્યારે પહેલી જ વખત મને વેદનમાં – અનુભવમાં આવ્યું. એ વેદનમાં આવતાં મોક્ષના ડંકા વાગ્યા. મોક્ષના ભણકારા આવ્યા. અરે, મોક્ષ થશે કે નહિ – એ પ્રશ્ન જ હવે રહેતો નથી. મોક્ષ થવા જ માંડ્યો.....મોક્ષની નજીક હું આવી જ ગયો. હવે તો ડંકા – નિશાન વાગવા માંડ્યા.....હવે એ દૂર કહી શકાય નહિ, હવે તો આવી જ ગયા કહેવાય.

**આવી સ્વસંવેદનની અદ્ભુત અલૌકિક દશા છે.**

(અત્યારે કુદરતે ડંકા ને વાજાં વાગતા સંભળાયા.)

‘અહો, સ્વાનુભૂતિનું આવું મજાનું વર્ણન! કેવી મજા આવે છે તે સાંભળવામાં!!’ ‘અહાહા, બહુ જ મજા આવે છે.....આવી સ્વાનુભૂતિની વાત સાંભળતાં કોને મજા ન આવે!! તમે તો સાક્ષાત્ અનુભવી રહ્યા છો.....ને અમનેય સાંભળતાં એમ થાય છે કે અહાહા, અત્યારે જ આવો સ્વાનુભવ લઈ લઈએ!’

— આ રીતે આત્માની અનુભૂતિને સાધવા માટે મુમુક્ષુને ઉલ્લાસ હોય છે.....તે સાધવા માટે આત્માના એકત્વમાં આવવું પડે છે. જગતના સંગથી એકદમ દૂર, ને એકદમ એકલો થઈ, એકત્વમાં આવી પોતાના આત્માની અંદર જ્ઞાનમાં વેદનમાં ને શાંતિમાં આવવું એ જ સાચી અનુભૂતિની રીત છે. સામાન્યપણે દુનિયામાં પણ દેખાય છે કે જ્યારે ચૈતન્યના એકત્વની ભાવના ભાવતા હોઈએ ત્યારે બીજા કોઈનો સંગ એમાં પાલવતો નથી, તો અંતર્મુખ થઈને સાક્ષાત્ અનુભૂતિ કરવી તેમાં જગતમાં કોઈની અપેક્ષા નહિ — પણ જગતથી એકદમ દૂર — દૂર થઈને એટલે કે એકદમ આત્મામાં ઊંડો — ઊંડો ઊતરીને, એકલો થઈ એટલો બધો ઊંડો ઊતરી જાઉં કે જેમાં પોતાના આત્મા સિવાય બીજું કોઈ આવી જ ન શકે. આમ એકત્વમાં આવીને આત્માની અનુભૂતિ થાય છે.

આત્માનું આવું એકત્વ દેખાડતાં, આપણા કુંદકુંદસ્વામી સમયસારમાં કહે છે કે : હું મારા સમસ્ત આત્મવૈભવથી — અનુભૂતિથી, સર્વજ્ઞના દિવ્યધ્વનિથી, આગમથી, યુક્તિથી, શ્રીગુરુના પ્રસાદથી મને જે શુદ્ધાત્માનું જ્ઞાન મળ્યું છે તે સમસ્ત આત્મવૈભવથી — હું આ સમયસારમાં....'શું દેખાડીશ?' — કે આત્માનું એકત્વસ્વરૂપ દેખાડીશ. એટલે આત્માના એકત્વને પામવું, — તે એકત્વમાં પછી ભલે પોતાના અનંત ગુણ — પર્યાયો સમાયેલા હોય, તે એકત્વમાં ભલે પોતાના અનંત ચૈતન્યસ્વભાવો ભરેલા હોય, પણ બીજા કોઈનો સંગ નહિ, એટલે બીજા કોઈ ભાવનો એમાં સ્પર્શ નહિ, — આવા એકત્વનું વેદન તે આ સમયસારનો સાર છે, તે અમારો ઉપદેશ છે. **અમે આચાર્ય થઈને શાસનના જીવોને આજ્ઞા કરી હોય તો આ એક જ આજ્ઞા કરી છે કે હે જૈનશાસનના જીવો! તમે તમારા એકત્વ આત્માનો અનુભવ**

**કરો. શુદ્ધ આત્માની અનુભૂતિ તે જ જૈનશાસન છે, તે જ પંચપરમેષ્ઠી ભગવંતોની આજ્ઞા છે, તે જ પંચપરમેષ્ઠી ભગવંતોનો ઉપદેશ છે, તે જ આત્માનું ઇષ્ટ છે, ને તે જ મુમુક્ષુનું કર્તવ્ય છે.** ॥૨૩॥

આવું એકત્વ થતાં આત્મામાં શું થાય છે.....તે જુઓ –

**(૨૪)**

એકલડો થઈ આવ્યો શાંતિધામમાં,
દીઠું અદ્‌ભુત આશ્ચર્યમય સુખધામ જો;
નાટકમાં છૂટ્યા રે ભેષ ભવ – દુઃખનાં,
ધાર્યો સાચો ચિદાનંદ મૂળ ભેષ જો...
જાગી રે જાગી સ્વાનુભૂતિ મુજ આત્મમાં...

સમયસારમાં અનાદિ અનંત આત્માના નાટક તરીકેના બધા વેષ બતાવ્યા છે; નાટકમાં કાંઈ બધા વેષ ખરાબ જ હોતાં નથી, કેટલાક ખરાબ વેષ હોય, કેટલાક દુઃખના વેષ હોય, તેમ કેટલાક સારા – સુખના વેષ હોય, કોઈ સાધુના વેષ હોય, કોઈ વૈરાગ્યના વેષ હોય, કોઈ રાજાના કે ભગવાનના વેષ હોય, એમ અનેક જાતના વેષ નાટકમાં હોય છે; તેમ આ ચૈતન્યતત્ત્વમાં પરિણામોનું જે વિચિત્ર નાટક ચાલી રહ્યું છે તે નાટકમાં, પહેલાં અજ્ઞાનદશામાં અનુભૂતિ ન થઈ ત્યાંસુધી તો દુઃખનાં જ નાટક હતા, દુઃખનાં જ વેષ હતાં, દુઃખનું જ વેદન હતું, હવે જ્યાં સાચી આત્મઅનુભૂતિ થઈ, સંતોના પ્રતાપે સુખનો સ્વાદ આવ્યો, ત્યાં આખો વેષપલટો થઈ ગયો. જેમ એક વેષ ભીખારીનો હોય ને એ જ માણસ ક્ષણમાં જ બીજા વેષમાં રાજા થઈને આવે, તે આખોય પલટી જાય, તેમ આ આત્માને સ્વાનુભૂતિ થતાં ભીખારી જેવા ભવદુઃખનાં વેષ પલટી

ગયા, એ ખરાબ ભેષ છૂટી ગયા, ને ચિદાનંદરાજા, જગતના મહારાજા, પોતાના સર્વોત્કૃષ્ટ ચૈતન્યરાજાના સાચા વેષમાં પ્રગટ થયા: મારો સાચો વેષ, મારું અસલી સ્વરૂપ તો આ જ છે. નાટકમાં એકવાર ભીખારીનો વેષ હતો પણ ખરેખર તો હું રાજા છું, આ મારો સ્વાભાવિક વેષ છે; કોઈ બનાવટી, ઉપરથી પહેરેલો આ વેષ નથી. – આમ પોતાની ચૈતન્યઅનુભૂતિ થતાં પોતાના સાચા વેષનું – પોતાના સાચા સ્વરૂપનું અંતરમાં જ્ઞાન થાય છે; ને અંતરના સાચા વેષનું જ્ઞાન થયા પછી ઉપરના ખોટા ભીખારી જેવા વેષને એ જીવ ફરીને કદી ધારણ કરતો નથી.

જ્યાં આત્મા પોતાના એકત્વમાં આવ્યો, ત્યાં એવું નથી કે એકત્વમાં ન ગમે કે ઉદાસીનતા થાય. એકત્વમાં તો મહાન શાંતિ છે, એકત્વમાં મહાન આનંદ છે, ને એકત્વમાં ચૈતન્યવૈભવનો એટલો બધો અદ્‌ભુત ઢગલો દેખાય છે કે આત્મા આશ્ચર્ય પામી જાય છે.....આશ્ચર્યથી પણ વધારે, એટલે કે આશ્ચર્યથી પણ પાર એવી કોઈ અદ્‌ભુત ભૂમિકા એના અંતરમાં પ્રગટી જાય છે. એ સ્વાનુભૂતિમાં જે આનંદ છે એ તો આશ્ચર્યથી પણ પાર છે, એટલે કે ત્યાં આશ્ચર્ય કરવાપણું પણ રહેતું નથી. જેમ કેવળી ભગવાનને, બારમાગુણસ્થાને વીતરાગતા થયા પછી કેવળજ્ઞાન થતાં જગતમાં કદી નહિ જોયેલા એવા અનંતા પદાર્થો કેવળજ્ઞાનમાં દેખાય છે, પણ ત્યાં આશ્ચર્યનો કોઈ અવકાશ નથી.....કે અહો, મેં આવું દેખ્યું! .....અહો, મને આવું કેવળજ્ઞાન થયું! એવા આશ્ચર્યનો કેવળીને કોઈ અવકાશ જ નથી, કેમકે એમના કેવળજ્ઞાનની ભૂમિકા આશ્ચર્યથી પણ કોઈ પાર.....પાર થઈ ગઈ છે. એવી જ સ્વાનુભૂતિની ભૂમિકા – નિર્વિકલ્પદશા, એમાંય આશ્ચર્યને કોઈ અવકાશ નથી; આશ્ચર્યથી પણ પાર, આત્મા પોતે શાંતિના બરફમાં

ઠરી જાય છે.....ત્યાં કોઈ વિકલ્પના ઉત્થાનનો અવકાશ નથી. આવી અદ્ભુત દશા, આવો ચૈતન્યનો સ્વાભાવિક સાચો વેષ સ્વાનુભૂતિના પ્રતાપથી થયો; એ સ્વાનુભૂતિ કુંદકુંદસ્વામી જેવા વીતરાગી સંતોના પ્રતાપથી આ આત્મા પામ્યો. અહો સંતો! અહો, કુંદકુંદસ્વામી વગેરે વીતરાગી સંતો! તમને મારા આત્માના અસંખ્યપ્રદેશમાં ભક્તિભીના ચિત્તથી હું નમસ્કાર કરું છું. ॥૨૪॥

સ્વાનુભૂતિ થતાં આખો આત્મા જ જાણે નવો થઈ જાય છે.....એકદમ આખો આત્મા પલટી જાય છે; એના બધા ભાવો, એની દશાઓ પલટી જાય છે. – શું થાય છે.....?

**(૨૫)**

પરિવર્તન પામ્યો રે આત્મિક ભાવનું,
નુતન ધાર્યો આનંદમય અવતાર જો;
અહો જીવન સુખી બન્યું છે માહરું,
અતિશય તૃપ્તિ નિજરસમાં વેદાય જો.....

જ્યાં સ્વાનુભૂતિ થઈ ત્યાં શું થયું? કે આત્મા –

✍ અજ્ઞાનમાંથી જ્ઞાની થયો;

✍ ઉનામાંથી ઠંડો થયો;


✍ આકુળતામાંથી નિરાકુળ થયો;

✍ અશાંતિમાંથી શાંત થયો;

✍ અનાત્મા હતો, આસ્રવ – બંધરૂપ હતો, સંસારરૂપ હતો, એને બદલે હવે સંવર – નિર્જરારૂપ થયો, મોક્ષભાવરૂપ થવા લાગ્યો.

— આમ આખો પલટો થઈ જાય છે.


જેમ એક ભવ પૂરો થઈને બીજો કોઈ અદ્ભુત નવો ભવ ધારણ કરે, — છતાં ત્યાં તો સંસારના ચારે ભવો એકબીજાની જાતના છે જ્યારે આ તો અનાદિકાળના મિથ્યા — વિપરીતભાવો દૂર કરીને ચૈતન્યનો એક અદ્ભુત નવો જ આનંદમય અવતાર આત્માએ ધારણ કર્યો. આત્મા પોતે જ આનંદસ્વરૂપે અવતર્યો.....પરિણમ્યો. અહો, આવી સ્વાનુભૂતિ થઈ ત્યારે બસ! હવે મારું જીવન સુખી બન્યું.....સદા કાળને માટે આ આત્મા હવે સુખી બન્યો, હવે સદાકાળ સુખથી હું મારા સ્વરૂપમાં.....મારા આત્મામાં પોતાથી જ તૃપ્ત — તૃપ્ત સંતુષ્ટ છું. — આમ પોતાના આત્માની અનુભૂતિ થતાં પોતાને ખાતરી થઈ જાય છે. અરે, અનાદિકાળથી અનંત ભવોમાં જે દુઃખ ભોગવ્યાં હશે એની તો શી વાત! પરંતુ આ એક ભવમાં પણ જીવે અનેક — અનેક પ્રકારનાં દુઃખો ભોગવ્યાં છે; અનેક પ્રકારનાં સંકલ્પ — વિકલ્પો, અનેક પ્રકારનાં માન — અપમાનનાં દુઃખો, અનેક પ્રકારનાં સંયોગ — વિયોગનાં દુઃખો, — એવા ઘણાં ભયંકર દુઃખો — કે જેમાં નરક જેવી વેદના પણ લાગતી હોય — એવા દુઃખો પણ જીવ ભોગવી ચુક્યો છે, પણ જ્યાં સ્વાનુભૂતિ થઈ ત્યાં આખો આત્મા ધોવાઈ ગયો; દુઃખ અને પાપનું નામનિશાન જ્યાં રહેતું નથી; એકલું ચૈતન્યસુખ! સુખમય જીવન જ છે.....અહો, હું સુખી છું, સુખ જ મારું સ્વરૂપ છે, હવે આ જગતમાં મારે માટે કાંઈ દુઃખરૂપ છે જ નહિ. આમ, સ્વાનુભૂતિ થતાં આત્માના આખા જીવનમાં એક મહાન પરિવર્તન થઈ ગયું. ॥૨૫॥



(૨૯)

આરાધાના જાગી છે આત્મ સ્વરૂપની,
પરમેષ્ઠીનો મળ્યો સત્ય પ્રસાદ જો;
અનંત રહસ્યો ખુલ્યા આત્મસ્વરૂપના,
પરમ ગંભીર ચૈતન્યરસ વેદાય જો.....

અહો, આત્મામાં આરાધના જાગી, પંચપરમેષ્ઠી ભગવાનનો સાક્ષાત્ પ્રસાદ મળ્યો; ભગવાન કાંઈ ખાવાનું તો આપે નહિ, ભગવાન પાસે તો અતીન્દ્રિય આનંદ છે, એવો આનંદ તે ભગવંતોના પ્રસાદથી આ આત્માને મળ્યો, એ જ પંચપરમેષ્ઠીનો સાચો પ્રસાદ છે. આત્માની સ્વાનુભૂતિમાં તેનો સ્વાદ આવે છે અને આત્મસ્વરૂપના અનંતા રહસ્યો તેમાં ખુલી જાય છે. 'આત્મા કેવો હશે! એનું સુખ કેવું હશે! એની ગંભીરતા કેવી હશે! એનાં ગુણો કેવા હશે! એની પર્યાયો કેવી હશે! એનું અનાદિઅનંતપણું કેમ હશે?' – એવા જે આત્માના અનંતા રહસ્યો, એ બધાય સ્વાનુભૂતિમાં ખુલી જાય છે; અને ત્યાં એકલો પરમ ગંભીર ચૈતન્યરસ પોતે પોતામાં એકલા – એકલા ઘૂંટાય છે. જેમ દરિયો – એકલા અગાધ – અગાધ પાણીથી ભરેલો આખો દરિયો, એનું પાણી પોતામાં ને પોતામાં હીલોળા માર્યા કરતું હોય; એમ આત્માનો પરમ ગંભીર ચૈતન્યરસ, એ ચૈતન્યરસનો સમુદ્ર પોતે પોતામાં ને પોતામાં હીલોળા માર્યા કરે છે. આવી અદ્ભુત આરાધના સ્વાનુભૂતિમાં જાગી છે. ॥૨૯॥



(૨૭)

સ્વાનુભૂતિ પ્રકાશી જ્યારે આત્મમાં,
સિદ્ધપદ જાણે આવી મળ્યું સાક્ષાત જો;
ચૈતન્યતેજ તો ખીલ્યું આત્મિક ભાવથી,
મોહતણું ત્યાં મળે ન નામનિશાન જો.

આત્મા જ્યાં સ્વાનુભૂતિથી ઝળક્યો ત્યાં જાણે સિદ્ધપદ ખીલ્યું, ચૈતન્યતેજ પોતાના અનંત કિરણોથી ખીલી ઊઠ્યું. આત્મિક ચમકાર જેમ વીજળી ઝબકે એમ ભેદજ્ઞાનથી ઝબકી ઊઠ્યો; ત્યાં હવે અંધકાર – મોહનું નામનિશાન કેમ હોય? આવી અદ્‌ભુત સ્વાનુભૂતિ આત્મામાં પ્રકાશે છે, ત્યારે મોક્ષના દરવાજા ખૂલે છે, આત્મા આરાધક થાય છે.

– આ તો વર્ણન છે, – તો એ અનુભૂતિનો જે સાક્ષાત્ સ્વાદ....એની તો શી વાત કરવી? “વાહ!” ॥૨૭॥

(૨૮)

મગ્ન થયો હું નિજાનંદની ધૂનમાં,
દુનિયા સારી લાગે છે અતિ દૂર જો;
ચિત્ત ચોંટ્યું છે એક જ ચૈતન્યધામમાં,
બીજું તો સૌ લાગે અપરિચિત જો.

આ સ્વાનુભૂતિની ભાવના ભાવીએ છીએ તો દુનિયા કેટલી આઘી – આઘી લાગે છે! “આહાહા, જે સાંભળતાં આવું અદ્‌ભુત લાગે છે તો સાક્ષાત્ અનુભવની શી વાત!!’ આત્મામાં ઊતરે તો, દુનિયા ભલે છે નજીક ક્ષેત્રથી, પણ પોતાથી તો જાણે ક્યાંય દૂર દૂર ચાલી ગઈ હોય, અથવા દુનિયાથી પોતે ક્યાંય અગોચર ધામમાં

દૂર દૂર ચાલ્યો ગયો હોય.....કે જ્યાં ન તો પોતાને દુનિયા દેખાય, કે ન દુનિયા પોતાને દેખે.

ગુપ્ત સ્થાનમાં (એકાંત ભાવમાં) બેઠો બેઠો ચૈતન્યની ધૂનમાં ચડી જાય તો આની ચૈતન્યધૂનમાં શું ચાલી રહ્યું છે એને દુનિયા ક્યાં દેખે છે? દુનિયા આને દેખતી નથી, કેમકે આ તો દુનિયાથી દૂર પોતાના અંદરની ગુફામાં ક્યાંક ચાલ્યો ગયો છે; ને પોતે પોતાના ચૈતન્યની ધૂનમાં હોય ત્યારે દુનિયામાં શું બની રહ્યું છે, – કે દુનિયા કેમ ચાલે છે – એનું પોતાને ક્યાં લક્ષ છે? – દુનિયા તો ક્યાંય દૂર દૂર છે એટલે કે દેખાતી જ નથી.

– આમ આત્માના એકત્વમાં આવીને પોતે પોતાના આનંદની ધૂનમાં મગ્ન થાય ત્યાં અંદર શાંતિ આવવા માંડે, આનંદ આવવા માંડે, આત્માની ધૂન વધતી જાય. એ વધતાં – વધતાં ચૈતન્યતત્ત્વ એકદમ પરિચિત થઈ જાય કે અહો, આ ચૈતન્યતત્ત્વ તો મારું જાણીતું છે, આ ચૈતન્યની સાથે તો હું સદાકાળ રહું જ છું, આ તો સદાય મારી સાથે જ છે; આમ આત્મતત્ત્વ એને પરિચિત થઈ જાય છે. અને દુનિયા એટલી બધી અપરિચિત થઈ જાય છે કે એની સાથે જાણે મારે કાંઈ સંબંધ જ નથી; આ દુનિયા કોણ છે, શું છે, – એનો મને જાણે કાંઈ પરિચય જ નથી; એ દુનિયાથી મારે કોઈ પરિચય, કોઈ રાગ – દ્વેષનો સંબંધ, એની સાથે કાંઈ લેવું દેવું – એવું કાંઈ છે જ નહીં, એનાથી સર્વથા ભિન્ન એવું મારું ચૈતન્યધામ – તેમાં જ મારું ચિત્ત ચોંટી ગયું છે. – આમ દુનિયાથી એકદમ દૂર, અને પોતાના આત્માની ધૂનમાં મસ્ત; બીજી રીતે કહીએ તો દુનિયાથી દૂર એટલે 'વિભક્ત', અને આત્માની ધૂનમાં મસ્ત એટલે 'એકત્વ', – આવા એકત્વવિભક્ત આત્માને આ રીતે સ્વાનુભૂતિમાં સાધતાં મહાન આનંદ થાય છે. ॥૨૮॥

## વીર સં. ૨૫૦૦ ચૈત્ર સુદ ૧૩

❀

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલમ્.

સ્યાદ્વાદ – લક્ષણ અમોઘ જેનું, પરમ ગંભીર સુંદરં,
ઉપદેશ શ્રી વીરનાથનો જયવંત છે જિનશાસનં.

આજે આ ૨૯ મા પદનો અર્થ થાય છે ત્યારે, ચૈત્ર સુદ ૧૩ છે અને ભગવાન મહાવીરના નિર્વાણ – મહોત્સવનું ૨૫૦૦ મું મંગલ વર્ષ ચાલે છે. આ વર્ષમાં જ સોનગઢ – પરમાગમમંદિરમાં મહાવીર ભગવાનની, કુંદકુંદાચાર્યદેવની અને જિનવાણીની મંગલ પ્રતિષ્ઠા થઈ છે. વીરશાસનની મહાન પ્રભાવના દ્વારા અજોડ ઉપકાર કરનારા શ્રી કુંદકુંદાચાર્યદેવ આપણી સન્મુખ જ બિરાજી રહ્યા છે. આવો, એમના દર્શન કરો.....ચરણસ્પર્શ કરો અને એમની મંગલ વાણી સાંભળો.

અહો કુંદકુંદ ભગવાન! આપના પ્રતાપે આ જીવ સ્વાનુભૂતિ પામ્યો; ભયંકર ભવદુઃખથી છૂટીને ચૈતન્યની પરમ શાંતિ, આત્મિક આનંદ આપના પ્રતાપે આ જીવને પ્રાપ્ત થયા છે મહાવીર ભગવાનના મોક્ષના અઢીહજાર વર્ષનો આ અતિ મંગલં મહોત્સવ આરાધનાસહિત આનંદથી ઊજવી રહ્યા છીએ, ત્યારે પ્રભુના મહા – અતિ ઉપકારનું અત્યંત – અત્યંત ભક્તિપૂર્વક ફરી ફરીને સ્મરણ થાય છે. જીવન મહાવીર પ્રભુની ભક્તિમય બન્યું છે; મહાવીર પ્રભુના ઉપદેશેલા પરમ તત્ત્વો, ચૈતન્યની અનુભૂતિ – તેમય થયેલું જીવન, તેમાં મહાવીર ભગવાનનો પરમ અચિંત્ય ઉપકાર છે.

વીર સં. ૨૪૯૭ માં આ આત્માને જે અપૂર્વ આત્મિક સ્વાનુભૂતિ થઈ, તે સ્વાનુભૂતિના પરમ ગંભીર અચિંત્ય ભાવોને આ ૪૭ પદમાં ગૂંથ્યા છે; તેની આ સ્વાધ્યાય અને આ અર્થો દ્વારા મહાવીર ભગવાનના ઉપકારની પ્રસિદ્ધિ ચાલે છે, તેમાં હવે ૨૯ મું પદ છે. –

અતીન્દ્રિય – ચક્ષુથી દેખી આત્મને,
આંખ ખોલી ત્યાં દીઠું જગ અતિ ભિન્ન જો;
વૈરાગ વૈરાગ છાયા છવાઈ ઘેરલી,
ચિત્ત ચોંટે નહી ચેતનથી કહીં બાહ્ય જો...
જાગી રે જાગી સ્વાનુભૂતિ મુજ આત્મની...

અહો, જ્ઞાન – આનંદસ્વરૂપ અતીન્દ્રિય મારું ચૈતન્યતત્ત્વ, એ તત્ત્વને સ્વાનુભૂતિના અતીન્દ્રિયચક્ષુથી જીવનમાં પહેલી જ વાર મેં દેખ્યું, એ અતીન્દ્રિયચક્ષુથી આત્માને દેખતી વખતે આ જગતના અસ્તિત્વ ઉપર કોઈ લક્ષ ન હતું. જ્યારે સ્વાનુભૂતિ પૂરી થઈ, સ્વાનુભૂતિની ધૂનમાં અમુક ટાઈમ રહ્યા પછી જ્યારે વિચારમાં આવ્યો અને જોયું કે અહો, આ શી અદ્‌ભુતતા છે! આ કદી નહિ દેખેલું અદ્‌ભુત ચૈતન્યતત્ત્વ, આજે મને કેવું દેખાયું! – એમ અનુભૂતિની ધૂનમાંથી બહાર આવ્યા પછી જ્યારે વિચાર આવ્યો અને પહેલીવાર આંખ ખોલીને બહાર નજર ગઈ ત્યારે એમ લાગ્યું કે અરે, આ જગત મારાથી કેટલું દૂર છે! આ જગત મારાથી કેટલું જુદું છે! મારું ચૈતન્યતત્ત્વ, મારી સ્વાનુભૂતિમાં આવેલું મારું સ્વતત્ત્વ, એ સ્વતત્ત્વને અને આ જગતના તત્ત્વોને એકબીજાથી ઘણું ઘણું દૂરપણું હોય, એકબીજા સાથે કાંઈ સંબંધ ન હોય, એવા ભિન્નપણે આ જગતના બાહ્ય તત્ત્વોને પણ મેં પહેલી જ વાર દેખ્યા. પૂર્વે બાહ્ય તત્ત્વોને દેખતો'તો, પરંતુ ચૈતન્યની સ્વસત્તાથી ભિન્નપણે

– ખરેખર ભિન્નપણે – પૂર્વે કદી મેં એ તત્ત્વોને જોયા ન હતા; ત્યારે તો અજ્ઞાનભાવથી એકત્વબુદ્ધિપૂર્વક જ એ પદાર્થોને જોતો'તો; એટલે એ પદાર્થોનું ભિન્નપણું, એ પદાર્થોનું મારાથી અત્યંત દૂરપણું મને ખરેખર દેખાતું ન હતું. હવે મારું સ્વતત્ત્વ મેં જોયું અને આ સ્વતત્ત્વની પાસે પરતત્ત્વો, જગતના બધા તત્ત્વો કેટલા બધા દૂર છે, કેટલા બધા અપરિચિત છે, એ હવે મને ભેદજ્ઞાનદૃષ્ટિથી સ્પષ્ટ દેખાય છે. જેમ સ્વતત્ત્વને જીવનમાં પહેલીવાર જોયું તેમ પરતત્ત્વને પરરૂપે પણ ખરેખર તો જીવનમાં પહેલીવાર જ જોયા. ભેદજ્ઞાનસહિતનું જ્ઞાન, ભેદજ્ઞાનસહિતનું સ્વ – પરનું જ્ઞાન, હવે જ શરૂ થયું. અને આવું ભેદજ્ઞાન થતાં પરતત્ત્વો પોતાનાથી એટલા બધા દૂર, એટલા બધા જુદા, એટલા બધા વિજાતીય દેખાયા, અને સ્વતત્ત્વની ગંભીરતા, સ્વતત્ત્વનું અંતરમાં ઊંડાણ એટલું બધું દેખાયું કે પરમ વૈરાગ્ય થઈ ગયો. સ્વતત્ત્વના એકત્વમાં લીનતા, અને પરતત્ત્વોથી ભિન્નતારૂપ પરમ વૈરાગ્ય, એવી વૈરાગ્યની ઘેરી છાયા મારી પરિણતિમાં છવાઈ ગઈ; ચૈતન્યભાવ રાગ વગરનો થઈ ગયો, એટલે પોતે જ એકાંત – વૈરાગ્યરૂપ, એકાંત શુદ્ધચેતનારૂપ તે પરિણતિ થઈ ગઈ. આવી ઘેરી વૈરાગ્યની છાયાપૂર્વક હવે જે કાંઈ જણાય છે તેમાં પણ એ વૈરાગ્યભાવ ભેગો જ છે, એટલે ક્યાંય કોઈપણ પરતત્ત્વમાં મોહભાવ થતો નથી, એકત્વબુદ્ધિ થતી નથી, ભિન્નપણાનું ભાન ખસતું નથી; અને સ્વતત્ત્વ જે અતિ અપૂર્વ ચૈતન્યભાવસહિત દેખ્યું, એ ચૈતન્યભાવમાં ચોંટેલું મારું ચિત્ત હવે ત્યાંથી કદી ખસતું નથી અને ચૈતન્યથી બહારના કોઈ પદાર્થમાં મારું ચિત્ત હવે ચોંટતું નથી.

અહો, અહો, આવી સ્વતત્ત્વની અનુભૂતિ આ આત્મામાં પ્રગટી છે.....પ્રગટી છે. ॥૨૯॥

આજે ચૈત્રસુદ તેરસ.....ભગવાન મહાવીરનો મંગલ જન્મ દિવસ.....જગતનું કલ્યાણ કરનારા તીર્થંકર ભગવાનના અવતારનો દિવસ.....

અહો, જે ભગવાનના શાસનમાં આ જીવ આવી અદ્‌ભુત સ્વાનુભૂતિ પામ્યો તે પ્રભુના ઉપકારની શી વાત કરું! મારા અસંખ્ય પ્રદેશમાં ચૈતન્યભાવની અંદર બિરાજમાન હે સર્વજ્ઞ – પિતા! હે સર્વજ્ઞદેવ! આપના અચિંત્ય પરમ ઉપકારને યાદ કરીને, મારી સન્મુખ બિરાજમાન એવા આપને હું ફરીફરીને નમસ્કાર કરું છું.

સ્વાનુભૂતિ ચેતનની પ્રભુજી.....
અતિશય મુજને વહાલી,
સ્વાનુભૂતિમાં આનંદ ઉલ્લસે.....
એની જાત જ ન્યારી.....
પ્રભુજી! દર્શન તારા રે.....
જગતનું મંગલ કરનારા.....

'पणमामि वड्ढमाणं तीत्थ धम्मस्स कत्तारं'



卐 'પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રી મહાવીરને' 卐

''અહો સર્વજ્ઞ મહાવીરદેવ! આપના શાસનમાં પરમ ભક્તિથી મને ધર્મની પ્રાપ્તિ થઈ તેથી સમ્યક્ આરાધનાપૂર્વક હું આપને નમસ્કાર કરું છું.''

**(૩૦)**

**પ્રભો! ચૈતન્યની જે અનુભૂતિ થઈ, જે સ્વાનુભૂતિનો અતીન્દ્રિય પ્રકાશ થયો, તેમાં આનંદ – આનંદની અદ્‌ભુતતાની શી વાત! –**

**થયું થયું શું અદ્‌ભુત આ મુજ અંતરે!**
**ઘટના કોઈ અદ્‌ભુત અચિંત્ય અપૂર્વ જો;**
**વચનાતીત શાંતિમાં તરબોળ હું થયો,**
**આનંદ – આનંદ – આનંદની શી વાત જો.....**

અનુભૂતિની પહેલાં, થોડીવાર પહેલાં પણ, જેની કલ્પના ન હતી એવો અદ્‌ભુત આનંદ સ્વાનુભૂતિમાં થયો; અહો, સ્વાનુભૂતિ વખતે તો કોઈ આશ્ચર્યભાવ ન હતો; પરંતુ સ્વાનુભૂતિના કાળ પછી, – પછી પણ અમુક ટાઈમ તો એની ધૂનમાં રહ્યા, ત્યારપછી, – અદ્‌ભુતતાનો વિચાર આવ્યો કે અહા, આ શું અદ્‌ભુતતા થઈ! આ સ્વાનુભૂતિની અદ્‌ભુતતા મારા અંતરમાં જાગી, એમાં તો અચિંત્ય અપૂર્વ ભાવો થઈ ગયા. પરમ ગંભીર અનુભૂતિનું વર્ણન તો શું કરીએ? કોઈ એક અદ્‌ભુત અચિંત્ય અપૂર્વ ઘટના બની ગઈ. જેને માટે આ જીવનમાં વરસોથી જીવ ઝંખતો હતો, જે અનુભૂતિની ભાવનાથી પરમ ભક્તિ – બહુમાનપૂર્વક સંતોની સેવા કરતો હતો, એ સંતોની સેવાના ફળરૂપે, એ સ્વાનુભૂતિની ઝંખનાની પૂર્ણતારૂપે અંતરમાં જે સ્વાનુભૂતિ થઈ અને એમાં જે અદ્‌ભુત આનંદ આવ્યો, – અહા! એની શી વાત! એનું સ્મરણ કરતાં, એનું નામ લેતાં, એ ભાવને તાજો કરતાં, અત્યારે પણ પરમ શાંતરસમાં આત્મા તરબોળ બની રહ્યો છે.....વચનાતીત એવા શાંતભાવમાં રસબોળ આત્મા થયો. આત્મા પોતાના ચૈતન્યરસમાં એવો મગ્ન થયો કે એમાં બસ, આનંદ – આનંદ ને આનંદ જ હતો. અહો, એ આનંદ – આનંદની

શી વાત! બરફની વચ્ચે રહેલા જીવને જેમ ઠંડક – ઠંડક ને ઠંડક જ હોય, એમ અસંખ્ય પ્રદેશે ચૈતન્યની અનુભૂતિમાં રહેલા મને, મારા સ્વઉપયોગમાં બસ, આનંદ – આનંદ ને આનંદ જ હતો. ॥૩૦॥

## (૩૧)

પ્રવાહ તૂટ્યો અનાદિ મિથ્યા ભાવનો,
સર્વે છૂટ્યો પર તણો સંબંધ જો;
એક જ આ બસ! શોભે આતમ માહરો,
સાધક ધારા ઊપડી સિદ્ધિધામ જો.....

આ આત્માને જ્યારે સ્વાનુભૂતિ થઈ ત્યારે સાધકધારાનો પ્રવાહ ઊપડ્યો. અનાદિથી ચાલી રહેલો મિથ્યાત્વભાવનો પ્રવાહ – કે જે છેલ્લા થોડા વખતથી તો એકદમ મંદ – મંદ થતો જતો હતો, એકદમ એની ધારા તૂટતી જતી હતી – એવો તે અનાદિ મિથ્યા ભાવનો પ્રવાહ સર્વથા છૂટી ગયો, અને પરનો સંબંધ – પર સાથેના એકત્વનો સંબંધ પણ છૂટી ગયો; અને સ્વાનુભૂતિમાં તો બસ, એક મારા પોતાના આત્મા સાથે જ સંબંધ હતો. – 'સંબંધ' પણ શું કહેવો? – એકલો હું સ્વાનુભૂતિસ્વરૂપ આત્મા જ શોભતો હતો. અહા, જેમાં એક આત્માની જ શોભા છે, આત્મા પોતે એકલો – એકલો જ પોતાના સ્વરૂપની અદ્‌ભુતતાથી જ, પોતાના આનંદથી, પોતાની જ્ઞાનદશાથી, પોતાની વૈરાગ્યપરિણતિથી અત્યંત – અત્યંત શોભી રહ્યો છે. આવી અનુભૂતિમાં શોભતો મારો આત્મા સાધકભાવ જગાડીને સિદ્ધિધામ તરફ ઊપડ્યો, સિદ્ધિનગરી તરફનો એનો પ્રવાસ ચાલુ થઈ ગયો. અહો! એ પરમ તૃપ્તિ, એ પરમ સંતોષ! ઈષ્ટપદની પ્રાપ્તિની એ તૃપ્તિ – એની શી વાત! મારું જીવન, મારો આત્મા બધું ધન્ય બન્યું. ॥૩૧॥

**(૩૨)**

**સિદ્ધપ્રભુજી સુખને જે વેદી રહ્યા,**
**અરિહંતો ને સંતોનું પણ ઈષ્ટ જો;**
**સાધકજ્ઞાની સરવે જે સુખિયા અહો,**
**સર્વેની થઈ સાચે સાચી પીછાન જો.....**

પહેલાં તત્ત્વજિજ્ઞાસાના કાળમાં એનું બહુ જ આશ્ચર્ય થતું.....એ જાણવાનું કુતૂહલ થતું કે અહા, સિદ્ધ ભગવાનનું સુખ કેવું હશે! અરિહંત ભગવાનનું સુખ કેવું હશે! સમકિતી ધર્માત્માઓ — સંતો — મુનિઓ એમનું આત્માનું સુખ કેવું હશે! — એમ અંદરમાં પરમ આકાંક્ષા થતી હતી. હવે સ્વાનુભૂતિમાં એવું જ સુખ, પોતાના આત્મામાંથી પ્રગટેલું સુખ અનુભવમાં આવ્યું. આહા! હવે ખબર પડી કે સિદ્ધભગવાન પણ આવું જ સુખ વેદે છે; અરિહંતોનું સુખ એ પણ આવું જ છે. સાધક જ્ઞાનીઓ — સંતો — મુનિઓ એ બધાય આવા જ સુખને વેદી રહ્યા છે. એ સર્વે જે સુખને વેદી રહ્યા છે તે સુખ કેવું છે તેની હવે સાચી ઓળખાણ થઈ.

‘‘સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત્રિ રહે તદ્ધ્યાનમહીં.....’’

અહો, જે સુખને સંતો પણ ઈચ્છે, અને સંતો પણ દિવસ-રાત જેના ધ્યાનમાં રહે — એ સુખ તો કેવું અદ્ભુત! એનું વેદન હું કેમ કરું!! એમ બહુજ જિજ્ઞાસુતા પહેલાં રહેતી હતી. અહો, એ પ્રશાંત.....અનંત.....અમૃતસ્વાદથી ભરેલું સુખ કેવું હશે!

‘‘પ્રશાંત અનંત સુધામય જે, પ્રણમું પદ તે વરતે જય તે.’’

એ સુખનો મહિમા કરી — કરીને પહેલાં તો જિજ્ઞાસુભાવે હું તેને પ્રણામ કરતો હતો, તેની ભાવના કરતો હતો; પરંતુ હવે, સ્વાનુભૂતિ થતાં, એવા સુખને હું પણ વેદું છું.....એવા સુખના

વેદનપૂર્વક, અહો વીતરાગી સંતો! તમને હું નમસ્કાર કરું છું.

પહેલાં એની વેદનની ભાવનાથી નમસ્કાર કરતો હતો, હવે એવા વેદનસહિત હું આપને નમસ્કાર કરું છું. અહો, ધન્ય આ ચૈતન્ય – સુખ! ચૈતન્યનું આવું અપૂર્વ સુખ, જેની ઝંખના, જેની ભાવના મને દિનરાત હતી, એ સુખ હે સંતો! હે ભગવંતો! હું આપના પ્રતાપે હવે પામ્યો. – ભલે થોડુંક, પણ એવું ચૈતન્યનું અતીન્દ્રિય સુખ મને મારા સ્વસંવેદનમાં આવ્યું; તેથી આપના પૂર્ણ સુખની પણ હવે મને સાચી પ્રતીત થઈ. આપ જે સુખમાં લીન છો, સાદિઅનંતકાળ આપ જે સુખને વેદી રહ્યા છો, તે સુખનું હવે મને ભાન થયું, તેની ઓળખાણ થઈ, તેનો સ્વાદ ચાખ્યો, અને હવે તે પૂર્ણ સુખની પ્રાપ્તિ તરફ હું આવી રહ્યો છું. અહા, દુઃખથી છૂટ્યો; કેવું ભયંકર દુઃખ! અને એની સામે આ કેવું મજાનું અતીન્દ્રિય પરમ ચૈતન્યસુખ! ॥૩૨॥

આવી સ્વાનુભૂતિ થતાં આખો આત્મા જાણે નવો બની જતો હોય! એમ અપૂર્વ પરિવર્તન થઈ જાય છે –

(૩૩)

ઉથલ – પાથલ આત્મ – અસંખ્ય પ્રદેશમાં,
આનંદનો જાણે મોટો ધરતીકંપ જો;
ચૈતન્ય – પાતાળ ઊંડેથી ઉલ્લસી રહ્યું,
મોહપર્વતના ફૂરચા ઊડ્યા દૂર જો.....
જાગી રે જાગી સ્વાનુભૂતિ મુજ આત્મમાં.....

અહો, ચૈત્રસુદ ૧૩ નો આજે મંગલ દિવસ છે : ભગવાન મહાવીર આ ભરતક્ષેત્રમાં જગતના જીવોનું કલ્યાણ કરવા અને

પોતાનું સર્વજ્ઞપદ સાધવા માટે અવતરી ચુક્યા છે.....ધન્ય મંગલ અવસર છે. જગતમાં ઉત્કૃષ્ટ મંગળ એવા આ જન્મકલ્યાણકનો કાળ, અને એની સાથે મારી મંગળ સ્વાનુભૂતિ, — અહો પ્રભો! આપનું કલ્યાણક એ મારા પણ કલ્યાણનું કારણ થયું છે.

સ્વાનુભૂતિ થતાં આત્માના અસંખ્ય પ્રદેશોમાં કોઈ મહાન મંગળ ધરતીકંપ થાય — એમ આનંદનો મોટો ધોધ ઊછળે છે, આનંદનો મોટો ખળભળાટ થાય છે. અહો, એ અનુભૂતિ વખતે આખા આત્માનું ચૈતન્ય — પાતાળ ઊંડીઊંડી શાંતિથી ઉલ્લસતું હતું; મોહનો પર્વત ક્યાંય દેખાતો ન હતો, એના તો ફૂરચેફૂરચા ઊડીને ક્યાંય ને ક્યાંય દૂર ઊડી ગયા હતા; અને આખો ચૈતન્ય પર્વત, અસંખ્ય પ્રદેશોમાં ઉલ્લસતો આત્મા, પોતાના આનંદના ધરતીકંપમાં વર્તતો હતો.

જેમ ભગવાન તીર્થંકરનો જન્મકલ્યાણક થતાં આખી પૃથ્વીમાં આનંદનો ધરતીકંપ થઈ જાય છે; એ ધરતીકંપથી ઈન્દ્રના ઈન્દ્રાસન પણ ડોલી ઊઠે છે; — એવો આનંદનો ધરતીકંપ બહારમાં એક પુણ્યપ્રતાપે પણ થાય છે. આજે એવા જન્મકલ્યાણકનો પ્રસંગ છે. તેમ અહીં આત્મામાં પણ, ચૈતન્યમાં ચૈતન્યપ્રભુનો પોતાનો જન્મ થયો, ચૈતન્યપ્રભુ પોતે પોતાની સ્વાનુભૂતિમાં અવતર્યા, અને એના પ્રતાપે આનંદનો જે ધરતીકંપ થયો....અતીન્દ્રિય આનંદના ઊછાળાથી ચૈતન્યની ધરતી ધ્રુજી ઊઠી, એ આનંદમય ધરતીકંપની શી વાત! એ આનંદના ખળભળાટની શી વાત!

જેમ જગતમાં ધરતીકંપ થાય એ છાનો રહેતો નથી, તેમ ચૈતન્યમાં થયેલો આ સ્વાનુભૂતિનો ધરતીકંપ.....એકલા આનંદમય ધરતીકંપ, એમાં દુઃખમાંથી સુખ થયું, કષાયોમાંથી શાંતિ થઈ, અજ્ઞાનમાંથી જ્ઞાન થયું, મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વ થયું, આત્મા

પરભાવોથી છૂટીને નિજસ્વભાવરૂપ પરિણમવા માંડ્યો, બંધના – દુઃખના માર્ગથી છૂટીને મોક્ષસુખ તરફ ચાલવા લાગ્યો; અહો, જે ધરતીકંપમાં આવા સુંદર – મહાન – અનંતકાર્યો એક સાથે થાય છે એવી સ્વાનુભૂતિની શી વાત!

જ્યાં મોટા પર્વતો હોય તે ઊખડીને ત્યાં દરિયા બની જાય એવું ધરતીકંપમાં બને છે; મોટામોટા પર્વતો હોય તે ફાટીને ત્યાં મોટા ખાડા બની જાય, અને જ્યાં ઊંડાઊંડા ખાડા હોય ત્યાં ઊછળીને મોટા પહાડ દેખાવા માંડે – એવું ધરતીકંપમાં બને છે; તેમ આ ચૈતન્યમાં સ્વાનુભૂતિના ધરતીકંપનો એક મહાન ઊછાળો થતાં, આત્મામાં જ્યાં દુઃખનાં પહાડ હતા તે પહાડ તૂટીને ગંભીર ચૈતન્યની શાંતિના દરિયા બની ગયા, જ્યાં ભવસમુદ્ર હતો તે સમુદ્ર પુરાઈને તેની જગ્યાએ આનંદનો પહાડ રચાઈ ગયો. અહો, આવો ધરતીકંપ, આવી સ્વાનુભૂતિ, ચૈતન્યના પાતાળમાંથી સ્વયં ઉલ્લસેલું આત્માનું સુખ, એનો ઉલ્લાસ, એનો આહ્લાદ – એ પ્રસંગની શી વાત!!

અહો મહાવીર દેવ! આજ આપના અવતારનો મહાન કલ્યાણક દિવસ છે. આપના અવતારથી આખી પૃથ્વી જેમ આનંદથી ધ્રુજી ઊઠી, તેમ અમારા આત્મામાં મંગલ સ્વાનુભૂતિનો અવતાર થતાં અમારી ચૈતન્યપૃથ્વી – અમારા અસંખ્યપ્રદેશો અતીન્દ્રિય આનંદના ઝણઝણાટથી ધ્રુજી રહ્યા છે.....એ ઝણઝણાટી વડે આપના ઉપકારના મંગલ ગીત ગવાય છે.

જય વર્દ્ધમાન દેવ.....જય સ્વાનુભૂતિ

(૩૪)

પ્રભો, આપના શાસનમાં, આપના માર્ગમાં સંતો દ્વારા આત્માની સ્વાનુભૂતિ પામીને હું હવે કૃતકૃત્ય થયો છું; મારું આ જીવન મારા આત્મકાર્યની સિદ્ધિથી તૃપ્ત અને કૃતાર્થ બન્યું છે : –

કૃતકૃત્યતા સાચી પામ્યો જીવડો,
કાર્યસિદ્ધિથી થયો અતિશય તૃપ્ત જો;
દુઃખોના રે ભડાકાથી જીવ છૂટિયો,
અદ્‌ભુત શાંતિ – શાંતિમાં થયો લીન જો...
આવ્યા રે આવ્યા..ચેતન પ્રભુજી અંતરે..

અહો.....આત્મા, મારો આત્મા, જેવો છે તેવો સમ્યક્‌સ્વરૂપે ખીલી ઊઠ્યો; અને આ જીવ – કે જે પહેલાં અજ્ઞાનદશામાં અતૃપ્ત હતો, શું કરું – એની કાંઈ સૂઝ ન હતી, કેવું સ્વરૂપ છે એનું કોઈ વેદન ન હતું, અને પોતાના સ્વરૂપને જાણવા માટે જ્ઞાનીના સત્સંગમાં ખૂબ – ખૂબ ઝંખતો હતો, અહો, મારા સ્વરૂપનું સમ્યક્ દર્શન મને થાય, મારા સ્વરૂપના સુખનું વેદન મને થાય, – એને માટે આ આત્મા અતૃપ્તપણે ખૂબ – ખૂબ દિવસ – રાત ઝંખતો હતો, એની વેદના ખૂબ જ થતી હતી.....હવે.....

– હવે હે પ્રભુ! આપના શાસનના પ્રતાપે સ્વાનુભૂતિરૂપ કાર્ય સિદ્ધ થતાં, મારા આત્માનું અસલી સ્વરૂપ પ્રગટ થયું; એના સુખનું, એની શાંતિનું, એના અનંત સ્વભાવોનું વેદન થતાં, આ આત્મા અતિશય તૃપ્ત થયો, કૃતકૃત્ય થયો. આહા! આવું સુંદર મારું સ્વરૂપ! આવી સુંદર – અદ્‌ભુત મારી શાંતિ! આવી શાંતિસ્વરૂપ હું પોતે, સુખસ્વરૂપ હું પોતે, એમ નિજસ્વરૂપને જાણ્યું,

નિજસ્વરૂપને વેદ્યું; મારું નિજસ્વરૂપ મારામાં જ છે, એ કદી મારાથી છૂટું પડવાનું નથી – એવી મને પરમ તૃપ્તિ થઈ. અત્યાર સુધી, સ્વાનુભૂતિ થયા પહેલાં આ આત્મા અનેકવાર અનેક પ્રસંગોમાં દુઃખના ભડકામાં બળતો હતો, વારંવાર અનેક પ્રકારના સુખ – દુઃખના પ્રસંગો – એમાં પણ સુખ કરતાં દુઃખના પ્રસંગો ઝાઝા, અનેક તીવ્ર માન – અપમાનના પ્રસંગો, – એવા અનેક પ્રસંગોમાં આ જીવ દુઃખના ભડકામાં બળતો હતો; વચ્ચે ક્યારેક કોઈ કોઈવાર જ્ઞાની ધર્માત્માઓના સત્સંગથી થોડીથોડી શાંતિ મળતી હતી, પરંતુ ચૈતન્યની શાંતિ વગર દુઃખના ભડકામાં આ જીવ શેકાતો હતો. આહા! એ દુઃખોના ભડકાથી હવે હું છૂટ્યો, ચૈતન્યની પરમ શાંતિ મળી – કે જે શાંતિમાં દાઝવાપણું હવે કદી નથી. આવી અદ્ભુત શાંતિ, – એ શાંતિ પણ કેટલી? – થોડી નહીં; પૂર્ણ શાંતિ – સ્વભાવ, એકલો શાંતિનો જ ભંડાર, એવા શાંતસ્વભાવમાં હું હવે લીન થયો. મારી શાંતિનું વેદન – એમાં હું એકત્વપણે પરિણમ્યો, એટલે હું પોતે જ શાંતિસ્વરૂપ થયો. આ શાંતિથી હું હવે કદી છૂટવાનો નથી, નથી. અહો વીરનાથ ભગવાન! આવી શાંતિ આપનારું આપનું શાસન, આપનું વીતરાગી શાસન, આપના શાસનનું સમ્યગ્દર્શન, – એ મહાન કલ્યાણકારી છે. આજના આપના કલ્યાણકના મહાન દિવસે.....ચૈત્ર સુદ તેરસે હું આપને, આપના શાસનને, સ્વાનુભૂતિ સહિત અપૂર્વ ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. ॥૩૪॥

## સ્વા નુ ભૂ તિ  પ્ર કા શ

ભગવાન મહાવીરના પ્રતાપે પ્રાપ્ત થયેલી, મારા આત્માની અપૂર્વ આનંદમય સ્વાનુભૂતિ – તેના પ્રકાશનમાં, એ પ્રકાશનદ્વારા વીરપ્રભુના ઉપકારની પ્રસિદ્ધિરૂપે જે પદરચના થયેલ છે તેમાં, આ ૩૫ મું પદ છે –

(૩૫)

મારા ભાવો સર્વે મુજમાં સમાય છે,
વરતે નહીં કો' મુજમાં પરનો ભાવ જો;
હું તો જ્ઞાયક.....જ્ઞાયક.....જ્ઞાયક ભાવ છું,
સુખી સ્વયં હું જગથી તો અતિ દૂર જો.....
– સુખી સ્વયં હું દુઃખથી તો અતિ દૂર જો.....

– સ્વાનુભૂતિથી અતીન્દ્રિય ભાવો, તે એવા છે કે બહારમાં ઇંદ્રિયગમ્ય ચિહ્નોદ્વારા બીજા જીવોથી દેખી શકાય નહીં. સ્વાનુભૂતિના ભાવો તે અનુભૂતિમાં જ સમાય છે; એની ગંભીરતા એવી છે કે પોતાની આત્મઅનુભૂતિમાં જ તે સમાઈ શકે છે, એ ગંભીરતા બહારમાં દેખી શકાતી નથી. એ ચૈતન્યભાવો, એ આનંદ, એ શાંતિ, એ અપૂર્વતા, એ દુઃખથી છૂટકારાની પરમ તૃપ્તિનો ભાવ, – એ બધા અનંત ગંભીરતાથી ભરેલા પોતાના ચૈતન્યભાવો.....એ તો મારા વેદનમાં જ સમાઈ ગયા. અહો, હું તો બસ! એક જ્ઞાયક.....જ્ઞાયક.....જ્ઞાયકભાવ જ છું; જ્ઞાયકપણામાં જે સમાય છે એવા બીજા અનંતા ચૈતન્યભાવો તે રૂપે હું જ્ઞાયક જ છું; પરંતુ જ્ઞાયકથી વિરુદ્ધ, જ્ઞાયકથી ભિન્ન જાતિના એવા કોઈ પણ ભાવો મારા વેદનમાં – મારી અનુભૂતિમાં નથી – નથી.

આ રીતે એકલા જ્ઞાયકભાવરૂપે થયેલો અને એ જ્ઞાયકભાવની અંદર ચૈતન્યના સુખ – શાંતિ વગેરે બીજા અનંતભાવોને સમાવેલો હું પોતે સ્વયં સુખી છું. અને જગતથી, જગતસંબંધી દુઃખોથી, રાગદ્વેષના ભાવોથી તો હું અત્યંત દૂરદૂર થયો છું, એનાથી હું છૂટો પડ્યો છું, મારી પરિણતિનું પરિણમન એ દુઃખરૂપ હવે થતું નથી; મારી ચેતના હવે સ્વયં સુખરૂપે પરિણમે છે, તે દુઃખરૂપે થતી નથી, તે પરભાવોને કરતી નથી, જગત સાથે સંબંધ ધરાવતી નથી; જગતથી અત્યંત દૂર, અત્યંત અલિપ્ત એવી મારી ચૈતન્યમય ચેતના, તે મારી અનુભૂતિમાં જ સમાય છે, અને હું પણ તે ચેતનામાં જ સમાઉં છું. આમ પરમ ચેતનસ્વરૂપે થયેલો હું હવે પરમ સુખી છું, મોક્ષનો સાધક છું; હું હવે મહાવીરનાથનો સાચો અનુયાયી છું અને એક રીતે કહીએ તો હું નાનકડો મહાવીર છું. – (જિનેશ્વરકે લઘુનંદન)

## ગી ર ના ર　ધા મ માં.....

અહીં સુધીની રચના વવાણીયામાં થઈ છે, કેટલીક રચના સોનગઢમાં થઈ છે. હવે પદ નં. ૩૬ થી શરૂ કરીને જે રચના થઈ છે તે રચના પરમ સિદ્ધક્ષેત્ર ગીરનારધામમાં થયેલી છે. ગીરનારમાં જઈને લગભગ એકમાસ રહેલ, તે વખતે જેઠ સુદ ત્રીજ લગભગમાં આ રચના થયેલી છે.

અહો ગીરનાર સિદ્ધક્ષેત્ર! ચૈતન્યની સાધનાનું ક્ષેત્ર, નેમનાથ ભગવાને પરમ વૈરાગ્યથી જ્યાં આત્માને સાધ્યો; જ્યાં મુનિદશા છઠ્ઠું – સાતમું ગુણસ્થાન નિર્વિકલ્પ પરમ ચૈતન્યઅનુભૂતિ પ્રગટ કરી, જ્યાં મનઃપર્યયજ્ઞાન પ્રગટ કર્યું; ત્યારપછી અનેક વિહાર

કરીને ફરી પાછા એ જ સહસ્રામ્રવનમાં પધાર્યા, જ્યાં નિર્વિકલ્પ સાતિશય અનુભૂતિ ઉપરાંત આગળ વધીને ચૈતન્યની શ્રેણીમાં આઠમું ગુણસ્થાન, નવમું ગુણસ્થાન, દસમું ગુણસ્થાન, પછી સીધું બારમું વીતરાગી ગુણસ્થાન અને પછી.....અહો! સર્વજ્ઞપદરૂપ કેવળજ્ઞાન ભગવાન નેમિનાથ આ સહસ્રામ્રવનમાં પામ્યા. આ સહેસાવનમાં બેઠોબેઠો હું પણ મારી સ્વાનુભૂતિને યાદ કરીકરીને મહાન આનંદિત થાઉં છું. આ સહેસાવનમાં નેમપ્રભુના ખોળામાં બેઠો હોઉં.....એવા પરમ શાંત વાતાવરણમાં, સ્વાનુભૂતિ પછી આવીને હું બેઠો છું અને સ્વાનુભૂતિના પદની ગૂંથણી કરું છું.

ગીરનાર મારી સન્મુખ જ છે.....અરે, ગીરનારની અંદર જ હું બેઠો છું.....ને ગીરનારી સંતોને હૃદયમાં યાદ કરું છું. ગીરનાર એટલે તો આત્મસાધનાનો મોટો ઢગલો! ઘણા ઘણા સંતોએ, કરોડો મુનીશ્વરોએ જ્યાં આત્મસાધના આ ચોવીસીમાં કરી છે – એવું આ ગીરનારતીર્થ, એને જોતાં સંતોની સાધના યાદ આવે છે, અને સંતોની સાધના યાદ આવતાં આ આત્માની સાધના પણ યાદ આવે છે, એટલું જ નહીં – એનું વેદન તાજું થાય છે અને જીવને આનંદિત કરે છે. ॥૩૫॥

(૩૬)

ગૌરવ કેવું મોટું આ ગીરનારનું!
આ ગીરનાર પણ ગુણ રે જેનાં ગાય જો;
જેના પ્રતાપે પૂજ્ય બન્યા આ પર્વતો,
એ તો છે આ સ્વાનુભૂતિનો પ્રતાપ જો...
જાગી રે જાગી સ્વાનુભૂતિ મુજ આત્મની...

જગતમાં આ ગીરનાર મહાન ગૌરવવંત, મહાન તીર્થરૂપ

ગણાય છે; પરંતુ એ ગીરનારનું ગૌરવ, એ ગીરનારનું તીર્થપણું પણ ખરેખર તો ચૈતન્યની સ્વાનુભૂતિના પ્રતાપે જ છે. ચૈતન્યની સ્વાનુભૂતિવાળા સાધક જીવો જ્યારે આ ગીરનારમાં વિચર્યા ત્યારે તે સાધક જીવોના ચરણના પ્રતાપે જ આ ગીરનારના પથ્થરોને પણ તીર્થપણું પ્રાપ્ત થયું છે. એ રીતે જે સ્વાનુભતિના પ્રતાપે આ પર્વતો પણ પૂજ્ય – તીર્થ બન્યા ને આ પથ્થર એ પણ પરમાત્માની જેમ પૂજાવા લાગ્યા, અહો! એ સ્વાનુભૂતિના પ્રતાપની શી વાત! અને એવી સ્વાનુભૂતિ આ આત્મામાં પ્રગટી છે એનો સાક્ષી આ ગીરનાર પહાડ છે. ॥૩૬॥

**(૩૭)**

સ્વાનુભૂતિ જ્યાં, ત્યાં તો તીર્થ સદાય છે,
સર્વે તીર્થો સ્વાનુભૂતિમાં સમાય જો;
સ્વાનુભૂતિનું આનંદ – તીરથ છોડીને
જતો નથી હું બહાર સંસાર – ધામ જો.....

અહો, સ્વાનુભૂતિ એ ભવસાગરથી તારનારું સાચું તીર્થ છે; સ્વાનુભૂતિ એ સદાય તીર્થ છે; જગતમાં કોઈ ક્ષેત્રને તો અમુક પ્રસંગવશાત તીર્થપણું પ્રાપ્ત થાય છે, પરંતુ આ ચૈતન્યની સ્વાનુભૂતિ તો સદાય તીર્થસ્વરૂપ છે. અને એ સ્વાનુભૂતિના તીર્થમાં બધા તીર્થો સમાય છે. જગતની કોઈપણ જગ્યા હોય પણ જો ત્યાં સ્વાનુભૂતિવાળો જીવ હોય તો તે જગ્યા તીર્થ જ છે, કેમકે સ્વાનુભૂતિ તે પોતે આનંદમય તીર્થ છે. સ્વાનુભૂતિરૂપ થયેલો આ મારો આત્મા હવે પોતાની સ્વાનુભૂતિના તીર્થને છોડીને બીજે ક્યાંય જતો નથી. બાહ્યદૃષ્ટિએ ભલે ગમે તે સ્થાન હો – ગીરનાર હો કે

સોનગઢ હો, મોરબી હો કે સમ્મેદશિખર હો, પરંતુ અંતરમાં સ્વાનુભૂતિ – તીર્થ મારી સાથે જ વર્તી રહ્યું છે. હું પોતે તીર્થસ્વરૂપ છું. આવા મારા ચૈતન્યભાવરૂપ તીર્થને છોડીને સંસારના ભાવમાં હું જતો નથી. સંસારધામને છોડીને હું મારા મોક્ષધામમાં વસ્યો છું; તેથી હું સદાય તીર્થમાં જ રહેનારો છું; સદા મોક્ષની તીર્થયાત્રા જ હું કરી રહ્યો છું. ॥૩૭॥

સ્વાનુભૂતિના પ્રતાપે બધુંય માંગળિક છે. આત્મા સ્વાનુભૂતિરૂપ થયો ત્યાં પોતે માંગળિક થયો, ને તે આત્માના સંબંધરૂપ દ્રવ્ય – ક્ષેત્ર – કાળ – ભાવ તે બધા પણ માંગળિક જ છે. જુઓને, આજે આ ચૈત્રસુદ તેરસ, – ભલેને મહાવીર ભગવાનના જન્મને તો ૨૫૭૨ વર્ષ થઈ ગયા, છતાં એ આત્મા મંગળરૂપ હતો તો તેમના પ્રતાપે આજનો આ દિવસ પણ (આજે ૨૫૭૨ વર્ષ પછી પણ) માંગળિક તરીકે ઉજવાય છે. આ રીતે મંગળરૂપ આત્માના પ્રતાપે બધું મંગળ જ છે. –

**(૩૮ – ૩૮)**

મંગલરૂપ આ આતમરામી જીવડો,
બન્યા છે મુજ ક્ષેત્ર – કાળ મંગળ જો;
દ્રવ્ય – ભાવ પણ મંગળ મુજમાં વર્તતા,
અહો, અહો, આ સમ્યક્‌નો જ પ્રતાપ જો.....
જ્યાં જશે આ આતમરામી જીવડો,
બની જશે તે ક્ષેત્ર – કાળ મંગળ જો;
દ્રવ્ય – ભાવ પણ મંગળ જે પીછાણશે,
તેને મંગળ સર્વ પ્રકારે થાય જો.....

✻ અહો, ચૈતન્યભાવરૂપ સ્વભાવવાળો મારો આ આત્મા... મારું આ આત્મદ્રવ્ય ત્રિકાળ માંગળિક છે. ત્રિકાળ મંગળ એવું મારું આ આત્મદ્રવ્ય, તેને ઓળખતાં મારા ભાવ પણ હવે મંગળરૂપ થયા છે.

✻ મારા અસંખ્યપ્રદેશરૂપ ક્ષેત્ર, એ પણ સમ્યક્ત્વાદિ અતીન્દ્રિય આનંદ વગેરે નિર્મળ મંગળ ભાવોથી વ્યાપ્ત છે, તેથી મારું સ્વક્ષેત્ર પણ હવે માંગળિક છે.

✻ મારી સ્વકાળરૂપ પરિણતિ પણ સમ્યક્ત્વ અને આનંદરૂપ પરિણમતી હોવાથી તે પણ માંગળિક છે.

— આ રીતે મારા આત્માના દ્રવ્ય — ક્ષેત્ર — કાળ — ભાવ એ બધાય માંગળિક છે. 'ષટ્ખંડાગમ — ધવલા'ના મંગલાચરણમાં આત્માને ત્રિકાળ મંગળસ્વરૂપે વર્ણવ્યો છે; તે ત્રિકાળ મંગળપણું મારામાં જાણીને મને જે આનંદ — ઉલ્લાસ થયેલો તે આનંદઉલ્લાસના બળે આગળ વધતાં, અહો! આ આત્મા સાક્ષાત્ ભાવથી પણ મંગળરૂપ થયો. જે ત્રિકાળ દ્રવ્યનું મંગળપણું સ્વીકારે તેને વર્તમાન ભાવમાં પણ મંગળ હોય છે : આ એક અપૂર્વ ન્યાય ષટ્ખંડાગમ — સિદ્ધાન્તમાં ભગવાન વીરસેન સ્વામીએ જે રીતે સમજાવ્યો છે, અને મિથ્યાત્વને અમંગલ કહીને આત્માથી છૂટું પાડી દીધું છે, અને એ જ વખતે ચૈતન્યભાવને મંગળરૂપ કહીને મિથ્યાત્વથી છૂટો પાડી દીધો છે, આ રીતે ભેદજ્ઞાન કરાવીને આત્માને સમ્યક્ત્વરૂપ માંગળિક કર્યો છે.....અહો! તે સંતોને નમસ્કાર છે.

મારા દ્રવ્ય — ક્ષેત્ર — કાળ — ભાવ કે જે મારામાં મંગળરૂપે વર્તી રહ્યા છે એ બધો અહો, સમ્યક્ત્વનો કોઈ અચિંત્ય પ્રતાપ છે. આવો મંગળરૂપ થયેલો મારો આત્મા હવે જ્યાં જશે ત્યાં બહારનું

ક્ષેત્ર પણ મંગળ કહેવાશે; એ જે કાળમાં હશે તે કાળ પણ મંગળ ગણાશે; એના સંબંધવાળા દ્રવ્યો તે પણ મંગળ છે; આ રીતે બધું જ આત્માનું મંગળ છે.....મંગળ છે. (૩૮)

**(૩૯)**

અનાદિમાં કદી પ્રાપ્તિ નો’તી જેહની
અનંતકાળે પણ નહીં છૂટે આ રત્ન જો;
આવું અમૂલ્ય જ રત્ન દીધું છે મુજને,
કેવા મારા ચૈતન્ય પ્રભુ દાતાર જો.....

અનંતકાળમાં પૂર્વે ચૈતન્યસુખનો સ્વાદ આ જીવે કદી ચાખ્યો ન હતો. આ જીવની અંદર, આ જીવના સ્વભાવમાં પરમ સુખસ્વભાવ વિદ્યમાન તો હતો પરંતુ એની ખબર ન હતી; શ્રીગુરુપ્રતાપે એ ચૈતન્યસુખની વાર્તા જૈનશાસનમાં જ્યારે સાંભળવા મળી, વીરનાથ ભગવાનના શાસનમાં એ આત્મિકસુખના અનુભવનો માર્ગ જ્યારે સાંભળ્યો, ત્યારે અંતરમાં તે માર્ગ જાણ્યો અને તે માર્ગે અંતરમાં આત્માના સુખનો અનુભવ થયો; અહો! એની શી વાત! અનાદિમાં કદી જે સુખની પ્રાપ્તિ ન હતી તે અપૂર્વ ચૈતન્યસુખ આ આત્મા જૈનશાસનના પ્રતાપે, સ્વાનુભૂતિના પ્રતાપે, સમ્યગ્દર્શનના પ્રતાપે પામ્યો. આવું સમ્યગ્દર્શન, આવો આનંદ, આવું સુખ, આવું જૈનશાસન, એનો દાતાર આ મારો ચૈતન્યપ્રભુ આત્મા પોતે જ છે. અહા, ચૈતન્યપ્રભુ કેટલો મહાન દાતાર છે! અનંત ચૈતન્યભાવોની શાંતિ એકસાથે જે આપે, અને એવી ગંભીર અનંત શાંતિ, અનંતકાળ સુધી સદાય આપ્યા જ કરે – એવો અપૂર્વ મહાન દાતાર મારો આત્મા, તે આત્માની અનુભૂતિ મને થઈ..... અહો, એની શી વાત! એ અમૂલ્ય ચૈતન્યરત્ન, અને એવી અમૂલ્ય

એની અનુભૂતિ, એની શી વાત! આવી અનુભૂતિ જેમના શાસનમાં થઈ એવા હે વીરનાથ પ્રભુ! આપનો પરમ ઉપકાર હું ફરીફરીને પ્રસિદ્ધ કરું છું.

હે જગતના જીવો! હે સાધર્મીજનો! તમે વીરશાસનમાં આવ્યા છો, વીરશાસનને પામ્યા છો, તો વીરશાસનમાં જે આવી અપૂર્વ આત્મિક અનુભૂતિ છે તે અનુભૂતિ તમે કરો.....કરો.....કરો. (૩૯)

**(૪૦)**

અનુભૂતિ થઈ ત્યારે હે વીરનાથ ભગવાન! જેવો આપનો આત્મા છે એવી જ જાતનો મારો આત્મા પરિણમ્યો; આપ જેવા પૂર્ણ સુખરૂપે પરિણમી રહ્યા છો એવા જ સુખરૂપે મારો આત્મા અંશે – અંશે પરિણમવા માંડ્યો. આ રીતે ભાવઅપેક્ષાએ આપ અને હું બંને જુદા નથી. જેવો ચૈતન્યભાવ આપના આત્મામાં છે તેવો જ ચૈતન્યભાવ આ આત્મામાં પણ છે, – એમ આપણે બંને હવે એક જ હોઈએ એમ અંતરમાં વેદાય છે : –

પ્રભો! હવે ‘હું’ અને ‘તું’ કંઈ જુદા નથી,
પ્રભુમય બન્યો છું હું જ સ્વયં જો;
પ્રભુતા જ્યાં પ્રગટી છે આત્મસ્વરૂપની
પામરતા કે દીનતાનું નહીં નામ જો.....
જાગી રે જાગી શાંતિ આત્મસ્વરૂપની.....

હે પ્રભો! પહેલાં, આપ ચૈતન્યસ્વરૂપે પરિણમતા જ્ઞાની અને હું કષાયરૂપ પરિણમતો અજ્ઞાની, – એવો આપનામાં ને મારામાં ભેદ હતો, .....હવે.....; અથવા બીજી રીતે કહીએ તો મારો

સ્વભાવ પરમ વીતરાગી શુદ્ધ આનંદરૂપ અને પરિણતિ કષાયરૂપ – અશાંતિરૂપ – અજ્ઞાનરૂપ, એમ દ્રવ્ય – પર્યાયનો મેળ બેસતો ન હતો, દ્રવ્ય – પર્યાયની એકતા થતી ન હતી, દ્રવ્ય – પર્યાયની જુદાઈ રહેતી હતી; પરંતુ હે નાથ! .....હવે.....

હે ચૈતન્યપ્રભુ! સ્વસન્મુખ થઈને હું પોતે જ પોતાની ચૈતન્યપરિણતિરૂપે, શાંતિરૂપે, જ્ઞાનરૂપે, સુખરૂપે પરિણમ્યો, જેવો સ્વભાવ છે એવી જ પરિણતિરૂપે પરિણમન થયું; ત્યાં સ્વભાવ અને તેની પરિણતિ, દ્રવ્ય અને પર્યાય, એ બંનેની એકરૂપતા થઈ, એટલે હવે 'હું' અને 'તું' કાંઈ જુદા નથી; જેવો સ્વભાવ એવી પરિણતિ – એમ બંનેનું એકત્વ વેદાય છે. ચૈતન્યની અનુભૂતિ દ્રવ્ય – ગુણ – પર્યાય એ ત્રણેની શુદ્ધ – એકતારૂપ છે; દ્રવ્ય અને પર્યાયનું ભિન્નપણું અનુભૂતિમાં કદી હોતું નથી. અંતરના પરમ શુદ્ધ પરમાર્થમાં શુદ્ધ દ્રવ્ય – પર્યાયનું ભિન્નપણું જરાપણ વેદાતું નથી; એક શુદ્ધઆત્મા જ વેદાય છે, એ જ પરમાર્થ છે, એ જ અનુભૂતિગમ્ય આત્મા છે. આવા આત્માની પ્રતીત એ જ સમ્યગ્દર્શન છે. પરંતુ દ્રવ્ય અને પર્યાયને ભિન્ન પાડીને પ્રતીત કરવી – તેમાં નથી તો સમ્યગ્દર્શન, કે નથી તેમાં સ્વાનુભૂતિનો આનંદ, અને નથી તેમાં પરમાર્થરૂપ આત્મતત્ત્વ.

– આવું પરમાર્થ શુદ્ધ, દ્રવ્ય – ગુણ – પર્યાયના અભેદ – એકત્વરૂપ સ્વાનુભૂતિમાં પ્રગટેલું તત્ત્વ, અહો! તે પરમ આનંદરૂપ છે. આવી પ્રભુતા જ્યાં મારામાં પ્રગટી ત્યાં હવે પામરતા કે દીનતાનું નામનિશાન રહેતું નથી. હવે તો હું મોક્ષનો સાધક, હું પોતે જ ચૈતન્ય પરમેશ્વર – એમ પરમ પ્રતીત, પરમ આત્મસંતોષ અને દીનતારહિતપણું આત્મામાં વેદાય છે. ॥૪૦॥

(૪૧)

વૈરાગ્ય જ્ઞાન ને શાંતિ આનંદ ભાવના,
મુક્તિ સુખ ને શ્રદ્ધા પણ બળવાન જો;
નિઃશંક નિર્ભય તૃપ્તિ ને અતિ ધીરતા,
સર્વે ભાવો આવી મુજમાં સમાય જો.....

અહો સ્વાનુભૂતિ! એને સમ્યગ્દર્શન કહેવાય; પરંતુ એ સમ્યગ્દર્શનની ગંભીરતામાં, એ સમ્યગ્દર્શનની અભેદ અનુભૂતિમાં વૈરાગ્ય પણ ભેગો સમાય છે. એ સમ્યક્ત્વ પરભાવોથી પરમ વિરક્ત સ્વયં – પોતે જ વૈરાગ્યસ્વરૂપ છે. જ્ઞાન – શાંતિ અને આનંદ એ પણ ચૈતન્યમાં જ સમાય છે; મુક્તિ, સુખ કે શ્રદ્ધા એ પણ આ સ્વાનુભૂતિની અંદર સમાયેલા છે. અહો, જે સ્વાનુભૂતિની અંદર એકસાથે વૈરાગ્ય-જ્ઞાન-શાંતિ-આનંદ-ભાવના-મુક્તિ-સુખ-શ્રદ્ધા એ બધાય બળવાનપણે સમાઈ જાય છે, અને એવા બીજા અનંત ચૈતન્યભાવો અંતરમાં અભેદપણે વેદાય છે, – તે સ્વાનુભૂતિની શી વાત!! એની અંદર નિઃશંકતા છે; મારો સ્વભાવ આવો જ આનંદમય છે, આવો જ ચૈતન્યમય છે, રાગનો કોઈ અંશ એની સાથે એકત્વરૂપ થઈ શકતો નથી – આમ પરમ નિઃશંકપણે આત્મતત્ત્વ સદાય અંતરમાં વેદાયા કરે છે; એ તત્ત્વમાં કદી શંકા પડતી નથી, કે ચૈતન્યનું ચૈતન્યપણું મટી જશે એવો કોઈ ભય – શંકા રહેતી નથી; ત્યાં નિર્ભયતા થઈ જાય છે, પરમ તૃપ્તિ થઈ જાય છે, ચૈતન્યનું પરમ વાત્સલ્ય, પરમ અભેદભાવ જાગી જાય છે, અત્યંત ધીરપણું પ્રગટી જાય છે. અહા, એ ધૈર્યની શી વાત? એવું ચૈતન્યનું ધીરપણું થાય છે કે આખું જગત પ્રતિકૂળપણે ખળભળી ઊઠે તોપણ, ચૈતન્ય પોતાના ચૈતન્યની અનુભૂતિના ભાવને છોડતો નથી, અનુભૂતિના ભાવથી તે ડગતો નથી, અનુભૂતિની જે મજા,

અનુભૂતિનું જે ગૌરવ, અનુભૂતિનો જે આનંદ, અનુભૂતિની જે પ્રસન્નતા, અનુભૂતિની જે શાંતિ, તેને આ જીવ છોડતો નથી, તેનાથી ડગતો નથી, તેમાં ઢીલપ કરતો નથી; આમ ચૈતન્યના સર્વે ભાવો એક ચૈતન્યની અનુભૂતિમાં, આત્માની અનુભૂતિમાં આવીને મારામાં સમાઈ ગયા છે. અહો, અહો! આવી અનુભૂતિ આ આત્મા પામ્યો – એ સંતોનો પરમ ઉપકાર છે. સંતો પરમ પ્રસન્ન થઈને અત્યારે પણ મારા માથા ઉપર જાણે હાથ ફેરવી રહ્યા છે, અને મને મોક્ષના આશીર્વાદ આપી રહ્યા છે.....અહો સંતો! ધન્ય તમારી કૃપા!

હે કુંદકુંદસ્વામી! આપ સ્વર્ગમાં બેઠાબેઠા અહીં પધારીને મને જાણે મંગલ આશીર્વાદ આપી રહ્યા હો, મને ધન્યવાદ આપી રહ્યા હો – એવો પ્રસન્નતાનો ભાવ મને અસંખ્યપ્રદેશમાં વેદાય છે. જેમ મહાવીરપ્રભુનો જીવ સિંહના ભવમાં મુનિવરોના પ્રસાદથી જ્યારે સમ્યગ્દર્શન પામે છે ત્યારે મુનિવરો પરમ વત્સલતાથી તે સિંહના મસ્તક ઉપર હાથ ફેરવે છે; અહા! અત્યારે વીતરાગી સંત – મુનિ ભગવંતો, પંચ પરમેષ્ઠી ભગવંતો, તમે પણ તમારો અતીન્દ્રિય હાથ જાણે મારા આત્મા ઉપર ફેરવી રહ્યા હો.....એમ મારા આત્માના અસંખ્યપ્રદેશમાં આનંદની – હર્ષની ઝણઝણાટી થાય છે.





ચૈત્ર સુદ ૧૩ : વીરસં. ૨૫૦૧ : અમારા ગુરુ સંઘસહિત અત્યારે ભગવાન બાહુબલીદેવની યાત્રા અર્થે શ્રવણબેલગોલા ગયા છે.....ત્યાં ભગવાન બાહુબલીપ્રભુના ચરણોમાં અત્યારે હજારો ભક્તજનો બેઠા હશે; બાહુબલીપ્રભુનું પરમ અડગ આત્મધ્યાન, એમની પરમ શાંત ચૈતન્યમુદ્રા, એમની આત્મસાધનાની પરમ શૂરવીરતા — એ દેખીદેખીને ભક્તોએ ચૈતન્યની મહાન ભાવના ભાવી હશે. પ્રભો બાહુબલી...મારા મોટાભાઈ, આપ સાક્ષાત જાણે મારી સન્મુખ ઊભા છો — એમ પરમ ભક્તિપૂર્વક આપના ચરણોમાં શિષ નમાવું છું...આપના હાથને મારા મસ્તક ઉપર મુકાવીને હું આપના આશીર્વાદ ઝીલી રહ્યો છું. અહો આપનું આત્મધ્યાન...તે ચૈતન્યની અત્યંત મહત્તા ને મહાન અદ્ભુતતા બતાવે છે, અને મને પણ એવા ચૈતન્યના ધ્યાનમાં લઈ જાય છે. પ્રભો! જીવનમાં વારંવાર આપને દેખતાં મને ચૈતન્યના ધ્યાનની જે ઊર્મિઓ જાગેલી છે તે ઊર્મિઓના પ્રતાપે જ હું સ્વાનુભૂતિ પામ્યો છું. પ્રભો, હવે સ્વાનુભૂતિરૂપ થયા પછી ફરીને એકવાર મારે આપના મહાન દર્શન કરવા, ને આપના ચરણોમાં મારું શિર ઝુકાવીને, આપની પરમ મુદ્રાનો મારા પર જે ઉપકાર થયો છે તે ઉપકારને પ્રસિદ્ધ કરવા, આરાધકભાવસહિત આપની યાત્રા કરવા આવવું છે; હું હવે આપનો સાધર્મી નાનોભાઈ થઈને આપની પાસે આવવા ચાહું છું. અહો પ્રભો! આપ પૂર્ણ

અતીન્દ્રિય થયેલા છો ને હું પણ આપની જાતનો ભાવ પ્રગટ કરીને હવે આપની મંગળ યાત્રા કરવા ચાહું છું. અહો પ્રભો! આપને મારા ફરીફરીને નમસ્કાર છે.

અત્યારે, જ્યારે શ્રી ગુરુ સંઘસહિત બાહુબલી – યાત્રાએ સીધાવ્યા છે ત્યારે, હું 'સર્વજ્ઞમહાવીર'ના જીવનચરિત્રનું આલેખન કરવા સોનગઢમાં રહ્યો છું. અહો વર્દ્ધમાન જિનેન્દ્ર! – એમનું સ્વાનુભતિ સહિતનું બાળપણ કેવું મહાન અદ્ભુત હતું! ને ત્રિશલામાતા પણ પોતાના લાડીલા પુત્ર પાસેથી સ્વાનુભૂતિનો કેવો મજાનો આનંદ લેતા હતા!! ( – એ બધું લખાઈને ચોવીસ તીર્થંકરોના 'મહાપુરાણ'માં છપાઈ ગયું છે.)

અહો ધન્ય તે માતા.....ને ધન્ય એ નાનકડા બાલતીર્થંકર! નાનકડા શું કહેવા! – જેના અંતરમાં સ્વાનુભૂતિ શોભી રહી છે એવા ભગવાનને નાના કેમ કહેવાય? અહો સ્વાનુભૂતિ! તું જે આત્મામાં બિરાજી રહી છો તે આત્મા મહાન છે.....તે આત્મા મોક્ષનો સાધક છે.....અથવા, સ્વાનુભૂતિના અંશની અપેક્ષાએ કહીએ તો તે આત્મા પોતે મોક્ષસ્વરૂપ જ છે.

અહો વીરનાથ! આપ મોક્ષ પધાર્યા તેને અઢી હજાર વર્ષ પૂરા થયા.....અત્યારે ૨૫૦૧ મું મંગલ વર્ષ ચાલી રહ્યું છે. આપના અદ્ભુત જીવનચરિત્રનું આલેખન કરવા માટે હું સોનગઢમાં રહ્યો છું. અહો સર્વજ્ઞપિતા! આપનું પરમ ચૈતન્યમયજીવન, તે હવે મને ઓળખાણમાં આવ્યું છે, તેથી આપના આત્મિકજીવનનું સાચું આલેખન સાધકભાવસહિત હું કરી રહ્યો છું. -આ મારા જીવનનો એક ધન્ય મહાન આનંદનો પ્રસંગ છે.....આપના મહાન ઉપકારની પ્રસિદ્ધિનો આ પ્રસંગ છે તે ભવ્ય જીવોને પણ આપના સાચા સ્વરૂપની ઓળખાણ કરાવીને સમ્યગ્દર્શન પામવામાં હેતુભૂત થશે.

તેથી આપનું આ સુંદર મજાનું અદ્‌ભુત આત્મિક જીવન લખતાં મને પણ મહાન પ્રસન્નતા ને આનંદ થાય છે.

વીર સં. ૨૫૦૦ના ફાગણ સુદ ૧૩ ના રોજ, સોનગઢ પરમાગમમંદિરમાં શ્રી વીરપ્રભુની મંગલ પ્રતિષ્ઠા થઈ; તે પ્રસંગે એક સુંદર પારણાઝુલનની હાલતીચાલતી રચના સાથે, ત્રિશલામાતા અને વર્દ્ધમાનકુંવરની અત્યંત મીઠી – મધુરી ચર્ચાથી ભરપૂર માતા – પુત્રનો સંવાદ અંતરના ભાવોની સહજ ઉર્મિથી રચાયેલ તે સુમધુર સંગીત સાથે ટેપ – કેસેટમાં ઉતારેલ; તેના દ્વારા ત્રિશલામાતા અને વર્દ્ધમાનકુમારની મીઠી મધુરી વાણી સાંભળીને લાખો જીવો ખુશ – ખુશ થયા. અહો, નાનકડા – તીર્થંકર પારણિયે ઝુલતાં ઝુલતાં પોતાની માતા સાથે અત્યંત વહાલથી ધર્મચર્ચા કરતા હોય – એ દ્દશ્યો દેખીને – સાંભળીને કોને આનંદ ન થાય! (તમારે એ ચર્ચા અને એ પારણાઝૂલન વાંચવું હોય તો ચોવીસતીર્થંકરોના મહાપુરાણમાં વાંચી શકશો.)

ત્રિશલાનંદન મહાવીરનો જય હો. પ્રભો! હવે આપના પ્રતાપે થયેલી સ્વાનુભૂતિનું વર્ણન આગળ ચાલે છે.

(૪૨)

ચૈતન્યસાગર ઊછળ્યો મોટો મુજમાં,
અનંત ચેતન – રત્નો નીકળ્યા તીર જો;
ગીરનાર પણ એની સાક્ષી પૂરતો,
અહો, અહો શ્રી પ્રદ્યુમ્ન સાક્ષાત જો.....
– અહો, અહો શ્રી નેમિપ્રભુ સાક્ષાત જો.....

અહો, સ્વાનુભૂતિ થતાં ચૈતન્યનો ગંભીર સમુદ્ર એવો

ઊછળ્યો કે ઊંડેથી મહાન ધરતીકંપ થતાં આખો સમુદ્ર ઉલ્લસે તેમ ચૈતન્યપાતાળ ઉલ્લસીને અનંતા ચૈતન્યરત્નો બહાર કિનારે આવ્યા એટલે કે પરિણતિમાં પ્રગટરૂપ થયા. આ રીતે સ્વાનુભૂતિમાં સમુદ્ર કરતાં પણ વધારે ગંભીરતા છે અને અનંત ચૈતન્યગુણરૂપી રત્નો નિર્મળપણે ઉલ્લસી – ઉલ્લસીને એ અનુભૂતિમાં પરિણમી રહ્યા છે. મોટા પર્વત કરતાં પણ એ સ્વાનુભૂતિનું ગૌરવ ઘણું મહાન છે.

અહો, આ ગીરનારપર્વત મહાન તીર્થ! એનું તીર્થપણું પણ ખરેખર તો સ્વાનુભૂતિના જ પ્રતાપે છે. જો સ્વાનુભૂતિ ન હોય તો આ ગીરનારને તીર્થ તરીકે કોણ પૂજે? જો સ્વાનુભૂતિવાળા જીવો અહીં વિચર્યા ન હોત ને અહીં બિરાજ્યા ન હોત તો, આ કાળા કાળા પથરાને તીર્થ તરીકે કોણ માનત? ને કોણ પૂજત? આ ગીરનારને તીર્થ તરીકે માની રહ્યા છીએ ને પૂજી રહ્યા છીએ તે તો ખરેખર અહીં વિચરેલા સંતોની સ્વાનુભૂતિની પૂજા છે; સ્વાનુભૂતિનું સ્મરણ કરીને આ ગીરનારને તીર્થ તરીકે પૂજીએ છીએ.

અહો, આ ગીરનાર દેખતાં, – ખરેખર અમે ગીરનારને નથી દેખતાં – અમે તો પ્રદ્યુમ્ન ભગવાન વગેરે સંતોની સ્વાનુભૂતિને સાક્ષાત્ દેખીએ છીએ.....નેમનાથ પ્રભુની પરમ વૈરાગ્યમય આનંદપરિણતિને સાક્ષાત્ દેખીએ છીએ. અહો ભગવંતો! સ્વાનુભૂતિસહિત આપ અહીં વિચર્યા – એ યાદ આવતાં, આપનાં ચરણોથી સ્પર્શાયેલી આ બાહ્યભૂમિ પણ અમને તીર્થ જેવી લાગે છે તેથી તેને પણ અમે મસ્તક નમાવીને પૂજીએ છીએ....એની રજને અમારા શિર પર ચડાવીએ છીએ.

સ્વાનુભૂતિના આ છેલ્લા પદો ગીરનારમાં રચાયેલા છે. વીર સં. ૨૪૯૯માં વૈશાખ અને જેઠ માસમાં લગભગ એક મહિનો હું ગીરનારમાં રહ્યો હતો ( – મારા ભાભી પણ આવેલા) તે વખતે

નિવૃત્તિપૂર્વક, ચૈતન્યની જે અનુભૂતિ થયેલી તેનું ફરીફરીને હું સ્મરણ કરતો હતો; અને આ સ્વાનુભૂતિ – પ્રકાશનાં બાકી રહેલાં પદોની રચના મેં ત્યાં પૂરી કરી હતી.

વીર સં. ૨૪૯૭ ની 'વૈશાખ સુદ બીજ' પોરબંદરમાં ઉજવાયેલી; તે ઊજવીને તરત વૈશાખ સુદ ત્રીજે અમે ત્યાંથી ગિરનાર આવ્યા; વૈશાખ સુદ ચોથે (નવલભાઈ વગેરે સાથે) અમે ગિરનારની યાત્રા કરી. પાંચમી ટૂંક – મોક્ષટૂંકની યાત્રા કર્યા બાદ પ્રદ્યુમ્નસ્વામીની ચોથી ટૂંક તરફ જવાની ભાવના જાગી. ડોળીવાળા એક ભાઈ અમને પાંચમી ટૂંકેથી પાછળના ટૂંકા રસ્તે ચોથી ટૂંક તરફ જવા દોરી ગયા; પરંતુ થોડુંક ચાલ્યા ત્યાં પાછળનો રસ્તો એવો ગંભીર કટોકટીભરેલો અને જોખમી આવ્યો કે અમે તો સ્તબ્ધ થઈ ગયા; હવે શું કરવું? એકબાજુ અત્યંત ઊંડીઊંડી ભયંકર ખીણ, ને બીજી તરફ ચોથી ટૂંક તરફના રસ્તે ઘણી ઊંચી શિલા આવી, – તે સાવ ઊભી શિલા ઉપર કેમ કરીને ચડવું તે અમારા માટે એક મોટો ગંભીર કટોકટીનો પ્રશ્ન થઈ પડ્યો.....વધારે વખત ત્યાં પગ માંડીને ઊભા રહી શકાય એટલી જગ્યા પણ ન હતી, કે હવે પાછા પગલે પાછા ફરી શકાય તેવું પણ રહ્યું ન હતું. ઝાઝો વિચાર કરવાનો ટાઈમ ન હતો. પગ ધ્રુજે તો બાજુમાં ભયંકર ખીણમાં પડીને મરવાનું હતું. ઊંચી ઊભી શિલા ઉપર પણ કઈ રીતે ચડવું? એટલું બધું ઊંચું, નિરાલંબી, કોઈ ટેકો નહિ, કંઈ પકડવાનું સાધન નહિ, અને ત્રણચાર જણા સાથે હોવા છતાં કોઈ એકબીજાને જરાય ટેકો આપી શકીએ એવી કોઈ જાતની પરિસ્થિતિ નહિ; આવી કટોકટીભરેલી નિરાલંબી દશામાં, એકકોર દેહથી ભિન્ન ચૈતન્યનું અંતરમાં સ્મરણ થતું હતું. અને એ વખત બહુ જ થોડીક ક્ષણનો જ પ્રસંગ હતો....બે – પાંચ મિનિટની અંદર જ જે કાંઈ

થાય તે કરવાનું હતું.....ક્ષણ પણ વીતાવવી પાલવે તેમ ન હતું, કેમકે ઊભું રહેવાનું સ્થાન જ ન હતું; જો પગ ધ્રૂજે તો નીચે ઊંડી ખીણ હતી : હવે.....? બસ, લાંબો વિચાર કર્યા વગર અહા, એક ક્ષણ – બે ક્ષણ થઈ ત્યાં તો, અંદર આમ દેહથી ભિન્ન ચૈતન્યના ધડાકા બોલવા માંડ્યા હોય.....એવી ગંભીર પરિસ્થિતિમાંથી અમે પસાર થઈ ગયા. એ ધડાકા અંદર લાગ્યા એની અસર આજે અત્યારે પણ નથી ભુલાતી. ધડાકા એટલે? અંદર દેહ અને આત્મા ભિન્ન થવામાં એક ક્ષણનોય વિલંબ નથી, એટલે ભિન્નપણું જાણે સાક્ષાત્ અત્યારે દેખી લઉં, અથવા દેખાઈ ગયું – એવી કોઈ, ન કલ્પી શકાય એવી અકલ્પ્ય વેદના એ વખતે થયેલી; અલબત્ત, એ કાંઈ સ્વાનુભૂતિ ન હતી, પરંતુ એક એવો ધડાકો હતો કે જાણે આત્માને જગાડી દીધો.

જો કે પોરબંદરમાં સ્વાનુભવની ખૂબખૂબ ભાવના તો ભાવતો જ હતો. એના પહેલાં સમયસારની અતિગંભીરપણે સ્વાધ્યાય કરતો જ હતો, આત્માની ભાવના વધુ ને વધુ ઊંડી ભાવતો જ હતો; એ ભાવનાને એક જબરજસ્ત ટેકો આપે એવો આ ગીરનારની ચોથી ટૂંક ઉપરનો પ્રસંગ બન્યો. ત્યારપછી તો રાજકોટ (ગુરુદેવ સાથે) ગયા અને પરિણામ બસ! એક ચૈતન્યની શોધમાં જ લાગી ગયા. દેહથી તો જાણે હું જુદો પડી જ ગયેલો છું; દેહને તો ચોથી ટૂંકે જુદો પાડીને નાંખી આવ્યા, હવે તો એકલો આત્મા જ લઈને આવ્યા છીએ. એટલે એકલા આત્માની ધૂનમાં રહેતાં – રહેતાં, એનું ઘૂંટણ કરતાં – કરતાં, રાજકોટથી પછી તો ગુરુદેવ સાથે જયપુર ગયા. જયપુરમાં બસ, ત્યાં પં. ટોડરમલજી – સ્મારક – ભવનમાં સીમંધર ભગવાન પાસે હું આખો દિવસ પરમ નિવૃત્તિથી બેસી રહેતો; મારી સમયસાર – સ્વાધ્યાય અત્યંત ઘોલનપૂર્વક કરતો; અને દેહને તો ગીરનારની ચોથી ટૂંકે મુકી આવ્યો છું એટલે હવે તો

એકલો આત્મા જ હું છું – એમ એકલા આત્મભાવનું ઘોલન, એકલી આત્મઅનુભૂતિ તરફના પરિણામ ખૂબ – ખૂબ ઘૂંટાયા; બસ! એ ઘૂંટણનું જોર લઈને થોડા દિવસ પછી પાછા સોનગઢ આવ્યા.....

– સોનગઢ આવ્યા.....ને અમુક અમુક એવા પરમ વિરક્તિના, પરમ વૈરાગ્યના પ્રસંગ બન્યા, ગુરુદેવ સમક્ષ પૂ. બેનશ્રી – બેનની પરિણતિ જોવા મળી; કર્મધારાથી ભિન્ન પરમ શાંત જ્ઞાનધારા કેવું કામ કરતી હોય છે! એકકોર કર્મધારા ને એ જ વખતે એનાથી ભિન્ન ચૈતન્યપરિણતિ, એ બંનેનું અત્યંત જુદું કામ કેવું છે! – એ બધુંય મેં નજરે જોયું.....અને બસ! અષાડ વદ સાતમે મને આ સ્વાનુભૂતિ પ્રગટી. – તેનું આ વર્ણન છે.

અહો, ગિરનાર પર્વતને દેખતાં પ્રદ્યુમ્નપ્રભુ અને નેમનાથ પ્રભુ સાક્ષાત્ દેખાય છે; સ્વાનુભૂતિ પછી મેં બે વખત (વીર સં. ૨૪૯૯ અને ૨૫૦૧ માં) ગિરનાર યાત્રા કરી; તેમાં બીજીવાર ગુરુદેવની સાથે ( – ધર્મચક્રના રથમાં બેસીને) ગિરનાર ગયેલ, ત્યારે ત્યાં માનસ્તંભના પ્રતિષ્ઠા મહોત્સવમાં મેં ધર્મધ્વજનું આરોહણ કર્યું. આ વખતે અત્યંત સાહસ કરીને ફરીને પ્રદ્યુમ્ન ટૂંક (ચોથી ટૂંક) ઉપર ચડ્યા અને યાત્રા કરી આવ્યા. જેમ આત્માની અનુભૂતિનો સાચો રસ્તો જોઈ લીધેલો તેમ આ વખતે ચોથી ટૂંકનો પણ સાચો રસ્તો જોઈને તે રસ્તે અમે ગયા. જો કે યાત્રાનો પંથ ચોથી ટૂંકે ચડવાનો ઘણો જ વિકટ છે, એકલા આત્માના અવલંબને પોતે પોતાની શક્તિની તાકાત ઉપર આધાર રાખીને જ ત્યાં જઈ શકાય છે; તેમ ચૈતન્યનો પંથ, ચૈતન્યની સ્વાનુભૂતિનો (ચોથા ગુણસ્થાને ચડવાનો) પંથ પણ અંદરમાં એકદમ નિરાલંબી છે, તેના ઉપર ચાલવું એ મહાન શૂરવીર આત્માર્થી પુરુષોનું કામ છે; પોતે

પોતાની આત્મિક શક્તિ ઉપર આધાર રાખીને, આત્મિક ભાવનાના જોરે જ સ્વાનુભૂતિ થઈ શકે છે. અહો, એ ચોથી ટૂંકની યાત્રા એક (૨૪૯૭ માં) સ્વાનુભૂતિ પહેલાંની યાત્રા, અને પછી બીજી આ સ્વાનુભૂતિ પછીની યાત્રા (૨૫૦૧ માં) – એ બંને ખરેખર યાદગાર છે.

અહો, ગિરનાર અને નેમિનાથ ભગવાન! તમે મારી આત્મભાવનાનું સ્થાન છો. ગિરનારમાં નેમનાથ પ્રભુને યાદ કરીને ઘણીવાર મેં તીવ્ર આત્મિક ભાવનાઓ ભાવી છે, આત્મકલ્યાણના સુંદર ભાવો ત્યાં જગાડ્યા છે; એ સહેસાવન! એ પરમ વૈરાગ્યભૂમિ! એ પરમ જ્ઞાનભૂમિ! એ પરમ નિર્વાણભૂમિ! ત્યાં જ્યારે જઈએ ત્યારે તો જાણે મુનિ ભગવંતોની સાથે જ રહેતો હોઉં, મુનિ ભગવંતોની સાથે રહીને ચૈતન્યના રત્નત્રયની આરાધના હું શીખતો હોઉં, – એવું જીવન ત્યાં હું ગાળતો હતો. અને આ સ્વાનુભૂતિ – પ્રકાશની રચનાની પૂર્ણતાનો પ્રસંગ પણ કુદરત યોગે ગિરનારમાં જ બન્યો છે. તે સ્વાનુભૂતિ – પ્રકાશનું હવે આ ૪૩ મું પદ છે : –

**(૪૩)**

નેમિપ્રભુ વિરક્ત થયા સંસારથી,
દીધો અપૂર્વ ચૈતન્યનો સંદેશ જો;
હરિવંશમાં લીધો હરિએ મુજને,
અમે બંને સુરાષ્ટ્રના શણગાર જો.....
જાગીરે જાગી સ્વાનુભૂતિ મુજ આત્મની..

# ગિરનાર પણ એની સાક્ષી પૂરતો.....




અહો, રત્નત્રયધારી સંતો અહીં વિચર્યા તેથી આ ગિરનારધામ પણ તીર્થ બન્યું. શ્રી નેમિનાથ તીર્થંકર અને ૭૨ કરોડ સાતસો મુનિવરો અહીંથી મોક્ષ પામ્યા છે.

અહો, આ ગિરનાર અને નેમપ્રભુ મને બહુ યાદ આવે છે. વાહ નેમપ્રભુ! ચૈતન્યની આરાધના કરતાં – કરતાં, આ ભવમાં રાજીમતી સાથેના લગ્ન પ્રસંગે સંસારના માયા – પ્રપંચ દેખીને આપ સંસારથી એકદમ વિરક્ત થયા; વિરક્ત તો હતા જ, પણ મુનિ થવાને યોગ્ય વિરક્ત થયા; અને મુનિ થઈને સહસ્રામ્રવનમાં ધ્યાનમાં બિરાજ્યા.....એટલે સહેસાવન તે આપની પરમ વૈરાગ્યભૂમિ – તે મને પણ પરમ વૈરાગ્યભાવના જગાડે છે.

પછી મુનિ થયા બાદ ફરીને પણ વિહાર કરતાં – કરતાં આપ સહેસાવનમાં જ પધાર્યા; ત્યાં જ આપે ચૈતન્યના ધ્યાનની ધૂન લગાવી, શુક્લધ્યાનની શ્રેણી ચડવા માંડી; સાતિશય અપ્રમત્ત ઉપરાંત ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઈ આઠમું – નવમું દશમું – બારમું ગુણસ્થાન પ્રગટ કરી, વીતરાગ થઈને ક્ષણમાત્રમાં અદ્‌ભુત કેવળજ્ઞાન પ્રગટ કરીને આપ તેરમા ગુણસ્થાને બિરાજ્યા. અહા, ચૈતન્યની સર્વજ્ઞતા આપને આ સહસ્રામ્રવનમાં પ્રગટી છે. સહેસાવનમાં બેઠા હોઈએ ત્યારે જાણે ચૈતન્યની સર્વજ્ઞતાને જ દેખતા હોઈએ.....અંતરમાં સર્વજ્ઞસ્વભાવી ચૈતન્યતત્ત્વ જ દેખાતું હોય! – એવી અંદરની ઉર્મિઓ જાગે છે.

– એ સહેસાવનમાં કેવળજ્ઞાન પામીને પછી ચૈતન્યની અદ્‌ભુતતાનો સંદેશ દિવ્યધ્વનિ દ્વારા આપવાનું આપે આ સહેસાવનમાં જ શરૂ કર્યું. અહો, આ સહેસાવન.....જ્યાં ભગવાન નેમ મુનિ થયા, જ્યાં ભગવાને કેવળજ્ઞાન પ્રગટ કર્યું, અને જ્યાં દિવ્યધ્વનિ દ્વારા ભગવાને ચૈતન્યતત્ત્વનું અદ્‌ભુત સ્વરૂપ અમારા જેવા ભવ્ય જીવોને સમજાવ્યું. વાહ પ્રભુ! આપ હરિવંશના મુગટમણિ છો.

નેમનાથપ્રભુ હરિવંશમાં થયેલા છે. જેમ ભગવાન આદિનાથ

ૠષભદેવ ઈક્ષ્વાકુવંશમાં થયેલા છે તેમ ભગવાન નેમનાથ હરિવંશમાં થયા છે. મારું નામ હરિ છે એટલે હું પણ હરિવંશનો જ છું.....અને હવે તો, હે નાથ! ભાવથી પણ હું આપના વંશનો જ થયો છું. હે હરિ! હે ભગવાન! હે નેમપ્રભુ! આપે મને આપના વંશમાં લીધો, નામથી અને ભાવથી બંનેથી હું હરિ થયો.....એ પણ જાણે આપનો જ ઉપકાર છે. પ્રભો! આપ સૌરાષ્ટ્રના શણગાર છો ને હું પણ સૌરાષ્ટ્રનો જ છું, અને હવે સ્વાનુભૂતિ પામીને હું પણ આપના પરિવારનો ને સૌરાષ્ટ્રના શણગારરૂપ બન્યો છું. અહા, જ્યાં સ્વાનુભૂતિવાળા જીવો વસતા હોય એ ભૂમિ ખરેખર શણગારરૂપ છે. જ્યાં વિરાધક જીવો જ વસતા હોય એ સ્મશાન; જ્યાં ચૈતન્યની આરાધના ન હોય, જ્યાં ધર્મનો કિલ્લોલ – આનંદ ન હોય – એવી ભૂમિ તે કેમ શોભે? જ્યાં ચૈતન્યની અનુભૂતિવાળા જીવો હોય – એવી ભૂમિ તે અનુભૂતિવાળા જીવોથી ખરેખર શણગારરૂપે શોભે છે. તેથી આ સૌરાષ્ટ્રભૂમિ પણ, હે ભગવાન! આપ વિચરતા હતા ત્યારે આપનાથી શોભતી હતી, આજે સ્વાનુભૂતિના પ્રતાપે અમે પણ આ સૌરાષ્ટ્રની ભૂમિને શોભાવી રહ્યા છીએ. પ્રભો! એ મહિમા સ્વાનુભૂતિનો છે, આપના શાસનનો એ મહિમા છે.

પ્રભો, આ સૌરાષ્ટ્રમાં સ્વાનુભૂતિના પ્રતાપે અનેક તીર્થ થયેલા છે; શત્રુંજય સિદ્ધિધામ છે – જ્યાંથી પાંડવ ભગવંતો મુક્તિ પામ્યા છે; ગિરનાર એ પણ મહાન તીર્થ છે – જ્યાંથી નેમનાથપ્રભુ અને કરોડો મુનિવરો મુક્તિ પામ્યા છે. અને એવી રીતે આ સોનગઢ એ પણ મારે માટે તો તીર્થ જ છે, કેમકે અનુભૂતિવાળા જીવો અહીં વસે છે અને તીર્થસ્વરૂપ અનુભૂતિની પ્રાપ્તિ મને આ સોનગઢક્ષેત્રમાં – જે રૂમમાં હું ૨૮ વર્ષથી રહું છું તે રૂમમાં – આત્મધ્યાન વડે થઈ છે : (ધન્ય સ્વાનુભૂતિ!).

(૪૪)

એક તીર્થ છે સોનગઢ આ સૌરાષ્ટ્રનું,
જ્યાં થઈ છે મુજ અનુભૂતિ સાક્ષાત્ જો;
અષાડ વદની સાતમ કેવી શોભતી!
સ્વાનુભૂતિમાં આવ્યા આતમરામ જો.....

અહો, આ આત્મરામ પોતે પોતાની સ્વાનુભૂતિમાં આવ્યા અને એ સ્વાનુભૂતિના તીર્થ વડે ભવસાગરને તર્યા; એવી સ્વાનુભૂતિ જ્યાં પ્રગટી તે આ સોનગઢક્ષેત્ર – એ પણ એક તીર્થ જ છે. – આવી સાક્ષાત્ અનુભૂતિ અષાડ વદ સાતમના દિવસે પ્રગટી છે, તેથી એ દિવસ પણ મારે માટે એક અભૂતપૂર્વ, અપૂર્વ છે; સંસાર અને મોક્ષની વચ્ચે છીણી મારનારી મંગલ ક્ષણ તે ક્ષણ મારે માટે તીર્થનું જ કારણ છે.

(૪૫)

ચેતનવંતા જીવો સાધક દેખીને,
જાગી રે જાગી ચેતના દેવી અપૂર્વ જો;
ચેતનાએ તો છોડ્યા બાહિર ભાવને,
લીધો – લીધો એક જ શાંતરસપિંડ જો.....
પરભાવોથી છૂટી આવી આત્મમાં,
લીધો એણે આનંદમય નિજ સ્વાદ જો...
જાગી રે જાગી સ્વાનુભૂતિ મુજ આત્મની...

મને જ્યારે સ્વાનુભૂતિ જાગી તે સોનગઢમાં જાગી; એના પહેલાં આગલે દિવસે મેં એક અત્યંત વિશિષ્ટ સાધક જીવોનો પ્રસંગ દેખેલો, તે પ્રસંગ ઉપરથી મને સ્વાનુભૂતિ જાગી..

સોનગઢમાં ચેતનવંતા સાધકજીવો વસી રહ્યા છે.....જે સાધક ધર્મમાતાઓનો મારા ઉપર અચિંત્ય – અપૂર્વ – કલ્પનાતીત ઘણો જ ઘણો ઉપકાર છે; જેવો તીર્થંકરોનો ઉપકાર.....એવો જ એ માતાઓનો મારા ઉપર પરમ અચિંત્ય ઉપકાર; એમનું પરમ વાત્સલ્ય, મને સ્વાનુભૂતિ પામવામાં ખરેખર કારણરૂપ થયું છે. એવી એ ચેતનવંતી માતાઓને, એવા એ ચેતનવંતા જીવોના સાધકભાવને દેખીને મને પણ મારી ચેતના જાગી ઊઠી.....ને આરાધક ભાવ પ્રગટ્યો.

– એ સાધક જીવોની અંદર, એક તરફ ચૈતન્યનો પરમ શાંતભાવ, બીજી તરફ કર્મધારાનું કાર્ય, – એ બંને અત્યંત ભિન્નપણે કેવા જુદા જુદા કામ કરી રહ્યા છે! એમ જ્ઞાન અને ઉદયનું અત્યંત ભિન્નપણું મને તેમનામાં તો દેખાયું, ને એવું જ ભિન્નપણું, એવું જ અત્યંત ભિન્નપણું – ચેતનાનું અને કષાયનું, મને મારા આત્મામાં પણ અત્યંત સ્પષ્ટ, વેદનપૂર્વક દેખાયું, એટલે કે કષાયોથી ભિન્ન ઉપયોગ થયો અને પોતાના ચૈતન્યરસમાં મગ્ન થઈને પોતે પોતાની સ્વાનુભૂતિ કરી લીધી.

અહો, એ સ્વાનુભૂતિનું.....અંતરના વેદનનું વર્ણન તો સ્વાનુભૂતિના આ પદોમાં પહેલાં મેં ઘણું – ઘણું કર્યું છે. એ સ્વાનુભૂતિ થવાના ટાણે ચેતના અને કષાયની ભિન્નતા દેખાણી – સ્પષ્ટ દેખાણી, એના જોરે અંતરમાં સ્વાનુભૂતિનું વેદન કર્યું; ત્યારે ચેતનાએ બાહ્ય ભાવોને તો સાવ છોડી દીધા હતા; એકલા ચૈતન્યરસમાં લીન થઈ, ચેતના પોતે એકલા ચૈતન્યરસરૂપે જ પરિણમીને, પોતે પોતાનું સ્વસંવેદન કરતી – કરતી, પોતાના એકલા શાંતરસના પિંડને જ પોતે ગ્રહણ કર્યો; અને એ સિવાયના, જે શાંતરસમાં સમાઈ ન શકે એવા, સમસ્ત પર ભાવોને તેણે અત્યંતપણે પોતાનાથી બહાર રાખ્યા, – તેનાથી પોતે સર્વથા જુદી

પડી ગઈ; અને એ જુદી પડેલી ચેતના, ભગવતી ચેતના, આનંદમય ચેતના, ધર્માત્મા સાધક જીવોને હોય એવી એ ચેતના, – અહો! એ ચેતનાદેવી અત્યારે પણ મને આનંદ પમાડી રહી છે. ॥૪૫॥

આ સ્વાનુભૂતિ – પ્રકાશના ૪૫ પદ થઈ ગયા; હવે છેલ્લા બે અંતમંગળના પદ દ્વારા શ્રી દેવ – ગુરુને નમસ્કાર કરું છું –

(૪૬)

**સીમંધર પ્રભુ સર્વજ્ઞતાથી શોભતા,**
**પામ્યો આશીષ પ્રભુની હું સાક્ષાત જો;**
**જ્ઞાનદર્પણમાં દીઠો નીકટ મોક્ષને,**
**અહો પ્રભો! તુજ મંગળ જ્ઞાન ઉત્કૃષ્ટ જો.....**

અહો, ભગવાન સર્વજ્ઞ! આપની સર્વજ્ઞતામાં મારું સમ્યગ્દર્શન, મારી સ્વાનુભૂતિ, મારી મોક્ષદશા, એ બધું આપે સાક્ષાત્ પ્રત્યક્ષ દેખ્યું. આપની સર્વજ્ઞતામાં મારો મોક્ષ દેખાય છે એવું મને જ્યારે અંતરથી 'એક જાત'નું ભાન થયું ત્યારથી મને સર્વજ્ઞતા પ્રત્યે કોઈ પરમ અચિંત્ય બહુમાન આવ્યું; મારી મુક્તિનો વિશ્વાસ અંદરથી આવ્યો અને મારા પ્રયત્નમાં ભેદજ્ઞાનની દિશા ખુલવા માંડી.

– એ રીતે હે નાથ! આપના જ્ઞાનની પ્રતીત દ્વારા ખરેખર હું આપના આશીષ જ પામ્યો હતો.....જાણે આપે મને સાક્ષાત્ આશીષ આપ્યા.....કેમકે આપનું જ્ઞાન મારી મુક્તિને, મારી સ્વાનુભૂતિને સાક્ષાત્ દેખી રહ્યું છે, તેથી એ સાક્ષાત્ જ્ઞાનદ્વારા, એ સાક્ષાત્ જ્ઞાનની પ્રતીત દ્વારા મને આપના આશીર્વાદ જ મળ્યા છે. આપે આપના જ્ઞાનદર્પણમાં મારો મોક્ષ દેખેલો છે; જે જ્ઞાનદર્પણમાં

આપ મારા મોક્ષને દેખી રહ્યા છો તે જ્ઞાનદર્પણની મેં પ્રતીત કરી છે – તેથી હે નાથ! આપનું જ્ઞાન, અને એ જ્ઞાનની પ્રતીત કરનારું મારું જ્ઞાન પણ માંગળિક છે, તે જ્ઞાન કલ્યાણરૂપ છે. આપનું જ્ઞાન ઉત્કૃષ્ટ મંગળરૂપ છે, મારું જ્ઞાન પણ તેવું જ, ભલે આપના કરતાં નાનું પણ જાતિમાં આપના જેવું જ, મંગળરૂપ છે.

અહો પ્રભો! આપ સુવર્ણપુરીમાં બિરાજી રહ્યા છો. આપના ચરણોમાં વરસોથી રહીને મેં આપની સેવા કરી છે, આપની ઓળખાણ કરી છે; અને હવે આપની સેવાનું સમ્યક્ ફળ પણ મને મળી ચૂક્યું છે. અહો પ્રભો! આપના ઉપકારની શી વાત કરું!

પૂજ્ય બેનશ્રીના જાતિસ્મરણ જ્ઞાન દ્વારા મને આપનો સાક્ષાત્કાર થયેલો છે; મને એ જાતિસ્મરણના ભાવો સીધા પૂજ્ય બેનશ્રી પાસેથી પ્રાપ્ત થયા છે; પૂજ્ય બેનશ્રી ચંપાબેન, મારા ભગવતી ઉપકારી માતા, તેમની પરમ કૃપાથી, પરમ પ્રસન્નતાથી, હે પ્રભો! મને આપનો લગભગ સાક્ષાત્કાર જ થયો છે.....એમ મને આપના પ્રત્યે પરમ ભક્તિભાવ જાગે છે. આપના સ્વરૂપનો પરમ વિશ્વાસ, – આપના સ્વરૂપની પરમ ઓળખાણ, આપનું સમવસરણ, કુંદકુંદ સ્વામીની આપના પ્રત્યેની ભક્તિ, ત્યાં વસતા ધર્માત્મા જીવો – એ બધુંય સાક્ષાત્કાર – પ્રતીતરૂપ થાય છે; અને એ પ્રસંગનો – એટલે કે જાતિસ્મરણ જ્ઞાન દ્વારા મને આપની જે પ્રકારે પ્રાપ્તિ થઈ તે પ્રસંગનો પણ, – મારા ઉપર, મારા જીવનમાં ધર્મની આરાધના કરવા માટે, મને ઘણો જ ઉપકાર થયો છે.

## (૪૭)

**નમું નમું હું સ્વાનુભૂતિવંત સંત સૌ,**
**કુંદકુંદ ને કહાન ગુરુ – પ્રત્યક્ષ જો;**
**આતમદેવ તમે તો અતિઅતિ શોભતા,**
**ઝટ ઝટ બસ! બની જશો ભગવંત જો.....**
**જાગી રે જાગી સ્વાનુભૂતિ મુજ આત્મમાં**

આ ‘સ્વાનુભૂતિ – પ્રકાશ’ની રચના પૂરી કરતાં, અહો સ્વાનુભૂતિવંતા સર્વે સંતો, જગતમાં બિરાજમાન સર્વ સ્વાનુભૂતિવંત સાધર્મી સંત – ધર્માત્માઓ, હું તમને નમસ્કાર કરું છું.....જેવા નમસ્કાર કુંદકુંદ સ્વામીએ પ્રવચનસારના મંગલાચરણમાં પંચપરમેષ્ઠી ભગવંતોને કર્યા છે તેવા જ નમસ્કાર હે સ્વાનુભૂતિવંતા સંતો! હું પણ તમને કરું છું.

વિશેષ પ્રકારે હે કુંદકુંદસ્વામી! આપનો પરમ ઉપકાર છે. આપનું સમયસાર અને આપની વાણી, આપનું જીવન અને આપનું વિદેહગમન – એ બધુંય આ જીવને પરમ ઉપકારભૂત થયેલ છે. સ્વાનુભૂતિનું પરમ સ્પષ્ટ સ્વરૂપ આપે સમયસારમાં જે રીતે સમજાવ્યું છે તે સમયસારની સ્વાધ્યાય કરતાં – કરતાં, મેં સ્વાનુભૂતિના લક્ષે સમયસારની ૧૦૦ વખત સ્વાધ્યાય શરૂ કરેલી, ૧૦૦ વખતની સ્વાધ્યાય અંતરના ઊંડા મંથનપૂર્વક કરતાં – કરતાં, જ્યારે ૩૫ મી વખત હું સમયસારની સ્વાધ્યાય કરતો હતો અને તેમાં દેહાદિકથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્મઅનુભૂતિનું વર્ણન (ગા. ૨૩ – ૨૪ – ૨૫ માં) ચાલતું હતું કે હે જીવ! તું પ્રસન્ન થઈને તારા આત્માને દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપે અનુભવમાં લે – એવું અનુભૂતિનું વર્ણન ચાલતું હતું, તે વાંચ્યું તે લગભગમાં મને સ્વાનુભૂતિ થઈ. આપના સમયસારના ભાવોનું ઘોલન હે

કુંદકુંદસ્વામી! મને સ્વાનુભૂતિમાં પરમ ઉપકારભૂત થયું છે. સ્વાનુભૂતિ પછી પણ આપના સમયસારની પરમ સ્વાધ્યાય ચાલુ છે અને ૧૦૦ વખત મારે તેની સ્વાધ્યાય કરવાની ઉત્તમ ભાવના છે. તેમાં અત્યારે સમયસારની સ્વાધ્યાય કુલ ૭૦ મી વખત ચાલી રહી છે, એટલે કે સ્વાનુભૂતિ થયા પછી ૩૬ મી વખત એની સ્વાધ્યાય ચાલી રહી છે. આ પહેલાં મેં ૩૪ વખત એની સ્વાધ્યાય પૂરી કરી હતી, અને આ બધાની પ્રાપ્તિ મને થઈ તે કહાનગુરુના પ્રતાપે થઈ છે. આવા કુંદકુંદ પ્રભુ મળ્યા, આવા પૂજ્ય ધર્મમાતા મળ્યા, આવા આત્માની સ્વાનુભૂતિ મળી અને આવું સમયસાર મળ્યું...એ બધો ઉપકાર ભાવિ તીર્થંકર કહાન ગુરુદેવનો છે....તેથી હે કુંદકુંદસ્વામી! હે ગુરુદેવ! આપને સૌને હું પરમ ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. મારી સ્વાનુભૂતિના આનંદના અવસરે પરમ ભક્તિપૂર્વક હું આપને નમસ્કાર કરું છું. અને –

ઓ મારા વ્હાલા આતમદેવ! તમે તો સ્વાનુભૂતિથી અતિ અતિ શોભી રહ્યા છો. વાહ રે વાહ, આતમદેવ! તમે તો મારું જીવન, મારા પ્રાણ, મારું સર્વસ્વ તમે જ છો. હું પોતે જ આતમદેવ, હું પોતે જ મારી સ્વાનુભૂતિથી શોભતો, હું પોતે મને નમસ્કાર કરું તો – તો ભેદ પડી જાય છે. હું મારામાં નમેલો નમસ્કારસ્વરૂપ જ છું; મારી પરિણતિ કે જે મારા સ્વરૂપમાં જ નમેલી છે – તેમાં, 'આ હું' અને 'આ મારી પરિણતિ' એવું દ્વૈત સ્વાનુભૂતિમાં નથી – નથી. માટે અદ્વૈતરૂપ, સ્વાનુભૂતિમાં જે અદ્વૈત છે એવો હું આતમદેવ, અહો! ધન્ય છું.....અને મારી સ્વાનુભૂતિથી મારા સ્વરૂપમાં અત્યંતપણે શોભી રહ્યો છું.

**વાહ રે વાહ, આત્મભગવાન! હવે આવી સ્વાનુભૂતિના પ્રતાપે તમે તો ઝટઝટ પરમ સુખમય મોક્ષપદ પામશો, અને મહાવીર ભગવાન જેવા સાક્ષાત ભગવાન બની જશો.**

**આત્મદેવ ભગવંતકી જય હો.**
**નેમિનાથ ભગવંતકી જય હો.**
**ગિરનાર મંગલ તીર્થકી જય હો.**

આ રચનાની ગિરનારમાં બેઠાબેઠા સમાપ્તિ થઈ છે તેથી નેમનાથ ભગવાનના અને ગિરનારતીર્થના જયકાર કર્યા; અને મહાવીર ભગવાનના શાસનમાં હું આ સ્વાનુભૂતિ પામ્યો છું.....તેથી –

**અહો, મહાવીર ભગવાન! આપનો જય હો....જય હો.**

આ સ્વાનુભૂતિ – પ્રકાશ મંગલ કાવ્યની અંતિમ ૧૨ કડી ગિરનાર મંગલ તીર્થમાં બેઠાબેઠા વીર સં. ૨૪૯૯ના જેઠ સુદ ત્રીજે પૂરી કરી; અને આખા કાવ્યના ભાવાર્થનું આલેખન સોનગઢમાં વીર સં. ૨૫૦૧ માં કર્યું.

**શ્રી ધરસેન ભગવાન પ્રસન્ન હો.**
**શ્રી કુંદકુંદ ભગવાન પ્રસન્ન હો.**
**શ્રી કહાન – મંગલદેવ પ્રસન્ન હો.**

અહો, સર્વ સમાધાનરૂપ સ્વાનુભૂતિ! જ્યાં તું છો ત્યાં હવે અશાંતિ કેવી? ત્રણ લોકમાં સર્વ પ્રસંગમાં સમાધાન કરવાની સ્વાનુભૂતિમાં અજબ તાકાત છે. આ સ્વાનુભૂતિ દેવી, અહો! એને કોણ ડગાવી શકે? હે સ્વાનુભૂતિ દેવી! તું મંગળરૂપ છો.....તારા પ્રતાપે મારો આખોય આત્મા મંગળરૂપ છે.

**જય હો મંગલ સ્વાનુભૂતિનો.**
**સ્વાનુભૂતિથી શોભતા આત્માનો જય હો.....જય હો.....**

## ‘અલિંગગ્રહણ’ના ૨૦ અર્થથી બતાવેલ, સ્વસંવેદનગમ્ય પરમાર્થરૂપ આત્મા

### તેને હે ભવ્ય ! તું અનુભવમાં લે

દેહાદિથી ભિન્ન, તેમજ રાગાદિથી ભિન્ન પરમાર્થસ્વરૂપ આત્મા કેવો છે? તે બતાવતાં કુંદકુંદસ્વામી કહે છે કે : ચેતનાગુણસ્વરૂપ જીવ છે, તે રસ-રૂપ-ગંધ-શબ્દ-સ્પર્શ-રહિત છે, ઇંદ્રિયગમ્ય ચિહ્નોથી તે જણાય તેવો નથી, તેથી અલિંગગ્રાહ્ય છે. આચાર્યદેવે ગાથામાં તેને अलिंगग्रहणं કહ્યો છે, તેમાંથી ટીકામાં ૨૦ અર્થોનું દોહન કરીને અમૃતચંદ્રાચાર્યે પરમાર્થસ્વરૂપ શુદ્ધઆત્માનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. આ ગાથા પ્રવચનસાર ઉપરાંત સમયસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપ્રાભૃત તેમજ ષટ્‌ખંડાગમની ટીકા વગેરેમાં પણ છે. આ ગાથા પૂ. કાનજીસ્વામીને અતિશય પ્રિય હતી. તેના અલિંગગ્રહણના ૨૦ અર્થો અહીં ટૂંકમાં આપ્યાં છે. તેના દ્વારા હે ભવ્ય! સ્વસંવેદ્ય તારા શુદ્ધાત્માને તું જાણ... પરમાર્થરૂપ આત્માને અનુભવમાં લે.

(૧) હું ચેતનાસ્વરૂપ આત્મા છું; જાણવા માટે મારી ચેતનાને ઇંદ્રિયોનો સંબંધ નથી. ઇંદ્રિયો વગર જાણું એવો અતીન્દ્રિય જ્ઞાનમય હું છું.

(૨) હું અમૂર્ત – અતીન્દ્રિય જ્ઞાનરૂપ છું. માત્ર મૂર્તને જાણનારું બિચારું ઇન્દ્રિયના સંબંધવાળું જ્ઞાન, અતીન્દ્રિય એવા મને ક્યાંથી જાણી શકે? અતીન્દ્રિયજ્ઞાન જ મને જાણી શકે છે.

(૩) હું અતીન્દ્રિય – ચૈતન્યરૂપ છું તેથી, મારાં સર્વે ચિહ્નો પણ ચૈતન્યમય છે.....અતીન્દ્રિય છે. ઇન્દ્રિયોવડે દેખાતાં કોઈ

મૂર્તચિહ્નો વડે હું પકડાઉં તેવો નથી.

(૪) આત્માને પ્રત્યક્ષ કર્યા વગર, એકલા જ અનુમાનથી કોઈ મને જાણી શકે નહીં. મારા અદ્ભુત સ્વરૂપને જે ઓળખે તે પોતાના સ્વરૂપને પ્રત્યક્ષ જાણતો જ હોય.

(૫) સ્વસંવેદન વડે પ્રત્યક્ષ કરેલા મારા ચૈતન્યસ્વરૂપ આત્માને સાથે રાખીને જ હું પરને જાણું છું. પરને જાણતાં સ્વને ભૂલી જતો નથી; એટલે એકાંત પરોક્ષ, પરપ્રકાશી હું નથી.

(૬) હું પ્રત્યક્ષ – જ્ઞાતા છું. મારા સ્વસંવેદનમાં ઈન્દ્રિય – મનનું આલંબન નથી. ઈન્દ્રિયો અને અનુમાન વગર જ મારું જ્ઞાન મને તો સ્વસંવેદનથી અનુભવે છે. મારું આ સ્વસંવેદન.....પ્રત્યક્ષ છે.

(૭) મારો ઉપયોગ મારા ચૈતન્યને અનુસરનારો છે. ઉપયોગને બહારમાં ન ભમાવું તોપણ મારું ચૈતન્યપરિણમન તો ચાલુ જ રહે છે.....માટે – મારું ચૈતન્યપણું બાહ્યપદાર્થોને અવલંબનારું નથી; સ્વાધીનપણે હું ચૈતન્ય છું.

(૮) હું સ્વયં ઉપયોગસ્વરૂપ હોવાથી, મારા જ્ઞાનને મારે ક્યાંય બહારથી લાવવાનું નથી. શું જડ – પુદ્ગલને બહારના જ્ઞાનવડે કદી ચેતનરૂપ કરી શકાય છે?  – ના....તેનો સ્વભાવ ચેતન નથી. હું તો સ્વભાવથી જ ચેતન છું. મારું ચેતનપણું ક્યાંય બહારથી આવેલું નથી.

(૯) અભેદપણે સ્વયં ઉપયોગસ્વરૂપ હું છું. મારા ચેતનપણાને કોઈ મટાડી શકે નહિ. શું અમૂર્ત આકાશને કોઈ મૂર્ત કરી શકે? શું મૂર્તપુદ્ગલને કોઈ અમૂર્ત કરી શકે?  – ના. તેમ ચેતનમય એવા મને કદી અચેતનરૂપ કોઈ કરી શકે નહિ. મારા જ્ઞાનપરિણામને કોઈ હરી શકે નહિ.

(૧૦) મારું ચેતનપણું કષાયકલંક વગરનું શુદ્ધ છે. જ્યાં હું ચેતનનો સ્વાદ લઉં છું ત્યાં કષાયો શાંત થઈ જાય છે; જ્યાં કષાયો શાંત થાય છે ત્યાં ચૈતન્ય – આત્મા ઝળકી ઊઠે છે. આ રીતે કષાયને અને મારા ચૈતન્યને એકતા નથી, વિરુદ્ધતા છે; માટે કષાય વગરના શુદ્ધ ચૈતન્યસ્વાદપણે વેદાતો જ હું છું.

(૧૧) કષાયરહિત મારા ચેતનભાવમાં કર્મનો સ્પર્શ નથી. કર્મ-ગ્રહણનું કારણ કષાય છે, મારો ચેતનભાવ કર્મને ગ્રહતો નથી. કર્મગ્રહણમાં જે ભાવ નિમિત્ત થાય તે મારા ચેતનથી ભિન્ન છે. સ્વભાવમાં તન્મય એવું મારું ચેતનત્વ બીજા કોઈ સાથે સંબંધ કરતું નથી.

(૧૨) જેને પરસાથે સંબંધ જ નથી એવો મારો અતીન્દ્રિય – આત્મા, તે બાહ્ય ઈન્દ્રિયવિષયોને કઈ રીતે ભોગવે? ઈન્દ્રિયસંબંધ તોડીને હું તો મારા અતીન્દ્રિય આનંદનો જ ભોક્તા છું, અતીન્દ્રિય ઉપયોગ સાથે અતીન્દ્રિયઆનંદ જ હોય.....દુઃખ ન હોય, તેથી વિષયો પણ ન હોય.

(૧૩) ઉપયોગ વડે જીવંત એવો હું – આત્મા, કાંઈ શરીર – ઈન્દ્રિયો વડે જીવતો નથી; શરીર કે ઈન્દ્રિયો તે કાંઈ મારું લક્ષણ નથી. માતાના ઉદરમાં જેની રચના થઈ તે હું નહીં; માતાના પેટમાં કાંઈ મારી રચના નથી થઈ. હું તો અજન્મ છું, અનાદિ ચૈતન્યરૂપ છું. શરીર – ઈન્દ્રિયોની રચના તે કાંઈ મારું જીવન નથી; મારું જીવત્વ તો સ્વયં મારી ચેતના વડે જ મેં ત્રિકાળ ધારણ કરેલું છે.

(૧૪) મારું ચેતનપણું કોઈ અમુક જ આકારવાળું નથી; એટલે કોઈ લૌકિક સાધન વડે સિદ્ધિ થાય એવો મારો આત્મા

નથી. જડ શરીરનો પુરુષત્વાદિ આકાર તે હું નથી. ચૈતન્યશરીરરૂપ ભાવઆકાર તે હું છું.

(૧૫) મારા મહાન ચૈતન્યભાવને ક્ષેત્રથી વિશાળતા અર્થાત્ સર્વ લોકમાં વ્યાપ્તિ, હોવી જોઈએ એવો કોઈ નિયમ નથી. લોકમાં વ્યાપ્ત હોય તેને જ પરમેશ્વરપણું હોય – એવી મિથ્યામાન્યતા મારા ચૈતન્યપ્રભુને લાગુ પડતી નથી. મર્યાદિત ક્ષેત્રમાં રહીને પણ હું અમર્યાદિત ચૈતન્યસામર્થ્યવાળો છું.

(૧૬) અતીન્દ્રિય આત્માને શરીર નથી; શરીર ન હોવાથી શરીરસંબંધી કોઈ વેદ નથી; ને વેદ ન હોવાથી વેદસંબંધી કોઈ વિકાર નથી. આ રીતે મારું અતીન્દ્રિયપણું દ્રવ્ય – ભાવવેદ વગરનું છે. અહા, મારો ચૈતન્યભાવ કેવો નિર્વિકારપણે શોભે છે!

(૧૭) ધર્મના બાહ્યચિહ્નો દિગંબરશરીર કે પીંછી – પુસ્તક વગેરે કાંઈ મારા ચૈતન્યભાવમાં પ્રવેશતા નથી, એટલે એ બાહ્યચિહ્નોને દેખવાથી કાંઈ અતીન્દ્રિય આત્મા દેખાતો નથી. અતીન્દ્રિયઆત્મા પોતાના અતીન્દ્રિય ચૈતન્યભાવોને જ ગ્રહે છે, બીજા કોઈને ગ્રહતો નથી.

(૧૮) અખંડ ચૈતન્યસત્ત્વ એવો હું – મારા સમસ્ત દ્રવ્ય – ગુણ – પર્યાયોના અભેદ – પિંડરૂપ છું; તેમાં દ્રવ્ય – ગુણ – પર્યાય એવા ત્રણ કટકા કરીને 'ગુણ તે હું' એવા ભેદના વેદનથી આત્માનું ગ્રહણ ( – અનુભવન) થતું નથી. ચૈતન્યચિહ્નરૂપ પરમ પદાર્થના વેદનમાં તે ગુણો સમાઈ જાય છે ખરા, પણ 'આ ગુણ' એવો ભેદ તેમાં રહેતો નથી.

(૧૯) દ્રવ્યથી જુદી કોઈ પર્યાય તે કાંઈ આત્મા નથી. શુદ્ધ દ્રવ્યરૂપ

એવો આત્મા, તે કોઈ એક પર્યાયરૂપે અનુભવમાં નથી આવતો, કેમકે આત્મામાં શુદ્ધ દ્રવ્ય – ગુણ – પર્યાય એક સાથે છે, તે ત્રણસ્વરૂપે અખંડ આત્મા શુદ્ધપણે એક અનુભવાય છે. શુદ્ધપર્યાય તેની અંદર સમાઈ જાય છે પણ શુદ્ધાત્માના અનુભવમાં 'આ પર્યાય' એવો ભેદ રહેતો નથી.

(૨૦) ગુણ – પર્યાય વગર 'સામાન્યમાત્ર દ્રવ્ય હું' – એવા ભેદના લક્ષે પણ પરમાર્થસ્વરૂપ આત્મા અનુભવમાં આવતો નથી, તેથી 'દ્રવ્યથી અનાલિંગીત' કહ્યો. અનુભૂતિમાં શુદ્ધપર્યાય દ્રવ્યની સાથે અભેદપણે વર્તે જ છે. દ્રવ્ય – પર્યાયની ભિન્ન – ભિન્ન અનુભૂતિથી આત્મા અનુભવાતો નથી. આ રીતે શુદ્ધપર્યાય સહિત શુદ્ધદ્રવ્યરૂપે મને મારો સ્વાનુભવ થાય છે. (આ છેલ્લા ત્રણ બોલમાં ગુણ – પર્યાય અને દ્રવ્ય એવા ત્રણ ભેદના વિકલ્પથી પાર, અભેદઆત્માની અનુભૂતિ બતાવી છે.)

* આ રીતે 'અલિંગગ્રહણ' ના ૨૦ અર્થ દ્વારા શુદ્ધઆત્મા બતાવ્યો છે. હે ભવ્ય! આવા આત્માને તું જાણ.

**વીતરાગીસંતોના અનુભવમાંથી નીકળેલું આ રહસ્ય છે.**
**તેણે મારા પરમાર્થસ્વરૂપને પ્રસિદ્ધ કર્યું છે.**

સમયસારમાં આ ગાથાની ટીકામાં કહે છે કે : સ્વસંવેદ્ય પોતાના ચેતનાગુણવડે જીવ સદા અંતરંગમાં પ્રકાશમાન છે, તે ચેતનાએ પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે એટલે કે ચેતનાથી લક્ષિત સંપૂર્ણ જીવસ્વભાવને ભેદજ્ઞાની જીવો સ્વસંવેદનથી અનુભવે છે. આચાર્યદેવ કહે છે કે હે મુમુક્ષુ! તારા આવા જીવને, તારા સ્વાનુભવથી તું જાણ.

# હે ભવ્ય !
# તું આત્માની અનુભૂતિ કર

'જ્ઞાનચેતના' માં જેનું સર્વસ્વ સમાય છે અને પોતાની ચેતનાના સ્વસંવેદન વડે જે અનુભવમાં આવે છે એવો આનંદ-સ્વરૂપ આત્મા શ્રી કુંદકુંદસ્વામીએ અનુગ્રહપૂર્વક પોતાના સર્વે શાસ્ત્રોમાં બતાવ્યો છે તેને હે ભવ્ય! અતીન્દ્રિયજ્ઞાનવડે તું જાણ!

આત્માની 'ચેતના'ના સ્વાદમાં જડના રસ – રૂપનો કે રાગ-દ્વેષનો સ્વાદ આવતો નથી, તે સ્વયમેવ આનંદસમ્પન્ન છે. તેને પોતાના આનંદનો સ્વાદ લેવામાં કોઈ રાગની, ઈન્દ્રિયોની કે બાહ્યવિષયોની સહાય લેવી પડતી નથી. હે ભવ્ય! તારા આત્માનું આવું સ્વરૂપ જાણતાં તું પોતે અતીન્દ્રિય થઈને પોતાને પરમ આનંદરૂપે અનુભવીશ.

હે આત્મશોધક! અતીન્દ્રિયજ્ઞાનથી તું પોતાને જાણ. આંખ વગર જે બધાનો જાણનાર છે એને તું શોધી કાઢ. તારું સ્વતત્ત્વ અતીન્દ્રિય – ચૈતન્યચિહ્નરૂપ છે તેને તેં અત્યાર સુધી ન જાણ્યું; અને 'જે ઈન્દ્રિયોથી જાણે તે જ જીવ, જે ઈન્દ્રિયોથી દેખાય છે તે જ જીવ' – એમ આત્માને ઈન્દ્રિયગમ્ય જ માન્યો; તેથી સર્વજ્ઞ – મુનિ – સમ્યગ્દષ્ટિ વગેરે અતીન્દ્રિય ભાવવાળા આત્માઓને સાચા સ્વરૂપે તું ઓળખી ન શક્યો, તેઓને પણ તેં ઈન્દ્રિયગમ્ય માની લીધા. આ રીતે તેં ન તારા શુદ્ધાત્માને જાણ્યો, ન અરિહંતાદિને જાણ્યા.

હવે તારે સાચા સ્વરૂપે આત્માને જાણવો હોય ને અરિહંત-સિદ્ધ વગેરેને સાચા સ્વરૂપે ઓળખવા હોય, તો વચ્ચેથી ઈન્દ્રિયો તથા રાગને કાઢી નાંખીને, અતીન્દ્રિય ચેતના વડે આત્માને અનુભવમાં લે.

આત્મા સ્વયં જ્ઞાન છે, તો પછી વચ્ચે ઇન્દ્રિયોને કે રાગને શા માટે ઘૂસાડે છે? એકવાર ઇન્દ્રિયોને તથા રાગને વચ્ચેથી એકકોર રાખીને તું જો, કે તને જ્ઞાન થાય છે કે નહીં? – જરૂર થાય છે. બસ, ઇન્દ્રિયો અને રાગ વગર તે જ્ઞાન જેનાથી થાય છે તે જ તું પરમાર્થ – આત્મા છો. તારી જ્ઞાનચેતના આત્મા સાથે તન્મય છે, ઇન્દ્રિયો સાથે કે રાગ સાથે નહીં.

અહો, આત્માનું સ્વરૂપ એટલું મહાન, એટલું સુંદર ને એટલું આનંદમય છે કે તેને જાણનારું જ્ઞાન પણ તેમાં તન્મય થઈને અતીન્દ્રિય આનંદરૂપ થયું છે. અતીન્દ્રિય મહાન વીતરાગતા વડે સુંદર અને આનંદરસમાં તરબોળ જ્ઞાન જ આત્માને જાણી – અનુભવી શકે છે. ઇન્દ્રિયવાળું – તુચ્છ – આકુળવ્યાકુળ – મલિનજ્ઞાન મહા સુંદર આત્માને ક્યાંથી જાણી શકે? અતીન્દ્રિય – જ્ઞાન વડે અત્યારે જ અહીં અશરીરી – આનંદનો અનુભવ થઈ શકે છે.

કોઈ કહે કે અમે સામા સમ્યગ્દષ્ટિ જીવને કે સર્વજ્ઞને ઓળખી લીધા, તેમનો સ્વાનુભવ ને અતીન્દ્રિય આનંદ કેવો છે તે જાણી લીધું!

તો અમે તેને પૂછીએ છીએ કે હે ભાઈ! તેં કઈ રીતે તેમને ઓળખ્યા? કઈ નિશાની વડે તેં તેમને ઓળખ્યા? તારા કયા જ્ઞાન વડે તેં તેમને ઓળખ્યા? બહારમાં ઇન્દ્રિયગમ્ય તો એવું કોઈ ચિહ્ન નથી કે જેનાથી સમ્યગ્દષ્ટિ કે સમ્યગ્દર્શન ઓળખાય; – કેમકે તે તો અતીન્દ્રિય છે. અતીન્દ્રિય વસ્તુને માટે તું એમ કહે કે મારા ઇન્દ્રિયજ્ઞાનવડે મેં તેને ઓળખી લીધી, – તો એ તારી ભ્રમણા છે. હવે જો તું એમ કહેતો હો કે મેં તેમને અતીન્દ્રિય જ્ઞાન વડે ઓળખ્યા.....તો, શું તને અતીન્દ્રિય જ્ઞાન થયું છે? અતીન્દ્રિય – સમ્યગ્જ્ઞાનમાં તો પોતાના આત્માની અનુભૂતિ હોય જ.

અહા, આત્મસ્વભાવની અદ્ભુતતા તો જુઓ. જ્ઞાન પોતાના સામર્થ્યથી જ્યાં સમ્યગ્દર્શન – સર્વજ્ઞતા વગેરે અતીન્દ્રિય સ્વભાવને જાણવા ઉત્સુક થાય છે ત્યાં ઈન્દ્રિયોના સંબંધને દૂર કરીને તે જ્ઞાન પોતાના અતીન્દ્રિય સ્વભાવપણે ખીલી જાય છે ને પોતાના મહાન – અતીન્દ્રિય – આત્મસ્વભાવને અનુભવી લ્યે છે, તે અતીન્દ્રિયજ્ઞાન પોતે આત્મા જ છે.

આવા આત્માને સ્વસંવેદન વડે અનુભવમાં લ્યો.

હવે આપ વાંચશો –
આત્માને અનુભવમાં લેવાની એક સુંદર કાવ્યરચના

## ‘અલિંગગ્રહણ’ આત્માને જાણ

## આત્મવસ્તુ – સ્તવન

પરમાર્થસ્વરૂપ આત્માનું અસાધારણ સ્વલક્ષણ બતાવીને, પ્રવચનસાર ગા. ૧૭૨ માં આચાર્યભગવંતોએ જે અદ્ભુત આત્મસ્વરૂપ પ્રકાશ્યું છે, તેનો સાર હમણાં આપે વાંચ્યો. તેના ઉપર ગુરુદેવના સ્વાનુભૂતિપ્રધાન પ્રવચનો સાંભળતાં જે ઉર્મિ જાગી તે આ ‘આત્મવસ્તુ-સ્તવન’માં કાવ્યરૂપે વ્યક્ત કરી છે.　　(બ્ર. હ. જૈન)

(મંગલ દોહા)

વંદું શ્રી વીરનાથને, સાધ્યું આત્મસ્વરૂપ;
ઈન્દ્રિયતીત અખંડ ને અદ્ભુત આનંદરૂપ.
નમું છું જિનવચનને ભાખે આત્મસ્વરૂપ,
શુદ્ધઉપયોગ – પ્રકાશથી જાણ્યું આત્મસ્વરૂપ.
પરમ રૂપ નિજઆત્મનું, દેહાદિકથી પાર,
ચેતનચિહ્‌ને ગ્રાહ્ય છે, પર લિંગોથી પાર.

(રાગ : હરિગીત જેવો)

અદ્ભુત આત્મસ્વરૂપને પ્રભુ કુંદકુંદ – પ્રકાશતા,
અમૃતસ્વામી હૃદયખોલી પરમ અમૃત રેડતા;
સ્વાનુભૂતિમાં આવતો તે આત્મ આનંદમય અહો,
ભવિ જીવ સૂણતાં સાર તેનો શુદ્ધ સમકિતને લહો.
છે ચેતનાગુણ, ગંધ – રૂપ – રસ – શબ્દ વ્યક્તિ ન જીવને,
વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને;
નથી રૂપ કોઈ જીવમાં તેથી ન દીસે નેત્રથી,
વળી રસ પણ જીવને નહિ તેથી ન દીસે જીભથી.
જીવ શબ્દવંત નથી અરે, તેથી ન દીસે કાનથી,
નથી સ્પર્શ જીવમાં કોઈ તેથી ગ્રાહ્ય છે ના હસ્તથી.
વળી ગંધ જીવમાં છે નહિ તેથી ન આવે નાકમાં,
છે ઈન્દ્રિયોથી પાર તે આવે ન ઈન્દ્રિયજ્ઞાનમાં.
અસંખ્ય – દેશી આત્મ છે, સંસ્થાન કો નિશ્ચિત નહીં;
નિજચેતનાથી શોભતો બસ! એ જ લક્ષણ છે સહી.
નિજચેતનાને અન્ય કોઈ સાથ સંબંધ છે નહિ,
બસ, દ્રવ્ય – ગુણ – પર્યયસ્વરૂપે શોભતો નિજમાં રહી.

હવે વીસ બોલો સાંભળો! અલિંગગ્રહણ આત્મના,
એ જાણવાનું ફળ થશે સ્વાનુભૂતિ નિજઆત્મમાં.

૧. જ્ઞાયક આતમરામ છે તે જાણતો નથી ઇંદ્રિથી,
એ તો અતીન્દ્રિય જ્ઞાનમય છે કેમ જાણે ઇંદ્રિથી?

૨. ઇન્દ્રિયવશ જે જ્ઞાન છે તે આત્મને કદી નવ ગ્રહે,
છે ઇંદ્રિયોથી પાર જીવ તે અક્ષ – પ્રત્યક્ષ કેમ બને?

૩. ઇન્દ્રિયોના ચિહ્નથી અનુમાન થાય ન આત્મનું;
અનુમાન ઇન્દ્રિયદ્વારથી તો માત્ર રૂપી પદાર્થનું.

૪. સંવેદ્યરૂપ નિજઆતમા, અનુમાનથી તે પાર છે;
કોઈ માત્ર અનુમાને કરી નહીં જીવને જાણી શકે.

૫. પ્રત્યક્ષગ્રાહી આતમા પરને ભલે તે જાણતો,
પણ માત્ર અનુમાને નહિ, પ્રત્યક્ષ પૂર્વક જાણતો.

૬. પ્રત્યક્ષજ્ઞાતા જીવ છે, ત્યાં લિંગનું શું કામ છે?
નથી લિંગ દ્વારા જાણતો, પ્રત્યક્ષજ્ઞાયક જીવ છે.

૭. ઉપયોગ સ્વાધીન આત્મનો સ્વયમેવ જાણે જ્ઞેયને,
અવલંબતો નથી અન્યને તેથી ગ્રહણ નહિ લિંગનું.

૮. ઉપયોગ તે નિજલિંગ છે, પોતે જ લિંગસ્વરૂપ છે,
તે લાવતો નથી બાહ્યથી તેથી ન લિંગનું ગ્રહણ છે.

૯. ઉપયોગ લક્ષણ આત્મનું, નહીં કોઈ તેને હરી શકે,
અહાર્ય – જ્ઞાની આતમા બસ! તે જ સત્યસ્વરૂપ છે.

૧૦. જેમ સૂર્યને નથી ગ્રહણ તેમ ન ગ્રહણ જાણો આત્મને,
ઉપયોગમાં ન મલિનતા, શુદ્ધોપયોગી જીવ છે.

૧૧. જે લિંગરૂપ ઉપયોગ છે તે કર્મને ગ્રહતો નથી;
એ રીત કર્મ – અબદ્ધ જીવને જાણજો આ સૂત્રથી.

૧૨. રે! ઇન્દ્રિયોથી વિષયભોગો જીવને હોતાં નથી,
તેથી ન ભોક્તા ભોગનો, — એ જાણજો નિશ્ચય થકી.

૧૩. મન — ઇન્દ્રિયરૂપ કો લિંગથી નહિ જીવન છે આ જીવનું,
તેથી ન શુક્રાર્તવ ગ્રહે — એવો અગ્રાહી જીવ છે.

૧૪. કો શરીરના લિંગને અરે, આત્મા કદી ગ્રહતો નથી,
લૌકિક સાધનરૂપ નહિ એવો અતીન્દ્રિય જીવ છે.

૧૫. લિંગરૂપ કો સાધનોથી ન લોકવ્યાપી જીવ છે,
નથી સર્વવ્યાપી જીવ, એવું સત્ય સાબિત થાય છે.

૧૬. નથી ગ્રહણ કોઈ વેદનું — સ્ત્રી — પુરુષ આદિ ભાવનું,
તેથી નથી કો લિંગ જેને, — અલિંગ — ગ્રાહી જીવ છે.

૧૭. લિંગ કે'તા ધર્મચિહ્નો બાહ્યે જે સાધુતણાં,
નથી ગ્રહણ તેનું જીવમાં, તે ચેતનાથી બાહ્ય છે.

૧૮. 'આ ગુણ' એવા બોધથી નથી ગ્રહણ થાતું જીવનું;
ગુણભેદથી લક્ષિત નથી, બસ! શુદ્ધદ્રવ્ય જ જીવ છે.

૧૯. 'પર્યાય' એવા બોધથી નથી ગ્રહણ થાતું જીવનું,
પર્ય — ભેદથી લક્ષિત નથી, બસ! શુદ્ધદ્રવ્ય જ જીવ છે.

૨૦. આ 'દ્રવ્ય' એવા લક્ષણે નહિ ગ્રહણ સાચા જીવનું,
છે 'શુદ્ધ પર્યય' જીવ પોતે, — ભેદહીન તે જાણજો.

(ઉપસંહાર)

મુજ ચેતના અદ્‌ભુત અહો, નિજસ્વરૂપમાં વ્યાપી રહી,
ઇન્દ્રિયોથી પાર થઈ નિજ — આત્મને દેખી રહી;

પ્રભુ કુંદ કુંદ — અમૃત — સ્વામી — ચરણમાં વંદી રહી,
આનંદ કરતી મસ્ત થઈ તે મોક્ષને સાધી રહી.

## ✻ દેવ – ગુરુ – ધર્મનો પ્રેમ; સમ્યક્ત્વની ભાવના ✻

હે મુમુક્ષુ, અંતરમાં બહુ માનપૂર્વક તું સદા સમ્યક્ત્વની ભાવના કરજે.....અવશ્ય તને તેની પ્રાપ્તિ થશે. સાધર્મીઓના સમ્યક્ત્વની વાર્તા સાંભળીને પણ પ્રસન્ન થાજે. સમ્યક્ત્વાદિ ધર્મની કે દેવ – ગુરુ – શાસ્ત્રની હાંસી કે અનાદર કદી ન કરીશ. હસતાં – હસતાં કરેલો પણ ધર્મનો અનાદર કેવા ભયંકર પાપફળને આપે છે! – તેનો વિચાર કરજે. સીતાજીએ પૂર્વભવમાં માત્સર્યવશ એક નિર્દોષ મુનિરાજની હાંસી કરી તો તેમને આ ભવમાં કેવી પરિસ્થિતિ આવી પડી! સતી અંજનાએ પૂર્વભવમાં અજ્ઞાનવશ જિનબિંબનો અનાદર કર્યો તો તેને ૨૨ વર્ષ સુધી કેવું કષ્ટ સહન કરવું પડ્યું! માટે હે ભવ્ય! તું વીતરાગી દેવ – ગુરુ – શાસ્ત્ર પ્રત્યે, સમ્યગ્દર્શન – જ્ઞાન – ચારિત્રરૂપ ધર્મ પ્રત્યે તથા ધર્માત્મા – સાધર્મી પ્રત્યે આદરભાવ રાખજે, કદી સ્વપ્નેય કે મશ્કરીમાં પણ એમનો અનાદર કરીશ મા! બીજા સાધારણ પાપો કરતાં દેવ – ગુરુ – ધર્મના અનાદરનું પાપ ઘણું વધારે ભયંકર છે. માટે તેમને ઓળખીને પરમભક્તિથી તેમની ઉપાસના કરજે.....તારું કલ્યાણ થશે.

**હવે આપ વાંચશો.....સ્વાનુભવ માટેનું**
**સુંદર.....સરલ સચોટ માર્ગદર્શન.**

ઘણા જિજ્ઞાસુઓ લાંબા વખતથી 'પોતાની રીતે' પ્રયત્ન કરીને મુંઝાય છે કે સમ્યગ્દર્શન માટે હવે કરવું શું? 'અનુભવી – જ્ઞાનીના માર્ગદર્શન પ્રમાણે' જો પ્રયત્ન કરે તો જરૂર ફળ આવે જ. અહીં તે માટે સ્વાનુભવના પ્રયોગો બતાવીને 'દિશાસુચન' કર્યું છે.....તે હવે આપ વાંચશો.

# આત્મહિત માટે સ્વાનુભવનો પ્રયોગ

卐

મહાભાગ્યથી જિનશાસન પામીને હવે જે જિજ્ઞાસુને પોતાનું કલ્યાણ કરવું હોય, અને સંસારનાં ઘોર – દુઃખોથી છૂટવું હોય – તેણે શું કરવું જોઈએ? – તે બતાવીએ છીએ.

હે જીવ! પહેલાં તો એ શોધી લે કે આત્માની શાંતિ કોણ પામ્યા છે? ને કઈ રીતે પામ્યા છે?

ભગવંત પંચપરમેષ્ઠીઓ સાચી શાંતિ પામ્યા છે; અને તે આત્મજ્ઞાનસહિત વીતરાગભાવથી પામ્યા છે; તેથી મારે પણ તેમને ઓળખીને એમ કરવું જોઈએ.

આ રીતે પોતાના હિતનો માર્ગ નક્કી કરીને, આત્માની લગનીથી દરરોજ તેને માટે અંદર પ્રયોગ કર્યા કરવો જોઈએ. તે પ્રયોગ કઈ રીતે કરવો? તે અહીં કેટલુંક બતાવીએ છીએ.

જે પ્રયોગ વડે અમે સ્વાનુભૂતિને પામ્યા છીએ – તેનો જ નમૂનો તમને બતાવીએ છીએ.

# 卐 પ્રયોગ પહેલો 卐

(૧) મારે પંચપરમેષ્ઠી ભગવંતોની સાથે રહેવું છે – કેમકે તેમનું જીવન અત્યંત સુંદર અને સુખી છે.

(૨) પંચપરમેષ્ઠીની સાથે રહેવા માટે, સૌથી પહેલાં હું તેમના સ્વરૂપને ઓળખીશ.

(૩) અહો, આ ભગવંતોની ઓળખાણ કરતાં જ મારામાં પણ કેવું અતીન્દ્રિય જ્ઞાન તથા પરમ શાંતિનો અનુભવ થઈ રહ્યો છે !!

(૪) પંચપરમેષ્ઠીની સાથે રહેવાથી, એટલે કે તેમને મારા અંતરમાં રાખવાથી, તેમનું અને મારું જીવન એક સરખું થઈ જશે, – હું તેમના જેવો થઈ જઈશ.

**પ્રયોગ :**

આ સંબંધમાં વિચાર : ૩૦ મિનિટ : ધ્યાન ૧૦ મિનિટ

---

પ્રશ્ન : – આ પ્રયોગમાં 'વિચાર' અને 'ધ્યાન' બંને કરવાનું કહ્યું, તો તે બંનેમાં શું ફેર છે?

ઉત્તર : – વિચારના વિષયમાં તો સ્વ – પર, સ્વભાવ – વિભાવ બધાનો વિચાર કરીને ભેદજ્ઞાનની દૃઢતા કરવાની છે, ને 'હું જ્ઞાયક છું.....અનંત ચૈતન્યસુખ મારામાં જ વેદાય છે' ઈત્યાદિ પ્રકારે એકલા સ્વતત્ત્વને જ ઉપયોગમાં લેવાનો પ્રયત્ન તે ધ્યાનનો પ્રયોગ છે.....વિચારનું ફળ ધ્યાન છે ને ધ્યાનવડે સ્વાનુભવ થાય છે.

# 卐 પ્રયોગ બીજો 卐

(૫) પંચપરમેષ્ઠીની સાથે રહેવાથી હવે હું મુમુક્ષુ થયો; હવે કષાયોની અશાંતિમાં હું જીવી ન શકું; કોઈ પણ પ્રકારે હવે હું પંચપરમેષ્ઠી જેવી શાંતિ મારામાંથી પ્રગટ કરીશ.

(૬) જ્યારે હું મારી અંદર મારા ચેતનને દેખવાનો પ્રયત્ન કરું છું ત્યારે કષાયભાવો દૂરદૂર ભાગી જાય છે, અને એમ લાગે છે કે જાણે પંચપરમેષ્ઠી આવીને મારા હૃદયમાં બેઠા છે, અને તેમની સાથે હું પણ કોઈ અપૂર્વ શાંતિનું વેદન કરી રહ્યો છું.

(૭) હવે હું વિચારું છું કે આવી શાંતિ ક્યાંથી આવે છે? તો મારું લક્ષ અંદરને અંદર ઊંડે ઊતરવા માંડે છે; અને અંદરથી અવાજ સંભળાય છે કે 'શાંતિ અહીં છે.....હું પોતે જ શાંતિથી ભરેલો સમુદ્ર છું.'

(૮) હવે મને વિશ્વાસ જાગ્યો અને ખબર પડી કે મારામાં જ શાંતિ છે. – આ કોઈના કહેવાથી નહીં. પરંતુ મારા આત્માના અંદરના વેદનથી મને શાંતિ દેખાય છે. આ પહેલાં સંસારમાં ક્યાંય કોઈપણ વસ્તુમાં આવી શાંતિ મેં કદી દેખી ન હતી.

(૯) બસ, હવે તો હું મારી શાંતિની પાછળ જ લાગ્યો રહીશ, અને તેનો સાક્ષાત સ્વાદ લીધા વગર રહીશ નહીં.

(પ્રયોગ : વિચાર ૪૦ મિનિટ : ધ્યાન ૧૫ મિનિટ)

(જેમ જેમ આ પ્રયોગ કરો તેમ તેમ, તેમાં દર્શાવ્યા મુજબના ભાવો તમને તમારા આત્મામાં સ્પષ્ટપણે વેદાવા જોઈએ.)

## 卐 પ્રયોગ ત્રીજો 卐

(૧૦) અહો, મારું આત્મતત્ત્વ કેટલું ગંભીર છે! અને કેવી સુંદરતા ભરી છે મારામાં! — તે આ બે દિવસના જ વિચાર તથા ધ્યાનના પ્રયોગથી મને દેખાવા માંડ્યું. બે જ દિવસમાં જેમાંથી આટલી ગંભીરતા નીકળી — તે તત્ત્વના મહિમાનું શું કહેવું? આ તત્ત્વના અનુભવ માટેનો મારો આ પ્રયોગ ખાલી નહિ જાય; અત્યારે જ તે સફળ થઈ રહ્યો છે, અને તેના ફળરૂપે પરમ અતીન્દ્રિય શાંતિનો અનુભવ થતાં હવે વાર નહીં લાગે.

(૧૧) આ પ્રમાણે સ્વભાવના ઉલ્લાસપૂર્વક હું આગળ ને આગળ વધી રહ્યો છું; મારું હિત મારે પોતે જ સાધવાનું છે, મારી શાંતિનું વેદન મારે જ કરવાનું છે. જગતનું કાંઈ હું નથી કરતો, અને જગતમાં કોઈ મારું કાંઈ કરી દેતું નથી; એકબીજાથી નિરપેક્ષ પોતપોતામાં સ્વાધીન છે, — તેથી મારી પરિણતિને હવે ક્યાંય બહાર ઘૂમવાનું ન રહ્યું; મારામાં જ રહીને શાંતિનું વેદન કરવાનું છે. તેથી વિશ્વ પ્રત્યે પરમ ઉદાસીન એવો મારો કષાયરસ હવે તૂટવા માંડ્યો છે, અને જ્ઞાનમય શાંતરસનું ઘણું જોરદાર ઘોલન થઈ રહ્યું છે.

(૧૨) હવે ચૈતન્યના ઊંડાણમાં જવામાં મજા આવે છે, અપરિચિત નથી લાગતું, થાક નથી લાગતો, પરંતુ કષાયનો થાક હવે ઊતરવા માંડ્યો છે; ચૈતન્યની વારંવાર ભાવના વગર હવે રહેવાતું નથી, સંસારના કષાયપ્રસંગમાં તો જરાય ચેન પડતું નથી.

(૧૩) મારું જ્ઞાન હવે એટલું જાગૃત થઈ ગયું છે કે શાંતિને અને કષાયને હું એકબીજામાં જરાપણ ભેળવતો નથી; બંનેને જુદા કરીને શાંતિને લઈ લઉં છું. — આ જ મારો આત્મહિતનો પ્રયોગ

છે. વાહ સંતો! આપ મને સાથે જ રાખીને આત્મહિત સાધતાં શીખવી રહ્યા છો.

(૧૪) રાગ – દ્વેષ – કષાય વખતે પણ, હું એટલો જ નથી, તે વખતે પણ મારું ચૈતન્યજ્ઞાન જીવતું છે – વિદ્યમાન છે; તે જ્ઞાનના મીઠા સ્વાદમાં કષાયના કડવા સ્વાદનું મિલન હું નથી કરતો. કષાય રહિત જ્ઞાનમાં ચૈતન્યરસનો જે અપૂર્વ સ્વાદ આવે છે તે શાંત છે, આત્માને તૃપ્તિ દેનાર છે.

(૧૫) આમાં સદા પ્રીતિવંત બન,
આમાં સદા સંતુષ્ટ ને;
આનાથી બન તું તૃપ્ત,
તુજને સુખ અહો! ઉત્તમ થશે.

– શ્રી કુંદકુંદસ્વામીની આ મંગલ હિત – શિખામણનું ગ્રહણ કરીને હું એ જ પ્રમાણે કરી રહ્યો છું ને સુખી થઈ રહ્યો છું.

(૧૬) અહા! મારા આત્મામાં સુખનો વિલાસ નિરંતર દેખાય છે. કષાયના દુઃખથી હવે આત્મા છૂટવા માંડ્યો છે; સુખસમુદ્ર સ્વયં ઉલ્લસવા માંડ્યો છે; સમ્યક્ત્વ હવે નજીક છે; અપૂર્વ નિર્વિકલ્પ – સ્વાનુભવ હવે અંતરમાંથી દોડતો – દોડતો આવી રહ્યો છે.

(૧૭) “બસ હું મારામાં જ શાંત બેઠો છું.”

(પ્રયોગ : વિચાર ૨૦ મિનિટ; ધ્યાન ૨૦ મિનિટ)

## 卐 પ્રયોગ ચોથો 卐

(૧૮) પ્રભો પંચ પરમેષ્ઠી! ત્રણ દિવસથી આપની સાથે રહેતાં મારા આત્મામાં જે આનંદમય પરિવર્તન થઈ રહ્યું છે – તે દેખીને મને પોતાને પણ આશ્ચર્ય થઈ રહ્યું છે, – કેવો સુંદર અને ઉપશાંત છે આપનો દેશ!!

(૧૯) હવે તો મારા અંતરમાં એવી લગની લાગી છે કે એકદમ હું મારું કામ કઈ રીતે કરી લઉં! અરે, આપના જેવા શાંત આત્માઓની સાથે રહેતાં પણ હજી મારામાં કષાયનું વેદન રહે – એ હવે મારાથી સહન નથી થતું. જરાક શાંતિની હવા તો અંદરથી આવી રહી છે, તે શાંતિના જ બળથી હું કષાયો સામે જોરથી લડી રહ્યો છું. મારો સમ્યક્ત્વ – ભાઈ મને લડવામાં મદદ કરી રહ્યો છે; તેના એક જ ઘા થી હવે મિથ્યાત્વ ક્ષણમાત્રમાં ખતમ થઈ જવાનું છે. મારા સમ્યક્ત્વ – બંધુનો અવાજ આવી રહ્યો છે કે તું ગભરાઈશ નહીં, હું તરત જ તારી મદદમાં આવી રહ્યો છું.

(૨૦) પ્રભો! હવે મારો વિજય નક્કી છે, કેમકે સમસ્ત ગુણશક્તિ સહિત ત્રિકાળી દ્રવ્ય તથા સમ્યક્ત્વ – જ્ઞાનચેતના – પુરુષાર્થ વગેરે બધાય મારા પક્ષમાં છે. અહા, હવે તો કષાયો ભાગવા માંડ્યા છે, અને મારા અંતરમાં અકષાયી અદ્ભુત અતીન્દ્રિય આનંદમય ચૈતન્યશાંતિનું વેદન થવા માંડ્યું છે. હવે કષાય કરતાં મારો ચૈતન્યભાવ ઘણો જ બળવાન દેખાય છે; આ જ મારા જ્ઞાનસ્વભાવની 'અધિકતા' છે, અને આ જ મારી સ્વાનુભૂતિ છે.

(૨૧) સ્વાનુભૂતિ પામીને હું પંચપરમેષ્ઠીની વચ્ચે બેસી ગયો છું.

(પ્રયોગ : ૨૦ મિનિટ વિચાર : ૨૦ મિનિટ ધ્યાન)

## 卐 પ્રયોગ પાંચમો 卐

(૨૨) હે ચૈતન્ય ભગવાન! ચાર દિવસના આપના નીકટ પરિચયથી મારું ચિત્ત હવે મારા પોતામાં જ લાગી રહે છે, અને હવે આપની સાથે એવી આત્મીયતા થઈ ગઈ છે કે ચિત્ત ક્યાંય બીજે ઠરતું નથી; પોતે પોતામાં જ ઠરીને ચિત્ત સંતુષ્ટ થઈ રહ્યું છે.

(૨૩) હું વિચારું છું કે દરરોજ માત્ર ઘડી – બેઘડી પણ આપને મળવાનો પ્રયોગ કરતાં – કરતાં મને એટલી શાંતિનો લાભ થયો કે જેટલી મને કલ્પના પણ ન હતી; – તોપછી દિનરાત ચોવીસ કલાક હું આપની અનુભૂતિના પ્રયોગમાં લાગ્યો રહું તો પરમ અતીન્દ્રિય આનંદનો અનુભવ થતાં કેટલી વાર? તેથી હવે હું વધુ જોરથી આ પ્રયોગમાં આગળ વધીશ, કેમકે આ અતીન્દ્રિય શાંતિને માટે હવે મારો આત્મા બહુ વ્યાકુળ થઈ રહ્યો છે; જે શાંતિ મારા પોતામાં જ ભરી છે અને જેનો થોડો થોડો સ્વાદ પણ આવી રહ્યો છે, – તેનાથી હવે હું વંચિત કેમ રહું?

(૨૪) હા, ભગવાન! હું જાણું છું કે આમ યાચના કર્યા કરવાથી કે ભાવના કરતા રહેવાથી આપનો સાક્ષાત્કાર નહિ થાય, પરંતુ ઉપયોગને સર્વ તરફથી ખેંચીને માત્ર આપમાં જ સંપૂર્ણપણે જોડવાથી જ આપના સાક્ષાત્ દર્શન થશે – જે અતીન્દ્રિય આનંદથી ભરપૂર હશે; – પરંતુ જ્યાંસુધી સાક્ષાત્કાર નથી થતો ત્યાંસુધી આપની ભાવના વગર રહેવાતું નથી. કેમકે આપના સિવાય સંસારમાં તો બીજે ક્યાંય પણ મારું ચિત્ત લાગતું નથી.

(૨૫) હવે પૂરી તાકાતથી આપને દેખવા માટે હું ઉપયોગ લગાવી રહ્યો છું, – હું જોઉં છું કે આપ કેમ દૂર રહી શકો છો? મારા ઉપયોગમાં વીરતાનો એવો મહાન ઝણઝણાટ થઈ રહ્યો છે કે

મોહ તો ડરીને ક્યાંય દૂર ભાગવા માંડ્યો છે; હવે મારી અને આપની વચ્ચે કોઈ અંતરાય રહી શકશે નહિ. હું ઈન્દ્રિયોના કમાડને તોડીને આપના અતીન્દ્રિય સ્વરૂપમાં પ્રવેશ કરી રહ્યો છું. આપને દેખીને હવે હું આપનામાં એવો લીન થઈ રહ્યો છું કે હવે આપને દેખવાનો પણ વિકલ્પ નથી રહ્યો. હું – દૃષ્ટા, મારાથી આપ કોઈ બીજા નથી – કે જેને હું દેખું. હું જ પોતે મારો દૃશ્ય અને દૃષ્ટા છું.

“नि र्वि क ल्पो हं”

(પ્રયોગ) વિચાર : ૨૦ મિનિટ; ધ્યાન : ૨૦ મિનિટ)

## 卐 પયોગ છઠ્ઠો 卐

(૨૬) અનુભવ માટે અત્યંત ઉત્સુક મારો આત્મા હવે એ જાણવા આતુર છે કે અનુભવમાં શું થતું હશે? કઈ વસ્તુ એમાં દેખાતી હશે? અને તેમાં કેવો સ્વાદ આવતો હશે!!

– તો, અત્યારસુધીના અભ્યાસના બળથી એમ જણાય છે કે અનુભવમાં આત્માનું જે કાંઈ સર્વસ્વ છે તે બધુંય દેખાય છે; તથા તેના બધાય ગુણો પોતપોતાના સ્વાભાવિક રૂપમાં ખીલીને પોતાનું કાર્ય કરવા લાગે છે; અને અનુભવરસમાં સર્વગુણોનો સ્વાદ એકસાથે વેદનમાં આવે છે. એ સ્વાદની મીઠાશ એટલી બધી હોય છે કે અતીન્દ્રિય જ્ઞાનમાં જ તે સમાઈ શકે છે. માનો કે, કદાચ જો તે સ્થૂલરૂપ ધારણ કરે તો આખા લોક – અલોકમાં પણ તેનો આનંદ ન સમાય. – મારું આત્મતત્ત્વ જ એટલું મોટું છે કે આટલા મહાન આનંદને એક સાથે પી જઈને પોતામાં સમાવી દે છે.

(૨૭) આવી મારી મહાનતા મારા લક્ષમાં આવે છે, તેથી

વિકલ્પની – રાગની કોઈ મહાનતા મને નથી ભાસતી; એટલે વિકલ્પથી જુદું થઈને મારું જ્ઞાન ચૈતન્યની મહાનતામાં પ્રવેશ કરી રહ્યું છે. આ રીતે મારું જ્ઞાન ઈન્દ્રિયોથી આઘું ખસીને, અતીન્દ્રિયતા પામીને પોતે સ્વયં પણ મહાન થવા માંડ્યું છે.

(૨૮) આ રીતે ઈન્દ્રિયોથી તેમ જ વિકલ્પોથી પણ પાર આ જ્ઞાન પોતે જ એટલું મહાન થઈ જાય છે કે પૂરા ચૈતન્યસ્વભાવને એકસાથે પોતાનું જ્ઞેય બનાવવાની તાકાત રાખે છે.

(૨૯) જુઓ તો ખરા, હજી તો સમ્યક્ત્વની સન્મુખ થઈને અભ્યાસ કરતાં પણ મારા મતિ – શ્રુતજ્ઞાન કેવું મહાન કાર્ય કરવા લાગ્યા છે! શું વિકલ્પમાં – રાગમાં કે ઈન્દ્રિયજ્ઞાનમાં એવી તાકાત છે કે આટલા મહાન સ્વભાવનો સ્વીકાર કરી શકે? – ના, કદી નહીં. અત્યારસુધી હું વિકલ્પમાં રાગમાં તથા ઈન્દ્રિય જ્ઞાનમાં જ અટકી ગયો, તેથી મને બાહ્ય વિષયો જ દેખાયા, પરંતુ અંતરમાં મારું મહાન ચૈતન્યતત્ત્વ મને કદી ન દેખાયું.

– પણ હવે તો હું જાગ્યો છું.....હવે મારું જાગૃત જ્ઞાન ઈન્દ્રિયોમાં કે રાગમાં બંધાઈ નહીં રહે, પણ તેનું બંધન તોડીને, રાગથી ભિન્ન અતીન્દ્રિય થઈને હું મારા મહાન ચૈતન્યતત્ત્વની સાથે એવી એકાકાર દોસ્તી બાંધીશ કે અમારા બંનેની વચ્ચે કોઈ ભેદ કે અંતર નહીં રહે; તથા મારા મહાન તત્ત્વમાં જે અતીન્દ્રિય આનંદ ભર્યો છે તેને હું ભોગવીશ; – તે આનંદ કોઈ વિષયોમાં કે રાગમાં મેં કદી નથી જોયો.

(૩૦) બસ, હવે લાંબા વિચાર બંધ કરીને હું સીધો જ આનંદને ભોગવું છું.

(પ્રયોગ : વિચાર : ૨૦ મિનિટ * ધ્યાન ૨૦ મિનિટ)

## સૂચના

પ્રયોગ કરતાં કરતાં તમને પોતાના અંતરમાં શાંતિ વધતી જાય છે ને કષાયોનો રસ તૂટતો જાય છે, મિથ્યાત્વાદિ તૂટવા માંડે છે, – સમ્યક્ત્વ નજીકમાં આવતું દેખાય છે, – આવા ઉત્તમ ભાવોની ઊર્મિઓ જાગે, – તો તમારો પ્રયોગ સત્ય છે. – તેનો નિર્ણય પોતાની જાતે જ કરવાનો છે.

## પ્રયોગ સાતમો

(૩૧) અહો, જિનેન્દ્રશાસન કેવું ગંભીર છે! ગંભીર હોય જ ને! – કેમકે, એક તો તે પરમ ગુણગંભીર આત્મસ્વભાવને દેખાડનારું છે, અને તેની ઉત્પત્તિ પણ આત્માના ગંભીર સ્વભાવના સ્વાનુભવ – જ્ઞાનમાંથી થઈ છે.

(૩૨) આવા ગંભીર જૈનશાસનમાં આવેલો, ને આવા ગંભીર આત્મસ્વભાવને સાધનારો હું, આત્માને સાધતાં – સાધતાં મારું જીવન, મારી પરિણતિ પણ કેવી ગંભીરતા ધારણ કરતી જાય છે તે મારા અંતરમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. પહેલાં રાગ – દ્વેષ – કષાયોરૂપ અત્યંત તુચ્છ ભાવોમાં વર્તતું દુઃખી જીવન, તે હવે પરમ સુખના ધામ તરફ જતાં જતાં અનેરી શાંતિ, તથા અનેરી વીતરાગતાથી ભરેલા ગંભીરજ્ઞાનરૂપ થવા માંડ્યું છે. અંતર્મુખતા વડે આત્માની જ પાસેથી લીધેલા ગંભીર અતીન્દ્રિયજ્ઞાન વડે હું આત્માની ગંભીરતાનો તાગ લઈશ ને તેને પ્રાપ્ત કરીશ.

(૩૩) આત્મતત્ત્વ એટલું મહાન છે કે બીજા કોઈ સાધન વડે તે પમાતું નથી, એમાંથી જ કાઢેલા અતીન્દ્રિય જ્ઞાનવડે જ તે પમાય છે. જેમ વાસુદેવ દ્વારા પ્રતિવાસુદેવનો ઘાત બીજા કોઈ સાધન વડે થઈ શકતો નથી, માત્ર તેની જ પાસેથી આવેલા ચક્ર વડે તેનો ઘાત

થાય છે; ત્યાં ઘાતની વાત છે, અહીં પ્રાપ્તિની વાત છે. અહીં આત્માની પ્રાપ્તિ આત્માથી બહારના કોઈ સાધન વડે થતી નથી. અંદર આત્મામાંથી જ લીધેલા તેના એક અંશરૂપ જ્ઞાનચક્ર વડે તેનો લક્ષ્યવેધ કરતા તે સાક્ષાત્ સ્વાનુભવમાં આવે છે. મહાન તાકાતવાળા આત્મામાંથી આવેલું જ્ઞાન પણ મહાન તાકાતવાળું છે; તે રાગની કે ઈન્દ્રિયોની મદદ વગર એકલું જ પોતાનું કાર્ય કરે છે.

(૩૪) આત્મામાંથી આવેલું 'જ્ઞાન' વિચારે છે કે હું ક્યાંથી આવ્યું? જ્યાંથી હું આવ્યું ત્યાં જ હું જાઉં — એમ વિચારી તે આત્મામાં ઊતરી જાય છે.....ને સાક્ષાત્ જ્ઞાનસમુદ્રરૂપ થઈને આત્મવેદન કરે છે.

(૩૫) વળી તે આત્મામાંથી આવેલું જ્ઞાન વિચારે છે કે હું જેમાંથી આવ્યું તેમાંથી મારી સાથે કાંઈ ક્રોધાદિ આવ્યા ન હતા....માટે હું જ્યાંથી આવ્યું છું ત્યાં ક્રોધાદિ ભર્યા નથી, પણ શાંતિ જ ભરી છે. — એમ ક્રોધાદિથી ભિન્નતારૂપ પોતાનું પરિણમન કરતું મારું જ્ઞાન શાંતિને અનુભવે છે.

(૩૬) અહો, આ જ્ઞાનની અદ્ભુતતા કોઈ મહાન છે! તેની નિઃશંકતા અને આત્મવિશ્વાસ અનેરા છે. પોતાનું પવિત્ર 'માતૃસ્થાન' તેને એવું વહાલું છે કે તેના સિવાય બીજે ક્યાંય તેનું ચિત્ત તન્મય થતું નથી; જ્યાંથી પોતાની ઉત્પત્તિ થઈ ત્યાં જ (જ્ઞાનસ્વભાવમાં સામાન્યમાં જ) તેને તન્મયતા અનુભવાય છે, તેની સાથે જરાય જુદાઈ રાખતું નથી.....અને તે સ્વભાવમાં ભરેલા આનંદ — શાંતિ — પ્રભુતા વગેરે અનંત વૈભવને તે પોતાનો જ નિજવૈભવ સમજીને અનુભવે છે.

(૩૭) હવે મારું આવું અદ્ભુત ખીલેલું જ્ઞાન કાંઈ ગરીબ નથી, રાગાદિરૂપ મેલું નથી, પરાધીન નથી, દુઃખી નથી, ભવમાં

ભટકનારું નથી; અપિતુ આ જ્ઞાન તો વિશ્વના શિરતાજ સમાન છે, વીતરાગરસથી ધોવાયેલું ઉજ્વળ છે, સ્વાધીન છે, મહાન આનંદરૂપ છે, મોક્ષને સાધનારું છે. આત્માનું સર્વરસરૂપ – સર્વસ્વ તેણે પ્રાપ્ત કરી લીધું છે. હવે આનાથી મોટું કોઈ બીજું તત્ત્વ ગોતવાનું બાકી નથી રહ્યું; જેનાથી ઊંચું બીજું કાંઈ નથી એવું સર્વોત્તમ તત્ત્વ આ જ્ઞાને અનુભૂતિમાં પ્રાપ્ત કરી લીધું છે; પરમાર્થ તત્ત્વને પામીને – તેનો આશ્રય કરીને – તેમાં તદ્રૂપ થઈને પોતે જ પરમાર્થરૂપ બની ગયું છે.....તે જ્ઞાનચેતનારૂપ જ પોતે પોતાને ચેતી રહ્યું છે.

(૩૮) અહો, જ્ઞાનચેતનારૂપ થયેલું આ જ્ઞાન –

**તે પોતે જ સમ્યગ્દર્શન છે; તે પોતે જ સ્વાનુભૂતિ છે;**
**તે પોતે જ સમયસાર છે; તે પોતે જ પ્રભુ – આત્મા છે.**

જો આવો હું છું.....તો પછી બીજું મારે શું જોઈએ!!

બસ! મારી જ્ઞાન – અનુભૂતિમાં જ હું રહીશ.

(પ્રયોગ : માત્ર ધ્યાન : એકાગ્રતા ૧૫ મિનિટ.)

## 卐 પ્રયોગ આઠમો 卐

(૩૯) અહા, આત્મતત્ત્વની સાધનામાં, આ સાત પ્રયોગ દ્વારા તો હું ક્યાંનો ક્યાં પહોંચી ગયો! પૂર્વની મિથ્યાત્વની દુનિયાને છોડીને હવે હું સમ્યક્ત્વની દુનિયામાં આવીને વસ્યો છું. અહા, કેવો સુન્દર છે – મારો આ દેશ! સર્વત્ર શાંતિ જ પ્રસરેલી છે. મને બહુ જ દુઃખી કરનારા તે ક્રોધાદિ કષાયદુશ્મનો મારી આ નવી દુનિયામાં આવી તો નથી શકતા પરંતુ મારી સામે નજર પણ માંડી શકતા નથી.

(૪૦) અહીં મારો ચૈતન્યમહેલ ઘણી ભારે વિભૂતિથી ભરેલો છે.....તેમાં પ્રવેશ કરીને મારે તેનો ઉપયોગ કરવાનો છે. હું જલ્દી આ ચૈતન્યમહેલમાં જવાની કોશિષ કરી રહ્યો છું. ઉપયોગને કહું છું કે ચાલ, મારી સાથે અંદર ચાલ.....તને ઘણો જ આનંદ થશે.

(૪૧) ઉપયોગ પણ અંદર આવવા તૈયાર તો થાય છે, પરંતુ અંદર જતાં જતાં તે વારંવાર અધવચ્ચેથી જ પાછો ફરી જાય છે. મને ખેદ થાય છે કે અરે! ઉપયોગ પાછો કેમ આવે છે? અંદરમાં પ્રવેશ કેમ નથી કરતો? બહારમાં કેમ ભમે છે?

(૪૨) અરે ઉપયોગ! બહારમાં ભમી – ભમીને તો તેં અનંતકાળ મહાન દુઃખો ભોગવ્યા. શું હજી પણ તે દુઃખોથી તું નથી થાક્યો? એ દુઃખોથી છૂટવું હોય તો શીઘ્ર જ તું સાવધાન થઈ જા... જાગૃત થઈ જા આત્માનુભવ માટે મરણિયો થા. જે વિષયકષાયોએ તને અત્યાર સુધી ભવચક્રમાં પીલી – પીલીને દુઃખી કર્યો તેનો સંગ અત્યંતપણે છોડી દે.....ને અંતરમાં સુખ – શ્રદ્ધા – વીતરાગતા વગેરે તારા સાચા સ્વજનો છે તેનો સંગ કર.....તેની જ સાથે રહે....તે સ્વજનો તને મહાન સુખ આપશે.....ને ભવચક્રથી છોડાવશે.

(૪૩) ભાઈ, હું જાણું છું કે તને અંદર જતાં – જતાં અનેકવિધ ચિન્તા વચ્ચે આવી પડે છે! પણ, અત્યારે એ બધી ચિન્તાઓ છોડી દે.....આત્મા જ તને વહાલો છે – તો પછી તેના સિવાય બીજા બધાની ચિન્તા છોડી દે.....ફરી ફરીને કહીએ છીએ કે અરે જીવ! તું સ્વાનુભૂતિના કિનારે પહોંચ્યો છે તો હવે અંદર જવામાં વાર કાં લગાડ? ઉછળીને અંદર કુદી પડ....'આહાહા! કેવી ગંભીર શાંતિ!!'

(૪૪) અરે, મારી આ શાંતિ તો એવી છે કે એમાં 'આહાહા' એવા આશ્ચર્યની વૃત્તિ પણ નથી ઊઠતી.....આશ્ચર્યથી પણ ઊંચું

કંઈક અનુભવાય છે કે જે પરમ તૃપ્તપણે પોતે પોતામાં સમાઈ રહે છે, – ઉપશાંત થઈ જાય છે.

(૪૫) અંદર જતાં જતાં ઉપયોગ કેમ પાછો આવી જતો હતો? – ઊંડેથી તેની શોધ કરતાં ખ્યાલ આવ્યો કે, સ્વભાવની કંઈક નીકટતા થતાં ઉપયોગ એકદમ હર્ષિત થઈ જતો હતો એટલે હર્ષની અશાંતવૃત્તિમાં અટકી જતો હતો, તેથી હર્ષથી પાર વીતરાગી શાંતિ સુધી પહોંચતો ન હતો. હવે ખ્યાલ આવ્યો કે આ હર્ષોલ્લાસની વૃત્તિ પણ મારી શાંતિમાં પ્રવેશી શકતી નથી, તેથી હવે ઉપયોગને તેનાથી પણ છૂટો રાખીને, શાંતરસમાં જ રહીને હું મારા ઉપયોગને અંતરમાં લઈ જઈને શાંતસ્વભાવની સ્વાનુભૂતિ કરું છું. (ઈતિ અષ્ટમ પ્રયોગ)

(આજકા જોરદાર પ્રયોગ : ધ્યાન ૨૪ મિનિટ : એક ઘડી)

## (૪૬) હે મુમુક્ષુ સાધર્મી !

અહીં સુધીના પ્રયોગથી તને સ્વાનુભૂતિ થઈ ગઈ હશે.....અથવા, સ્વતઃ હજી વધારે ઊંડા પ્રયોગવડે હવે તને સ્વાનુભૂતિ થઈ શકશે. પરંતુ તું તારા સતત પ્રયત્નને વચ્ચેથી તોડીશ નહિ કે ઢીલો પડવા દઈશ નહીં.

(૪૭) જો પ્રમાદ થઈ જાય તો, એમ વિચાર કરજે કે અહા, જે કાર્યનું ફળ આત્માના અનુભવ જેવું મહાન છે અને જેના ફળમાં મારે સાદિ – અનંતકાળ સુધી મોક્ષસુખ ભોગવવાનું છે, તેમાં હું પ્રમાદ કેમ કરું? પ્રયત્ન તો બરાબર કરવો પડશે, – પણ તેનું ફળ પણ ઘણું જ મોટું છે ને! સ્વાનુભૂતિમાં મને કેવો આત્મા મળશે? અને કેવા મજાના અતીન્દ્રિય આનંદને હું અનુભવીશ!! અહા, હવે તો તે એકદમ નજીક 'હાથવેંતમાં જ છે' – હમણાં જ તેની પ્રાપ્તિ થશે.

(૪૮) અરે, એક તો મનુષ્યજીવન દુર્લભ, તેમાંય આયુષ્યના દિવસો ઘણા થોડા, અને તેમાંથી પણ ઘણો થોડો ભાગ હું મારા આત્મહિત માટે કાઢી શકું છું. – તો તેમાં આત્મઅનુભવનું કામ સૌથી પહેલાં કરીને, આત્મશાંતિ પ્રાપ્ત કરી લેવી – તે માટે હું ઘણી જ સાવધાની રાખીશ. દુનિયાના કોઈ પણ કાર્ય ખાતર મારા આ મહાન ઈષ્ટકાર્યને હું ગૌણ નહીં કરું; જીવનમાં સર્વત્ર ક્ષણે – ક્ષણે ને પળે – પળે એની જ મુખ્યતા રાખીશ, અને એને જ હું મારું જીવન સમજું છું. જો અત્યારે તેમાં પ્રમાદ કરીશ તો સંસારનાં ચાર ગતિનાં ભયંકર દુઃખો – કે જેની યાદી પણ આંખમાંથી આંસુની ધાર વહાવે છે – તેનાથી હું કેમ છૂટીશ! અરે ના.....ના, હવે તો તે દુઃખોનું નામ પણ મારાથી સાંભળી શકાતું નથી. મારે તો બસ, હવે મારા દેવ – ગુરુ જેવી શાંતિ ને શાંતિ જ જોઈએ.....તેની શીઘ્ર પ્રાપ્તિ માટે અતિશય ચૈતન્યરસિક થઈને ફરી ફરીને હું વિશેષ પ્રયોગ કરું છું. – આમ પોતાના આત્માને ઉત્સાહિત કરવો.

(૪૯) હે મુમુક્ષુ અભ્યાસી! એક વાત એમ છે કે, તારો ઉપયોગ વારંવાર અંદરમાં સ્વરૂપની નજીક જઈ – જઈને પાછો આવે છે અને તોપણ તને એમ નથી થતું કે ચાલો, ઉપયોગ અંદર નથી જતો તો તેને બહારમાં ક્યાંક ભમાવું! પરંતુ ઊલ્ટું એમ થાય છે કે ગમે તેમ કરીને પણ ઉપયોગને અંદરમાં લઈ જાઉં. બહારમાં તો ક્યાંય ગમતું નથી, ક્યાંય દિલ લાગતું નથી, એટલે ફરી ફરીને વારંવાર એમ જ થયા કરે છે કે હું અંદર જાઉં – અંદર જાઉં! – એમ અંદરમાં જઈને અનુભવ કરવાની જ ખૂબ લગની રહ્યા કરે છે; – કેમકે બહારના બધા વિષયોથી પાર, જુદી જ જાતની કોઈ અત્યંત સુંદર, એક અદ્‌ભુત વસ્તુ મારા અંતરમાં છે – તે મારા લક્ષમાં આવી ગઈ છે. અંદર જતાં – જતાં મને કંઈક નવું જ દેખાય છે, ને નવી જ જ્ઞાન – ઊર્મિઓ ઉલ્લસે છે, – જે મારા

વેદનમાં તો આવે છે પણ વાણીથી હું તેને કહી શકતો નથી. તેની જાત રાગથી પણ જુદી છે. – આ રીતે વાણીથી તેમજ વિકલ્પોથી પણ દૂર ઊંડે ઊંડે અંતરમાં ક્યાંય મારો ઉપયોગ પહોંચી રહ્યો છે – અને આ જ રીતે આગળ વધીને વધુ ઊંડો ઊતરું તો ત્યાં જ મારા ચૈતન્ય પ્રભુનો સાક્ષાત્કાર થશે.

(૫૦) અહા, આ ચૈતન્યપ્રભુની સાથે મારી મિત્રતા દ્રઢ થતાં હવે મારા જીવનમાં વૈરાગ્ય અને જ્ઞાનનો અભ્યાસ ઘણો જ વધતો જાય છે; હવે જોરપૂર્વક હું ખાન – પાન હરવું – ફરવું વગેરે સર્વપ્રકારના રાગનો રસ તોડતો જાઉં છું. પ્રતિકૂળતાઓને ક્રોધ વગર સહન કરું છું, અને વીર થઈને મારી સમસ્ત શક્તિને હું આત્માની સાધનમાં લગાવી દઉં છું. દુનિયાની કોઈ પણ પરિસ્થિતિ હવે મારી સાધનાને અટકાવી શકે નહિ, કેમકે મારા ચૈતન્યપ્રભુ પોતે જ હવે પ્રગટ થઈને શુદ્ધ આનંદપરિણતિરૂપ થવા ચાહે છે. અત્યાર સુધી પ્રભુ ઊંઘતા’તા, હવે તો જાગ્યા છે.....એવા જાગ્યા છે કે મોહ – ચોરને ભગાડીને પોતાના સમ્યક્ત્વાદિ સર્વ નિધાનને સંભાળી રહ્યા છે.....મને એ નિધાન દેખાડીને આપી રહ્યા છે.....કે લે! ચૈતન્યના આ બધાય નિધાન તારા જ છે, આનંદથી તું તેને ભોગવ!

(૫૧) અહો! મારા નિજનિધાન પામીને મને જે મહાન આનંદ થાય છે તેની શી વાત!! એની વાત કરવા માટે કે એનો હર્ષ કરવા માટેય એ નિજનિધાનમાંથી બહાર નીકળવું મને પાલવતું નથી.....બસ, અંદર ને અંદર રહીને હું નિજનિધાનને ભોગવીશ.

आनंदमय स्वसंवेद्यो भरितावस्थोहं

**સમાપ્ત**



जैनं जयतु शासनम्
अहिंसा परमो धर्म
सम्यक् चारित्र
सम्यग्ज्ञान
सम्यक् दर्शन